# પ્રીત પ્યાસ ને અશ્રુપ્રવાહ



પ.પૂ.આચાર્ય શ્રી વિજયસંયમબોધિસૂરિજી મ.સા.

।। શાસનપતિ શ્રી મહાવીરસ્વામિને નમઃ
શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-
જયઘોષ-હેમચન્દ્રગુરૂભ્યો નમઃ ।।

# પ્રીત, પ્યાસ અને અશ્રુપ્રવાહ


□ સંવેદનાનો સ્રોત
પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્
**વિજયહેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્ય
પ.પૂ.આચાર્ય શ્રી
**વિજયસંયમબોધિસૂરિજી** મ.સા.



□ પ્રકાશક
**જૈનમ્ પરિવાર**
22, નાકોડા પાર્ક, સિનેપ્રાઈડની ગલીમાં,
જયાનંદ સોસાયટીની પાસે,
કૃષ્ણનગર-નરોડા રોડ,
અમદાવાદ 382346.
ફોન : 89801 21712

# પ્રીત, પ્યાસ અને અશ્રુપ્રવાહ

લેખક : પ.પૂ. આચાર્યશ્રી **વિજયસંયમબોધિસૂરિજી** મ.સા.

વિષય : ૧૮ દેશના અધિપતિ છતાં પરમશ્રાવક કુમારપાળ મહારાજ રચિત આત્મનિંદાબત્રીસી આધારિત પ્રભુ સાથે સ્વસંવેદન

ગુજરાતી સ્તુતિના સર્જક : પ.પૂ. શાસનસમ્રાટ સમુદાયના પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી અમૃતસૂરિશ્વરજી મ.સા.

કુલ ગાથા : ૩૩

પુસ્તકના પત્રો : ૧૮૪

પ્રકાશક : જૈનમ્ પરિવાર

પ્રકાશન : પ્રથમ સંસ્કરણ : વિ.સં. ૨૦૬૮, ઇ.સ. ૨૦૧૨

પુનઃ પ્રકાશન : વિ.સં. ૨૦૭૩, ઇ.સ. ૨૦૧૭

મૂલ્ય : રૂા. ૮૦/-

## પ્રાપ્તિસ્થાન

૧) જૈનમ્ પરિવાર
22, નાકોડા પાર્ક, સિનેપ્રાઈડની ગલીમાં,
જયાનંદ સોસાયટીની પાસે, કૃષ્ણનગર–નરોડા રોડ,
અમદાવાદ 382346. ફોન : 89801 21712

૨) મુંબઈ : દેવાંગ અરવિંદભાઈ શાહ
મો. 93222 - 77317


૩) સુરત : ઉત્સવ શાહ
મો. 80000 - 78495

૪) વડોદરા : અમિત શાહ
મો. 98985 - 86224

૫) રાજકોટ : કમલ શાહ
મો. 97277 - 29696

૬) જામનગર : વિજયભાઈ વોરા
મો. 94085 - 33452

મુદ્રક : શુભાય ⌘ મો. 98205 30299



# પ્રકાશકીય...

આજથી ૧૪ વર્ષ પૂર્વે **પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિવિજયજી મ.સા.(હાલ આચાર્ય શ્રી વિજયસંયમબોધિ સૂરિજી મ.સા.)**ની પ્રેરણાથી શાસનસેવાના એકમેવ લક્ષ્યપૂર્વક **'જૈનમ્ પરિવાર'**ની સ્થાપના થયેલ. ટૂંક સમયગાળામાં શ્રી જૈન સંઘના સહકારથી શ્રીગીરનાર શુધ્ધિકરણ, ગ્રીષ્મ વેકેશન યુવાશિબિર, યુવા ઉપધાન તપ, ચોવિહાર છઠ્ઠ સાત યાત્રા આદિ અનેકવિધ આયોજન કર્યા બાદ પુસ્તક તથા ગ્રંથ પ્રકાશનના ક્ષેત્રે પણ પગરણ માંડી રહ્યા છીએ...

અમારા પ્રેરણાસ્ત્રોત અને ઉપકારી માર્ગદર્શક **આચાર્યશ્રી વિજયસંયમબોધિસૂરિજી મ.સા.**એ આજથી ૧૪-૧૫ વર્ષ પૂર્વે ભાવિગણધર પરમાર્હત્ **શ્રી કુમારપાળ મહારાજા** રચિત **'આત્મનિંદા બત્રીશી'** પરના ગુજરાતી કાવ્યાત્મક અનુવાદ પર પ્રભુમિલનો કરાવેલ અને તે અત્યંત હૃદયસ્પર્શી બનેલ. વારંવારની સતત વિનંતિઓ બાદ તે સંવેદનાઓ હૃદયસ્થમાંથી શબ્દસ્થ બનેલ...આમ જનતાના ઉપકાર માટે તે **'શાંતિસૌરભ'** માસિકમાં લેખમાળા સ્વરૂપે પણ આવેલ. ત્યારબાદ પણ લગભગ ૫ વર્ષ સુધી આ સંવેદના આપણા સુધી પહોંચી નહીં. વારંવારની અત્યાગ્રહભરી વિનંતિ બાદ **પૂજ્યશ્રીના ગણિ-પન્યાસ પદારોહણ** પર્વે ગ્રંથસ્થ થઇને શ્રદ્ધા, સંવેદના અને સદ્‌ભક્તિની ગંગા અવતરી. આપણે સહુ આનંદ અને અહોભાવથી તેના વધામણા કરીએ અને વારંવાર વાંચન-ચિંતન-મનનરૂપે એ જ્ઞાન ગંગાના પ્રવાહમાં ડૂબકી મારીને ઉત્કૃષ્ટ ભક્તિની ભીનાશ આપણે પણ મેળવી લઇએ.

શાસન પ્રભાવનાના અગણિત કાર્યોમાં સતત વ્યસ્તતા વચ્ચે પણ સુંદર પ્રસ્તાવના લખી આપનાર **પ.પૂ. શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા**ના ચરણોમાં વંદન.

છેલ્લા કેટલાય સમયથી પુસ્તક અનુપલબ્ધ થતા વારંવાર માંગણી આવતા તેનું પુનઃ પ્રકાશન કરીએ છીએ.

પૂજ્યશ્રી પ્રત્યે શ્રદ્ધાભાવ રાખીને કોઇપણ પ્રિન્ટીંગ-ડિઝાઇનીંગ ચીવટપૂર્વક કરી આપનાર **શુભાયવાળા દિનેશભાઇ**નો પણ આ તકે આભાર માનીએ છીએ...


અંતે, ગુણવર્ધક અને આત્મહિતપોષક પુસ્તકોના પ્રકાશનની યાત્રા અવિરત ચાલતી રહે અને જૈન સંઘની સેવાનો યથાશક્તિ અવસર અમને મળતો રહે. એજ પરમકૃપાળુ પરમાત્માને સતત પ્રાર્થના...

લિ.

જૈનમ્ પરિવાર ટ્રસ્ટીગણ...

# પ્રસ્તાવના

(પૂર્વ પ્રકાશનમાંથી ઉદ્ધૃત)



## સહી કરી દો....

જેલમાં ગયેલ રાષ્ટ્રપતિએ જેલમાંના કુલ ચાર કેદીઓને બોલાવ્યા અને પૂછ્યું કે 'તમને અહીંની વ્યવસ્થા અંગે કોઇપણ ફરીયાદ હોય તો મને જણાવો. હું એનું નિરાકરણ કરી દઇશ.'

'અહીં જેલમાં મચ્છરો ઘણાં છે. આખી રાત ઊંઘ નથી આવતી એ તો ઠીક છે પણ મચ્છરોના ત્રાસના કારણે મારા જેવા અનેક કેદીઓ મેલેરીયા વગેરે રોગોના અવારનવાર શિકાર બન્યા કરે છે. આપ અમને બધાને મચ્છરદાની મળી રહે એવી વ્યવસ્થા કરાવી આપો ?' પહેલા કેદીએ વાત કરી.

'અહીં અમને જમવામાં જે રોટલી આપવામાં આવે છે એ રોટલીમાં કાંકરાઓ ઘણાં હોય છે કે જે પેટમાં જવાથી પથરી વગેરેની તકલીફ થાય છે. આપ અહીંના સ્ટાફને કડક સૂચના કરી દો કે ઘઉં વીણતી વખતે કાંકરાઓ દૂર કરી જ દે' બીજા કેદીએ વાત કરી.

'અહીં અમને સ્નાન વખતે સાબૂ આપવામાં નથી આવતો. સાબૂ વિના અમે સ્નાન કરી તો લઇએ છીએ પણ શરીરમાંથી વાસ ઓછી નથી થતી. અમને નહાવા માટે રોજ સાબૂ મળે એવી આપ સૂચના કરી દો' ત્રીજા કેદીએ વાત કરી.

'આપ જ્યારે અહીં પધારી જ ગયા છો ત્યારે મારા આ કાગળ પર સહી કરી આપો' ચોથા કેદીએ રાષ્ટ્રપતિને કહ્યું.

'શું લખ્યું છે એ કાગળમાં ?'

'આ કેદીને જેલમાંથી તાત્કાલિક મુક્ત કરી દેવામાં આવે...'

હા મચ્છરદાનીની, કાંકરા વિનાના ઘઉંની અને સાબૂની વ્યવસ્થા કેદીઓ માટે થઇ ગઇ તો ય એ કેદીઓ રહ્યા તો જેલમાં જ, જ્યારે ચોથા નંબરના કેદીએ કાગળ પર રાષ્ટ્રપતિની સહી કરાવી લઇને જેલમાંથી કાયમ માટે મેળવી લીધી મુક્તિ !

લાગણીભીના હૃદયના સ્વામી પ્રવચનકાર મુનિરાજ શ્રી સંયમબોધિવિજયજી અહીં પ્રભુ સન્મુખ પેલા ચોથા નંબરના કેદીની જેમ કાગળ લઇને હાજર થઇ ગયા છે. કારણ ?

એમને બરાબર ખ્યાલ છે કે 'આ તો પ્રભુ છે. અચિંત્ય શક્તિસંપન્નતા એમને હાથવગી છે. સંસારના મચ્છરોના ત્રાસ જેવા દુઃખો સમાપ્ત કરી દેવા એમને મન રમત વાત છે પણ આપણા જીવનમાં રહેલ એ દુઃખો કદાચ સમાપ્ત થઇ પણ જાય તો ય આપણે રહેવું પડે તો સંસાર રૂપી જેલમાં જ ને ?

ના, આવા ત્રણ જગતના નાથને પામ્યા પછી શા માટે સંસારની જેલમાંથી કાયમ માટે છૂટકારો ન મેળવી લેવો ?' બસ, આવા ચાલાકી ભર્યા છતાં ઉદાત્તખ્યાલે આ મુનિવર પ્રભુ સન્મુખ વંદના-ઝંખના-વેદના અને પ્રાર્થના, આ મંગળ ચતુષ્ક સાથે ઉપસ્થિત થયા છે.

હૃદયની ભાષામાં એમણે છૂટે હાથે ઉપાલંભોનો, કાકલૂદીઓનો, આક્રમકતાનો, અહોભાવનો, આંસુઓનો અને રીસામણનો ઉપયોગ કર્યો છે જે વાંચતા આપણે પણ એ જ ભાવોમાં તણાતા હોઇએ એવી અનુભૂતિ થયા વિના રહેતી નથી.

અલબત્ત,

આવા ભાષા પ્રયોગ માટે પ્રભુ ખુદ એમના પર કોઇ પગલાં લઇ શકે તેમ નથી કારણ કે એમણે આવા ભાષા પ્રયોગ માટે પ્રભુના જ ભક્ત મહારાજા કુમારપાળનું આલંબન લીધું છે.

પ્રભુને એમણે જાણે કે કહી દીધું છે કે 'ત્રીજા જ ભવે આપના જેવા બની જવાનું સદ્ભાગ્ય જેમને સાંપડવાનું છે એ મહારાજા કુમારપાળ ખુદ આપની સાથે જો ઠપકાઓ વગેરેની ભાષામાં વાતો કરી શકતા હોય તો એ જ ભાષામાં વાતો કરતાં મને તો આપ શી રીતે રોકી જ શકો ?'

હા, મહારાજા કુમારપાળ વિરચિત ૩૩ શ્લોકોના સંસ્કૃત સ્તવનનો આધાર લઇને મુનિરાજ શ્રી સંયમબોધિવિજયજીએ પ્રત્યેક શ્લોક પર ચમત્કૃત કરી દે અને ભાવવિભોર બનાવી દે એવું જે સુંદર વિવેચન કર્યું છે એ સાચે જ હૃદયને સંવેદનશીલતાના આસમાનમાં લઇ જવા મજબૂર કરે તેવું છે.

સ્તવનની પંક્તિઓ, શાસ્ત્ર પંક્તિઓ, ગઝલો, શાયરીઓ, મુક્તકો વગેરેથી સમૃદ્ધ બનેલ આ હૃદયસ્પર્શી વિવેચન સકળ શ્રી સંઘના ચરણે ધરવાના એમના આ ઉદાત્ત પ્રયાસ બદલ એમને મારા અંતરના અભિનંદન પણ છે અને એમને ખૂબ ખૂબ ધન્યવાદ પણ છે.

આનંદની વાત તો એ છે કે શબ્દદેહ ધારણ કરતું એમનું આ પ્રથમ નજરાણું સકળ શ્રી સંઘને એમના ગણિ-પંન્યાસ પદે આરૂઢ થઇ રહ્યાના મંગળ દિને જ મળી રહ્યું છે.

પ્રાર્થના કરૂં છું શાસન દેવોને કે સુંદર પ્રવચનકાર આ નૂતન પંન્યાસજી તરફથી આવા એક એકથી ચડિયાતા બીજા પણ આત્મકલ્યાણકર ભવ્ય નજરાણાંઓ પ્રાપ્ત થતા રહે સકળ શ્રી સંઘને અને એના વાંચન-મનન-ચિંતન દ્વારા સહુ પોતાના આત્મદ્રવ્યને વિશુદ્ધ બનાવવાના પ્રયાસોમાં ગંભીરતાપૂર્વક આગળ વધતા રહે.

આચાર્ય રત્નસુંદરસૂરિ

# અંતરની વાત

(પૂર્વ પ્રકાશનમાંથી ઉદ્ધૃત)

પ્રત્યેક હિત, પ્રત્યેક કલ્યાણ અને પ્રત્યેક સુખના ઉદ્‌ભવસ્થાન સમા પરમાત્મા દેવાધિદેવ જિનેશ્વર ભગવંતોના ચરણોમાં અનંતશઃ વંદના.

સુવિશુદ્ધ સંયમમૂર્તિ નૈષ્ઠિકબ્રહ્મચર્યમૂર્તિ ઉત્કૃષ્ટ કરૂણામૂર્તિ ઉજ્જવલ વૈરાગ્યમૂર્તિ **પ.પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના ચરણોમાં વંદના...

અસંખ્ય યુવાહૃદયમાં ચારિત્ર પ્રેમ, શાસનપ્રેમ અને ધર્મપ્રેમના વાવેતર કરનાર, શરીરનો કસ કાઢી જિનશાસનના અદ્‌ભુત તત્ત્વરસને જન-જન સુધી પહોંચાડનાર, તપ-ત્યાગ અને તિતિક્ષાના જીવંત ઉદાહરણ બની જનાર **પરમ પૂજ્ય સકલસંઘહિતચિંતક આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**ના ચરણોમાં વંદના...

પ્રેમ, પ્રજ્ઞા અને પરિણતિથી અનેક બાલ-યુવા સાધુઓના ઘડવૈયા, અધ્યયન અધ્યાપનની નોખી-અનોખી પદ્ધતિના સંશોધક, મહારોગ અને મહાકષ્ટોની વણઝાર વચ્ચે સમર્પણ, સાધના, સમાધિ અને સમતાની જીવંત જ્યોત જલાવનાર **પ.પૂ. સમતાસાગર પંન્યાસ પ્રવર શ્રી પદ્મવિજયજી મ.સા.**ના ચરણોમાં વંદના...

ઉત્સર્ગ અને અપવાદની સાધનાધારાના સ્પષ્ટ દ્રષ્ટા જિનાગમોના રહસ્યોના મર્મજ્ઞ, આલોચના દાન દ્વારા અનેકોને શુદ્ધિ અને સમાધિનો સ્વાદ ચખાડનાર, અદ્‌ભુત વૈરાગ્યરસમાં ઝીલનાર **પ.પૂ. સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના ચરણોમાં વંદના...

પ્રભુભક્તિ એ જેમનું રક્ત છે, શ્રુતસેવા એ જેમનું હૃદય છે, વૈરાગ્યનું પોષણ એ જેમના શ્વાસ-પ્રાણ છે અને શાસનરક્ષા એ જેમનું જીવન છે એવા **પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી**

**મહારાજાના ચરણોમાં વંદના...**

આવી ઉત્તમ દેવ-ગુરુ પરંપરાના અનુગ્રહને પામીને તથા માતા સરસ્વતી દેવીની કૃપાના બળે જે કાંઇ પણ મારામાં શુભ પ્રગટ થયું તેના બળે ઊંડા અંધારેથી પરમ તેજના પંથે ચાલી નીકળનાર પરમાર્હત્ શ્રી કુમારપાળ મહારાજાના હૃદયનો આ સ્વાધ્યાય થયો...

નિમિત્ત પણ ઉત્તમ મળ્યું...પરમ **તપસ્વી સાધ્વીજી શ્રી ઉજ્જવલધર્માશ્રીજી મ.**.ની ૯૯મી ઓળીની સાનંદ પૂર્ણાહુતિ નિમિત્તે **'આત્મનિંદા બત્રીશી'** પરની સંવેદનાનું આમંત્રણ મળ્યું. સૌ પ્રથમવાર સંપૂર્ણ કૃતિના દર્શન થયા અને હૃદયમાં અગમ્ય સ્પંદનો જાગ્યા...હૃદયના દ્વારને ભેદીને જાણે સંવેદનાઓ પ્રગટતી હોય તેવું લાગ્યું... પ્રસંગના નિશ્રાદાતા **પ.પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના પ્રેમાદેશ આવ્યો-**'લખી લો આ સંવેદનાઓને, આગળની તમામ જવાબદારી મારા માથે.'** અભાગી અને મૂઢ હું એ વખતે તો આ પ્રેમાદેશનું પાલન ન કરી શક્યો...

વળી એક ધક્કો-જોરદાર ધક્કો વાગ્યો **પરમ પૂજ્ય કલિકુંડતીર્થોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.** નો. **'શાંતિસૌરભ'** માસિક માટે લેખની માંગણી, ઉઘરાણી-પઠાણી ઉઘરાણીઓ થઇ અને આ સહુ મહાપુરૂષોના સંયમતેજે મને પ્રમાદના અંધારામાંથી બહાર કાઢ્યો, કલમ પકડાવી, કલમ ચલાવડાવી અને કુમારપાળ મહારાજાના શબ્દોથી નહી, હૃદયના સ્પંદનોથી બનેલી સ્તુતિઓ પરનું મારા હૃદયમાં જાગેલું સંવેદન આજે તમારી સામે રજુ થાય છે.

આમાં જે શુભ છે તે બધું દેવ-ગુરુનું છે, જે ખામીઓ છે

તે મારી છે, તે ખામીઓ બદલ મિચ્છા મિ દુક્કડં.

સતત પુસ્તકોની બેહાલીઓ જોઇ-જોઇને ત્રસ્ત બનેલું મન આ સંવેદનાને પુસ્તકારુઢ કરવા માનતું નહોતું પરંતુ છેવટે આત્મીયજનોનો પ્રેમાગ્રહ જીત્યો અને આજે આ પુસ્તક શ્રી જૈન સંઘના કરકમળમાં અર્પણ થાય છે.

પ.પૂ. પરમશાસનપ્રભાવક, સંવેદનશીલ હૃદયના સ્વામી, રાષ્ટ્ર-સમાજ-શાસનના પ્રશ્નોના નિરાકરણ માટે દિલ્હીના તખ્તને ધ્રુજાવનાર સરસ્વતીલબ્ધ પ્રસાદ **આચાર્યદેવ શ્રીમદ્ વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મહારાજાએ** જે ઝડપે મારી વિનંતિ સ્વીકારીને સુંદર પ્રસ્તાવના દ્વારા પુસ્તકને અલંકૃત કર્યું તે તેમના હૃદયમાં બેઠેલા સાધુ પ્રેમ, સ્વાધ્યાય પ્રેમ અને શાસનપ્રેમને છતો કરે છે. પૂજ્યશ્રીની કલમપ્રસાદીનો અનુગ્રહ સતત વરસતો રહે એવી અંતરની પ્રાર્થના...

પ્રાંતે જિનશાસનના શ્રુતવારસાને અંતર અને આત્મામાં અવતારી નિર્મળતા, નિર્ગ્રંથતા અને નિષ્કામનાના સહુ સ્વામી બને એજ શુભાભિલાષા...

*સંયમબોધિવિજય...*



અ
ર્પ
ણ

# અર્પણ....

જેમના અંતરમાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની પ્રીત
અખંડપણે વસેલી છે,

જેમના હૃદયમાં શાસન માટે કાંઇક કરી છૂટવાની
પ્યાસ સતત રમતી રહી છે,

જેઓની આંખ કૃતજ્ઞતાના, કરૂણાના
અને કૃતકૃત્યતાના અશ્રુથી ભીની રહે છે.

તો જેઓનું અસ્તિત્વ વૈરાગ્યના અને વાત્સલ્યના પ્રવાહથી
સતત લીલુંછમ બન્યું રહ્યું છે.

એવા વૈરાગ્યદેશનાદક્ષ, શ્રુતરક્ષા-સેવા-સંવર્ધનના
બેમિસાલ કાર્યોના પ્રેરક, પ્રભુભક્તિ નિમગ્ન,
શાસન ભક્ત, અમ જીવન-નૈયાના સુકાની
**પ.પૂ. ગુરૂદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય**
**હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.** ના
નિર્મળ સંયમજીવનના ૬૫ વર્ષની
ભવ્યતમ આરાધનાની અનુમોદનાર્થે
તેઓશ્રીની કૃપાથી પ્રાપ્ત
તેઓશ્રીના જ
શ્રી ચરણોમાં
**સાદર અર્પણ...**

# ૧

ॐ ह्रीँ अर्हं શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શાસનપતિ શ્રી મહાવીર-વર્ધમાન સ્વામિને નમો નમઃ
ઐં નમઃ । શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-પદ્મ-હેમચંદ્રગુરૂભ્યો નમઃ

नम्राखिलाखण्डलमौलिरत्नरश्मिच्छटापल्लवितांह्निपीठ ! ।
विध्वस्तविश्वव्यसनप्रबन्ध ! त्रिलोकबन्धो ! जयताज्जिनेन्द्र ॥

**સર્વે સુરેન્દ્રોના નમેલા મુકુટ તેના જે મણિ,**
**તેના પ્રભાવે ઝળહળે પાદપીઠ તેના જે ધણી,**
**આ વિશ્વના દુ:ખો બધા યે છેદનારા હે પ્રભુ !**
**જય જય થજો જગબંધુ ! તુમ એમ સર્વદા ઇચ્છું વિભુ !! (૧)**

વર્તમાન ગુજરાતી ભાષા અને ગુજરાત પ્રદેશના સંસ્કારના પ્રવર્તક કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાની અનંત અને અસીમ ભવજલતારિણી કૃપાથી મિથ્યાત્વી અને માંસાહારીમાંથી પરમાર્હત અને અમારી પ્રવર્તક બનેલ કુમારપાળ મહારાજાએ જૈફ વયે રચેલ **આત્મનિંદા દ્વાત્રિંશિકામાં** પરમાત્માની સમક્ષ એક ભક્ત હૃદયનો તમામ વૈભવ ઠાલવી દીધો છે. નારદ ભક્તિસૂત્રમાં એક જગ્યાએ જણાવ્યું છે કે ભક્ત એટલે આંસુનો દરિયો. જેના આંખ અને અંતર પરમાત્માની કરૂણા અને પોતાના કુકૃત્યોની યાદે સતત ભીના ભીના રહેતા હોય તે ભક્ત. ભક્તની પાસે મસ્તીનો સમંદર પણ હોય છે તો વેદનાનો પારાવાર પણ હોય છે. પરમાત્મા જેવો નાથ મળ્યો, એ પરમચેતનાએ આપણો હાથ ઝાલ્યો એની અઢળક મસ્તી, તો સામે પક્ષે પોતાની અપાત્રતા અને અપૂર્ણતા, દુષ્ટતા અને દુર્બલતાની વેદના...૧૨-૧૨ વર્ષના દુષ્કાળ પડે અને દુનિયાના પટમાં રહેલ તમામ નદી-નાળા-સરોવર સુકાઇ જાય એ બને પણ દરીયો કદી ન સુકાય તેમ સંસારની તમામ તડકી-છાંયડી વચ્ચે ભક્ત પોતાના આંસુના ખજાનાને સુકાવા ન દે. પરમાર્હત કુમારપાળ મહારાજાએ ખુલ્લા મુકેલા અને વહેંચવા ધારેલા એ ખજાનામાં આપણે પણ ભાગ પડાવીએ, અને હૃદય વીણાના તારમાંથી

નીકળતું પ્રભુભક્તિનું સંગીત આપણે પણ સાંભળીએ......

૩૨ સ્તુતિઓ અને ૧ પ્રશસ્તિની સ્તુતિ-એમ ૩૩ ગાથાયુક્ત સ્તુતિ ગ્રંથને ચાર વિભાગમાં વહેંચી શકાય.

**વંદના, ઝંખના, વેદના અને પ્રાર્થના.....**

તેમાં સહુ પ્રથમ તબક્કો છે ભક્ત અને ભગવાનના મિલનનો. જ્યાં વિરાટ અને વિશુદ્ધ પરમાત્મતત્ત્વના દર્શન થાય છે ત્યાં ભક્ત ઝૂકી જાય છે, થંભી જાય છે અને છેવટે ઓગળી જાય છે. વિસ્મયભાવથી થંભી જવું, ભક્તિભાવથી ઝૂકી જવું અને છેવટે સમર્પણભાવથી ઓગળી જવું-આ છે વંદના....

ઈન્દ્રભૂતિ ગૌતમ પ્રભુવીર પાસે વાદવિજેતા બનવાના આશયથી આવ્યા ત્યારે અહંકારના કારણે રસ્તામાં ખરું ખોટું ઘણું વિચાર્યું, પણ જ્યાં પરમાત્માનું મિલન થયું ત્યાં સાચી વંદના આવી જ ગઇ-થંભી ગયા, ઝૂકી ગયા અને ઓગળી ગયા. આ વંદનાએ જ ઈન્દ્રભૂતિને ગૌતમસ્વામી બનાવ્યા, ચંડકોશિયાને દુર્ગતિનો મહેમાન બનતો અટકાવ્યો, શૂલપાણિને સમ્યગ્દર્શનનું ભેટણું ધર્યું. આવો, આપણે પણ એ વંદનાના સ્વામી બનીને જ રહીએ.

વંદનાનું પ્રથમ ચરણ છે-સમૃદ્ધિ અને સિદ્ધિ કરતાં ય શુદ્ધિને જ સર્વોત્કૃષ્ટ માનવાની તૈયારી. વૈભવ અને વિલાસને વૈરાગ્ય કરતાં વામણા માનવાની અને સ્વીકારવાની તૈયારી. એ જ ભૂમિકા પરથી સ્તુતિનો પ્રારંભ થાય છે. સત્તા, સમૃદ્ધિ અને સુખ, સગવડ, સૌંદર્યની ટોચે બેઠેલા સુરેન્દ્રોને સ્વર્ગલોકના સામ્રાજ્ય કરતાં ચરણસ્પર્શનું સામ્રાજ્ય વેંતચડિયાતું લાગે છે. હે પ્રભો ! આખી દુનિયા ભલે સમૃદ્ધિ અને સિદ્ધિ પાછળ ઝાંવા નાખતી હોય પરંતુ તે તમામને માટે અંતે તારા ચરણયુગલ જ શરણ બનવાના છે. ધરતીનો છેડો ઘર તો સંસારનો છેડો પરમાત્માના ચરણ.....કામકાજના સ્થાનો દુકાન-ઓફિસ-કારખાના આદિનો થાક ઉતારવા વ્યક્તિ ઘરે આવે છે, સતત ઘરકામનો લાગતો થાક ઉતારવા હિલસ્ટેશને જાય છે પરંતુ સંસારમાં જ થાક લાગે તેણે ક્યાં જવું ?-તેના માટે તો એકમાત્ર આધાર પ્રભુના લક્ષણમંડિત ચરણયુગલ જ છે.

હે વિશ્વવન્દ્ય ! ચરણયુગલ અને ચરણરજ તો મહાભાગ્ય અને મહાસૌભાગ્ય હોય તેને જ મળે, પરંતુ એ બન્નેથી પવિત્ર થયેલી ચરણપીઠિકા- પાદપીઠ પણ અમને માના ખોળા કરતાં પણ અધિક લાગે છે. જ્યાં મસ્તક મૂક્યું ત્યાં તો અનાદિકાળના સંસારભ્રમણનો થાક અને તાપ બન્ને હવા થઇ જવા માંડે છે, તેથી જ અસંખ્ય દેવી-દેવતાઓના અધિપતિ પણ તારી પાદપીઠને ચૂમવા દોડ્યા દોડ્યા આવતા હોય છે. માથે મૂકવાના મુગટ મણિથી જડેલા છે પરંતુ પાદપીઠ તારી

ચરણરજથી સ્પર્શાયેલી છે અને તેથી જ દુનિયામાં પ્રથમવાર એક આશ્ચર્ય સર્જાયું કે મુગટ કરતાં પાદપીઠ વધારે મૂલ્યવાન બની ગઇ અને ઇન્દ્રો મુગટને તુચ્છ ગણી પાદપીઠને ઇચ્છવા લાગ્યા. કરૂણાસાગર !! પાદપીઠ તો પારસમણિ જેવી છે. મસ્તક જ્યાં સ્પર્શે ત્યાં બુદ્ધિના તમામ વિકારો જેવા કે અહંકાર, મમત્વ, સ્વાર્થ, ઇર્ષ્યા, સ્પર્ધાવૃત્તિ, માયા, ક્રુરતા આદિ દૂર થઇ જાય છે અને વિકૃતબુદ્ધિ સદ્બુદ્ધિમાં પરાવર્તિત થાય છે, દોષો ગુણરૂપે બની જાય છે.

હે પરાર્થવ્યસની !! તું તો જગતના તમામ દુઃખદર્દો માટે દાવાનળ સમાન છે. સંસાર જો દુઃખોની ખાણ છે તો એ જ દુઃખોને ટાળવા માટે તું રામબાણ છે. લલિતવિસ્તરામાં પૂ. હરિભદ્રસૂરિજી મ. જણાવે છે તેમ 'જગતના તમામ જીવોના તમામ સુખ અને સમાધિનો એક માત્ર આધાર પ્રભુ તું જ છે.' અનંત દુઃખની ખાણ સમા નિગોદમાં સબડતા અનંતા જીવોનો વિકાસ કરનાર પ્રભુ તું જ છે. **'ઇતની ભૂમિ પ્રભુ તુમ હી આણ્યો પરી પરી બઢાવત મામ.'**-અહીં સુધી મને પહોંચાડનાર, હાથ ઝાલીને-ફોસલાવી ફોસલાવીને માની જેમ માર્ગ પર ડગ મંડાવનાર અને મંઝિલની નિકટ લાવનાર પ્રભુ તું જ છે પરંતુ મને એ જ સમજાતું નથી કે અહીં સુધી લાવ્યા પછી હવે કેમ દેખાતો નથી ?

ચંદનબાળાના મનોરથ પૂર્યા અને ચંડકોશિયાના ઝેર ઉતાર્યા, દ્રૌપદીના ચીર પૂર્યા અને મનોરમાના આંસુ લૂંછ્યા, અરે ઓલા ઘોડા અને ઉંદર માટે યોજનોના વિહાર કરીને પધાર્યા.... તો દીનબંધુ ! કૃપાસિંધુ ! મેં એવો તે શો ગુનો કર્યો 'કે અડધી વાટે મારો હાથ છોડી દીધો ! અને આ મારી એકલાની ફરિયાદ નથી. કલિકાલ સર્વજ્ઞ પણ **વીતરાગસ્તોત્રમાં** કહે છે....

**भवत्प्रसादेनैवाहं इयतीं प्रापितो भुवं ।**
**औदासीन्येन नेदानीं तव युक्तमुपेक्षितुम् ।।**

તમારી કૃપાથી જ જ્યારે આટલી ઊંચી ભૂમિકાએ આવ્યો છું ત્યારે મારા જેવા રાંક પ્રત્યે ઉદાસીનભાવ દાખવી છોડી દેવા એ તમને શોભતું નથી... હે નાથ !! જ્યારથી ભીડભંજન, દુઃખભંજન, કરૂણાસાગર, દીનબંધુ, દયાસિંધુ આદિ તારા વિશેષણો જાણ્યા છે ત્યારથી તો મનમાં કેટલી નિશ્ચિંતતા લઇને બેઠો છું....હવે તો લડાઈ પણ તારે જ લડવાની અને જીત પણ તારે જ મેળવવાની.

**'ખોટ ખજાને કો નહીં, દીજીયે વાંછિત દાનો રે...'**

અચિંત્યચિંતામણી !!મારૂં કામ થાય છતાં તારે અંશે ઓછું ન થાય છતાં આ કૃપણતા કેમ ??-'આ વિશ્વના દુઃખો બધાયે છેદનારા હે પ્રભુ !!-

પ્રભુ ! તમામ જીવોને વિસામો આપતો વિરાટ વડલો જ મોં ફેરવી લે

ત્યારે એ જીવોનું શું થાય ! જીવતરનો એકમાત્ર આધાર એવી 'મા' પોતાનું માતૃત્વ ભૂલી જાય ત્યારે એ બાળકની વેદના કેવી હોય ? નદીનું પાણી જ જ્યારે જાકારો આપે ત્યારે માછલીની ગતિ શું હોય !-પ્રભુ ! એવી જ અદ્દલ સ્થિતિ મારી છે. મારો આધાર, મારૂં જીવતર, મારી ગતિ પ્રભુ તું જ છો અને છતાંય તમામ દુઃખો અને દોષો મારું આત્મધન લૂંટી લે, મને અધમૂઓ કરી નાખે અને છતાં તું ઉપેક્ષા કરે તો હવે મારે કોનું શરણ લેવું ? કોની પાસે પોકાર કરવાનો ?

**મુજ અવગુણ સામું નવિ જુઓ, બિરૂદ તુમારૂં સંભાળો;**
**પતિતપાવન તુમે નામ ધરાવો, મોહવિડંબણા ટાળો.....**

નાથ ! મેં તો એવું સાંભળ્યું છે કે પરમાત્મા **પ્રકાશ** આપે, **પ્રસાદ** આપે અને **પ્રતાપ** આપે....

**પ્રકાશ :** વિવેકબુદ્ધિ આપે. પ્રભુ આપના એક જ વાક્યે ચંડકોશિયાને વિવેકબુદ્ધિ મળી. આપના દર્શનમાત્રથી ઇન્દ્રભૂતિ ગૌતમનું અભિમાન તૂટ્યું, આપના વચનોએ અનેકની મોહનિદ્રા ટાળી.

**પ્રસાદ :** કૃપા મળે, પ્રસન્નતા આપે, તમામ ભય અને તમામ સંતાપને ટાળી નિઃશંકતા, નિર્વિકારતા અને નિર્ભયતાનું દાન મળે. જેથી બાહ્ય-અભ્યંતર પ્રસન્નતા વધે. આપે શ્રેણિકને નિઃશંકતા આપી, નિર્વિકારતા આપી અને નિર્ભયતા પણ આપી છેવટે પોતાના સમ બનાવ્યા....

**પ્રતાપ :** ખુમારી અને ખુદ્દારીનું દાન કરી સાધના અને સંઘર્ષમાં અગ્રેસર રહેવાની તાકાત આપે. મેઘકુમાર, શાલિભદ્ર, ધન્ના અણગાર, નંદિષેણ આદિને સ્થિર કરી છેવટે આત્મસિદ્ધિ સુધી પહોંચાડયા.....

હે પ્રભો ! ભલે હું અજ્ઞાની, અભિમાની, અપાત્ર, અધમ, અપૂર્ણ હોઉં પરંતુ આખરે જેવો-તેવો પણ તારો છું તેથી મારા દોષોને નજરઅંદાજ કરીને પણ મને સ્વીકારી લો, મારા ધર્મજંગના સારથિ બની જાઓ અને શ્રીકૃષ્ણે અર્જુનને મહાભારતના સંગ્રામમાં વિજય અપાવ્યો તેવો વિજય કર્મસત્તા પર મને અપાવો.

હે અશરણશરણ ! તું જીતતો રહે અને તારી જીતમાં કદાચ મોહાધીન એવા મને મારી હાર દેખાય તો પણ મારા ધમપછાડાને અવગણીને પણ આપ જીતતા રહેજો.

**'તું જીતતો રહે બધા દાવમાં જો પ્રભુ !**
**મારી હારમાં યે જીત મારી છે.'**

એથી જ-જય જય થજો જગબંધુ ! તુમ એમ સર્વદા ઈચ્છું પ્રભુ !! તું જીતતો રહે, મને (મારા અંદર રહેલી મોહસત્તા અને કર્મસતાને) હરાવતો રહે અને મારી જાતને છોડાવી આત્મકલ્યાણને પંથે લઇ જા, એજ મારી ઈચ્છા છે.

# ૨

मूढोऽस्म्यहं विज्ञपयामि यत्त्वामपेतरागं भगवन् कृतार्थम् ।
नहि प्रभूणामुचितस्वरूपनिरूपणाय क्षमतेऽर्थिवर्गः ।।

**વીતરાગ ! હે કૃતકૃત્ય ! ભગવન ! આપને શું વિનવું ?**
**હું મૂર્ખ છું મહારાજ ! તેથી શક્તિહીન છતાં સ્તવું ?**
**શું અર્થિવર્ગ યથાર્થ સ્વામિનું સ્વરુપ કહી શકે ?**
**પણ પ્રભો ! પૂરી ભક્તિ પાસે યુક્તિઓ ય ના ઘટે .....(૨)**

પરીક્ષા આપીને આવેલો દીકરો સીધો ભગવાનના ફોટા પાસે જઇને ઊભો રહ્યો અને આંખ મીંચીને પ્રાર્થના કરવા માંડ્યો. તે જોઇ તેના પપ્પાને આશ્ચર્ય થયું. તેમાંય પ્રાર્થના ૧૦-૧૫ મિનિટ ચાલી એટલે વધુ આશ્ચર્યચકિત બનેલા પપ્પાએ દીકરાને પૂછ્યું-'બેટા ! શું કરતો હતો ?'-'પપ્પા ! એમાં તમને ખબર ન પડે !' ઉગીને ઊભું થતું ટેંટા જેવડું છોકરું- પોતાને આમ કહી જાય એ નહીં રુચ્યું હોય એટલે અકળાઇને પપ્પાએ પૂછયું-'અલ્યા ! ખબર શું ન પડે ? સીધેસીધું જે હોય તે કહેવા માંડ' મોઢું બગાડીને સ્વીટુડો પ્રકાશ્યો-'પ્રાર્થના કરતો હતો.' પણ આટલી બધી વાર?..... 'હા, જરા કામ અઘરું, એટલે ભગવાનને મસ્કાપાલીશ વધારે કરવા પડે ને ?'......'એટલે ?'.... 'પપ્પા ! તમે જ વારંવાર કહો છો ને ભગવાન સર્વશક્તિમાન છે. ધારે તે બધું કરી શકે, એટલે આજે મેં પરમાત્માને પ્રાર્થના કરી કે, ભગવાન ! ભારતની રાજધાની મુંબઇને બનાવી દેજે.' 'પણ આવી પ્રાર્થના શા માટે ?' 'કારણ કે આજે ભૂગોળના પેપરમાં 'ભારતની રાજધાની કઇ ?' એ પ્રશ્નના જવાબમાં હું ભૂલથી મુંબઇ લખી આવ્યો છું....'

હે પ્રભો !અમારી સ્થિતિ પણ આવી જ છે. બાળક અને વક્તાને બાર ગાઉનું છેટું હોય, પરંતુ સમજણની દૃષ્ટિએ અમે હજી બાલ્યાવસ્થામાં જ રમીએ છીએ અને વ્યહારમાં ઠેર-ઠેર પોતાના અહંકારને પોષવા અને સામાને ચકરાવામાં નાખવા વક્તાને જ આગળ કરીએ છીએ. ન બુદ્ધિની સૂક્ષ્મતા છે, ન સરળતા છે

અને તેથી જ સીધા-સાદા અને ઉત્તમ આત્મકલ્યાણકર તત્ત્વોને અમે વિષમ બનાવી દઇએ છીએ.

આખા ય વિશ્વને પોતાના બાનમાં રાખી સંસારના પ્રદેશોમાં એક છત્રી સામ્રાજ્ય સ્થાપનાર રાગ અને દ્વેષને જેમણે કચડી નાખ્યા છે, તેથી જ ધનવાન કે નિર્ધન, પ્રશંસક કે નિંદક, સેવક કે દુશ્મન, તમામને જેઓ એક જ દૃષ્ટિથી નિહાળે છે, તમામને પોતાના હૃદયમાં એકસરખું સ્થાન જેઓએ આપ્યું છે એવા હે વીતરાગ !

ગટરની ગંદકીને જ સ્વર્ગની સુખડી સમજીને મહાલે એવા ભૂંડ-માનસરોવરના મોતીના ચારાને જ ચરતા રાજહંસની ધવલતાની કલ્પના પણ કેમ કરી શકે ? તેમ નિરંજન નિરાકાર પ્રભો ! પોતીકા અને પારકાના ભેદમાં જ રાચનારા, હું અને મારૂના નાનકડા કુંડાળામાં જ કુપમંડુકની જેમ રમનારા, શરીર અને મનના ગલગલિયામાં જ સુખ માનનારા અને તેવા સુખના આધારે જ સુખી-દુઃખી, મિત્ર-દુશ્મનના ભેદ પાડનારા અમે આપના વિરાટ અંતઃકરણની કલ્પના પણ કેમ કરી શકીએ ?

મોહરાજાના તમામ કોઠાઓને વીંધીને, તમામ વ્યુહોને તોડીફોડીને, તમામ કુવલણો, કુસંસ્કારો અને કુકર્મોની જાળને સાફ કરીને પોતાનું આત્મધન મેળવી લેવામાં સફળ બની ચુકેલા હે ગુણનિધાન અનંતચતુષ્ટયધારક દેવાધિદેવ !! સામે ચાલીને હસતાં હસતાં થોડા ઘણા બચેલા આત્મધનને પણ લૂંટાવી મારનારા, અધમવૃત્તિ-પ્રવૃત્તિઓને જ જીવનનું સર્વસ્વ બનાવી બેસનારા અમે આપને કેમ કરીને ઓળખી શકીએ ?

પ્રભુ આપ તો વીતરાગ છો, જ્યારે હું ન વિરાગી છું, ન પ્રશસ્ત રાગી છું હું તો સદાય અપ્રશસ્ત રાગમાં ખુંચેલો છું. આત્મધન મેળવીને આપ તો કૃતકૃત્ય બનેલા છો જ્યારે ન તો હું સતત શુભકાર્યો કરનારો સુકૃત્ય બન્યો છું, ન તો હું માત્ર સંસારની જવાબદારી નિભાવનારો કૃત્યશીલ બન્યો છું,હું તો છું સતત પાપપ્રવૃત્તિમાં રાચનારો અપકૃત્ય......

આટલું થવા છતાં એક આશ્વાસન છે કે પ્રભો હું આપની સન્મુખ તો વળ્યો છું. આજ સુધી કાં તો હું આપનો વિરોધી બનેલો યા તો આપનાથી વિમુખ બનેલો, પરંતુ તારી જ કૃપાએ મને તારી સન્મુખ વાળ્યો, તારૂં આકર્ષણ આંશિકપણે પણ દિલમાં પેદા કર્યું, અને તેથી જ તારા દરવાજે આવીને ઊભો છું. અને એ તો

બરાબર જ છે ને કે- **'તારે દ્વારે આવીને કોઈ, ખાલી હાથે જાય ના...'**

કરૂણાસાગર ! તારી ભક્તિ અને સ્તુતિ એ જ મારા માટે જીવનનું અમૃત છે, તારા સ્તવનો અને ગીતો એ જ જીવનનું પરમધન છે, અને તારા ગુણગાનમાં લયલીન થઇ જવું આ જ જીવનનો સર્વોચ્ચ લ્હાવો છે. તારી ભક્તિએ મને અહીં જ મુક્તિના સેમ્પલ જેવા આનંદની અનુભૂતિ કરાવી છે અને તેથી જ તારી દ્વારે આવીને તારી ભક્તિમાં ખોવાઇ જવું એમાં જ મને જીવનની સફળતા દેખાય છે, પરંતુ હું એ મૂંઝવણમાં છું કે બુદ્ધિથી વામણો, ભાવથી અધૂરો અને સમર્પણમાં તૂટેલો હું આપની સ્તવના કેમ કરીને કરું ? જેને પાવલીની ગતાગમ ન પડે તે કરોડ કેમ કરીને ગણવાનો ? ખુદની જાતને પિછાણી ન શકે તે ખુદાની ઇબાદત (ભક્તિ) કેમ કરીને કરી શકે ?

હે પરમમાતા ! નાનકડા બાળકની બુદ્ધિ **મંદ** હોવાથી સમુદ્રની વિરાટતા પિછાણી ન શકતો હોવા છતાં મા આગળ હાથ પહોળા કરી કાલીઘેલી ભાષામાં કરાતું વર્ણન આનંદદાયક જ બને છે.

અભણ સેવક **મૂર્ખ** જેવો હોવાથી ક્યારેક કામમાં ગરબડ કરે છતાંય માલિક એને સ્વીકાર્ય જ ગણે છે.

નેતા કે અભિનેતાનો ચાહક તેની ચાહતથી **મૂઢ** જેવો થઇ ગયો હોવાથી ક્યારેક અણછાજતું કાર્ય કરી બેસે છતાં એને લાગણીની અભિવ્યક્તિ સ્વરૂપ ગણી માફીપાત્ર માની લેવાય છે.

તેમ જો હું તારો **બાળક** બનું, **સેવક** બનું કે **ચાહક** બનું તો મારી આ અનધિકાર ચેષ્ટા માફીપાત્ર જ નહીં, સેવાના મેવાદાયક બની રહે તેવી ૧૦૦% મને ખાત્રી છે. યાદ આવે છે મને પેલો બાળક, જેણે પિતાજીની ગેરહાજરીમાં ઠાકુરજીને ભોગ ધરાવવા ૪ વાગ્યા સુધી રાહ જોઇ, છેવટે કંટાળી ગળે તલવાર મૂકી એટલે સાક્ષાત્ પ્રગટ થઇ ઠાકૂરજીએ જેનો ભોગ સ્વીકારેલો.....યાદ આવે છે નમિ અને વિનમિ, ખુલ્લી તલવાર લઇ સતત સાથે રહેવાની અને રોજ પાણી છાંટી પુષ્પો પાથરવાની અમારી દ્રષ્ટિએ કદાચ અયોગ્ય લાગે તેવી સેવા કરનારના પણ અનન્ય સેવાભાવને નજરમાં રાખી પ્રથમ વિદ્યાધરપણું અને પછી સિદ્ધિવધુના કંથ બનવાનું સૌભાગ્ય બક્ષિસરૂપે આપે આપ્યું...

યાદ આવે આનંદઘનજી, દુનિયાની તમામ પ્રિયતમાઓની વિરહ વેદનાને

ટપી જાય એવી પ્રભુવિરહની વેદનાને હૃદયમાં સંઘરી બેઠા તો વિશ્વને અમર ભક્તિવારસો જેઓ સોંપી ગયા.... ચાહક બન્યા તો સમગ્ર વિશ્વમાં ભક્તિમાર્ગના પ્રવાહક બની ગયા.....

હે સાધનાના શિખર ! આપની આત્મિક ઉંચાઈ એટલી વિરાટ છે કે તેને શબ્દોમાં વર્ણવવાનું ગજું તો કેવલજ્ઞાની ભગવંતોનું પણ નથી, પછી મારી તો હું શું માંડું ? પરંતુ એટલું તો ચોક્કસ કહીશ કે ભલે ભણતરનો કે ભાષાનો વૈભવ મારી પાસે ઓછો હોય પણ ભક્તિનો વૈભવ તો પૂરેપૂરો છે. ચંદ્રના સંપર્કે સમુદ્રના પાણી ઉલાળા દેવા માંડે તેમ આપના દર્શને મારા હૃદયમાં ભક્તિનો સાગર સ્તુતિઓના ઉછાળા મારવા માંડે છે. અને એક વાત તો નિશ્ચિત છે જ કે જ્યાં ભક્તિ પૂરબહારમાં ખીલી હોય ત્યાં બાકીની બધી નબળાઇઓ નગણ્ય બની જતી હોય છે, તેથી દુનિયા ભલે વિપરીત બને, હું તો મારી ભક્તિની સરિતાને તારા કૃપાસાગરમાં ભળવા વહેતી મૂકી જ દેવાનો છું. આમ પણ ભક્તિ સરિતાનો વેગ જ એટલો છે કે એને અટકાવવાનું મારૂં ગજું પણ નથી અને ઇચ્છા પણ નથી, વળી અત્યારે તો તારામાં ભળવાનો અને ભળીને મારી જાતને સુરક્ષિત બનાવવાનો આ એક માત્ર જ ઉપાય મારી પાસે છે. તેથી એટલું જ કહીશ પ્રભો ! કે મારી ભક્તિની સરિતાનો પ્રવાહ ધીમો હોય, ઓછો હોય કે કલુષિત હોય, પણ તારામાં ભળવીને એને વિરાટ બનાવવાનું, શુદ્ધ બનાવવાનું કે અક્ષય બનાવવાનું તારા હાથમાં છે અને આ કાર્ય કરવાની જવાબદારી તને સોંપી છે....

**મારૂં આટલું કાર્ય કરી આપીશ ને.....**

# ૩

मुक्तिं गतोऽपीश ! विशुद्धचित्ते, गुणाधिरोपेण ममासि साक्षात् ।
भानुर्दवीयानपि दर्पणेंऽशुसङ्गान्न किं द्योतयते गृहान्तः ॥

**હે નાથ ! નિર્મલ થઇ વસ્યા છો આપ દૂરે મુક્તિમાં,**
**તો યે રહ્યા ગુણ ઓપતા મુજ ચિત્તરૂપી શુક્તિમાં;**
**અતિ દૂર એવો સૂર્ય પણ શું આરસીના સંગથી,**
**પ્રતિબિંબરૂપે આવી અહીં ઉધોતને કરતો નથી ?.... (૩)**

ત્રણ ગપ્પીદાસો એક જગ્યાએ ભેગા થયા...ગપ્પીદાસોની વાતો હોય હવા ભરેલા ફુગ્ગા જેવી, અંદર હોય કાંઇ નહીં પણ બહારથી દેખાય ઢમઢોલ...આ લોકોએ પણ અંદર-અંદર વાત ચાલુ કરી....એક કહે-મેરે દાદાજી મરે તો પૂરે એક કરોડ છોડ કે ગયે....બીજો કહે....ઇસમેં કૌનસી બડી બાત હૈ ? મેરે ચાચાજી ગયે તો પૂરે પાંચ કરોડ છોડ કે ચલ બસે...ત્રીજો હસ્યો-મેરે પિતાજી ગયે તો પૂરી દુનિયા છોડ કે ગયે....હા, પૂરી દુનિયા...'

હા, દુનિયામાં જીવો આવે છે ત્રણ પ્રકારના, કેટલાકનું જીવન પાણી પર પડતા પગલાં જેવું હોય છે, ચાલી જાય છતાંય કાંઇ જ અસર નહીં, એમનું અસ્તિત્વ કે નાશ અર્થહીન હોય છે.

કેટલાકનું જીવન દરિયાની ભીની રેતી પર પડતા પગલા જેવું હોય છે, થોડો સમય છાપ રહે, ભરતીનું એક મોજું આવે કે બધા પગલા ભૂંસાઇ જાય, તેમ તેમના સુકૃત્યો અને સત્સ્વભાવના કારણે તેમની વિદાય પછીય તેમની સુવાસ રહે, કાળક્રમે અસ્તિત્વની સાથે યાદગીરી પણ ભૂંસાઇ જાય.

કેટલાકનું જીવન પથ્થર પર ટંકાયેલા પગલા જેવું હોય છે. લાખ ઝંઝાવાતો પણ તેમના અસ્તિત્વની છાપને ભૂંસી શકતા નથી, વિશિષ્ટ-મહાપુરુષોનું જીવન આવું હોય છે, દુનિયાની ઉથલપાથલો પણ તેમના જીવનની છાપને ભુંસી શકતા નથી.

હે વિશ્વેશ્વર ! જીવનની પ્રત્યેક પળનો કસ કાઢી મહાસંગ્રામ ખેલી, આત્મા પરના અનંત કર્મોનો ખાત્મો બોલાવી નિર્મલતા, નિર્દોષતા અને નિર્વિકારતાનો

સ્વામી બનેલો તું ભલે સેંકડો, લાખો કે ક્રોડો વર્ષ પૂર્વે મુક્તિમાં પધારી ચૂક્યો હોય, તારી પરમપવિત્ર કાયા ભલે રાખ થઇ ચુકી હોય અને એ રાખ સાથે ધરતીની માટી પણ ઘર-ઘરનું ઘરેણું બની ચૂકી હોય, ભલે દુર્જનોએ તને વગોવવાના લાખ પ્રયત્ન કર્યા હોય પરંતુ આજે પણ તારા અસ્તિત્વ અને વ્યક્તિત્વનો ઉજાસ એટલો જ ઝગારા મારી રહ્યો છે. તારા અનંતાનંત ગુણો અને વિશુદ્ધતમ આત્મસ્વરુપે આજે અનેક ભક્તોના હૃદયગૃહમાં પોતાનું એક વિશિષ્ટ સ્થાન જમાવી દીધું છે.

હે હૃદયેશ્વર ! એક અજબગજબની કશ્મકશ મારા હૈયામાં જાગી છે. એક બાજુ તું મારાથી સાત રાજલોક દૂર સિદ્ધશિલામાં બેઠો છે તેથી વિરહની આગ મને સળગાવી રહી છે, તો બીજી બાજુ તારા ગુણોની યાદ જાણે કે તું મારા હૃદયમાં જ બિરાજમાન હોય તેવું આશ્વાસન આપે છે-આમ ઉનાળો અને ચોમાસું બન્ને ઋતુ જાણે એક સાથે જામેલી હોય તેવી સ્થિતિ થાય છે. કદાચ કોઇ મને પૂછે કે આવું તો કેમ બને ? તો મને બાળપણમાં રમેલી રમત યાદ આવી જાય છે- આકાશમાં રહેલા સૂર્યના કિરણોને દર્પણમાં ઝીલી કો'કના મોઢા પર કે કોઈકના ઘરમાં પરાવર્તિત કરી અણસમજુપણાનો આનંદ લૂંટતા...એમ અમારા ચિત્તરૂપી દર્પણમાં-આપના ગુણસૂર્યના કિરણો કેમ આવીને ન વસે અને અમને આનંદિત ન કરે ?

હે વાલેસર ! ખાટલે મોટી ખોડ એક જ છે કે અમારૂં મન બહુ જ અવળચંડું છે અને લગામ વિનાનું છે.

દર્પણ કોઇ પણ પ્રતિબિંબને ઝીલે છે અને પરાવર્તિત કરે છે કારણ કે એની પાસે ત્રણ બહુ મોટી વિલક્ષણતાઓ છે.

દર્પણને કોઈના પર **આસક્તિ** હોતી નથી-એકમાં ચોંટી રહે કે એકને પકડી રાખે તે બીજાનું પ્રતિબિંબ પાડી ન શકે, દર્પણની આ વિલક્ષણતા છે કે પદાર્થ જ્યાં સુધી હોય ત્યાં સુધી જ પ્રતિબિંબ પાડે, ગમે તેટલો આકર્ષક પણ પદાર્થ વિદાય થયા પછી પ્રતિબિંબ ન જ પાડે.

દર્પણમાં **અશુદ્ધિ** હોતી નથી-નિર્મલતમ સપાટી હોવાથી જ બીજાનું પ્રતિબિંબ પાડી શકે છે. દર્પણ મેલું કે ચીકણું થઇ જાય તો એય પ્રતિબિંબ ઝીલવામાં નિષ્ફલ જાય.....

દર્પણ ક્યારેય કોઇનો **અનાદર** નથી કરતું. કદરૂપામાં કદરૂપું વ્યક્તિત્વ પણ આવે તો ય દર્પણે કોઇનો તિરસ્કાર તો નથી જ કર્યો,પણ અનાદર સુદ્ધાં નથી કર્યો, અને આ જ તાકાત પર તે સહુને ઉપાદેય બન્યું છે.

મારા ચિત્તમાં આ ત્રણેય વિલક્ષણતાનો અભાવ છે. પદાર્થો પરની આસક્તિએ મારા ચિત્તને ગુંદર જેવું ચીકણું બનાવી દીધું છે. સારૂં દેખ્યું નથી ને ચોંટી પડયું નથી, અને ઢગલાબંધ આસક્તિઓના ગંજ ખડકાય ત્યાં તારા માટે

ક્યાં જગા રહે ? પ્રભો ! હવે આ ચીકાશથી હું જ અકળાયો છું, ફસાયો છું અને ત્રાસ્યો છું. મારે છૂટવું છે એના ઘેરામાંથી, પરંતુ સામેથી જ મિત્રતા કેળવ્યા પછી કેમ છૂટવું તે મને સમજાતું નથી.

ઇર્ષ્યા, અદેખાઇ, તૃષ્ણા, અપેક્ષા...આદિ દોષોના ગંજના ગંજ એવા ખડકાયા છે કે એ અશુદ્ધિમાં હું જ ખોવાઇ ગયો છું. શાસ્ત્રો તો કહે છે- 'તરણા ઓથે ડુંગર, ડુંગર દેખાય નહીં...' તણખલા જેટલો દોષ આત્મામાં હોય તોય ડુંગર જેવા પરમાત્મા દેખાતા બંધ જાય, તો આ તો મહામેરૂ જેવડા ઢગો છે, આમાં ક્યાં તારા દર્શન થાય કે તારા ગુણરશ્મિઓ મને સ્પર્શે ?-આમાંય હું દેવાળિયો જાહેર થઉં છું.

હે ત્રિલોકેશ્વર ! દુઃખ આવે ત્યારે વાછરડું ગાયને વળગી જાય તેમ તને વળગી પડતો હું અનુકુળતાના સમયમાં જાણે તને ઓળખતો જ નથી... પ્રભુ ! આ અનાદરવૃતિએ મારા હૃદયના દરવાજા એવા જડબેસલાક બંધ કરી દીધા છે કે તારા ગુણોના કિરણો દરવાજે ટકોરા મારતા હોવા છતાં ચસકવાનું નામ લેતા નથી. મારા સ્વાર્થ ખાતર તારી આજ્ઞાનો, મારી અનુકુળતા ખાતર તારા આચારનો અને લોકરંજન ખાતર તારા માર્ગનો દ્રોહ અનેકવાર કર્યો છે. તારી આરાધનાને જાણે ચાવીવાળું રમકડું સમઝીને બેઠો છું, ચલાવવું હોય ત્યારે ચલાવવાનું, ન ચલાવવું હોય ત્યારે બંધ કરી દેવાનું....

પણ મારા નાથ ! તમને તો અમારા સંસારના મા-બાળકના સંબંધનો ખ્યાલ જ હશે. બાળક ગંદો હોય, ગાંડો હોય કે ગુંડો હોય તેને સુધારવાનું, સંભાળવાનું અને શુદ્ધ કરવાનું કામ 'મા' જ કરે છે તેમ મારા ત્રણે દોષને દૂર કરી મારા ચિત્તદર્પણને ચોક્ખું કરવાનું કામ તારે જ કરવાનું છે. દીકરો 'મા' ના વાત્સલ્યને કે મહત્તાને ન સમજે તો તે પણ 'મા' જ સમજાવે છે તેમ તારા ગુણકિરણોના ઉજાશને પાથરવાનું કામ તારે જ કરવાનું છે.

સાતમા માળેથી ચોકલેટ દેખાડી 'મા' દીકરાને બોલાવે ત્યારે દીકરો એમ જ કહે ને કે-કાં નીચે આવીને મને આપ કાં મને ઉપર તેડી જા, તેમ તારા ગુણખજાનાના કિરણોનો આંશિક સ્પર્શ કરાવ્યા પછી હવે મારૂ મન તેને જ ઝંખે છે. તો કરૂણાસાગર ! કાં તું નીચે આવ, કાં મને ઉપર ખેંચી લે...પણ આ અંતર હવે સહન નથી થતું...ભિખારીને બટકું રોટલાથી ચાલે, નોકરને પગારથી સંતોષ થાય, પણ દીકરાને તો આખો વારસો જ જોઇએ તેમ તારા ખજાનાના સંપૂર્ણ વારસાથી ઓછું મને કાંઇ ન ખપે....તેં તારા મનને આંજ્યું છે, હવે માંજી દે, મારા મનદર્પણમાં તું આવી જાય, અને મારૂં જીવન પ્રકાશ-પ્રકાશમય થઇ જાય...મારા જીવનમાં તું પધારે અને જીવન નંદનવન બની જાય.

**પ્રભુ પધારો...વહેલા પધારો...જલ્દી પધારો....**

# ૪

**तव स्तवेन क्षयमङ्गभाजां भजन्ति जन्मार्जितपातकानि ।**
**कियच्चिरं चण्डरुचेर्मरीचिस्तोमे तमांसि स्थितिमुद्वहन्ति ॥**

**પ્રાણી તણા પાપો ઘણા ભેગા કરેલા જે ભવે,**
**ક્ષીણ થાય છે ક્ષણમાં બધા તે આપને સારે સ્તવે;**
**અતિ ગાઢ અંધારાતણું પણ સૂર્ય સામે શું ગજું,**
**એમ જાણીને આનંદથી હું આપને નિત્ય ભજું....(૪)**

હિંદુ ધર્મગ્રંથોમાં આવતી એક સુંદર કથા વાંચેલી-સૃષ્ટિના સર્જન બાદ એકવાર બ્રહ્માજીની કોર્ટમાં એક કેસ આવ્યો-અંધકારે આવીને ધા નાંખી કે મને આ સૂરજડાથી બચાવો... જ્યાં જાઉં ત્યાં હેરાન કરે છે. એક જગ્યાએ શાંતિથી રહું ત્યાં પૂંઠે આવ્યો જ હોય... માંડ ૧૦-૧૨ કલાક થાય ન થાય, ત્યાં આવીને ભગાડે જ...ન મેં એનું કાંઇ બગાડ્યું છે, ન મેં એને ખરૂં ખોટું સંભળાવ્યું છે, છતાંય જંપીને બેસવા દેતો નથી... બ્રહ્માજીએ આશ્વાસન આવ્યું કે ઘટતું કરીશ...

બ્રહ્માજીએ સૂર્યને બોલાવી ઝડતી લેવાનું શરૂ કર્યું એટલે સૂર્ય તો સાવ નામક્કર જ ગયો-'કોણ અંધકાર ! હું તો દીઠે ય ઓળખતો નથી. આ મહાનુભાવને ક્યારેય જોયા પણ નથી તો હેરાન કરવાની વાત ક્યાં રહે ? છતાં આપને વિશ્વાસ ન આવતો હોય તો એમને મારી સામે હાજર કરો, એટલે સામ-સામે ખુલાસો થઇ જાય...બાકી આવી રીતે ખોટું નામ વગોવવું એ ઠીક નથી.' સૂર્યના ધડાકા સાંભળીને ઠંડાગાર થઇ ગયેલા બ્રહ્મદેવે બન્ને જણાની સંધિબેઠક બોલાવી પણ 'તાજા સમાચાર' ના છેલ્લામાં છેલ્લા રિપોર્ટ મુજબ હજુ સુધી એ બેઠક થઇ નથી અને થવાની કોઈ સંભાવના નથી....

સૂર્ય અને અંધકારની આ કથા વાંચીને મારા મનમાં ય અજવાળું અજવાળું થઇ ગયું..... હે પતિતપાવન ! અંધકાર કરતાં ય જાલિમ એવો પાપોનો મેલ ઢગલાબંધ મારા આત્મામાં પડેલો છે. કારણ કે હમણાં જ મારા આત્માની વિડિયો કેસેટને

રિવાઇન્ડ કરીને મારા ભૂતકાળને જોયો તો હું થથરી ગયો...શેતાન પણ શરમાઇ જાય, કાજળ પણ કરમાઇ જાય અને અંધકાર પણ આશ્ચર્યચકિત થઇ જાય એવો મારો ભૂતકાળ હતો. એક કવિએ લખ્યું જ છે ને કે **'કાજળથી પણ શામળાજી મુજ મનના પરિણામ...'** મને તો લાગે છે કે મારા ભુતકાળની વીડિયો કેસેટ એ કવિ પાસે પહોંચી ગઇ હશે અને એટલે જ એમણે લખ્યું હશે, માત્ર પાપો, પાપો અને પાપો સિવાય મારા ભૂતકાળમાં કશું જ ન મળે....

બગીચો તેને કહેવાય-જેમાં મોટા ભાગે સારૂં જ મળે...શેરી તે હોય જ્યાં સારી મહેલાતો પણ હોય તો ક્યાંક કચરાના ઢગ પણ હોય જ્યારે ઉકરડામાં તો માત્ર ગામનો ગંદવાડ જ હોય... હે દયાસાગર નાથ ! આજે હૈયું ખોલીને મને કહેવા દે કે મારૂં જીવન આ ઉકરડાનું જ પ્રતિનિધિત્વ ધરાવતું હતું, માત્ર મળે વિષય અને કષાયના મડદા, અઢારે અઢાર પાપસ્થાનકના કચરા અને ભોગસામગ્રીના એંઠવાડ અને ગંદવાડ....જ્યાં ફરતા હોય માત્ર દુર્જનતાના ગીધડાઓ, સતત ચક્કર લગાવતા હોય કુટિલતાના કૂતરાઓ...સતત જેમાંથી નીકળતી હોય...પાસે આવનારનુંય માથું ફેરવી દે એવી દુર્બુદ્ધિની દુર્ગંધ જ કર્મસત્તાએ આપેલા જીવનના એ કાગળિયાઓમાં કોઈ કવિતા તો ન રચી, મેં કોરા ય ન રહેવા દીધા, ગાળો લખી લખીને ગંદા કરી નાંખ્યા....આજે એ યાદ આવે છે ને મારી જાત ઉપર મને જ ફિટકાર વરસે છે... મારા એ ભૂતકાળના ભવોમાં જગતના તમામ જીવોને દુઃખી કર્યા છે, તમામ પાપો આચર્યા છે, તમામ પુદ્‌ગલોનો સંગ કરી બગાડી મૂક્યા છે, તારી તમામ આજ્ઞાઓને તોડી-ફોડીને સાફ કરી નાખી છે, શરીરના સાડા ત્રણ કરોડ રૂંવાટા અને મગજના સાડા સાત અબજ સેલ-આ તમામમાં ઠાંસી ઠાંસીને ગંદકી ભરીને જીવનો પૂરા કર્યા છે. આત્માના અસંખ્ય પ્રદેશોમાંના પ્રત્યેક પ્રદેશે અનંતાનંત અશુભ કર્મોનો જથ્થો ભેગો કરીને હું જ મારો દુશ્મન બન્યો છું.

જ્યારથી મને મારા આ ભૂતકાળનું દર્શન થયું છે ત્યારથી હું ખરેખર ધ્રુજી ગયો છું. એકાદ અશુભ કર્મનો ઉદય થાય છે ને હું રાડ બોલી જાઉં છું. તો બધા કર્મ કેમ ભોગવાશે ? થોડોક પણ તપ કરવાનો આવે છે અને શરીર બળવો પોકારે છે. ન ભોગવાય કે ન ખપાવાય તો પછી આ કર્મોના જથ્થાથી બચવું કેમ ? જ્યાં સુધી કર્મોનો બોજ આટલો ભારે છે અને ભયંકર છે તેવો ખ્યાલ નહોતો ત્યાં સુધી મસ્તીથી જીવન ચાલતું હતું, જયારથી આ ખ્યાલ આવી ગયો છે ત્યારથી મારી બેચેનીનો કોઈ પાર નથી. સતત ટેન્શનમાં હતો કે ક્યારે આ કર્મોથી છૂટીશ, પરંતુ

તારી કૃપા કે મને ઉપદેશરહસ્ય ગ્રંથના માધ્યમે તારૂં આશ્વાસન મળ્યું-'

**कर्मजनित-परिणामरुपो दोषः स्वभावत एव दुर्बलः ।**
**स्वपरिणामरुपो जीवस्य शुभयोगस्तु स्वभावत एव बलीयान् ।**

'કર્મના સંબંધે ઉત્પન્ન થયેલો દોષ આગંતુક હોવાથી સ્વભાવથી જ નિર્બળ હોય છે, જ્યારે શુભયોગ=ધર્મ એ જીવનો સ્વાભાવિક પરિણામ હોવાથી બળવાન હોય છે.' તેથી અનંતકાળના અનંત કર્મોનો એક નાનકડો પણ આજ્ઞાયુક્ત ધર્મ નાશ કરી શકે છે ત્યારથી હું થોડોક આશ્વસ્ત થયેલો, અને એમાંય-સૂર્ય-અંધકારનું દૃષ્ટાંત તો મારા માટે અમૃત બનીને આવ્યું...આપની સ્તવનાનો સૂર્ય મારા હૃદયમાં પ્રકાશી જાય તો અનંતાનંત કર્મો ગમે તેટલા ગાઢ હોય તો'ય એક ક્ષણમાં નાશ પામી જાય. આપના ગુણ, આપના ઉપકાર, આપના અતિશયો- આપને સંલગ્ન તમામે તમામ તત્ત્વોમાં મારા એ પાપોના ઉકરડાને, દોષોના-અંધકારને દૂર કરવાની પૂર્ણ ક્ષમતા છે.

પરમાત્મન્ ! તારી કૃપામાં મારા મોહને બાળવાની, મારા અહંને વાળવાની અને મારી આસક્તિને ટાળવાની અનોખી ચાવી પડી છે મારા ઉકરડાના સર્જક આ જ તત્ત્વો છે. અને એ તત્ત્વો જાય પછી મારા જીવનમાં ઉજાસ જ ઉજાસ રહેવાનો છે. જો તારી સ્તવનાથી અર્જુનમાળી અને દૃઢપ્રહારી જેવા હત્યારા, ચિલાતીપુત્ર અને ઇલાચીકુમાર જેવા કામી, ચંડકૌશિક અને ઝાંઝરિયા મુનિના ઘાતક રાજા જેવા ક્રોધી, ઇન્દ્રભુતિ ગૌતમ અને રાજા રાવણ જેવા અહંકારી આદિનું કલ્યાણ થઇ ગયું હોય, તો મારી મુક્તિમાં મારે હવે શંકા રાખવાનું કોઇ કારણ નથી...

હવે તો બસ એક જ કામ કરવું છે-જેમ તંબૂરો જોઇને નરસિંહ મહેતો યાદ આવે, સફેદ સાડી જોઇને મીરા યાદ આવે, સિંદુર જોઇને હનુમાન યાદ આવે તેમ કોઇ એક સાધનથી મારે તારી ભક્તિમાં તરબોળ બની જવું છે. યાદ આવે છે હનુમાન, લંકાવિજય પછી અયોધ્યાની રાજગાદી પર રામનો અભિષેક થયો, આખો દિવસ સતત વ્યસ્તતામાં ગયો, એક પણ મિનિટ સાન્નિધ્ય ન મળ્યું, રાત્રે રામચંદ્રજી શયનખંડમાં પધાર્યા ત્યારે હનુમાનજી પાછળ આવતા હતા એટલે સીતાજીએ ના પાડી-હનુમાનજી ! હવે તમારાથી ન અવાય... હનુમાનજી અકળાયા, મૂંઝાયા...'તમે જાવ છો તો મારાથી કેમ ન અવાય !....

'હું રામની અર્ધાંગિની છું, પત્ની છું, તમે થોડા એમના પત્ની છો ? રાત્રે

તો પત્નીનો અધિકાર હોય....'

માત્ર સેવામય જ જીવન ગાળનારા હનુમાનને આવું બધું કાંઇ સમજાયું નહીં એટલે બાળકની જેમ દલીલ કરી-'તમે પત્ની બની શકો તો હું કેમ નહીં ?-' રામઘેલા આ ભક્તને કેમ કરી સમજાવવો ? એટલે સીતાજીએ ઉંધા કાન પકડ્યા....'જુઓ હનુમાનજી ! જે પત્ની હોય તેને માથે સિંદુર હોય, બીજાને ન હોય. જુઓ મારે માથે સિંદુર છે, તમારે માથે છે ?'

હનુમાનજી સિંદુર જોઇ શાંત પડી ગયા....કાંઇક બબડતા એ વખતે તો વિદાય લીધી, બીજી રાત્રે રામચંદ્રજી શયનખંડમાં જતા હતા ત્યાં સીતાજીએ પાછળ નજર કરી તો આભા બની ગયા-'અરે હનુમાનજી ! આ શું વેષ કાઢ્યો છે ?'-'કેમ શું થયું ? તમે જ કહ્યું હતું ને કે જે પત્ની હોય તેને માથે સિંદુર હોય !!' માંડ માંડ હસવું ખાળી સીતાજી બોલ્યા,'પણ મેં તો માથે સિંદુરનું કહ્યું હતું, તમે તો આખા શરીરે સિંદુર ચોપડી આવ્યા છો'....ત્યારે સાંસારિક પતિ-પત્નીના સંબંધના પાઠ શીખડાવનાર સીતાજીને હનુમાને ભગવાન-ભક્તના સંબંધના પાઠ શીખવાડતા કહ્યું-'પતિ માટે માથે સિંદુર, પણ જગત્પતિ માટે તો આખા શરીરે સિંદુર જોઇએને ! અમારા રૂંવે રૂંવે પરમાત્માનો વાસ છે. એના સૌભાગ્ય વગરની એકે ય જગ્યા ખાલી નથી, તો પછી શરીરના બાકીના ભાગોને અન્યાય કેમ કરાય ?....'

પ્રભો ! આવી ભક્તિનું વરદાન અમને આપી દે, તો કર્મો તો ઊભી પૂંછડીએ ભાગી જવાનાં, સાથે સાથે અમે અહીં પણ મુક્તિની સુખલડી ચાખી લેવાના. પળેપળ હોઠ પર તારૂં નામ હોય, સતત હાથમાં તારૂં કામ હોય અને હૃદયમાં તારૂં ધામ હોય પછી અમે નિશ્ચિંત, નિર્ભય અને નિર્મલ બન્યા વગર ન રહીએ.

**તારી ભક્તિનો સ્રોત કયારેય ધીમો ન પડે,**
**કલુષિત ન બને અને**
**અખંડ ધારાએ ચાલતો રહે**
**આટલું વરદાન આપજે....હોં ને...**

# ૫

**शरण्य कारुण्यपरः परेषां निहंसि मोहज्वरमाश्रितानाम् ।**
**मम त्वदाज्ञां वहतोऽपि मूर्ध्ना शान्तिं न यात्येष कुतोऽपि हेतोः ।।**

**શરણ્ય કરૂણાસિંધુ ! જિનજી આપ બીજા ભક્તના,**
**મહામોહ વ્યાધિને હણો છો, શુદ્ધ સેવાસક્તના;**
**આનંદથી હું આપ આણા, મસ્તકે નિત્ય વહું,**
**તોયે કહો કોણ કારણે, એ વ્યાધિના દુ:ખો સહું, ....(૫)**

રવિન્દ્રનાથ ટાગોરે એક નાની પણ અત્યંત માર્મિક કથા લખેલી.... નાનકડા બાળકને તેની મા પર અત્યંત વહાલ, તમામ ચીજ વગર ચલાવી શકે, પણ 'મા' વગર ન ચલાવી શકે. તેની મા એક દિવસ મહાપ્રયાણ કરી ગઇ. પરંતુ નાનકડો બાળક શું સમજે ! સ્મશાને વહાલી પત્નીની અંતિમ ક્રિયા કરીને આવેલા પિતાને તે બાળકે પૂછ્યું—'પપ્પા ! મારી મા ક્યાં ગઈ ?' મહાપ્રયત્ને આંખમાં આંસુ ખાળીને બેટાને આંગળી આકાશ તરફ ઊંચી કરીને એટલું જ કહયું કે તારી મા ઉપર ગઈ છે.

મધરાત વીતે છે, નાનું બાળક પિતાના પડખેથી ઉઠીને લપાતું છુપાતું અગાશી ઉપર જાય છે અને અગણિત તારાથી ભરેલા આકાશ તરફ જુએ છે. આ વિશાળ આકાશમાં મારી મા ક્યાં હશે ? આ અગણિત તારામાંથી કોને પૂછવું ? અમીટ દ્દષ્ટીએ અને અનિમેષ નયને જોતો બાળક આકાશ તરફ બાહુ પ્રસારી કાકલુદીભરી ચીસ નાખે છે. 'માં ! તું ક્યાં છે ?' અને આકાશના ગુંબજમાં એના પડઘા હજી પડઘાયા જ કરે છે...

બીજો એક પ્રસંગ....

યમુનાના કિનારે રહેતો એક બ્રાહ્મણ યુવાન રોજ સવારે અખાડે કુસ્તી કરવા જાય, રસ્તો નવાબના મહેલ પાસેથી જાય અને મહેલના ઝરૂખે ઉભેલી શાહજાદી રોજ જુએ... ગોરી કાયા, હૃષ્ટપુષ્ટ બદન, કુસ્તી કરીને કસાયેલા બાવડા, ઉભરતી

જુવાની. બ્રાહ્મણ જુવાન શાહજાદીના મનને ભાવી ગયો અને બાપ પાસે જીદ પકડી. નવાબે ઘણું સમજાવી પણ ન માની ત્યારે મા વગરની એકની એક પ્રાણપ્યારી દીકરીને નારાજ કરવા દિલ ન ચાલ્યું તો કાફર યુવાનને પરણાવવા પણ મન ન માન્યું. રાજ્યની, ધનદોલતની, માનસન્માનની લાલચ આપી વટલાવવા પ્રયત્ન કર્યો પણ બ્રાહ્મણ ન માન્યો ત્યારે જેલમાં પૂરી ભૂખ્યો તરસ્યો રાખી અઠવાડિયાની મહેતલ આપી. 'મરી જાઉં પણ ધરમ અને ઇમાન ન છોડું'- આવો કડક જવાબ અઠવાડિયાના અંતે આપતા મારી નાખવા તત્પર નવાબે શાહજાદીની જીદ આગળ ઝૂકી જીવતો છોડી દીધો.

ઉલ્લાસથી ઘરે આવ્યો પણ આટલા વખત મ્લેચ્છોના સંગમાં રહેનાર વટલાયા વિના કેમ રહ્યો હોય ? તેવું કલ્પી ઘરના દરેકે તિરસ્કાર કર્યો અને પ્રવેશ ન આપ્યો... ભાઇ-ભાભી આદિનો તિરસ્કાર તો સહન કર્યો, પણ જ્યારે માએ પણ મોઢું ફેરવી લીધુ ત્યારે બ્રાહ્મણથી ન રહેવાયું-તે રડી પડયો અને એટલું જ બોલ્યો 'મા તું પણ ?'...

મા વિનાના બાળકની અનાથતા જેટલી કરૂણાસ્પદ છે તેટલી જ કરૂણાસ્પદ દીકરાના કો'ક વાંકે તમાચો મારીને ઘર બહાર કાઢી મૂકેલા દીકરાની વેદના છે. દુનિયાના તમામના અપમાન, માર, મેણા-ટોણા, આઘાતો સહન કરી શકનાર માનો વિરહ કે માની ઉપેક્ષા ક્યારેય સહન નથી કરી શકતો...દુનિયાની નજરમાં નીચે ઉતરી જનાર હજી પોતાની સ્વસ્થતા ટકાવી શકે છે પણ 'મા' ની નજરમાંથી જ નીચે ઉતરી જનાર જિંદગીના પટને લંબાવવામાં તકલીફ મહેસુસ કરતો હોય છે.

સર્વ જીવજનેતા !! એ હકીક્ત કબુલ છે કે

**'તેં જે વરજ્યા વેગળા, તે મેં આઘા લીધા'...**

**'હું છું અનાડી અનાદિનો'....**

**'યાદશ આણા સૂક્ષ્મતર પ્રભુ તાહરી, તાદશરુપે મુજથી કદી ન પળાય જો...'**

**'મેં તો પૂર્વે પાપ કીધા ઘણા....'**

**'મો સોં પાપી પતીત નહિં દૂજો, જગમાં કોઇ નહીં લહિયે...'**

આ બધી પંક્તિઓ મારા માટે જ લખાયેલી છે. તો સાથે એવી પંક્તિઓ પણ છે ને કે-

**'ભારે કર્મી પણ તે તાર્યા, ભવજલધિથી ઉગાર્યા...'**

**'મુજ સરિખા મેંવાસીને, જો તું તારે, તારક તો જાણું ખરો...'**
**'તુજ કરૂણાની લહેરે, મુજ કારજ સરે...'**
**'જન્મ લીધો તે દુઃખિયાના દુઃખ ટાળવા,**
**તે ટાળીને સુખિયા કીધા નાથ જો,....**

હે ત્રિભુવનપતિ ! દાવાનળથી બળેલો-ઝળેલો નદી વિના કોના શરણે જાય ? ગુંડાઓથી ગભરાયેલો સિપાઇ વિના કોનો આશરો લે ? તેમ સંસારના દુઃખોથી પીડાયેલો અને દોષોથી અકળાયેલો હું તારા વિના કોનો આશ્રય લઉં ? **'તું તારે કે ન તારે, તારો સાથ ન છોડું'**....આ પંક્તિની જેમ હવે તો તને જ વળગી પડ્યો છું. અત્યાર સુધી બીજાને વળગવાની ઘણી ભૂલો કરી છે તો સામે તેની અનંત સજા પણ ભોગવી ચૂક્યો છું, હવે એ ભૂલ પણ નથી કરવી અને એ સજા પણ નથી ખમવી....તેથી હવે તો **'તુંહી તુંહી, તુંહી તુંહી, યુંહી ધરતા ધ્યાન રે...'** પંક્તિની જેમ એક માત્ર તારૂં નામ, તારું ધ્યાન અને તારો જ જાપ મારા જીવનનો શ્વાસ પ્રાણ બની ચૂક્યા છે. પરંતુ દયાસિંધુ !! તારી ભક્તિ, ઉપાસના અને સેવા કરવા છતાં હજી અંદરનો મહામોહરૂપ મહારોગ દૂર તો થતો નથી, પણ ઓછોય થતો નથી....વીતરાગસ્તોત્રમાં બતાવ્યા મુજબ,

**'क्षणं सक्त: क्षणं मुक्त: क्षणं कुद्ध: क्षणं क्षमी'** ની જેમ ક્ષણે ક્ષણે અનુકુળતા અને પ્રતિકુળતાના વાયરાઓ તણખલાની જેમ અહીંથી તહીં ફંગોળ્યા કરે છે. ઘડીકમાં રાજી, તો ઘડીકમાં નારાજ, ઘડીમાં રોષાયમાન તો પછીની ક્ષણે તોષાયમાન...મારૂં સ્વરૂપ શું છે અને હું શું કરું છું તેની મને જ ખબર પડતી નથી...ઘાતક જાણવા છતાં વિષયોના સંગને સેવું છું, દાહક જાણવા છતાં કષાયાગ્નિને સતત જલતો રાખું છું, મારક છતાંય મોહને જ મિત્ર બનાવું છું, સામગ્રી, સંપત્તિ, સંબંધ, સગવડતા, સૌંદર્ય આદિમાં જ મને મારૂં સર્વસ્વ દેખાય છે અને એકાંત હિતકર તારા શાસનને દિલનું તો નહીં પણ દેહનું પણ દાન કરી શકતો નથી. જયાંથી દિલ-દેહ ઉઠાવવાના હતા એ સંસારમાં બન્નેને રાખી મૂકી તારા શાસનને મેં માત્ર અંગૂઠો બતાવવાના જ ધંધા કર્યા છે. સારો લાગવા છતાંય તારા મોક્ષમાર્ગને વફાદાર નથી રહી શકતો આ મહામોહને કારણે જ... પાપવિચારો, પાપવાસનાઓ અને પાપસંસ્કારોએ એમના ડેરાતંબુ એટલા મજબૂત તાણ્યા છે અને મને બંધનમાં એવો જકડી લીધો છે કે વારંવાર ત્યાંથી છૂટવાના પ્રયત્ન કરવા છતાં ફરી એ જ વિચાર, વિકાર અને વાસનામાં ફસાઇ જાઉં છું. ટુંકમાં કહું તો

વાડ વિનાનું અનાજ, તિજોરી વિનાનું ખુલ્લુ ધન, કિલ્લાના રક્ષણ વિનાનું નગર, અને મા ની છત્રછાયા વિનાનું બાળક જેમ કોઇનું પણ શિકાર બની શકે છે તેમ મારી જાત અત્યારે ગમે ત્યારે મોહનો શિકાર બની જાય છે, જાણે બોડીબામણીનું ખેતર...

ત્રિલોકનાથ ! ઇતિહાસના પાના ઉથલાવતા અનેક આત્માઓને શુદ્ધ આરાધના, શુદ્ધ આજ્ઞાપાલન અને સંપૂર્ણ આત્મસમર્પણના પ્રભાવે મોહમુક્ત બની ભવમુક્ત બની જતા સાંભળ્યા છે, અનંતકાળના ભવભ્રમણ પર પૂર્ણવિરામ મૂકાઇ ગયેલું જાણ્યું છે ત્યારથી મારી વેદના ઓર ગાઢ બની છે...એ બધા ઉત્તમ અને ઉત્કૃષ્ટ જીવો હશે, એ બધાય પાત્ર અને પવિત્ર જીવો હશે પરંતુ 'મા' માટે તો પાત્ર-અપાત્ર બધા સરખાં, અમારા સંસારમાં તો ક્યારેક અપાત્ર અને અજ્ઞાન દીકરા પર 'મા' નું વાત્સલ્ય વધારે વરસે...તો પછી હે કરૂણાસાગર ! પરાર્થવ્યસની ! વિશ્વવત્સલ ! કૃપાનિધાન !.... મારી સાથે આવો વેરો-વંચો શું કામ ? મને જ કેમ તારી કૃપાની અનરાધાર ધારામાંથી વંચિત રાખ્યો ? મને સંસારમાં રઝળતો-રખડતો મૂકી આપ ઉદાસ કેમ બની ગયા !....

**'નાના-મોટા અંતરો રે, ગિરૂઆ નવિ દાખંત...'**
**'કારજ સકલ કરી સુખ પાયો, અબ ક્યું હોત ઉદાસી...'**
**'સેવકના તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે....'**

પ્રભુ ભલે આજ્ઞાનું સંપૂર્ણ પાલન નથી, પરંતુ તારી આજ્ઞાનો સ્વીકાર, તારી આજ્ઞા પ્રત્યેની પ્રીતિ તો સો ટકાની છે, અને મેં એવું જાણ્યું છે કે મા તરફ દીકરો સહેજ દોટ મૂકે કે મા આવીને ઝીલી લે અને ઉંચકી લે, તો હૃદયેશ્વર ! આજ્ઞાના સ્વીકાર દ્વારા મારા તરફથી દોટ મેં ચાલુ કરી દીધી છે, હવે તો આગળનું કામ તારું ને....

**પ્રભો ! રાહ જોઉં છું તારા પગલાની,**
**તારા ઉંચકવાની અને**
**મારા પર વરસતી કરૂણાની ચુમિઓની ....**

## ૬

भवाटवीलङ्घनसार्थवाहं त्वामाश्रितो मुक्तिमहं यियासुः ।
कषायचौरैर्जिन ! लुप्यमानं रत्नत्रयं मे तदुपेक्षसे किम् ॥

**સંસારરૂપ મહાટવીના સાર્થવાહ પ્રભુ ! તમે,**
**મુક્તિપુરી જાવા તણી ઇચ્છા અતિશય છે મને;**
**આશ્રય કર્યો તેથી પ્રભો ! તુજ તોય આન્તર તસ્કરો,**
**મુજ રત્નત્રય લૂંટે વિભો ! રક્ષા કરો, રક્ષા કરો....(૬)**

ભાંગ્યાના ભેરૂ તરીકે જાણીતા એક રાજાના દરબારમાં અચાનક ક્યાંકથી કોઇક રીતે એક ભિખારી આવી ચડયો...એને જોઇને આખો દરબાર સ્તબ્ધ બની ગયો...હાડકાના માળા જેવું શરીર, ઊંડી ઉતરેલી આંખો, સ્પષ્ટ જોઇ શકાતી નસો, પાતાલમાં પેસી ગયેલું પેટ, ભૂખ અને ભયથી સતત ધ્રુજી રહેલું શરીર, થીગડા મારેલા વસ્ત્રો, જીંથરા જેવા વાળ, મુખ પર દેખાઇ રહેલો અત્યંત દીનતા-લાચારી અને કાકલૂદીનો સ્પષ્ટ ભાવ...

રાજા એકી ટસે તેની સામે જોતો જ રહ્યો...ન ભિખારી કાંઇ બોલી શક્યો, ન સભાજનો કાંઇ સમજી શક્યા અને રાજાએ ખજાનચીને આજ્ઞા કરી દીધી-'આ દરિદ્રનારાયણની મૂર્તિને દશ લાખ સોનામહોર ભેટમાં આપી દો....' સહુ સ્તબ્ધ બની ગયા. વર્ષોથી સતત સેવા કરવા છતાં રાજાએ ક્યારેય આવડી મોટી કૃપા અમારા પર કરી નથી અને આ ભિખારી પહેલી વાર આવ્યો, કાંઇ બોલ્યો પણ નહીં અને તો ય આટલી મોટી બક્ષિસ ? શું કારણ હશે ?

જેવો ભિખારી બહાર નીકળ્યો કે સહુ વીંટળાઇ વળ્યા. અલ્યા રાજા પર તેં એવો તે શું જાદુ કર્યો કે રાજા આમ બારે ખાંગે વરસી પડયા ?.... જરા અમને ય એવી કોઇક ચાવી બતાવતો જા...હર્ષના આઘાતમાંથી બહાર નીકળેલા ભિખારીએ એટલો જ જવાબ આપ્યો કે મેં કશું જ નથી કહ્યું કે કર્યું તે તમે બધાએ નજરે જોયું છે. મને તો લાગે છે કે મારી અવસ્થા જોઇને જ રાજાના હૃદયમાં ઉત્પન્ન થયેલી

કરૂણાએ એમની પાસેથી આવી બક્ષિસ અપાવી છે. મારી શક્તિથી નહીં પણ અશક્તિથી, મારી આવડતથી નહીં પણ આકૃતિથી અને મારી ઓળખાણથી નહીં પણ ગરીબીની ખાણ સમી અવસ્થાથી પ્રેરાઇને રાજાએ આવી કૃપાવર્ષા કરી છે. બીજું કાંઇ જ નહીં...

હે ત્રણભુવનશિરતાજ !! દુનિયાનો સામાન્ય રાજા પણ જો એક વ્યક્તિની દીનતા અને અર્થહીનતા જોઇ આટલો દ્રવી જઇ કરૂણાનો ધોધ બની વરસે છે તો હું તો અનંતકાળથી ગુણહીન અને સ્વરૂપહીન બનીને ભટકી રહ્યો છું, એ વ્યક્તિની માત્ર બાહ્યસ્થિતિ જ નબળી હતી. હું તો અંદર-બહાર બન્નેથી શુદ્ધિથી અને સાધનાથી નબળો બનેલો છું, એની પાછળ કોઇ લૂંટારાઓ પડ્યા નહોતા જ્યારે મારી પાછળ તો આખી મોહની સેના મારા આંતરધનને કબજે કરવા પાછળ પડી છે, એટલું જ નહીં પણ તમામ ગુણોને અને સુખને લૂંટી લઇ હવે ચારગતિના ચોકમાં દેહનું ચપ્પણિયું લઇ સુખની ભીખ માંગવા ઉભો કરી દીધો છે મને.....તો પછી મારા પર કરૂણાના બે-ચાર બુંદની પણ વર્ષા કેમ નહીં ?

હે આંતરશત્રુ વિજેતા !! એ વ્યક્તિ તો ભર્યાભદર્યા નગરમાં હતી, જ્યારે હું તો સંસારના મહાજંગલમાં ફસાયેલો છું...એવું મહાજંગલ-જયાં સતત અજ્ઞાનનું અંધારૂં છવાયેલું જ હોય, જ્યાં વિવિધ કર્મોની વેલડીઓથી એવા જાળા ગુંથાયેલા હોય કે છૂટવાનો રસ્તો જ ન મળે, કુનિમિત્તો, કુસંસ્કાર, અને કુસંગના જંગલી પશુઓ સતત ફાડી ખાવા તૈયાર જ હોય, પાંચ આશ્રવોના ચોરો તમારી પાસે રહેલા આંશિક ધનને પણ લૂંટી લેવા અને ફરી જંગલમાં ધકેલી દેવા તત્પર જ હોય, જ્યાં આવેશ, અહંકાર, અપેક્ષા અને આસક્તિઓની સતત ચિચિયારીઓ તમારા ધર્મહૃદયને ભેદવા ચાલતી જ હોય...હે પ્રભો ! અબુધ એવો હું આપની પાસે વિશેષ તો શું વર્ણન કરૂં ? તમામ અશુભ ઉપમાએ વર્ણવવા લાયક એવા સંસારની મહાટવીમાં ફસાયેલો બધી જ રીતે તૂટી જાય છે, ખાલી થાય છે અને ખલાસ થઇ જાય છે. અધમ અને હલકા ભવોમાં તો અમે જાતનું દેવાળું ફૂંકીએ છીએ, પણ ઉત્તમ ગણાતા ભવોમાં ય કુપ્રવૃત્તિ, કુવૃત્તિ અને કુગતિના બંધથી છેવટે તો રોવાનું અને નહાઇ નાખવાનું જ આવે છે. ન ક્યાંય આશરો મળે, ન કોઇ આધાર મળે કે ન કોઇનું આશ્વાસન મળે, જે આવે તે લૂંટવાની, મારવાની કે ઉંધા રવાડે ચડાવવાની જ વાત લઇને આવે...અને આવા જંગલમાં મેં અનંતાનંત કાળ આ જ રીતે પસાર કર્યો છે. પહેલા તમને ગુલામ બનાવે, પછી તમારૂં લિલામ કરે અને ક્યાંય તમને

હલાલ કરે એવાઓને પનારે પડીને દુઃખી દુઃખી થયા છીએ...

આવા સંસારથી હવે થાક્યો છું, કંટાળ્યો છું અને ત્રાસ્યો છું. મેં ક્યાંક સાંભળ્યું હતું કે દર્દનો ત્રાસ એ દર્દના નાશનું પ્રથમ પગથિયું છે. ખરેખર અંતરથી કહું છું, હે નાથ ! હવે આવા સંસારથી છૂટવાની અને મુક્તિપુરીમાં પહોંચવાની તીવ્ર ઝંખના પેદા થઇ છે. આમ પણ ઘરે જવું કોને ન ગમે ?

યુદ્ધસમયમાં કિલ્લા પરથી પડેલા એક સૈનિકે યાદદાસ્ત ગુમાવી દીધી. યુદ્ધસમાપ્તિ બાદ ૩ ગામના કુટુંબો આવ્યા-જે દરેકનો દાવો હતો કે આ સૈનિક અમારો છે. ઘણી મથામણ બાદ અંતે એવું નક્કી થયું કે ત્રણેય કુટુંબો પોતપોતાના ગામમાં લઇ જાય, જ્યાં સૈનિકનું ચિત્ત પ્રસન્ન થાય ત્યાં તે રહે. વારાફરતી બે ગામોમાં લઇ જવાયો પણ સૈનિક તો સૂનમૂન થઇને ઊભો રહ્યો. ન કોઇ પ્રતિભાવ, ન કોઇ આત્મીયતાની સંભાવના...છેવટે ત્રીજા ગામમાં લઇ જવાતાં ગામના સીમાડેથી જ થનગની ઉઠ્યો અને ગલીના નાકે જ રહેલા પોતાના ઘરને જોઇને તો તેને બધું યાદ આવવા માંડ્યું અને સહુને એક બાજુએ મુકીને દોડ્યો તે પોતાના ઘર તરફ....

હે વીતરાગ ! સંસારીઓને જ પોતાના ઘરની આવી માયા હોય છે એવું નથી, યોગીઓનું પણ ચિત્ત સિદ્ધશિલારૂપી સ્વ-ઘરમાં જ સ્થિર થાય છે, એની જ લગની લાગે છે ને એની જ પ્રાપ્તિનો પુરૂષાર્થ કરાય છે. પ્રભો ! મને પણ હવે એ મુક્તિપુરીમાં પહોંચવાની અને સ્થિર થવાની તીવ્ર તલપ લાગી છે.

**'અક્ષય ખજાનો મારા નાથનો રે, દીઠો ગુરૂઉપદેશ;**
**લાલચ લાગી સાહિબા રે, નવિ ભજીયે કુમતિનો લેશ....'**

મુક્તિના વાસીને મળતો સાદિ અનંતકાળનો નિવાસ, ન જન્મ-જરા-મરણ, ન રોગ-શોક-દાહ-સંક્લેશ, ન દુઃખ ન દોષ, ઉપરથી અનંત ગુણનો, અનંત સુખનો અને અનંત શક્તિનો અખૂટ ખજાનો મળે, ખરેખર પ્રભો ! આજ સુધી આ મુક્તિની તલપ ન જાગવાની મારી મૂર્ખામી પર મને હસવું આવે છે. ઉકરડો છોડી ઉપવનમાં કોણ ન જાય, બાવળ છોડી બાવના ચંદન પર કોણ ન બેસે ? પણ હું મૂરખ, મતિભ્રષ્ટ અને મિથ્યાદૃષ્ટિ આજ સુધી ભૂલ્યો, પણ હવે આ ભૂલ મેં સુધારી લીધી છે. મુક્તિપુરી જવાના તારા સાર્થમાં મેં મારૂં નામ નોંધાવી દીધું છે. પરંતુ હે મહાસાર્થવાહ ! મહાગોપ ! મહારક્ષક ! તારા સાર્થમાં જોડાયા છતાં મોહસેનાના ખૂંખાર દસ્યુઓના ગેરીલા હુમલા ચાલુ જ છે. માંડ માંડ એકઠી કરેલી સાધનાની

મૂડીને ચપટી વારમાં ચોરીને મને ફરી રઝળતો કરી દે છે. જ્ઞાનની મૂડીને અહંકાર ચોરે છે, દર્શનની મૂડીને ઉદાસીનતા (આશંકા) ચોરે છે તો ચારિત્રની મૂડીને આસક્તિ ચોરે છે. બીજા કેટલાય આમાં ભેગા ભળેલા જ છે, કેટલાના નામ દઉં ? આ તો દળીદળીને ઢાંકણીમાં જેવું થાય છે.

માંડ માંડ પુણ્ય ભેગું કરી, મનને મનાવી, સંયોગો એકઠા કરી પ્રચંડ પુરૂષાર્થે થોડી-ઘણી સાધનાની અને સદ્ગુણની મૂડી જમા કરૂં છું, કંઇક મુક્તિસુખની આશા જાગે છે અને બધુંય એક જ ક્ષણમાં ધોવાઇને સાફ થઇ જાય છે. અનાદર, અતિચાર, આશાતના આદિનું ટોળું બધું ય વાળીઝૂડીને સાફ કરી જાય છે. ભૂખ્યા પાસેથી ભોજનનો થાળ અને તરસ્યા પાસેથી પાણીનો ગ્લાસ છીનવાઇ જાય અને જે વેદના થાય એનાથી અનંતગુણ વેદના મારી છે.

હવે હું તો હારી ગયો પ્રભો ! મારો આ કેસ મેં તને સોંપ્યો કૃષ્ણે અર્જુનની બાજી જીતાડી આપી તેમ મારા આ જીવનયુદ્ધમાં તારે જ મને બચાવવાનો છે, મને જીતાડવાનો છે. પ્રભુ એક જ પોકાર છે મારો-

મને બચાવો,

મારી સાધનાને બચાવો,

મારા ગુણોને બચાવો...

મને બચાવવો, સાચવવો અને મુક્તિપુરીમાં-પહોંચાડવો-આ બધું હવે તારા હાથમાં છે.

**અબ સૌંપ દિયા ઇસ જીવન કો, ભગવાન તુમારે ચરણોમેં....**

# ૭

**लब्धोऽसि स त्वं मयका महात्मा ! भवाम्बुधौ बंभ्रमता कथंचित् ।**
**आः पापपिण्डेन नतो न भक्त्या, न पूजितो नाथ ! न तु स्तुतोऽसि ॥**

**બહુકાળ આ સંસાર સાગરમાં પ્રભુ ! હું સંચર્યો,**
**થઇ પુણ્યરાશિ એકઠી, ત્યારે જિનેશ્વર ! તું મળ્યો ;**
**પણ પાપકર્મ ભરેલ મેં સેવા સરસ નવ આદરી,**
**શુભયોગને પામ્યા છતાં મેં મૂર્ખતા બહુએ કરી ....(૭)**

એક મોટા-વિરાટ નગરનો મહિમા સાંભળી પોતાના દોઝખ જેવા જીવનને નંદનવનમાં પલટવાની આશાથી એક અંધ માણસ તે નગર તરફ આવતો હતો. રસ્તામાં જાણવા મળ્યું કે નગરને તો ૫૦૦ દરવાજા છે અને દુશ્મનના આક્રમણોના ભયના કારણે માત્ર એક જ દરવાજો ખુલ્લો રાખવામાં આવે છે... દરવાજાની દિશા કે સ્થાનને નહીં જાણતો એ પ્રજ્ઞાચક્ષુ થોડોક મૂંઝાયો, પણ જીવતરના દુઃખનો બફારો એટલો હતો કે નગરરૂપી હિલસ્ટેશનના પ્રવાસનો ત્રાસ ઓછો લાગ્યો. નગરના કિલ્લા પાસે આવી હાથના સ્પર્શ દ્વારા દરવાજો શોધવાનું શરૂ કર્યું. ૪૯૯ બંધ દરવાજા પસાર થયા પછી જ્યાં ખુલ્લો દરવાજો આવવાનો થયો ત્યાં જ શરીરે ખંજવાળ આવી, ખંજવાળતા ચાલવાનું ચાલુ રહેતા તે સમય દરમ્યાન ખુલ્લો દરવાજો પસાર થઇ ગયો, બીજી વાર પરિભ્રમણ ચાલુ થયું અને દરવાજો આવ્યો ત્યારે કાંટો વાગ્યો, કાંટો કાઢી ચાલવા જતાં દરવાજો પસાર થઇ ગયો, આમ અનેકવાર થતા સર્વસુખ અને સમૃદ્ધિની ખાણ સમા નગરમાં તે પ્રવેશી જ ન શક્યો....

હિન્દુ ધર્મમાં આવતી કથા મુજબ એક અતિનિર્ધન અને અતિહીન સ્થિતિમાં રહેલ બ્રાહ્મણને વિમાન દ્વારા આકાશમાં ઉડી રહેલ શિવ-પાર્વતીએ જોયો. સ્ત્રીસહજ કરૂણાથી પાર્વતીનું હૃદય દ્રવી ગયું અને શિવને વિનંતી કરી કે આને સુખી કરો. શિવજીએ જણાવ્યું કે એના ભાગ્યમાં જ સુખ નથી તો હું કેવી રીતે સુખી કરી શકું ? પરંતુ કરૂણા કે પ્રેમ ક્યારે વાસ્તવિકતા સ્વીકારવા તૈયાર હોય છે ? પાર્વતીએ જીદ લીધી કે તમને પ્રયત્ન કરવામાં શું તકલીફ છે ? ત્યારે શંકરજીએ એ બ્રાહ્મણના

રસ્તામાં સોનામહોરો ભરેલી એક થેલી મૂકી દીધી. તે જ વખતે બ્રાહ્મણને 'આંધળો માણસ કેવી રીતે ચાલતો હશે ?' એનો પ્રયોગ કરવાનું મન થયું અને આંખ મીંચીને ત્યાંથી પસાર થઇ ગયો.

હે ત્રણ જગતના આધાર !! આ કથાના નાયકો કરતાંય મારી સ્થિતિ અતિ દયનીય થઇ છે. અનંત અનંતકાળથી ચાલી રહેલી સંસારની ભ્રમણયાત્રામાં સતત અથડાતો કૂટાતો ભટકતો રહ્યો છું. કોલંબસની ભારતની શોધ અમેરિકામાં પૂરી થઇ, એડિસનની બલ્બની શોધ ૩૬૦૦૦ પ્રયોગ પછી પૂરી થઇ પણ મારી સ્વઘરની અને સ્વસુખની શોધ અનંતકાળ પછી પણ પૂરી થઇ નથી અને જે રીતે અને જે રસ્તે હું શોધ કરૂં છું તે રીતે અને તે રસ્તે એ શોધ પૂરી થાય તેવી પણ નથી....**જાવું મારે પૂર્વમાં ને પશ્ચિમનો છે પંથ...**એવી મારી સ્થિતિ છે. સુખની શોધ સુખના દુશ્મનોને ત્યાં જ કરૂં છું. ઘરની શોધ ઘરના લુંટારાઓને ત્યાં કરું તો ક્યાંથી મારૂં ઠેકાણું પડે ! પણ હે-કરૂણાઅવતાર !! આજ સુધી મને એ બોધ થયો નથી અને આજે થયેલો એ બોધ પણ દૃઢ નથી અને તેથી જ સંસારની રઝળપાટ મારી ચાલુ જ છે...નજર નાંખતા આંખ થાકે, સાંભળતા કાન ધ્રુજે અને વિચારતા હૈયું ફફડી ઉઠે એટલો કાળ મારો નીકળી ગયો...ભલભલા ચોર-લૂંટારા, અતિપાપી-અતિદુષ્ટ આદિઓના સંસારભ્રમણ પર ચોકડી મૂકાઇ ગઇ પણ મારૂં ભ્રમણ તો ચાલુ ને ચાલુ જ છે... હે કરૂણાભંડાર ! એ ભ્રમણમાં પણ મારી સ્થિતિ કેવી ? ન વાટખર્ચી, ન ભાથું, ન કોઇ-સાથી-સંગાથી કે ન કોઇનો આધાર, એકલા અટુલા દિશાના ભાન વગર, કોઇ જાતની સાન વગર અને ક્યાંય વિશ્રામ વગર મારે ભટક્યા જ કરવાનું, ભમ્યા જ કરવાનું અને ભુલ્યા જ કરવાનું....

વળી એ ભ્રમણ પણ પાછું જમીન પર નહીં, સાગરમાં....જમીન પર તો વિશ્રામ મળે, વિરામ લેવાય, સાગરમાં તો સતત તર્યા જ કરવાનું, જમીન પર ખાવા-પીવા પહેરવા-ઓઢવા-રહેવાની (રોટલા અને ઓટલાની) વ્યવસ્થા મળે, દરિયામાં તો ભૂખ્યા-તરસ્યા જ હાથ હલાવ્યા કરવાના, જમીન પર તો લક્ષ્ય તરફ પહોંચાડતી સડક મળે, અહીં તો ચારેકોર પાણી જ પાણી. જમીન પર જોખમ સામે રક્ષણના સાધન મળે, દરિયામાં શિકારી પ્રાણી સામે લડવા હાથ-પગ-હલેસા સિવાય કાંઇ ન મળે. જમીન પર પડો તો વાગે, લોહી નીકળે પણ મોત ન આવે, દરિયામાં ડૂબ્યા તો મોત સિવાય કાંઇ નહીં, જમીન પર જીવનભર જીવી શકાય, દરિયાનું પાણી તો થોડા જ દિવસ રાખે, પછી કાં કિનારે પહોંચો કાં તળિયે પહોંચો, સપાટી

પર લાંબો સમય રાખે નહીં અને રહી શકાય પણ નહીં....

હે કરૂણાનિધાન !! આ સંસારને પણ સાગરની ઉપમા યથાર્થ અપાઇ છે ને...સંસારમાં મને ય ક્યાં આરામ છે ? કર્મ જેમ નચાવે તેમ નાચ્યા જ કરવાનું, નાટક કર્યા જ કરવાના...દરેક ગતિમાં અપૂર્ણતા અને અલ્પતા સતત મારે માથે ઝીંકાઇ છે તેથી રોટલા કે ઓટલાનું ય મારૂં ઠેકાણું ક્યાં પડયું છે ? સતત દુ:ખી અને અભાવગ્રસ્ત જ જીવનો જીવાયા છે.... અનંતકાળમાં મોક્ષમાર્ગ તાત્ત્વિક રીતે ક્યાં મળ્યો છે ? મળ્યો હોય તો ગમ્યો નથી અને તેથી જ એ બરાબર જીવાયો પણ નથી જ ને ....આ સંસાર સાગરમાં પણ મારા પર તૂટી પડતી મોહ, મદ, મત્સર, ઇર્ષ્યા, વિષય, કષાય આદિ વિકૃતિઓની સેના સામે હું નિ:સહાય જ બન્યો છું ને ? મારો અનંતનો અંગત ખજાનો લૂંટાઇ ગયો છતાં લાચાર, નિરાધાર બની એમને વશ જ રહેવું પડયું છે...અને હા, સાગરમાં લાંબો સમય સપાટી પર ન રહેવાય તેમ મને પણ ક્યાં સદ્ગતિમાં લાંબો સમય રહેવા મળ્યું છે ! બે ચાર ભવ સદ્ગતિના મળ્યા ન મળ્યા, ત્યાં એ ગતિઓને પણ દુર્ગતિરૂપ બનાવી પાપોના ઢગલા બાંધી તેના ભારથી દુર્ગતિઓની ડૂબકી ખાઇને નિગોદના તળિયે જ રહેવું પડયું છે ને !!! ચેતન છતાં જડવત્, સાન-ભાનવાળો છતાં બેભાનવત્, અનંત શક્તિના માલિક છતાં ગુલામવત્, અનંત ઐશ્વર્ય હોવા છતાં ભિખારીવત્, અનંતાનંતકાળ તો એવા નિગોદ અને એકેન્દ્રિયાદિ ભવોમાં જ ગયો છે ને...વળી સંસારના સાગરની મઝધારમાં પડેલા મારી સ્થિતિ પણ કેવી ? **'નહીં ત્રાપો નહીં તુબડી, નહીં તરવાનો આરો...'** હોડી-વહાણ તો જવા દો એક તરાપો કે તુંબડું પણ આધાર માટે નહીં. હે કરૂણાસાગર ! મારી આ કરૂણ કથની, મારો આ ભયંકર ઇતિહાસ સાંભળતા તારી છાતી ચિરાઇ નથી જતી કે તારી આંખમાંથી આંસુ ચાલ્યા નથી જતા !

સતત જન્મ-જરા મરણરૂપ ખારા પાણીથી ખવાયો છું, રાગ દ્વેષના પવનથી ઉછળતા આસક્તિ અને અસમાધિના મોજાઓથી ઉછળીને પટકાયો છું, મોહના પ્રલોભનો અને કુનિમિત્તોના વમળોમાં ફસાયો છું. દુ:ખોના જંગલી જળચરોએ મને ફોલી ખાધો છે, મિથ્યાત્વ અને અવિરતિના ઉંડાણોમાં વારંવાર ગુંગળાયો છું. મારો આખોય ઇતિહાસ માત્ર કરૂણરસથી જ ભરેલો છે, બીજો કોઇ રસ ત્યાં પેસી શક્યો જ નથી...ખારા સાગર વચ્ચે કડવા અને તીખા મારા આ જીવનમાં સતત દુ:ખો વેઠવાના કારણે અકામનિર્જરા તથા પુણ્યબંધ થતો રહ્યો...ક્યાંક ડાબા હાથે થઇ ગયેલું સુકૃત અને તેનાથી ભેગી થયેલી પુણ્યરાશી...આમ કીડી જેમ કણ-કણ

ભેગું કરે તેમ કણ-કણ કરીને પુણ્યનો ઢગલો ભેગો થયો ત્યારે પદાર્થ, પૈસો,પત્ની, પુત્ર, પ્રતિષ્ઠા, પદ આદિ ભેગા થઇને એ જથ્થો ચોરી જવા લાગ્યા...માંડ માંડ શુભભાવોની વાડ બાંધી થોડું ઘણું પુણ્ય જમા કર્યું ત્યારે મારા માટે એકવાર સોનાનો સૂરજ ઉગ્યો, સુખની સુખલડી મોઢે આવી....

હે કરૂણાના ભંડાર ! અનંતકાળથી ચાલતી એ યાત્રા...ના, ના...એને યાત્રા કેમ કહેવાય, 'યા ત્રાયતે ભવાત્ ઇતિ યાત્રા' જે સંસારના ચકરાવામાંથી તારે તે યાત્રા, આ તો ડૂબાડનારી હતી, એને યાત્રાનું પવિત્ર લેબલ કેમ લગાવાય ? એ પ્રવાસ....ના, ના એને પ્રવાસ કેમ કહેવાય ? પ્રકૃષ્ટઃ વાસઃ=પ્રવાસ;...ઘરના નિવાસથી અધિક શાતા અને પ્રસન્નતા આપે તે પ્રવાસ કહેવાય, આમાં તો અશાતા, અસમાધિ અને અપ્રસન્નતાની જ બોલબોલા રહી, તેને પ્રવાસ પણ કેમ કહેવાય ?.... એ તો રઝળપાટ, જ્યાં થાકનો પાર નહીં અને પામવાનું નામ નહીં, માત્ર મેલ, થાક અને તૃષ્ણા સિવાય કાંઇ હાથ ન આવે તે રઝળપાટ, મારા હાથમાં પણ કર્મનો મેલ, ભવભ્રમણનો થાક અને સુખની તૃષ્ણા સિવાય શું આવ્યું ?....આવા એ રઝળપાટમાં મારો એક માત્ર બેલી, એક માત્ર આધાર, એકમેવ હિતકાંક્ષી, એકમેવ શરણ્ય, એકમેવ આશાનું કિરણ એવો પ્રભુ તું આજે મળ્યો...જગતની વચ્ચે જ રહેવા છતાં તારા અને મારા મિલનમાં યુગોના યુગો વીતી ગયા, પુદ્ગલપરાવર્તોના લાંબા લાંબા અરસાઓ પસાર થઇ ગયા ત્યારે પ્રભુ તું મળ્યો.

**'મારી આજની ઘડી છે રળિયામણી, મને વહાલો મળ્યાની વધામણી...'**

કેવું એ ભાગ્યદેવતાનું સ્મિત, કેવી એ પ્રકૃતિની અનરાધાર કૃપાવર્ષા, કેવો એ કર્મસત્તાનો કૃપાકટાક્ષ....શબ્દરૂપે મને તારા આગમો મળ્યા. ક્રિયાસ્વરૂપે તારો આચારમાર્ગ અને મોક્ષમાર્ગ મળ્યો, આલંબનસ્વરૂપે તારૂં જિનાલય, મૂર્તિ અને ધર્મસ્થાનો મળ્યા, વેષસ્વરૂપે મને વિશ્વોત્કૃષ્ટ સાધુવેષ મળ્યો અને સૌથી વધારે તો મને તારી કરૂણા, તારૂં વાત્સલ્ય, તારી છલક-છલક નીતરતી કૃપા, અરે ! મારા માટેની આત્મીયતા મળ્યા...

હે હૃદયેશ્વર ! પ્રાણેશ્વર ! વહાલેશ્વર !....એક જ ધડાકે કેટલું બધું તે વરસાવ્યું, **'તમે મન મૂકીને વરસ્યા....'** અનંતકાળની રઝળપાટનો થાક એક જ વખતમાં ઉતારી દે એવી અદ્ભુત તારી આ દેન હતી...મારો મેલ, મારો થાક, મારી તૃષ્ણા, મારી દરિદ્રતા, મારી લાચારી, આ તમામને ઓગાળી દઇને વિશ્વોત્કૃષ્ટ ભૂમિકાએ પહોંચાડી દે એવી અજબની તારી કરૂણાવૃષ્ટિ... પણ... પણ... મેં આ શું કર્યું ? છેક

કિનારે આવીને પાછો કેમ વળ્યો ? આંગણે આવી ડેલે હાથ દઇ કેમ પાછો વળ્યો ? હું મારી જાતનો દુશ્મન કેવી રીતે બની શક્યો ? ઓ પ્રભુ ! ઓ નાથ ! મને આંખે અંધારા આવી રહ્યા છે, મને ગભરામણ છૂટી રહી છે....મેં આ શું કર્યું ? અમૃતના કુંજાને ઠેલીને વિષપાન મેં કેમ કર્યું ? કલ્પવૃક્ષને ઉખાડી ધત્તુરાને વાવવાના ધંધા મેં શી રીતે કર્યા ? ચિંતામણીને ઠુકરાવી ઠીકરા હાથ કેમ લીધા ?....મારા જીવનના ઇતિહાસનો સૌથી કાળો અને કલંકિત એ વ્યવહાર હતો કે મેં તારાથી મોં ફેરવી લીધુ...મેં તારી સાથે અત્યંત ઉપેક્ષાવૃત્તિભર્યું અને અનાદરભર્યું વર્તન કર્યું...ન તારી આજ્ઞાઓ પાળી, ન તારા બતાવેલા આચારો શુદ્ધ રીતે પાળ્યા, ન તારા વચનની કે વેષની વફાદારી જાળવી, સમર્પણ તો દૂર, સેવા પણ સારી રીતે ન કરી....

મારા આત્મામાં પેસી ગયેલા મોહ નામના શેતાને, પાપવૃત્તિ રૂપ ડાકણે મારી પાસે આ કાળા કામ કરાવ્યા....ના...ના..હું જ ભાન ભૂલેલો હતો, હું જ કુસંસ્કારાનો અખાડો બની ગયેલો, વિષયની વિષ્ટા ચૂંથતા ભૂંડને ભક્તિનું મિષ્ટાન્ન કેમ જામે ? સંસારની પાનખર જ જેને જામી ગઇ છે એવા આતમજવાસાને મુક્તિની વસંત કેમ ગમે ? પાપોની શોણિતભીની હોળી ખેલનારા મનના ત્રાસવાદીને આરાધનાની દિવાળી કેમ ફાવે ? હું કેવો અધમ ! કેવો ભાનભુલેલો ! મારા પરલોકને અજવાળે, પરમલોકને નિશ્ચિત કરાવી આપે, મારા આત્મઘરની સાફસૂફી કરી આપે અને અનંતના ખજાનાને પાછો મેળવી આપે એવો ઉત્તમોત્તમ પરમાત્મા યોગ, આરાધના યોગ, શાસનયોગ મળ્યા પછી પણ એની ઉપેક્ષા કરવાની, ભારોભાર પ્રમાદ સેવવાની, તેના જ શત્રુરૂપ વિષય-કષાયને ગળે લગાડવાની કેટલી નીચતા મેં આદરી !! હે પતિતપાવન !! મારો કેસ જોયા પછી તને બીજા કેસ લેવાનું કેમ સૂઝે છે ? શું હું અતિગંભીર બીમારીનો ભોગ બનેલો દર્દી નથી દેખાતો ! શું મારામાં તને કરૂણા વરસાવવાનું ઉત્કૃષ્ટ પાત્ર નથી દેખાતું ! જો તું કૃપા કરનારાઓમાં ઉત્કૃષ્ટ છે તો હું કૃપાને લાયક દર્દીઓમાં ટોચના સ્થાને છું ! પ્રભો ! મારા અંતઃકરણની ગંદકીને તારે જ સાફ કરવાની છે. તારે જ એમાં શ્રદ્ધાના લીલુડા તોરણ સજાવવાના છે, સમજણના દીવડા પ્રગટાવવાના છે, આચારની રંગોળીઓ પૂરવાની છે, અને સમર્પણનું સિંહાસન તેયાર કરવાનું છે. મહેમાન પણ તું અને યજમાન પણ તું...પ્રભો ! હું તો મારાથી થાકી ગયો છું, ત્રાસી ગયો છું, કંટાળી ગયો છું, કારણ કે જેટલું નુકસાન દુશ્મનોએ નથી કર્યુ એટલું મેં જ મારી જાતને કર્યું છે. દુનિયાના મૂર્ખાઓમાં મૂર્ખશિરોમણી, મૂર્ખસમ્રાટ અને મૂર્ખાધિરાજ

હું છું. કોઇ મૂરખ ગંધાતી જેલમાં રહેવા તૈયાર ન થાય, ત્યારે હું માત્ર ગંદકીના ગાડવા જેવી દેહજેલને વધુ દૃઢ કરવાના ધંધા કરૂં છું. કોઇ પાગલ કયારેય પોતાના પેટમાં છરી નથી હુલાવતો, મેં તારી ઉપેક્ષા કરીને મારા જ જીવનને આગ ચાંપી છે...**પ્રભો ! મને મારાથી બચાવ, મને મારાથી ઉગાર અને મને મારાથી જ છૂટો કર**..દુનિયામાં કોઇએ ન કરી હોય તેવી પ્રાર્થના હું કરૂં છું કારણ કે આજે જ મને મારો સાચો તારણહાર અને સાચો દુશ્મન મળ્યો છે. તું છે મારો તારણહાર અને હું જ છું મારો દુશ્મન....

**હું તને ઓળખી શકું એવી દૃષ્ટિ તું આપજે.**
**હું તને સ્વીકારી શકું એવી બુદ્ધિ તું આપજે.**
**હું તને પ્રેમ કરી શકું એવી શ્રદ્ધા તું આપજે.**
**હું તને વફાદાર રહી શકું એવી સચ્ચાઇ તું આપજે.**
**હું તને આરાધી શકું એવી શક્તિ તું દેજે.**
**હું તારામાં સમાઇ શકું એવી સમર્પિતતા તું દેજે.**

પ્રભુ હું માગણહાર છું. તો તું ય ક્યાં કમ દાતાર છે. **ખોટ ખજાને કો નહીં, દીજીયે વાંછિત દાનો રે**...મારી ફેલાવેલી ઝોળી ખાલી નહીં જ રહે એવો મને વિશ્વાસ છે.

**વિશ્વાસ તો વિશ્વનો શ્વાસ છે, પ્રભુ ! એ ન તૂટે એ જવાબદારી તમારી છે, તમારી જ છે.....**

# ૮

संसारचक्रे भ्रमयन् कुबोधदण्डेन मां कर्ममहाकुलालः ।
करोति दुःखप्रचयस्थभाण्डम्, ततः प्रभो ! रक्ष जगच्छरण्य ! ॥

**આ કર્મરૂપ કુલાલ મિથ્યાજ્ઞાનરૂપી દંડથી,**
**ભવચક્ર નિત્ય ભમાવતો દિલમાં દયા ધરતો નથી;**
**કરી પાત્ર મુજને પુંજ દુ:ખનો, દાબી દાબીને ભરે,**
**વિણ આપ આ સંસાર કોણ રક્ષા કહો એથી કરે ....(૮)**

મારા વહાલા પ્રભુ વીર ! આજ તો તમારા જીવનની ઘટના જ મને યાદ આવી ગઇ. ઓલ્યો ગોશાળો, આપના પ્રભાવથી અંજાઇને સામે ચાલીને બનેલો આપનો પ્રથમ શિષ્ય (?) પોતાની અવળચંડાઇને કારણે ગામ ગામ અને ઠામ ઠામ ચૌદમું રતન ચાખતો ગયો, ઠમઠોરાતો ગયો પરંતુ મોહરાજાની-કેવી અજબ આ કરામત છે ! પારકાના ઝીણામાં ઝીણા લાખ દોષ જોઇ શકનારો પોતાના મોટામાં મોટા એક દોષને જોઇ શકતો નથી. ગોશાળાએ પોતાની અંદર ભૂલ ન જોતાં આપનામાં જોઇ, આપના માર્ગના સ્વીકારથી જ કષ્ટો આવી પડ્યા છે તો માર્ગથી મુક્ત થઇ જવું એ જ હિતાવહ છે એમ લાગતા આપને છોડીને કેવો ભાગેલો ! પણ એ ભલે આપને છોડવા તૈયાર થાય, કર્મસત્તા એને થોડી છોડવાની હતી ? એ તો આગળ એને જ આવકારવા તૈયાર જ હતી...જંગલમાંથી પસાર થતા પાંચસો ચોરોએ એને પકડ્યો, જાસુસ તરીકેની શંકા કરી અને મારી નાખવાનો કારસો ઘડ્યો...મામા...મામા એમ તાબોટા પાડી બોલતા ચોરો ઘોડો રમવાની રમત કરી તેના પર ચડી બેઠા અને ગોશાળો અધમૂઓ થઇ ગયો...જમદૂત જેવા જોરાવર ચોરોના હાથમાંથી કોણ તેને છોડાવે ? મૃતપ્રાય: થઇ જવાથી શ્વાસ રૂંધાઇ ગયો. ચોરોએ મરી ગયેલો જાણી જંગલમાં ફેંકી દીધો, વનની મુક્ત અને મંદ વાતી પવનની લહેરખીઓએ ગોશાળાને જીવતદાન આપ્યું, જાગ્યો અને વિચારે છે કે આપની સાથે રહેતા ઉપસર્ગો આવતા હતા પણ સાથે રક્ષકો પણ મળતા હતા, અલગ રહેવામાં તો જાનનું જોખમ, કોણ બચાવે ? તેથી ફરી પાછો આપને ભેગો થઇ ગયો.

સિંહ જેવા પરાક્રમી પ્રભુ ! જગતના દ્રવ્ય દુઃખોથી બચવા માટેય ગોશાળાને માત્ર તારૂં શરણ જ લેવું પડ્યું કારણ કે કર્મસત્તા અને મોહસત્તાની સાથે બાથ ભીડે અને તેના સકંજામાંથી બચાવે એવો ભડવીર તો તું એક જ છો. આ કર્મરાજાએ આખા વિશ્વને બાનમાં લીધું છે, તમામે તમામ જીવોને પોતાની જાળમાં ફસાવી. હકુમતમાં લઇ અને તેની પાસે અનેક પ્રકારના નાટકો કરાવે છે, અનેક વેદનાઓથી રિબાવ્યા કરે છે. કમનસીબે મારો નંબર પણ તેમાં જ છે. અનંતાનંત કાળથી આ કર્મસત્તાએ મારા પર દમનનો ક્રુર કોરડો વીંઝ્યો છે. દમન માટેના સાધનો અને સ્થાનો પણ કેટલા પ્રકારના છે ? ચારગતિ, ચોરાશી લાખ યોનિ, અનંત કાયાઓ, ૧૫૮ કાર્મણ વર્ગણા, તેના અસંખ્ય પેટાભેદો, જીવને જ જીવના દુશ્મન બનાવી 'ભાગલા પાડોને રાજ કરો' ની નીતિ.... ક્ષેત્રકૃત વેદના, પરસ્પરકૃત વેદના, પરમાધામીકૃત વેદના, પોતાના જ દોષોના કારણે મળેલી સામગ્રીમાં પણ અપેક્ષા, અસંતોષ-ઇર્ષ્યા, અપમાન આદિ કૃત આંતરવેદનાઓ... પ્રભુ કોલસા-છાણા આદિનું જીવન તો સારૂં કે એક જ વાર બળીને રાખ થઇને પડ્યા રહેવાનું, મારે તો સતત અંદર-બહારથી બળ્યા જ કરવાનું, બળ્યા જ કરવાનું, પીડાયા કરવાનું, રિબાયા કરવાનું....મારી આ વેદના બતાવી શકાય, ઘટાડી ન શકાય, સહુ મારી વેદનાઓને જોઇ શકે, લઇ ન જ શકે.... આમ નિઃસહાય દશામાં જ જીવનો પૂરા કર્યા કરવાના...

ચંદ્રથી અધિક સૌમ્ય હૃદયેશ્વર !! આજે તો હૃદય ખોલીને, દિલ ચીરીને તારી આગળ મારૂં વ્યક્તિત્વ ખુલ્લુ કરવું છે. કર્મરૂપી કુંભાર સંસારના ચાકડામાં અમારા સહુનો જે ઘાટ ઘડી રહયો છે તેની વાત તો કરી અને ન કરૂં તોય શું ?

**'જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો મારૂં શું માત્ર આ ?**
**જ્યાં ક્રોડનો હિસાબ નહીં ત્યાં પાઇની તો વાત ક્યાં ?'**

તારા જ્ઞાનમાં બધું જ જણાઇ રહ્યું હોવા છતાં આજ તો તારી આગળ હૈયાનો પહાડ જેવો ભાર ઠાલવી દેવો છે. કર્મકુંભારના કાર્યમાં અમારી જ દુર્બુદ્ધિ કારણ બની છે. સંસારનો ચાકડો અમારા જ વિકૃત વાસનાથી મલિન થયેલ જ્ઞાનથી જ જોરથી ફરે છે. તેની પાછળનું ચાલકબળ અમારૂં જ અશુભ તરફનું આકર્ષણ છે. જેમ માણસના ગળામાં જ ફૂટી નીકળેલી ગાંઠ જ તેના મોતનું કારણ બને છે તેમ મને મળેલી બુદ્ધિ અને શક્તિ એ પણ મારી ભ્રમણા અને વેદનાનું કારણ બન્યું છે. ખરેખર આજે કલિકાલસર્વજ્ઞ ભગવંતનું વચન યાદ આવે છે-**'શુભોદર્કાય વૈકલ્યમપિ પાપેસુ કર્મસુ'**-ભારોભાર પાપના સંસ્કારો પડ્યા હોય, સતત પાપબુદ્ધિ જ જાગૃત

હોય તેને શક્તિનો અભાવ પણ બચાવનું કારણ બને છે. તેથી જ એમ થાય છે કે એકેન્દ્રિયાદિ જીવોની જેમ બુદ્ધિહીન રહ્યો હોત તો ય સારૂં થાત, અથવા ઘણા મંદબુદ્ધિ બાળકોની જેમ અલ્પબુદ્ધિ રહ્યો હોત તો ય બચી જાત, કારણ કે ભોગવિષયોની એટલી ગતાગમ જ ન પડત કે થોડીઘણી સમજણ પડે તો ય તેને પૂર્ણ કરવા માટે પાપો કરવાની ક્ષમતા જ ન હોત પરંતુ હું તો બન્યો વિકૃતબુદ્ધિ, મને પાપોમાં જેટલો 'ટેસ' આવે એટલો આરાધનામાં ન આવે, હું શાસ્ત્રોને હંબગ માનું, સાધુઓને નવરા માનું, ધર્મીઓને વેદિયા અને બોચિયા સમજું, એક-એક ધર્મારાધનાઓ માત્ર ધતિંગ લાગે, એક-એક સુકૃત પૈસાના ધૂમાડા લાગે, ક્યારેક ધર્મારાધના કરૂં તોય પરલોકની સુખની આસક્તિ પોષવા અથવા અહીંનો અહંકાર પોષવા, પદ અને પ્રતિષ્ઠા મેળવવા કરૂં, એ ધર્મારાધનામાં ય અવિધિ, આશાતના અને અતિચારોનું પ્રમાણ ખૂબ હોય, તેમાંય સંસારપોષક ઇર્ષ્યા-સ્પર્ધા-નિંદા-અહં-સ્વાર્થ-અનુકુળતા આદિ ભાવો ભળેલા જ હોય...આમ ધર્મસ્થાન, ધર્મસંબંધ અને ધર્મપ્રવૃતિઓને અભડાવવામાં મેં કાંઇ બાકી નથી રાખ્યું.

બીજી બાજુ સંસારના ક્ષેત્રે તો હું બેફામ બન્યો...વૈભવ અને વાસના મારા જીવનના મુખ્ય કેન્દ્રબિંદુ બન્યા, તમામ વિચારો, તમામ વચનો અને તમામ વર્તનો તેને નજરમાં રાખીને ગોઠવાવા લાગ્યા, તેમને મેળવવા, રક્ષવા અને ભોગવવા જે જે કરવું પડે તે કરવાની નિષ્ઠુરતા અને ક્રૂરતા રગેરગમાં પેસી ગઇ. અઢાર પાપસ્થાનકો અને અસંખ્ય પાપઅધ્યવસાયો તો મારા મિત્ર સમાન બની ગયા. પાપ તો કરતો રહ્યો, પણ બુદ્ધિથી એ પાપોને છાવરવા, એ પાપોને યોગ્ય ઠેરવવા અનેક કુતર્કોની જાળ ફેલાવતો રહ્યો, મારી સાથે અનેકને હું પાપોમાં જોડતો રહ્યો, ભાવિકો તીર્થોનો સંઘ કાઢે, મેં દુર્ગતિનો સંઘ કાઢ્યો...જમાનાના નામે, ઉંમરના નામે, દુનિયા સાથે રહેવું પડે એવા વ્યવહારના નામે, જરૂરિયાતના બહાને, મજબૂરીના ઓઠા હેઠળ...કેટકેટલી રીતે હું મારા પાપોને યોગ્ય ઠેરવતો રહયો અને કોઇપણ જાતના હિચકિચાટ વિના પાપો કરતો રહયો. દુનિયાને તો ઠગી, મેં મારી ખુદની જાતને પણ ઠગી. મને મળેલી મહામુલી ઇન્દ્રિયો અને મનની શક્તિને મેં મારી જાતને મલિન કરવામાં જ વાપરી...દુઃખના રસ્તે ચાલીને હું સુખને શોધતો રહ્યો, આગના ભડકામાંથી હું શાંતિને ખોળતો રહ્યો...પોતાની જ ઘોર ખોદીને હું મારી જાતને સફળ અને પ્રસન્ન માનતો રહ્યો...કૂતરો, હાડકું ચાવતા નીકળેલા લોહીની મીઠાશને-હાડકાની મીઠાશ માની વધારે જોરથી દાંત દબાવે અને પોતાના

જ જડબાની ચામડીને ચીરે, ઓલો ખંજવાળિયો ખણજ આવે અને જોરથી પોતાની જ ચામડીને વલુરી નાખી એમાં આનંદ માને, તેમ મારા આત્માની દુર્ગતિનો પાસપોર્ટ કઢાવી હું મારી જાતને સુખી માનતો મનાવતો રહ્યો.

હે સૂર્યની જેમ કેવળજ્ઞાનથી પ્રકાશિત અને તેજસ્વી દેવાધિદેવ !! મિથ્યાજ્ઞાનના દંડાથી કેટલો ઝુડાયો છું તે મને જ ખબર ન પડી. તેનાથી મારો સંસાર સતત વિસ્તરતો જ રહ્યો છે અને સળગતો જ રહ્યો છે, તેનાથી હું અધારામાં જ રહ્યો. તમામ સાધુક્રિયા અકબંધ છતાં 'જેટલા ઉત્સર્ગ છે તેટલા જ અપવાદ છે' આવી શાસ્ત્રીય વાતને મૈથુનના વિષયમાં મારી મચડીને રજુ કરનાર કમલપ્રભાચાર્યનું તીર્થંકર નામકર્મ નાશ પામ્યું તથા અનંત સંસાર વધી ગયો, જીવનભર અતિ ઉત્કૃષ્ટ ચારિત્ર પાળવા છતાં 'ઉકાળેલું પાણી પીવાથી કોઢ રોગ થયો' આવી એક જ ઉત્સૂત્ર પ્રરૂપણા કરનાર રજ્જા સાધ્વીજીનો દીર્ઘ સંસાર વધી ગયો, ચારિત્રધર્મ પ્રત્યે ઉત્કૃષ્ટ બહુમાન છતાં કપિલ રાજપુત્ર પાસે 'ધર્મ અહીં પણ છે અને ત્યાં પણ છે' તેમ ધર્મમાં ધર્મબુદ્ધિ સ્થિર રાખી અધર્મમાં ધર્મબુદ્ધિ કરાવનાર એક વચન બોલનાર મરીચિનો એક કોડાકોડી સાગરોપમ સંસાર વધી ગયો તો સતત ધર્મમાં નિરર્થકતાની બુદ્ધિ અને પાપોમાં ધર્મની સારપણાની-આવશ્યક્તાની બુદ્ધિ કરનાર, તેવા વચનો બોલનાર મારૂં આ સંસારમાં શું થશે, કેટલો કાળ વધી ગયો હશે અને કેટલા કર્મના ગંજ એકઠા કર્યા હશે તે કલ્પી પણ નથી શકાતું...ખરેખર મારી દુર્બુદ્ધિ, મારૂં મિથ્યાજ્ઞાન જ મારા મોટામાં મોટા દુશ્મન બન્યા છે.

હે કલ્પવૃક્ષ-કામધેનુ અને ચિંતામણિથી અધિક દાતાર દેવાધિદેવ !! મિથ્યાજ્ઞાનના દંડના જોરથી જે સંસારનો ચાકડો ઘુમ્યો, મારા પર દુઃખોની જે રિબામણો તૂટી પડી તેનું તો વર્ણન કેમ કરી શકાય ? નારકીના ભવોમાં તો જે છેદન-ભેદન પરમાધામીઓએ કર્યા છે, ૧૫ પ્રકારના પરમાધામીઓએ મારા પર જે અસંખ્ય પ્રકારના સિતમ ગુજાર્યા છે તેનું તો વર્ણન પણ કાચાપોચાથી સંભળાય નહીં તેવું છે. તેમાં પાછી ૧૦ પ્રકારની ક્ષેત્રકૃત વેદનાઓ-અતિભયંકર ઠંડી, અતિભયંકર ગરમી, અતિભૂખ-તરસ આદિ ભળી. ત્યાંના પુદ્ગલો ગંદામાં ગંદા, માથું ફાટી જાય તેવા દુર્ગંધવાળા, અતિ વિરસ....ત્યાંની કાયા એટલે રોગનો મહાભંડાર, એક સાથે ૫।।। (પોણા છ) કરોડ રોગ ટોચ કક્ષાએ ઉદયમાં હોય... પ્રભો ! પળે-પળ મોતની ઝંખના કરતા એ ભવ પૂરો કર્યો...તિર્યંચમાં આવ્યા ત્યાંય અસંખ્ય દુઃખની ભૂતાવળો વળગવા તૈયાર જ હતી. જાળમાં ફસાવાનું, અગ્નિમાં

શેકાવાનું, બાણથી મરાવાનું, શિકારી પશુ-પંખીના મોં ના કોળિયા બની જવાનું, મનુષ્યોના હાથે ચાબુક, અંકુશ, આરી આદિના માર ખાવાના, ડામ દેવડાવવાના, ભૂખ્યા-તરસ્યા ભટકવાના...એકેન્દ્રિયથી પંચેન્દ્રિયના ભવોનો એ અતિવિશાળ વિસ્તાર આમ પણ મારા ઘર સમાન જ હતો અને તેમાં જ મોટા ભાગનો કાળ પસાર કર્યો અને મોટા ભાગના દુઃખો સહન કર્યા...અહીં પણ નિઃસાસા નાખતા અને વિયોગ અને વિપત્તિમાં ઝૂરતા ભવો પસાર કર્યા...

મનુષ્યમાં આવ્યા ત્યાંય કઠપૂતળીની જેમ નાચતા જન્મારો પૂરો કર્યો, બાળપણમાં મા બાપે-નચાવ્યો, કિશોરાવસ્થામાં મિત્રોએ નચાવ્યો, યુવાનીમાં પત્નીએ નચાવ્યો અને ઘડપણમાં દીકરાએ નચાવ્યો, ક્યાંક ઘરાકોએ, ક્યાંક લેણદારોએ, ક્યાંક માલિકે, ક્યાંક રાજાએ....જે જે આવ્યા તેણે વિષયપ્રલોભન આદિની દોરી બાંધી ગુલામ બનાવ્યો અને પછી એ જ દોરીથી નચાવી નચાવી થકાવી દીધો. ખોળિયું મારું માનવનું પણ આર્થિક ક્ષેત્રે બકરી જેવો, (ગમે તેટલું મળે, તૃપ્તિ જ નહીં, નવામાં મોઢું નાખે જ) કૌટુંબિક ક્ષેત્રે ગધેડા જેવો (મજૂરી જબ્બર, વળતર કોઇ નહીં) વૈષયિક કામભોગના ક્ષેત્રે ભૂંડ જેવો (સતત અતૃપ્તિ, સતત અશુભમાં જ રસ) સામાજિક ક્ષેત્રે કૂતરા જેવો (સતત ઇર્ષ્યા-અદેખાઇના કારણે જાતભાઇ સાથે જ ઝઘડતો) આધ્યાત્મિક ક્ષેત્રે હાથી જેવો (નિર્મળ પાણીને ગંદુ કરીને પીવે તેમ નિર્મળ ધર્મને પણ સંસારની વાસનાથી મલિન કરીને જ સેવે)- આમ પશુ જેવો બન્યો. આ માનવભવમાં રડતો રડતો જન્મ્યો, ફરિયાદ કરતો કરતો જીવ્યો અને રિબાતો રિબાતો મર્યો..

દેવલોકમાં પણ અતૃપ્તિ, આસક્તિ, અધિકાર, અહંકાર આદિ દોષોથી અને દર્દોથી સળગતો ભવ વીતાવ્યો. મા-ભોમની સ્વતંત્રતા માટે ભોજનમાં ધૂળ નાખીને ખાવાની પ્રતિજ્ઞા રાણા પ્રતાપની હતી તો મળેલા તમામ સુખોમાં અપેક્ષા અને અતૃપ્તિની ધૂળ નાખીને બગાડીને ભોગવવાની ટેવ મારી હતી. દુન્યવી દૃષ્ટિએ ઉત્કૃષ્ટ સુખનો ભવ ગણાતા દેવભવમાંય બીજાનું પડાવવાની અને પોતાનું સાચવવાની ચિંતાગ્નિમાં શેકાતો અને રિબાતો હું દુઃખી થતો રહ્યો....

હે વાદળથી પણ ઉત્કૃષ્ટ કરૂણાની મેઘવર્ષા વરસાવનારા કૃપાસાગર !! મારી વેદનાનો આંશિક ચિતાર પણ હૃદય હચમચાવી દેનારો છે તો સંપૂર્ણ અનુભૂતિ તો કેવી હશે ? કર્મરાજાના એ જુલમોમાંથી, સિતમોમાંથી અમારી રક્ષા કરવાનું બળ, ઉગારવાની શક્તિ આપના સિવાય કોનામાં છે ? જે સ્વયં જેલમાં છે એ

બીજાને જેલમાંથી શું છોડાવે ?

જે સ્વયં ત્રણ દિવસથી ભૂખ્યો છે એ બીજાના પેટની આગ શું ઠારે ?

જે સ્વયં ગુલામ છે તે અન્યને ગુલામીમાંથી કેવી રીતે મુક્ત કરે ?

તો જેઓ કર્મસત્તાની ચક્કીમાં પિસાયેલા છે એ બીજાને શું ઉગારે ? તેથી વહાલા પ્રભુ ! હવે એક જ વિનંતિ છે કે...

**'પ્રભુ ! અમને તારો ઉગારો બચાવો...'**

વળી અમને એક સરસ આધાર મળ્યો, તારા શરણની અનન્યતા માટે,

**'ચલતી ચક્કી દેખ કે, પડા કબીરા રોય,**
**દો પાટન કે બીચ મેં, સાબુત રહા ન કોય'**

કરૂણાશીલ કબીરની આંખમાંથી આંસુ પડતા જોઇ સામેથી આવતા મસ્તજોગી ફરીદે કહ્યું-**'ચક્કી ચલે તો ચલને દે, ક્યું રહા કબીરા રોય,**
**ખૂંટે સે લાગી રહે, બાલ ન બાંકો હોય....'**

ચક્કી ગમે તેટલી ચાલે, ગમે તેવા અન્નના દાણાનો લોટ બનાવી નાંખે, પણ જે દાણા વચ્ચેના ખૂંટાને પકડી લે, તેને બળવાન ચક્કી પણ કાંઇ કરી ન શકે, મેં પણ હવે તારી ભક્તિના, તારા માર્ગના, તારા આજ્ઞાના શરણે-આવવાનો નિર્ધાર કર્યો છે. હવે આ કર્મોને કહી દેવું છે કે બસ ! બહુ થયું. (enough is enough) મને ઘણો રિબાવી દીધો, હવે મારું મિથ્યાજ્ઞાન નિચોવાઇ ગયું છે, મારા તારણહારને મેં ઓળખી લીધો છે, મારા સુખનો પ્રકાશ મને લાધી ગયો છે, મારા જીવનની સફળતાનો માર્ગ મને સાંપડી ગયો છે, હવે ખબરદાર ! મને સંસારના ચકરાવવામાં લાંબો સમય નહીં ફેરવી શકે. તારા ઘેરામાં નહીં પકડી રાખી શકે. હવે હું આઝાદ છું, મુક્ત છું. મને મારી રીતે ગતિ કરવા દે... આમ પણ મને રોકવાની તાકાત હવે ક્યાં તારી પાસે છે ?..

તો મારા નાથ ! મારા પ્રાણાધાર ! મારે તને કહેવું છે કે

**'તારા શરણે આવ્યો છું, સ્વીકારી લે, મને લઇ જા પ્રભુ ! તારા ધામમાં.'**

સંસારના સંબંધીઓએ તો થોડું આપતા પહેલા મને ઘણું નચાવેલો, ઘણો ટટળાવેલો, ઘણું રડાવેલો...પણ તું તો મને જલ્દીમાં જલ્દી તારામાં સમાવી લે...એ સંસારીઓની જેમ તું કાં સંતાકૂકડી રમે, તું કાં મને ટટળાવે અને રડાવે...હવે તારા

વિનાની પળ-પળ અકારી જાય છે, તારા વિનાનું જીવતર મીઠા વગરની દાળ, સાકર વિનાની મિઠાઇ, અરે ! પ્રાણ વિનાના દેહ જેવું લાગે છે કારણ કે હવે તો તું જ મારો શ્વાસ ! તું જ મારો પ્રાણ, તું જ મારૂં જીવન, અને તું જ મારો આતમ...

**'પ્રભુ તું હી તું હી તુંહી તુંહી, યુંહી ધરતાં ધ્યાન રે...'**

બસ આવી સ્થિતિ મારી છે તેથી મને તારી ગોદમાં લઇ લે, મને તારામાં સમાવી લે અને કર્મલુંટારાથી મને બચાવી લે...પ્રભુ મારો આ સાદ, મારી આ વેદના સંભળાય છે ને તને...પ્રભુ હવે તો પધારો, હવે તો સ્વીકારો, હવે તો બચાવો...

**'સુખ વેળા સાજન ઘણા, દુઃખ વેળા હો વીરલા સંસાર'**

દીનાનાથ ! આજ જ તમારી જરૂર છે અને આજે પધારો તો જ સાર્થકતા છે. છાંયડીમાં સાથ આપનારા ઘણા, તડકીમાં કોણ સાથ આપે ? કર્મકૃત વેદનાની તડકીમાંથી ઉગરવા તારો હાથ અને તારો સાથ કાફી છે, જો આજે એ નહીં આપે તો કાલ તો ઘણું મોડું થઇ ગયું હશે,

પ્રભુ ! આજે જ, અત્યારે જ મને સ્વીકારો, મારી રક્ષા કરો....

વંદનાનો એક તબક્કો પૂર્ણ થયો. વિરાટની વંદના કર્યા પછી તેની સામે પોતાની વામનતા નિહાળી, મહાનતા સામે ક્ષુદ્રતાની ઝાંખી કરી, ઉત્તમતા સામે અધમતાની સરખામણી કરી, હવે એવી વિરાટતા, મહાનતા અને ઉત્તમતા મેળવવાની ઝંખના જાગી છે. તેવી ઝંખનાનો તબક્કો આવે છે. અધ્યાત્મના પંથે આ ઝંખના, તરસ, પ્યાસ...નું સ્થાન અનેરૂં છે. પ્યાસ હોય છે ત્યાં શોધ હોય છે. પ્યાસ હોય છે ત્યાં ઉતાવળ હોય છે, પ્યાસ હોય છે ત્યાં પ્રાપ્તિ થતાં જ આદરપૂર્વક આચરણ આવે છે અને છેવટે સમર્પણ આવે છે, સમર્પણ થતાં જ જીવ સ્વયં પરમપદને પ્રાપ્ત કરી લે છે. જ્યાં પ્યાસ છે ત્યાં બાધાઓમાંથી-અડચણોમાંથી બહાર નીકળવાના હજાર રસ્તા હોય છે, જ્યાં પ્યાસ નથી ત્યાં વિકાસ ન સાધવા માટેના, આરાધના નહીં આદરવાના હજાર બહાના હોય છે, અને તે બહાના પણ ક્ષુલ્લક હોય છે.

એક જરૂરિયાતમંદ ભક્તને તેની સેવાથી પ્રસન્ન થઇ સંતે પારસમણિ આપ્યો અને પછી સંત ચાર ધામની યાત્રાએ ચાલ્યા ગયા.... વર્ષો પછી સંત પાછા ફર્યા ત્યારે ગામના, કમ સે કમ તે વ્યક્તિના તો દેદાર બદલાઇ જ ગયા હશે એવી ખાત્રીપૂર્વકની અપેક્ષા હતી પણ બધું યથાવસ્થિત જોતાં આશ્ચર્યચકિત થઇ ગયા.

સીધા જ તે ભક્તના ઘેર પહોંચ્યા તો એ જ ઝૂંપડી, એ જ દરિદ્ર સ્થિતિ...સંતે જ્યારે આ બાબતનું સમાધાન માંગ્યું ત્યારે ભક્ત ઉવાચ 'જ્યારથી આપે મને પારસમણિ આપ્યો ત્યારથી દંભી દુનિયાના લાલચી વેપારીઓએ લોખંડનો ભાવ ચાર આના વધારી દીધો છે, પરંતુ હું પણ કાંઇ ગાંજ્યો જાઉં તેમ નથી. હું પણ રાહ જોઉં છું. ભાવ ચાર આના ઘટે પછી જ લોખંડ ખરીદી સોનું બનાવીશ'... છે ને કમાલની વૃતિ ? લોખંડનું સોનું જ બનાવવાનું છે ત્યારે ચાર આનાના ભાવવધારાના નામે વર્ષો વીતાવી દેવા એ મૂઢતા સિવાય બીજું શું છે ? આપણી પણ સ્થિતિ આવી જ છે....પદાર્થપ્રાપ્તિની તરસ છે પરંતુ પ્રભુમિલનની, પ્રભુદર્શનની, પ્રભુસ્પર્શની અને-પ્રભુસમર્પણની આપણને ક્યાં તરસ છે ? અને ક્યારેક કોઇ ગુરુતત્ત્વ આપણને તે તરફ પ્રેરે ત્યારે તેમાંથી છટકવાના બહાના કેવા હોય છે ? સંસાર છે, જવાબદારીઓ છે, સમય નથી, બહુ ચિંતાઓ છે આદિ...આ તમામ દુવિધાઓ પર પૂર્ણવિરામ મૂકી દઇ શકનારા પરમાત્મા માટે જ સમય ન કાઢી શકીએ તો દુઃખમુક્ત, કર્મમુક્ત અને સંસારમુક્ત બનવાની સંભાવના જ ક્યાં રહી ?

મુખ્ય વાત એક જ છે કે સંસારના ક્ષેત્રે પદાર્થની પ્યાસ છે માટે તેની કિંમત ચૂકવવા, તેના માટે ભોગ આપવાની તૈયારી છે, અધ્યાત્મના ક્ષેત્રે પરમાત્મ પદની તરસ નથી માટે જ કિંમત ચૂકવવામાં ગલ્લા તલ્લા, બહાનાબાજી થાય છે... ચાલો પરમાત્મપદની પ્યાસ જગાવીએ અને એ ભૂમિકા પર ઝંખનાના પ્રદેશમાં વિચરીએ. આમ પણ એક પ્યાસી જ બીજા પ્યાસીની ભૂમિકાને સમજી શકતો હોય છે તો પ્યાસથી આકંઠ ભરેલા પરમભક્ત કુમારપાળ મહારાજાને સમજવા આપણેય પ્રભુગુણરૂપી મેઘના ચાતક બની જઇએ...

# ૧

**कदा त्वदाज्ञाकरणाप्ततत्त्वस्त्यक्त्वा ममत्वादि भवैककन्दम् ।**
**आत्मैकसारो निरपेक्षवृत्तिर्मोक्षेऽप्यनिच्छो भवितास्मि नाथ ! ॥**

**ક્યારે પ્રભો ! સંસારકારણ સર્વ મમતા છોડીને,**
**આજ્ઞા પ્રમાણે આપની, મન તત્ત્વજ્ઞાને જોડીને;**
**રમીશ આત્મ વિષે વિભો ! નિરપેક્ષવૃત્તિ થઇ સદા,**
**ત્યજીશ ઇચ્છા મુક્તિની પણ, સન્ત થઇને હું કદા...?(૯)**

રવિન્દ્રનાથ ટાગોરે સ્વજીવનની એક ઘટનાનો ઉલ્લેખ આત્મકથામાં કર્યો છે. રાત્રિના સમયે દીવાના ઉજાશમાં બેઠા બેઠા હૃદયની સંવેદનાઓને કાગળ પર ટપકાવી રહ્યા હતા. ઘણો સમય થયો હતો, અચાનક વાયુની તીવ્ર લહેર આવી અને તેના આક્રમણ સામે દીવાની જ્યોત ટકી ન શકી, બુઝાઇ ગઇ. દીવો બુઝાતાં જ આકાશમાંથી શુભ્ર અને શાંત તેજસ્વી ચાંદની રેલાવા માંડી. ચાંદનીની એ નિર્મળતા, એ તેજ, એ પ્રકૃતિનું અનુપમ સૌંદર્ય જોઇ રવિન્દ્રનાથના મનમાં થયું-'કેવો કમભાગી ! દીવાના ભડકામાં ચાંદનીની શીતળતા, નિર્મલતા, સૌંદર્યવત્તા અને તેજસ્વીતા મેં ગુમાવી...જો દીવો બુઝાયો ન હોત તો ચાંદનીનું આવું તેજ પ્રાપ્ત જ ન થાત...ખરેખર ! આપણે ભડકાપ્રેમી છીએ, તેજ પ્રેમી નહીં....'

આપણી આંતરસ્થિતિ પણ એવી જ છે. પદાર્થોના-સામગ્રીઓના ભડકામાં આત્માની અનંતસુખની ચાંદની દબાઇ ગઇ છે. બહારમાં ખોવાયેલો સંસારી અંદરના ખોવાયેલા આતમને ખોળવાનું જ ભૂલી ગયો છે. પારકું હાથ કરવા જતાં પોતાનું લૂંટાઇ જાય છે, વ્યર્થને મેળવવા જતાં સાર્થક હારી જવાય છે, વિનાશીને પકડવા જતા અવિનાશી રિસાઇ જાય છે અને પછી વિનાશી તો નાશ પામવાનું જ હોય છે એટલે બાવાના બેઉ બગડે છે પણ મનજીભાઇ સાંભળે તો ને...

**'મનડું કિમહી ન બાજે હો કુંથુજિન મનડું કિમહી ન બાજે,**
**જિમ જિમ જતન કરીને રાખું, તિમતિમ અળગું ભાજે...,'**

**'જે જે કહું તે કાન ન ધારે, આપમને રહે કાલો,**
**સુરનર પંડિત જન સમજાવે, સમજે ન માહરો સાલો...'**

અનાદિકાળના અશુભ સંસ્કારોથી ઘેરાયેલું મન સંસારના ભોગો પ્રત્યે જ દોટ મૂકે છે, પરંતુ કર્મસત્તાના વારંવાર ડફણા ખાધા પછી, વારંવાર માર ખાધા પછી તે બીજો વિકલ્પ શોધે છે અને જ્યારે કોઇ ગુરૂતત્ત્વ તેને અંદર ઉતરવાની સલાહ આપે છે અને અંદર ઉતર્યા પછી જે આનંદની અનુભૂતિ થાય છે તે તેને પરમાત્મપણા તરફ, આત્માના અનંત આનંદ તરફ, સાર્થક તરફ વાળ્યા વગર રહેતી નથી...ગામડામાં રહેનારો ગામડિયો ગોળની રાબ ત્યાં સુધી જ માંગે છે જ્યાં સુધી ગુલાબજાંબુ ચાખ્યા નથી. એકવાર ગુલાબજાંબુ મોઢામાં આવ્યા પછી તો ગોળની રાબને હાથ લગાડવાય તૈયાર હોતો નથી, તે જ રીતે સંસારનું આકર્ષણ ત્યાં સુધી જ છે જ્યાં સુધી આત્માનો નિર્ભેળ, નિર્મળ અને નિર્બંધન આનંદ અનુભવ્યો નથી. એક વખત અખૂટ- આત્માનંદ અનુભવે તે સંસારની ગટરની વિષ્ટાને હાથ લગાડી જ ન શકે...એક વખત પણ આત્માનંદની ઝલક મળી તેને સંસારના ભોગવિલાસ તુચ્છ, કચરા જેવા લાગે અને સતત એ આત્માનંદની અનુભૂતિમાં જ લીન રહેવાની અપૂર્વ પ્યાસ જાગે, અને પ્યાસમાં એ તાકાત છે કે અનંતકાળના બંધ થયેલા દરવાજાને ખોલી આપે...આત્મ ઘરનો કબજો મેળવવાનો આ એક જ રસ્તો છે- પ્યાસ, પ્યાસ...રોમરોમમાં, રક્તના બુંદબુંદમાં, મગજના પ્રત્યેક સેલમાં નાદ જાગવો જોઇએ, આત્માનો અનંત આનંદ મારે મેળવવો જ છે, આત્મસ્વરુપ એ મારો જન્મસિદ્ધ હક છે, તે મેળવીને જ રહીશ. આવો પડકાર થાય તો દરવાજા ખુલે...

યાદ કરીએ મહાકવિ ભક્તશ્રેષ્ઠ વાચકવર ઉદયરત્નજીને - ઠાકુરના સેવકોએ મુંડકાવેરા વિના જિનદર્શનની ના પાડી ત્યારે હૃદયની પ્યાસ શબ્દ સ્વરૂપે પ્રગટી આવી-**'પાસ શંખેશ્વરા, સાર કર સેવકા, દેવ કાં એવડી વાર લાગે'**- અને બંધ દરવાજા કડાકા સાથે ખુલી ગયા...પ્રભુદર્શનની તીવ્ર ઝંખના ઠાકુરના માણસોને હટાવી શકે તો કર્મોને કેમ ન હટાવી શકે ? જિનાલયના બંધ દરવાજા ખોલી શકે તો અંતરના આગળિયા કેમ ન ઉઘાડી શકે ? હૃદયની પ્યાસ પેદા કરવા પરમની પ્યાસ જગાવી ચૂકેલા કુમારપાળ મહારાજાના શબ્દોને વાગોળીએ...

કેટલો શક્તિશાળી શબ્દ છે 'ક્યારે ?' હે શરણાગત વત્સલ !! અનંત અનંત કાળ વીતી ગયો આ સંસારમાં, મારા તમામ ગોઠીયાઓ અને ભાંડુઓ પહોંચી ગયા મુક્તિમાં, ચૌદે રાજલોકના તમામ સ્થાનોની મુલાકાત લઇ લીધી અનંતીવાર, જગતના તમામ જીવો સાથે તમામ પ્રકારના સંબંધો બાંધી લીધા

અનંતવાર...વ્યવહાર રાશિમાં આવી ગયા પછી ય અનંત પુદ્‌ગલપરાવર્ત-પસાર થઇ ગયા ! એક પરિભાષામાં કહીએ તો સંસારભ્રમણની દૃષ્ટિએ ઘરડો બૂઢો થઇ ગયો હું, તો પછી મારા જીવનમાં ક્યારે સુધારો થશે ? ક્યારે દોષમુક્ત બની ગુણયુક્ત થઇશ ? ક્યારે આસક્તિના વળગણો છોડી અનાસક્તપણાની નિર્બંધ મસ્તીને અનુભવીશ ?... સમય વીતતો રહ્યો છે, સામગ્રી ઘસાઇ રહી છે, પુણ્ય ખૂટી રહયું છે. પુરૂષાર્થ અને પરિણામ વિના સમઝણ અને શ્રદ્ધા કટાઇ રહ્યા છે, હે નાથ ! હવે ક્યારે મારા જીવનમાં શુભભાવોનો સૂર્ય ઉગશે ? ક્યારે કર્મસત્તા વિરૂદ્ધ સામી છાતીએ લડવાનું બળ આવશે ? ક્યારે તારા શાસનમાં મારો પ્રવેશ થશે અને તારા લાખો કૃપાપાત્ર જીવોની પેઠે હું પણ આત્મરમણતાનો અનોખો આનંદ માણી શકીશ ?

પ્રભુ !! ગળિયા બળદને જોઇ કરકંડુ જાગી ગયા, ઠુંઠા ઝાડને જોઇ નગ્ગતિ જાગી ગયા, વિખેરાતા સંધ્યાના રંગને જોઇ હનુમાને સંસારને અલવિદા કરી દીધી- પ્રભુ મારી જ જાતને ગળિયા અને ઠુંઠા જેવી અનુભવવા છતાં અને જીવનના રંગો તો ક્યારના ય ઉડી ગયા છતાં મને કેમ અનાસક્ત ભાવ જાગતો નથી ? શરીર ઢંગધડા વગરનું છે, સામગ્રી માલ વિનાની છે, શક્તિના નામે દુકાળ છે, બુદ્ધિ વિકૃતિથી ભરેલી છે, અત્યલ્પ છે, સંબંધો સ્વાર્થથી ભરેલા છે, ધંધાઓ કાવાદાવા અને પ્રપંચના ખેલ ખેલવા છતાં મંદા છે...વૈરાગી શિરદાર ! આસક્તિ જાગે એવી એક પણ સામગ્રી ન હોવા છતાં કેમ સંસારને બાથ ભીડીને ચોંટી પડયો છું તે જ સમજાતું નથી. જાણું છું કે મારી આસક્તિઓએ જ મને નચાવ્યો છે, મારી અપેક્ષાઓ અને તૃષ્ણાઓ જ મને રિબાવી રહી છે, મારી મમતા જ મને મલિન કરી રહી છે અને સામે પક્ષે અનાસક્તભાવમાં રમતા મુનિવરો અને યોગીવરો પરમઆનંદ અને પરમ પ્રસન્નતામાં મહાલી રહ્યા છે, જીવનનો રસ અને યશ તેઓ મેળવી રહ્યા છે, સુખ અને સફળતા તેમના ચરણ ચૂમી રહી છે છતાં મમતા અને લંપટતા કેમ મારો કેડો છોડતા નથી ? કલ્પવૃક્ષથી અધિક દાતા ! મારી અંદર જામી પડેલી આસક્તિને તોડવા વૈરાગ્યના ઘણનું દાન કરો, એ ઘણના ઘા મારી શકું, એવા સત્ત્વબળનું પણ દાન કરો. અને પાછલા બારણે એ મમતા ચુડેલ ઘૂસી ન જાય તેવી જાગૃતિ અને અપ્રમતતા નામના બે દ્વારપાળનું પણ દાન કરો. હું તો આમ પણ માથે જ પડ્યો છું તો વધારે પડીશ કારણ કે જેમ જેમ નવી ડહાપણની દાઢ ફૂટે, કંઇક સત્ય પથની ઝાંખી મળે એટલે એ મેળવવા હું તો તારી પાછળ જ પડું ને !! બાબલો કાંઇક નવું જુએ તો તે મેળવવા કેડો તો માનો જ પકડે ને ! તેમ તારી કૃપાના બળે આજે

(મારા માટે) એક નવી ત્રિપદી મળી છે તો તે માટે પણ તારી જ પાછળ પડું ને !!

મારે આત્મરમણ બનવું હોય, અનંત આનંદની ઝલક મેળવવી હોય તો આટલું કરવું પડે- ૧) પદાર્થ પ્રીતિ છોડો-અનાસક્તિ
૨) પ્રભુઆજ્ઞા પકડો-આજ્ઞા પ્રતિબદ્ધતા
૩) આત્મપ્રીતિ જોડો-આત્મરમણતા...

ત્રિભુવનપતિ દેવાધિદેવ !! જગતના પદાર્થોના વળગાડમાંથી તારે જ મને છોડાવવાનો તો તારી આજ્ઞાનું ચાટણ પણ તારે જ ચટાવવાનું...ત્રણે લોકને હિતકર એવી તારી આજ્ઞા સાથે આમ તો મારે બારમો ચન્દ્રમા છે.

**'ત્રાસ વિના પણ આણા માને તાહરી, જડ ચેતન જે લોકાલોક મંડાણ જો,**

**હું અજ્ઞાની તુજ આણા માનું નહીં, શી રીતે હું પામું પદ નિર્વાણ જો,'** અનંત ભૂતકાળમાં એ આજ્ઞાને કચડીને જ જીવ્યો છું, એના ઠઠ્ઠા-મશ્કરી જ ઉડાવ્યા છે. કુતર્કો કરીને કુમતિને પણ સન્મતિ, ઉન્માર્ગને પણ સન્માર્ગ અને અસંયમને પણ સંયમમાં ખપાવવાના પ્રયત્નો કર્યા છે, પાંચે ઇન્દ્રિયોની આસક્તિને વશ થઇ અભક્ષ્યના ભક્ષણ કર્યા છે, અપેયના પાન કર્યા છે, ભોગસામગ્રીઓ મેળવવા કર્માદાનના ધંધાઓ, ક્રૂર અને સ્વાર્થી વ્યવહારો, અનાચારો અને અત્યાચારો કર્યા છે, ગમ્યાગમ્યનો વિવેક ભૂલી પાશવી વ્યવહારો કર્યા છે. વળી સમાજમાં માનવંતું સ્થાન ટકાવવા બુદ્ધિનો દુરુપયોગ કરી મેં મારા જીવનના દુર્વ્યવહારોમાં સામાન્ય લોકને પણ જોડ્યા છે, પાપમાં પાપબુદ્ધિનો જ નાશ કર્યો અને લોકમાં પાપનો ફેલાવો કર્યો. ક્રૂર સરમુખત્યારની એડી નીચે સુકોમળ પુષ્પ કચડાય તેમ તમારી આજ્ઞાને (ક્રૂરપણે) કચડવાનું જ કર્યું છે.

હે કરૂણાનિધાન !! મારી દુર્બુદ્ધિ અને દુર્વૃત્તિઓને શાંત અને સ્વચ્છ કરી આપ અને પ્રશમરસથી ભરેલા તારા તત્ત્વજ્ઞાન સાથે જોડી આપ. મનમાં ચાલતા ક્રોધ, ક્રૂરતા અને કાવાદાવાના આટાપાટાને ઉકેલીને માર્ગાનુસારી વિચારધારાની સ્વચ્છ ધારાને મનમાં જીવંત કરી આપ. જેથી રાગ-દ્વેષના, મોહ-અજ્ઞાનના, સંકલ્પ-વિકલ્પોના સંક્લેશોની દુર્ગંધી અકળામણથી બહાર નીકળી શકું અને શાંત સુધારસની અમૃત ધારાનો આસ્વાદ મેળવી શકું. દુર્જન દ્રષ્ટિથી વિશ્વને નિહાળતા થતી કલુષિતતામાંથી બહાર નીકળી તત્ત્વચિંતન દ્વારા સ્વરૂપ રમણતાનો આનંદ મેળવી શકું.

હે યોગમાર્ગ પ્રરૂપક !! મારી સ્થિતિ તો ભોગની ગલીના ભૂંડા ભિખારી

જેવી છે. આત્માના અનંતના ખજાનાને છોડીને વિશ્વાસઘાતી, નિર્બળ, મલિન અને પરાધીન વિષયસુખોની એંઠ ચાટવા ચારે બાજુ ભમી રહ્યો છું. ગીધની જેમ એ વિષયો મેળવવા તાકતો રહું છું. વાઘની જેમ વિષયો મેળવી આપે એવા શિકારની શોધમાં ભમતો રહું છું. વિષયોની પ્રાપ્તિ માટે ગધેડાની જેમ મજૂરી કરતો રહું છું. સ્હેજ વિષયોની ઝલક મળે તો શેરીના કૂતરાની જેમ પૂંછડી પટપટાવતો દોડી જાઉં છું, વિષયો મળતાં ભૂંડની જેમ તેમાં જ આળોટ્યા કરું છું, અને વિષયોમાં પ્રતિબંધક બને તેની સામે વરૂની જેમ વિકરાળ બની તૂટી પડું છું. વિષયોના રક્ષણ માટે સાપની જેમ તેની આસપાસ ફર્યા કરૂં છું. આમ ખોળિયું માનવનું પણ ખોળવા નીકળો તો સંસ્કાર પશુજગતના જ મળે. વિષયલાલસાએ મારી હાલત આવી કરી નાખી છે, મને હંસ મિટાવી કાગડો બનાવી દીધો છે ત્યાં તારી તત્ત્વજ્ઞાન અને આત્મરમણતાની વાતો મને ક્યાંથી જામે ? પણ ધન્વન્તરી વૈદ્યસમ હે વિભો ! મારા ભાવ રોગની દવા તમારા હાથમાં જ છે. તારા પ્રત્યેની, તારા માર્ગ પ્રત્યેની મારી અરૂચિને દૂર કરી રૂચિમાં પલટાવવાનું કામ તારે જ કરવાનું છે. તો વિષય રાગના દરિયામાંથી ઉઠતા વૈષયિક ઇચ્છાના મોજાઓને શાંત કરવાનું કામ તારે જ કરવાનું છે. અરે ! માત્ર વૈષયિક જ શું કામ ?-મારામાં ઉઠતી તમામ ઇચ્છાઓને જ ખલાસ કરી દેવાની છે. તમામ રોગોનું મૂળ કબજિયાત કહેવાય છે તેમ તમામ દુઃખોનું મૂળ છે આ ઇચ્છાઓ...અશુભ ઇચ્છાઓ તો ન જોઇએ, શુભ ઇચ્છાઓ પણ હવે નથી જોઇતી. ઇચ્છાઓના વળગણોએ મને એવો ગુંગળાવી દીધો છે કે તેનાથી રહિત બનીને-નિર્વિકલ્પ સમાધિના શરણે જઇ સ્વસ્થ અને સિદ્ધિસ્થ બનવાની તાલાવેલી તીવ્રપણે મનમાં ઉઠે છે. અને હા ! જો હું નિરિચ્છ (ઇચ્છા વિનાનો) બની જઇશ તો તને પણ ફાયદો જ છે ને ! પછી તારી કેડે નહીં લાગું, તને માંગણીઓના આવેદનપત્રો આપીને હેરાન નહીં કરૂં, પછી તો તને ય શાંતિ અને મને પણ શાંતિ જ ને... દીકરો પોઢી જાય તો 'મા' ને શાંતિ, મારી મોહનિદ્રા ઉડી જાય તો તને કાયમની શાંતિ...આપણા બન્નેના ફાયદાનું આટલું કામ કરશોને ?

**સંસારનો માર્ગ છૂટે અને શાસનનો માર્ગ મળે...**
**સ્વચ્છંદતાનો વિલાસ છૂટે અને સમર્પિતતાનો વિકાસ ખૂલે,**
**સંજ્ઞાનું નરકતાંડવ છૂટે અને આજ્ઞાનું સિદ્ધિનૃત્ય વિલસે...**
**સંસારરમણતા છૂટે અને સ્વરૂપરમણાતા જામે...**
**સાભિલાષપણું છૂટે અને નિરભિલાષપણું પ્રાપ્ત થાય....**
**આટલું જ મારૂં મેનુ છે...પ્રભુ પીરસશોને....**

# ૧૦

**तव त्रियामापतिकान्तिकान्तैर्गुणैर्नियम्यात्ममनःप्लवङ्गमम् ।**
**कदा त्वदाज्ञाऽमृतपानलोलः, स्वामिन् परब्रह्मरतिं करिष्ये ॥**

**તુજ પૂર્ણશશિની કાંતિ સરખા કાંતગુણ દ્રઢ દોરથી,**
**અતિચપલ મુજ મનવાંદરાને બાંધીને બહુ જોરથી...**
**આજ્ઞારૂપી અમૃતરસોના પાનમાં પ્રીતિ કરી,**
**પામીશ પરબ્રહ્મે રતિ ક્યારે વિભાવો વિસરી....(૧૦)**

મેવાડના રણપ્રદેશમાં જન્મવા છતાં પ્રભુભક્તિના ભર્યાભાદર્યા-લીલાછમ રસાળ પ્રદેશમાં જીવેલી ભક્ત કવયિત્રી મીરાના જીવનની એક સુંદર ઘટના છે. ભક્તિના સાત્વિક નશામાં સદા મસ્ત અને વ્યસ્ત મીરાને તેની સખી જેવી દાસીએ પૂછ્યું-'મીરા ! તારા કોઇ પણ જાતના વાંક-ગુના-અપરાધ વિના તારા રાણાએ તને ઝેર આપ્યું તો તને ગુસ્સો નથી આવતો ?'

મીરાએ સહજપણે હસીને કહયું-'તારી વાત તો સાવ સાચી છે. હું પણ તમારા સહુ જેવી જ વિચારધારા અને પાત્રતાવાળી હોવાથી મને પણ દ્વેષ થઇ જ જાય... પરંતુ હકીકત એવી બની છે કે હું મારા ગિરધર ગોપાલની સેવામાં એટલી વ્યસ્ત છું કે મને રાણા પર દ્વેષ કરવાનો સમય જ મળતો નથી.' સમય મળે તો સ્મરણ થાય અને સ્મરણમાં જૂની યાદ આવે તો સંક્લેશ પેદા થાય.... પરંતુ સમયને સર્વજ્ઞના ચરણમાં સમર્પિત કરી દીધો તો સહજસમાધિ, સમતા અને સમાપત્તિનું અમૃત જ મળે ને !!! છે ને ગજબની હોંશિયારી ?

સર્વશક્તિમાન ઓ પ્રભુ ! મીરાને જે હોંશિયારી તમે આપી એ અમને પણ આપોને ! કારણ કે અમારી અનંત પુણ્યની મૂડીને ખર્ચીને મેળવેલી મનુષ્યજીવનની લાખેણી ક્ષણો મોટાભાગે પાપવિચાર અને કષાયવિચારોમાં જ ખર્ચાય છે, અને રગદોળાય છે..આસક્તિ, આગ્રહ, આવેશ, અજ્ઞાન, અભાવ આદિની જ વિચારધારાઓ સતત મનમાં રમ્યા કરતી હોય છે અને એ વિચારધારાના સોલ્યુ-

શનથી સજ્જડ બનેલું મન કઠણ પણ બન્યું છે અને સતત ચંચલ પણ બન્યું છે. સતત ભૌતિક પદાર્થોની લ્હાયમાં રમતું મન સમગ્ર વિશ્વમાં ક્ષણ વારમાં આંટો મારી આવે છે. આખું વિશ્વ એના માટે ક્રીડાંગણ બની ગયું છે, ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યકાળનો વિરાટકાળ એના માટે મામુલી બની ગયો છે, તમામ પુદ્ગલોનો જથ્થો એના માટે નગણ્ય પ્રાયઃ બન્યો છે અને એ બધામાં વારંવાર ચક્કર મારી આવતું મન સમડીની જેમ ભૂતકાળના મડદા ઉપાડી આવે છે. ભૂંડની જેમ ભોગની વિષ્ટાનો ઢગલો ચુંથી આવે છે, ગધેડાની જેમ સંક્લેશોના કાદવમાં આળોટી આવે છે અને શેખચલ્લીની જેમ સોહામણી સપનાની ઇમારતો સજાવી આવે છે. મનોવિજેતા ઓ યોગેશ્વર !! આ ભાગતા ભૂતની ચોટલી પકડવાનો કિમિયો બતાવોને...અશુભ કર્મોના બંધ અને અનુબંધના નહોરિયા ભરી જતા આ મન વાંદરાને નાથવાનો ઉપાય અને ઉકેલ સમજાવોને !!! વિશ્વપ્રવાસી મનના આ પરિભ્રમણથી હું તો હવે થાક્યો છું, કંટાળ્યો છું, ત્રાસ્યો છું, અને હવે તો મને તેનો ભય લાગે છે. માંડ-માંડ ભેગી કરેલી સમાધિ અને સમતાની મૂડીનો એ ક્યાંય ઉલાળિયો તો નહીં કરી નાખે ને !! મારા જ દુશ્મનરૂપ મોહને આશ્રય આપીને મારી જાતને જ જોખમમાં તો નહીં મૂકી દે ને....નરક અને નિગોદની કાળકોટડીમાં જવું પડે તેવા ગુનાઓ તો મારી પાસે નહીં કરાવે ને ? મિત્ર અને સ્વજન માનીને સાથે રાખેલું તે મન જ મારૂં સૌથી મોટું દુશ્મન તો પુરવાર નહીં થાય ને !! ક્યારેક તો એમ થાય છે કે આ મન વગરના પસાર કરેલા અનંતા ભવો સારા હતા જેમાં કમ સે કમ નિશ્ચિંતતા તો હતી, મૂર્ચ્છિતની જેમ પડ્યા રહેવાનું એટલે આખી દુનિયાનો કચરો તો આત્મામાં ન ઠલવાય...અતિતીવ્ર બંધ અને અનુબંધના આવી પડતા ગોઝારા હુમલાઓથી તો બચી જવાય...કાળમુખી કષાયની કાળી પરિણતિઓના ભોગ તો ન બની જવાય...આખરે મન હોય જ નહીં, એટલે ન રહે બાંસ, ન બજે બાંસુરી....

પરંતુ આ મન વગર ચાલે એમ પણ નથી ને...કર્મસત્તા અને મોહસત્તાના સુદૃઢ થઇ ગયેલા પાયાઓને ધ્રુજાવવા મન જ સુરંગની ગરજ સારે એમ છે, સંસારની વિરાટ ભોમકાથી પાર લઇ જવા મન જ પાણીદાર અશ્વનું કામ કરી શકે એમ છે, સાધનામાર્ગના તમામ મુકામોની પહેચાન કરાવી તેને આત્મસાત કરવા ભોમિયો તે મન જ બની શકે એમ છે, આત્મઅધ્યવસાયોના નિર્મળ નીરને વિષય-કષાયના ગંદકીભર્યા પ્રદેશથી ખાળવા અને વાળવાનું કામ આ મનજીભાઇ જ કરી શકે એમ

છે ને !...આમ આ 'મનાજી' મહારાજ છે તો બહુ કામના, પરંતુ સીધાદોર રહે તો ને ...હા એક ઘટના યાદ આવી ગઇ પ્રભો !

એક બહેન ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં પહોંચી ગયા...સેલ્સમેન કાઉન્ટર પર આવતા ઓર્ડર નોંધાવવા માંડયા-૧ કિલો ઘઉં, ૧ કિલો ચોખા, ૧ કિલો મગ, ૧ કિલો વટાણા સૂકા, ૧ કિલો ચોળા...અને આ બધુ ભેગું કરીને (મિશ્રણ કરીને) આપો...સેલ્સમેન આભો બની ગયો. 'બહેન બધું ભેગું કરી દેવાનું ?' ...'હા ! શું કરૂં ? વેકેશન આવે છે. છોકરાઓ ઘેર ભેગા થઇ ધમાચકડી મચાવે અને આખું ઘર માથે લે તેના કરતાં આ ખીચડો તેમને વીણવા આપી દેવાનો...વીણશે એટલો સમય તો શાંતિ...બાકી આ વાંદરા જેવાઓ એમને એમ તો જંપીને બેસે એમ નથી.' મોહવિજેતા ઓ વાલેસર ! મને તો આમાંથી સરસ મજાની ચાવી મળી ગઇ. મારૂં મન પણ વાંદરા જેવું જ છે ને...સતત ચંચળતા અને નકલખોરીથી ભરેલું, સમજાવવા છતાં સામું થાય એવું, ઠરીઠામ થઇને નહીં બેસનારૂં, ભાંગફોડિયા મનોવૃત્તિથી જ સભર...વાનરપણાના તમામ લક્ષણો સેટ થાય એવા મનને અતિનિર્મલ, અતિમનોહર, અતિતેજસ્વી અને અતિગહન એવા તારા ગુણપ્રદેશમાં વિચરવા લઇ જવાનું. તારા ગુણોમાં એવું ચુંબકત્વ છે કે એ એને જકડી જ લેશે. અતિચંચલ પણ બાળક મેળામાં આશ્ચર્યચકિત થઇને ઠરી જાય છે તેમ એ તારા ગુણોના મેળામાં, એકએકથી ચડિયાતા ગુણોના ખજાનામાં એવું ચોંટી પડશે, એવું ઠરીઠામ થઇ જશે કે પછી ત્યાંથી બહાર નીકળવા જ તૈયાર નહીં થાય...તારૂં રૂપ, તારૂં તેજ, તારૂં ઐશ્વર્ય, તારી શોભા, તારી કીર્તિની ચમકદમક એને ભૌતિક રીતે આંજી દેશે તો તારી ક્ષમા, નમ્રતા, સરળતા, ઉદારતા, સહિષ્ણુતા, સાત્ત્વિકતા, ગંભીરતા આદિ અનંતાનંત ગુણો તેની આધ્યાત્મિક રૂચિ ખીલવી દેશે અને આ રીતે બંધાઇ ગયેલું મનવાંદરૂં હવે તો મારા માટે ગુણકમાણીનું સાધન બની જશે...આ કલ્પના છે તો સોહામણી અને લોભામણી પણ એ ક્યારે સફળ થાય ?....એવું તો નહીં થાય ને પ્રભુ કે વો દિન કહાં કે મિયાં કે પાંવ મેં જુતી ?

હું માંગતો રહું અને તું ઠુકરાવતો રહે,
હું રડતો રહું અને તું જોતો રહે,
હું રિબાતો રહું અને તું તારા આનંદ મહેલમાં મજા માણ્યા કરે,
હું ખાલી થતો રહું અને તું ઉપેક્ષા કરે...

આવી સ્થિતિ તો અકારી લાગે...પ્રભો ! મારી આ વેદના અને વલોપાત

અરણ્યરૂદન તો સાબિત નહીં થાય ને...ઓ મનોવિજેતા !! મને પણ મનોવિજયનું વરદાન આપોને....

જો આ મનાજી મહારાજ મારા વશમાં આવી જાય તો તો આગળની મારી કેટલીય યોજનાઓ કારગત થાય અને કેટલી બધી સંભાવનાઓના દ્વાર ખૂલી જાય. મનજી ઠેકાણે પડે એટલે બહારના કચરાઓ આવતા બંધ થાય, નાહકની ભાગદોડ બંધ થાય એટલે નકામું જોવાનું, નકામું જાણવાનું અને નકામું માંગવાનું બંધ થાય. અમારા જીવનની આ જ તાસીર છે. વિરોધીમાં તો સમય જાય જ છે, વ્યર્થમાં પણ એથી વધારે સમય જાય છે. અધિકાર નહીં, પુણ્ય નહીં, પાત્રતા નહીં, છતાંય જ્યાં ને ત્યાં ડહાપણનો ડોયો ડોળવાનો અને માર ખાવાનો. આમાં આત્મા તો બિચારો માર ખાય અને મલિન થાય. દોષો અને દુષ્પરિણતિઓ આત્મામાં જામી પડે, થોડુંઘણું પુણ્ય balance માં હોય તે પાપમાં સંક્રમી જાય, શુભ પરિણતિઓ રવાના થઇ જાય, અનંતકાળ સુધી શુભ પદાર્થ, પુણ્ય અને પરિણતિ મળે જ નહીં તેવા અશુભ કર્મોના ઢગના ઢગ આત્મા પર ખડકાઇ જાય !!

વળી મીરાની જેમ મનાજી મહારાજ આપના ચરણમાં જામી પડે તો તો મજા જ આવી જાય. મનને તો શાતા અને સમાધિ મળે જ, તન અને ધનની નિર્મલતા તો થાય જ, સાથે સાથે આત્માનો વિકાસ ઝપાટાબંધ થવા માંડે. અનંત પુણ્ય અને ગુણના સ્વામી આપનું શરણું સ્વીકારવાથી આત્મામાં પુણ્ય અને ગુણોની આવક મોટી થવા માંડે તેથી મોહની સેનાને ઊભી પૂંછડીએ ભાગવું પડે, દુઃખ, દર્દ અને દરિદ્રતા તો સ્વપ્નમાંય ન જ જોવા મળે પરંતુ દોષોને ય ઉચાળા ભરવા પડે, અનંતકાળથી લેવાયેલો આત્મઘરનો કબજો છૂટે, તેમાં આપના પધરામણા થાય, રહીસહી નિર્બળતાઓ ખરી જાય અને અનંતકાળ તમારી અને મારી જોડી જામી જાય... આમ પણ આનંદઘનજી લખે છેને-

**'રિઝ્યો સાહિબ સંગ ન પરિહરે, ભાંગે સાદિ અનંત'** પછી તો મારા જીવનમાં નિર્ભયતા, નિર્મલતા અને નિશ્ચિંતતા આવી ન જાય ! તમારી સાથે સંબંધ બંધાયો એટલે તમારા આત્મરક્ષકો એ મારા આત્મરક્ષક બને, તમારા સ્વજનો એ મારા સ્વજનો બને, તમારો ખજાનો એ મારો ખજાનો બને, તમારૂં ઘર એ મારૂં ઘર બને, અરે છેલ્લે તમારૂં સ્વરૂપ એ મારૂં સ્વરૂપ બને...કેવો મજાનો આ માર્ગ ? સાધના તમે કરો, સંઘર્ષ તમે કરો, સુરક્ષાની ચિંતા તમે કરો અને બધો મજાનો ખજાનો વગર મહેનતે તમારા સંબંધ માત્રથી અમને મળી જાય...માટે જ કહું છું કે તમારા

સદ્‌ગુણોના-ચંદ્રની ચાંદની જેવા શીતલ અને નિર્મલ ગુણખજાના સાથે મારૂં tie-up કરી આપો. તમારા એ ગુણો પ્રત્યેનો ઉછળતો અહોભાવ પેદા કરી આપોને ! એ ગુણોના ઉપવનને છોડી ભોગના ઉકરડામાં રમવા ન જતો રહું એવી સદ્‌બુદ્ધિનું દાન કરો ને !! આમ પણ સાંભળ્યું છે કે લોખંડની સાંકળો તોડવી સહેલી છે પરંતુ સ્નેહના કોમળ બંધનોને તોડવા બહુ અઘરા હોય છે. આર્દ્રકુમાર પુત્રના સ્નેહે રોકાઇ ગયા તો ત્રિશલા માતા અને સિધ્ધાર્થ રાજાના સ્નેહે પ્રભુવીરના ચારિત્ર ગ્રહણને અટકાવ્યું જ ને ...સ્નેહના બંધન ક્રૂરમાં ક્રૂર વ્યક્તિના હૃદયમાં પણ કોમળતાની ભૂમિકા પેદા કરી જ આપે છે, સ્નેહની ભાષા જડમાં જડ વ્યક્તિ પણ જાણી શકે છે અને તેની અસર પણ પેદા થાય છે, તો મનોસિંહ બહારવટિયો ગમે તેટલો ક્રૂર, કાતિલ અને કઠણ હોય પણ આપના ગુણો પ્રત્યેનો સ્નેહ માત્ર જો પેદા થઇ ગયો તો પણ આપના ચરણમાં ઠરીને બેસવું સરળ થઇ જશે. એ સ્નેહનું બંધન મનની ચંચળતાને શાંત કરી દેશે, એની ક્રૂરતાને ઘટાડી શકશે, આપની કરૂણાની ભાષાને એ સમજી શકશે અને આમ એની મલિનતાઓ ઘટતા એ સ્વયં મોક્ષમાર્ગનું સહાયક અને સંરક્ષક બની જશે.

આપના સ્નેહનું બંધન રખડુ મનિયાને આજ્ઞામાર્ગમાં ઠરીઠામ કરશે. તમારી આજ્ઞા એ જ એનું પ્રાણ, ત્રાણ, શરણ, આધાર અને સર્વસ્વ બની જશે. તમારા પરની પ્રીતિથી આજ્ઞામાર્ગ પર પ્રીતિ દૃઢ બની જશે અને એથી જ અનંતકાળથી ઝેર જેવા લાગતા આજ્ઞારસ હવે અમૃતરસ જેવા લાગવા માંડશે 'કમ્મેશૂરા તે ધમ્મેશૂરા' ના ન્યાયે અત્યાર સુધી જેટલા વીર્યથી, વેગથી અને વિસ્તારથી ભોગરસમાં, મોહરસમાં અને કામરસમાં ડૂબકીઓ મારી છે તેટલા જ, બલ્કે વધુ વીર્ય, વેગ અને વિસ્તારથી આજ્ઞારૂપી અમૃતરસનું આકંઠ પાન કરશે. ક્ષણે ક્ષણે, પ્રદેશે પ્રદેશે, રૂંવે રૂંવે માત્ર જિનાજ્ઞાનો જ નાદ સંભળાતો હોય, સહજ રીતે મન એ આજ્ઞાના રાગમાં, બહુમાનમાં જ રમતું હોય, સતત એ આજ્ઞાને જાણવા-સમજવા મન લાલાયિત રહેતું હોય, આજ્ઞાપ્રરૂપક શાસ્ત્રોનો સ્વાધ્યાય સતત ચાલતો હોય, તેના શબ્દ અર્થમાં રમતું મન પ્રસન્ન પ્રસન્ન રહેતું હોય, આજ્ઞાના પાલક ચતુર્વિધ સંઘને જોઇને દિલ કુરબાન થઇ જતું હોય, તેમાં ય આજ્ઞાપાલક-પ્રરૂપક અને પ્રસારક નિર્ગ્રંથ ગુરુભગવંતોનું સાન્નિધ્ય જ મારા જીવનનું લક્ષ્ય બની રહેતું હોય, તેમની પાસેથી મળતા શાસ્ત્રોના ઐદંપર્યાર્થોની વાતોથી નવો રોમાંચ, ઉછળતું બહુમાન થતું હોય, ક્યાંયથી પણ જિનાજ્ઞાની વાતો સાંભળવા મારા કર્ણ લાલાયિત રહેતા હોય, મારા ચક્ષુ તેમના પ્રરૂપકની શોધ કરતા હોય, મારા ચરણ ત્યાં દોડી જવા એવરરેડી

હોય, મારા હાથ આરતી ઉતારવા, તેની ભક્તિ કરવા સતત ઉત્સુક હોય, મારૂં સમગ્ર અસ્તિત્વ તેના ઓવારણા લેતું હોય, શક્ય તેટલી આજ્ઞાના પાલનરૂપ વિરતિધર્મ મારા જીવનમાં આવી ગયો હોય...ઓ વિશ્વવાલેસર ! આ કલ્પના પણ કેટલી મધુર લાગે છે ! તો પછી જેમના જીવનમાં આ ક્ષણો આવી ગઇ હોય એનો રોમાંચ કેટલો ઉત્કૃષ્ટ હશે !! હવે સમજાય છે કે સાધુના જીવનમાં અનુત્તર દેવનેય ટપી જાય તેવી પવિત્રતા અને પ્રસન્નતાની વાતો કેમ કરી હશે ? હવે સમજાય છે કે સાધના જીવનમાં કષ્ટો પણ આટલા મધુર કેમ લાગતા હશે ?

મને લાગે છે કે આજ્ઞા એ તારા અસ્તિત્વનું જ એક બીજું રૂપક, જેને કદાચ પડછાયો કહી શકીએ તેવું એ સ્વરૂપ હશે. અને એથી જ આજ્ઞાપાલનના સ્વરૂપે પ્રભુ ! અમે તારી નિકટ જ આવીએ છીએ. વિચાર પરમાત્મા, વચન પરમાત્મા અને વર્તન પરમાત્માનો સંસ્પર્શ આનંદ ન આપે તો બીજું શું આપે ? વળી મોહવિજેતા ઓ પ્રભુ ! આજ્ઞાપાલન એટલે મૂળ તો ગુણસ્વરૂપ તમારૂં અમારામાં અવતરણ...અહિંસા આદિ વ્રતોના પાલનમાં કરૂણા, નિર્ભયતા, સાત્ત્વિકતા, વીતરાગતા, નિર્મમત્વ, નિઃસ્પૃહતા, ઉદારતા, ગંભીરતા, વીરતા આદિ અનેકાનેક ગુણો અમારામાં અવતરે અને એ જેટલા પ્રમાણમાં અવતરે એટલા પ્રસન્નતાના ઝરા અંદરથી ફૂટે...તેથી જ પ્રભુ હવે પ્યાસ જાગી છે કે હવે તમે મારામાં કયારે અવતરશો ?

**'મારા વ્હાલા પ્રભુ ! મને મળશો ક્યારે ?**
**મારી આશા પૂરી ક્યારે કરશો તમે ?'**

પ્રભુ ! આનંદની એક ઝલક દેખાડીને તમે ક્યાં અલોપ થઇ ગયા ? સાચો માર્ગ દેખાડીને તમે દૂર ક્યાં જતા રહયા ? મારામાં એ માર્ગના પાલનની શક્તિ આવે એટલી કૃપા કેમ ન કરી ? મોક્ષની સાક્ષાત્ સુખલડી અહીં ચાખી શકાય છે એ જાણ્યા પછી તો મારી રાતની ઉંઘ પણ હરામ થઇ ગઇ છે. સતત તારા આજ્ઞામાર્ગના પાલનના સપનાઓ જ આંખમાં આવ્યા કરે છે. ક્યારે તારી આજ્ઞા મુજબનું નિષ્પાપ, નિષ્કલંક અને નિર્દોષ જીવન જીવવાનું સૌભાગ્ય મને મળશે ? પ્રત્યેક પળે તારી આજ્ઞાને સમર્પિત ચિત્તવૃત્તિ કયારે બનશે ? અત્યાર સુધી **ગુલામીપ્રધાન** જીવન તો ઘણા જીવ્યો, ક્યાંક નોકર-ચાકર-દાસી-ભંગી-ભાંડ આદિના અવતારોમાં અન્યની આજ્ઞાઓનો આદર કર્યો, સ્વીકાર કર્યો પણ એ તો પાપ આજ્ઞાઓ ! ગળે બાંધેલા પથ્થરની જેમ જેણે મને સંસારમાં ડૂબાડવાનું જ કામ કર્યું. પાપો જ કર્યા જવાના,

દુઃખ જ વેઠે જવાના અને દુઃખી થવા છતાં સંસાર જ વધાર્યે જવાના એવા ભવો તો અનંતાનંત પસાર કર્યા. ચારે ગતિમાં એવા ભવો પસાર કર્યા.

ત્યાર પછી કયારેક જીવ્યો **ઇચ્છાપ્રધાન** જીવનો. પુણ્યના ઉદયકાળમાં સફળતા મળતા નવી નવી ઇચ્છાઓ પેદા થયે જતી અને એ ઇચ્છાઓને પૂર્ણ કરવા મચી પડતો. ભોગની સામગ્રી ભેગી કરો, તે માટે સંપત્તિ અને સત્તા જમાવો. સીધી રીતે સંપત્તિ-સત્તા ન મળે તો કૂડ-કપટ, કાવા-દાવા, જોર-જુલમ, દગા-ફટકા, 'જે કરવું પડે તે કરો પણ સંપત્તિ-સત્તા જમાવો અને જલસા કરો'ના ગણિતમાં રાચીને અઢળક પાપો ઉપાર્જન કરી દુર્ગતિના કાયમી નિવાસસ્થાનમાં પહોંચી ગયો...

ત્યાર પછી ક્યારેક જીવ્યો **બુદ્ધિપ્રધાન** જીવનો. બુદ્ધિને તીક્ષ્ણ કરવા અને અહંકારને પુષ્ટ કરવા ઇચ્છાનેય નેવે મૂકી, જ્ઞાનનો જબરદસ્ત પુરુષાર્થ માંડ્યો પણ ત્યાં મિથ્યાત્વ આડું આવ્યું, બુદ્ધિ જ ફેરવી નાખી અને અવળી બુદ્ધિના સ્વામી બનેલા મેં મારા હાથે જ ઘોર ખાદી. આમ પાપોની પ્રભાવના કરી દુર્ગતિના પાસપોર્ટ પર અનંતાનંત કાળ સંસાર પ્રદેશનો પ્રવાસ કરી આવ્યો...

ઇષ્ટફલસિદ્ધિદાતા ઓ પ્રભુ !! આ તમામ ભવોમાં બેહાલ અને બેભાન જીવનો જીવતા તારી અણધારી કૃપા વરસી અને આજે આટલી સદ્‌બુદ્ધિ જાગી છે કે મારે હવે **આજ્ઞાપ્રધાન** જીવન જીવવું છે. તારી આજ્ઞા એ જ મારૂં ચાલકબળ અને વાહકબળ, તારી આજ્ઞા એ જ મારા જીવનનો પ્રાણવાયુ. અરે ! તારી આજ્ઞા એ જ મારૂં જીવન, યાદ આવે પરમપાવન શ્રી દશવૈકાલિક સૂત્રનો પ્રશ્ન સંદર્ભ-

**કહં ચરે કહં ચિટ્ઠે કહમાસે કહં સયે ।**
**કહં ભુંજંતો ભાસંતો પાવં કમ્મં ન બંધઇ ?।। અને પ્રત્યુત્તર સંદર્ભ-**
**જયં ચરે જયં ચિટ્ઠે જયમાસે જયં સયે ।**
**જયં ભુંજંતો ભાસંતો, પાવં કમ્મં ન બંધઇ ।।**

શિષ્યે ગુરૂને પૂછ્યું-ચારિત્ર લઇને હવે પ્રાણયાત્રા કરવી છે પરંતુ કર્મરાજાની કડાકૂટ બંધ કરવી છે, મોહની મગજમારી અટકાવવી છે અને તામસ પરિણતિના તોફાનોથી છૂટવું છે. તો શું કરવું ? ચારિત્ર પાલનમાં સફળતાની ચાવી રૂપ મારા પરમાત્માની આજ્ઞા શું છે ?-આ પ્રશ્નસંદર્ભથી એક સરસ મજાની ભૂમિકા મળે છે, શિષ્યનું જિનાજ્ઞા માટેનું વિશ્વાસુપણું અને સમર્પણ કેટલું અદ્‌ભુત હશે કે આ પ્રશ્ન ચારિત્ર પછી પૂછ્યો, પહેલા ન પૂછ્યો ? ચારિત્રજીવન નિષ્પાપજીવન છે એ કઇ રીતે સંભવી શકે ? કાયા છે ત્યાં સુધી કાયયોગ, યોગજન્ય વ્યાપાર (પ્રવૃત્તિ)

અને વ્યાપાર જન્ય હિંસા ચાલુ છે તો નિષ્પાપતા કેવી રીતે ?-આશંકા ન જાગી તે જ આજ્ઞાપ્રતિબદ્ધતાનું એક વિલક્ષણ સ્વરૂપ છે ને...

પણ સત્યમાર્ગપ્રરૂપક હે દેવાધિદેવ ! મારા માટે તો પ્રત્યુત્તર સંદર્ભ પણ એટલો જ મહત્વનો છે-જયણાથી થતા તમામ કાયયોગ અને વચનયોગ એ નિષ્પાપતાનું પ્રથમ કારણ છે અને આ જ તો આજ્ઞાયોગ છે ને...નીચી દ્રષ્ટિ રાખી જીવરક્ષાના ભાવમાં રમતો ધીમા ડગ હું ક્યારે માંડીશ ? જરૂર પડે ત્યારે જ મુહપત્તિના ઉપયોગપૂર્વક મધુર વચને નિરવદ્ય વચન બોલતો ક્યારે થઇશ ? ભોજન સમય ૪૨ દોષરહિત નિર્દોષ ભિક્ષાના આગ્રહને સેવતો ક્યારે થઇશ ? નિદ્રાકાળે પણ પૂંજયા-પ્રમાર્જ્યા વિના પડખું પણ ન ફેરવાય તેવી અપ્રમત્તતા ક્યારે વરીશ ? પરઠવવાની ક્રિયામાં પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવને પણ આત્મીય ગણી તેની કાળજી લેતો ક્યારે થઇશ ? મન-વચન-કાયાનો સજાગ ચોકીદાર હું ક્યારે બનીશ ? વિનય-વિવેક અને વિશુદ્ધિનો સ્વામિ હું ક્યારે બનીશ ?

કલ્પવૃક્ષથી અધિક દાતા ઓ પ્રભો ! અધમ અને અપાત્રોને પણ મોક્ષમાં પહોંચાડનારા તમે મને આજ્ઞાના અમૃતરસનું દાન કરવામાં આટલી કંજુસાઇ કાં કરો ? મેં માંગી માંગીને બીજું શું માંગ્યું છે ?-આપની આજ્ઞાના અમૃતપાનને ઘુંટઘુંટ પીધા કરૂં-જીવનભર પીધા કરૂં-ક્ષણાક્ષણ પીધા કરૂં, તેમાં જ રમમાણ રહું અને આમ કરતાં કરતાં યોગ વિવેચકો જેને પરબ્રહ્મ કહે છે એવા તારા પ્રત્યે મારા આતમના પ્રદેશે પ્રદેશે અનંત પ્રેમનો વાસ થાય અને ઇલિકાભ્રમરી ન્યાયે તારી-મારી વચ્ચે અભેદ ભાવનો સંબંધ બંધાય, બસ આટલું જ તો હું માંગું છું.

**તારે દ્વારે આવીને કોઇ ખાલી હાથે જાય ના...**

પ્રભો ! તારી પાસે આટલી જ ભિક્ષા માંગવી છે અને મને ખાત્રી છે કે જેણે પોતાના જીવનકાળમાં કોઇને પાછા નથી કાઢ્યા એ પોતાના મુક્તિકાળમાં તો મને નિરાશ નહીં જ કરે...એક 'મા' દીકરાના ગંદા વસ્ત્રો બદલાવી ચોખ્ખા કપડા પહેરાવે છે તેમ તમે મારા આત્મામાં રહેલી ગુલામી-ઇચ્છા-બુદ્ધિપ્રધાનતાની ગંદકીને દૂર કરી મને આજ્ઞાપ્રધાનતાના અમુલખ વાઘા પહેરાવો, મારા આત્માને તમારી પ્રીતિના ઘરેણાથી સજાવો, મારા આત્માને તમારા ગુણસમૃદ્ધિના સિંહાસને બેસાડો અને આત્મપરિણતિના સામ્રાજ્યનો સ્વામી બનાવો...

**પ્રભુ ! વારસદારને વારસો આપવામાંથી તો મોળા નહીં પડો ને...આટલું તો મારે જોઇએ જ છે. અને એ મેળવીને જ રહીશ કારણ કે આ જ મારી પ્યાસ છે,**

**આ જ મારી આશ છે.**

# ૧૧

एतावतीं भूमिमहं त्वदंह्रिपद्मप्रसादाद्गतवानधीश ! ।
हठेन पापास्तदपि स्मराद्या ही मामकार्येषु नियोजयन्ति ॥

**હું હીનથી પણ હીન પણ, તુમ ચરણસેવાને બળે,**
**આવ્યો અહીં ઊંચી હદે, જે પૂર્ણ પુણ્ય થકી મળે,**
**તો પણ હઠીલી પાપી કામાદિક તણી ટોળી મને,**
**અકાર્યમાં પ્રેરે પરાણે પીડતી નિર્દયપણે ।।૧૧।।**

ગુજરાતી સાહિત્યભંડારમાં આવતી એક નાનકડી પણ બોધપ્રદ કથા છે. એક ભૂદેવ પોતાના યજમાનોને ત્યાં ગોરપદું કરવા ગયા. ત્યાંથી દક્ષિણામાં એક બકરી મળેલી તે ઉંચકીને જતા હતા...રસ્તામાં ત્રણ ધુતારા ભટકાયા. મસ્ત મજાની તગડી, ગોરી, દૂઝણી બકરી જોઇને મોઢામાં પાણી આવી ગયું. આંખના ઇશારાથી પરસ્પર સાથે મસલત કરી યેન કેન પ્રકારેણ બકરી પડાવી લેવાનો કારસો ગોઠવ્યો અને યોજના પ્રમાણે ત્રણે ઠગો થોડા થોડા અંતરે ગોઠવાઇ ગયા. પહેલો ઠગ મળ્યો અને ઝુકી ઝુકીને પ્રણામ કરીને બ્રાહ્મણને કહે છે-'ઓ ભૂદેવ ! નમસ્કાર હો. તમારી પવિત્રતા અને શાસ્ત્ર ચુસ્તતા તો જગજાહેર છે, પરંતુ આજે કાંઇ સમજાતું નથી !' કેમ અલ્યા ! આમ કેમ બોલે છે ?-'ના ! આમ તો કાંઇ નહીં, પણ તમારા માથે આ કૂતરું દેખાય છે, એટલે વિચારમાં પડયો છું તમે વેદપાઠી ભૂદેવ થઇને કૂતરું માથે...'-'અલ્યા ! આંધળા ! બરાબર દેખાતું નથી ? કયારનો કૂતરું કૂતરું કૂટે રાખે છે, આ કૂતરું નથી, બકરૂં છે, બકરૂં'....અરે ભૂદેવ ! એવું છે ? કદાચ મારી ભૂલ થતી હોય, પણ તમે ફરી ધ્યાનથી જોઇ લેજો, લ્યો રામ રામ.'

થોડીવારમાં બીજો ઠગ આવ્યો-'જે શ્રીકૃષ્ણ ભૂદેવ ! પણ આ કૂતરું લઇ ક્યાં ચાલ્યા ? મિયાં-મહાદેવનો મેળ ન મળે, તો આ શ્વાન-બ્રાહ્મણનો મેળ ક્યાંથી મળી ગયો ?'-'અલ્યા મૂરખ ! તને ય વળી કૂતરું દેખાયું, બધાને મોતિયો આવ્યો છે કે શું ?'...બ્રાહ્મણજી બડબડ કરતાં આગળ ચાલ્યા ત્યાં ત્રીજા ધુતારાએ નાટકનો

ત્રીજો અંક ભજવ્યો.'-'શિવ શિવ શિવ ! શું કળજૂગ આવ્યો છે ! જેના સ્પર્શમાં યે પાપ લાગે એવા કૂતરાને આ ભૂદેવજી દક્ષિણાના લોભમાં ઉંચકીને ચાલે છે !!'-'અલ્યા ડફોળ ! કયારનો શું લવલવ કરે છે, બકરામાં કૂતરાના દર્શન થાય એવા ક્યા ચશ્મા ચડાવ્યા છે ?'-'ભૂદેવ ! માફ કરજો, ચશ્મા મારે નહીં, આપને પહેરવાની જરૂર છે. બાકી અમારે તો શું ? હૈયે દાઝે છે માટે કહીએ છીએ. બાકી તમે જાણો ને તમારૂં કરમ જાણે ! આ તો ગામ આવે તે પહેલા ચેતવીએ છીએ કે અત્યારથી કૂતરું મૂકી દો, નહિંતર તમારો જ સમાજ તમારો બહિષ્કાર કરશે, જીવવું ભારે પડી જશે.'

હવે બ્રાહ્મણ ગભરાયો, મૂંઝાયો, અકળાયો અને બકરીનો ઘા કરી ભાગ્યો અને ત્રણે ઠગોએ તાળી પાડી બકરીનો કબજો લઇ લીધો...દૂધ આપી માલામાલ કરતી બકરી ગુમાવી બ્રાહ્મણ પસ્તાયો...

ગરીબીમાં બ્રાહ્મણની જીવનરેખા થોડી ઉંચકાય એવી બકરી ધુતારાઓના વચનમાં આવી ગુમાવી દીધી. ઉપમિતિ ભવપ્રપંચા કથા નામના ગ્રંથમાં આવી જ એક બીજી કથા આવે છે. એક મંદિરનો મહંત-અઢળક સમૃદ્ધિનો સ્વામી-ચાર ઠગોએ સેવા શરૂ કરી. સેવાથી ખુશ થઇ મહંતે વિશ્વાસ મૂક્યો. ધીમે ધીમે મહંતને સેવામાં પરાધીન બનાવી, માંસમદિરા-માનુની આદિમાં રંગી નાખી ખજાનો લૂંટી લઇ હાથમાં ચપ્પણિયું પકડાવી ચોરે ને ચૌટે ભીખ માંગતો કરી દીધો.

ધારાનગરીનો અધિપતિ મુંજ-તૈલપ નામના રાજાના હાથે હાર્યો-પકડાઇને કેદ પૂરાયો, પ્રધાનોએ સુરંગ ખોદી છોડાવવાની યોજના ગોઠવી, તૈલપની બહેન મૃણાલદેવીની કાયામાં આસક્ત બનેલા મુંજે તેને વાત જણાવતાં યોજના ફૂટી ગઇ, નિષ્ફળ ગઇ. ઘર ઘર ભીખ માંગીને મુંજ કમોતે મર્યો...

ઓ કરૂણાના કંદ પ્રભો ! મારી આત્મિક સ્થિતિ તો આનાથી પણ અતિવિકટ અને અતિવિષમ છે. ભૂતકાળ તરફ નજર નાંખું તો હૈયું થડકી જાય તેવી સ્થિતિ છે. ક્યાં તમારી આત્મ-સમૃદ્ધિ મેળવવાના જંગી પુરુષાર્થ અને કયાં મારી 'મોહં શરણં ગચ્છામિ' ની નામર્દાનગી, કયાં પ્રતિભવ અને પ્રતિક્ષણ તમારી સતત ચાલતી વિકાસયાત્રા અને કયાં સતત વિષયકષાયમાં લપટાવાથી ચાલતો મારો વિનાશનો ફજેતફાળકો...આજ સુધી મારા ચોપડે ગંદકીઓ અને બુરાઇઓ જ ખતવાઇ છે, આજ સુધી મિલક્તના નામે કુસંસ્કારો અને કુકર્મો જ જમા થયા છે, દુનિયાના તમામ પાપો અનંતીવાર આચરી ચૂકયો છું, વિશ્વના તમામ જીવો સાથે વૈર, વિગ્રહ અને વિશ્વાસઘાતાદિની પરંપરા જ ચલાવી છે. અરે ! ઉત્તમ જીવો અને ઉત્તમ તત્ત્વો

સાથે પણ મેં અશ્રદ્ધા, આશંકા, અનાદર અને અપમાનની પરંપરા ચલાવી છે. તેમને હીણા ચિતરવામાં, ગાળો ભાંડવામાં અને તેમના નામનિશાન મિટી જાય તેવી યોજના કરવામાં કાંઇ બાકી રાખ્યું નથી, શાસ્ત્રોમાં લખાયા હોય અને મનની કલ્પનાઓના સિમાડા પહોંચે તેથી પણ વધુ કાળા કામો મારા જીવનમાં મેં કર્યા છે, વળી પાપો કર્યા છે એટલું જ નહીં, એ પાપો કરવામાં મને મજા આવી છે, એમાં મળતી સફળતાઓથી ફુલાયો છું. એથી એ પાપો કરવાના ઉત્સાહ, રસ, બુદ્ધિ અને શક્તિ વધ્યા છે અને છેવટે પાપમતિ, પાપરતિ અને પાપગતિ બનીને જ રહી ગયો છું. તમસ્કાયમાં જઇએ અને અંધકાર સિવાય કશું બીજું ન દેખાય તેમ મારા ભૂતકાળમાં જાઉં છું અને પાપ, પાપ અને પાપની ગંદકી સિવાય કશું દેખાતું નથી. દરિયાના પાણીને મર્યાદા હશે, અનંત આકાશને ક્યાંક મર્યાદા નડતી હશે પણ પ્રભુ ! મારા આત્માએ તો પાપો કરવામાં કોઇ મર્યાદા રાખી હશે કે કેમ એ પ્રશ્ન પેદા થાય છે. સાચું કહું પ્રભો ! મને મારી જાતનો જ હવે ડર લાગવા માંડ્યો છે.

એક જગ્યાએ વાંચવામાં આવી હતી, પંક્તિ-

**વાદ્યમાંથી વાદન બાદ થાય તો શેષ વધે શાંતિ,**
**સ્થિતિમાંથી ઉપસ્થિતિ બાદ થાય તો શેષ વધે એકાંત,**
**રકમમાંથી રકમ બાદ થાય તો શેષ વધે શૂન્ય.**

**આ તો બધું સહજ છે પણ,**
**માણસમાંથી માણસ બાદ થતા શેષ રાક્ષસ કેમ વધે છે ?**

દેવેન્દ્રનરેન્દ્રવંદનીય !! રાક્ષસ તો બીજાને મારી ખાય, મેં તો મારા જ સદ્‌ગુણોને, મારા સ્વરૂપને, મારી શક્તિઓને અને મારી સારપને જ મારી ખાધી છે. મારા જ ઘરમાં મેં ચોરી કરી છે અને મારા જ રાજ્ય પર મેં ચડાઇ કરી છે. પ્રભુ ! આનાથી ચડિયાતી અધમતા આ જગતમાં કઇ હોઇ શકે ?

આટઆટલા પાપોથી ખરડાયેલો મારો ભૂતકાળ હોવા છતાં આજે હું જે કક્ષાએ પહોંચ્યો છું તેનું મને આશ્ચર્ય થાય છે, નામચીન ગુંડાને કોઈ મેયર, કલેક્ટર કે કમિશ્નર બનાવી દે તે હજી સંભવિત છે. અત્યંત ગરીબીમાં જન્મેલા ભિખારીને કોઇ ચક્રવર્તી બનાવી દે તે હજી શક્ય છે, સાવ અબુધ અને ગમાર ગામડિયાને વિજ્ઞાનનું નોબેલ પ્રાઇઝ મળે તેય હજી માનવામાં આવે તેવી વાત છે પરંતુ મારા જેવો અધમ થી અધમ, હીન થી હીન અને દુષ્ટ થી દુષ્ટ આત્મા હાલની કક્ષાએ

પહોંચ્યો તેમાં મને આશ્ચર્ય લાગે છે. નિગોદથી બહાર નીકળવામાં ય અનંતપુણ્ય જોઇતું હોય, બહાર નીકળ્યા પછી સૂક્ષ્મમાંથી બાદરમાં, વનસ્પતિકાયમાંથી અન્ય પૃથ્વીકાયાદિમાં, સ્થાવરમાંથી ત્રસમાં, અસંજ્ઞીમાંથી સંજ્ઞીમાં...આ બધા ક્રમશઃ...પગથિયા ચડવામાં પણ પ્રત્યેક વખત કર્મસત્તાને અનંતાનંત પુણ્યની કિંમત ચૂકવવી પડતી હોય, તે પુણ્ય ભેગું કરવા લાંબા સમય સુધીની સહિષ્ણુતા, ધીરતા,ઉદારતા, ગંભીરતા...આદિ ગુણોની મૂડી જોઇતી હોય, તે બધા માટે કર્મરાજની મહેરબાની જોઇતી હોય-તો મનુષ્ય ભવ, આર્યદેશ, ઉત્તમ કુળ, જિનવચનથી ભાવિત માતા-પિતા, નિરોગી કાયા, સંપૂર્ણ પાંચે ઇન્દ્રિય, સબળ મન, દેવ-ગુરૂ-ધર્મનો સંયોગ...આત્મકલ્યાણ માટેની પરિપૂર્ણ સામગ્રીનો થાળ ધરાઇ ગયો હોય તો તેના માટે કેટકેટલી પુણ્યની મૂડી ખર્ચવી પડે ? કેટકેટલા કોઠા વટાવવા પડે ? આટલું બધું તો મેળવવાની મારી શી હેસીયત ? શી ઓકાત ?

લાગે છે કે પૂર્વના ભવોમાં અજાણતાં જ તારી સાથે મેળાપ થઇ ગયો હશે, ડાબા હાથે પણ તારી આજ્ઞાના પાલન સ્વરૂપ કોઇ સુકૃત થઇ ગયું હશે, અજાણતાં પણ કષ્ટો સહન કરાયા હશે, અન્યના આગ્રહ-દબાણથી પણ તારા ચરણ (ચારિત્ર) ની સેવા થઇ ગઇ હશે, સમાજના ભયથી પણ પાપોનો ત્યાગ કર્યો હશે, કુળપરંપરાની દુહાઇથી પણ દેશ-વિરતિનો ધર્મ આચર્યો હશે તો ક્યાંક ભવદેવની જેમ દાક્ષિણ્ય અને લજ્જાથી પણ સર્વવિરતિ આદિનું પાલન કર્યું હશે, દેખાદેખીથી કે લોભ આદિથી તપશ્ચર્યા આદિનું સેવન થયું હશે...

અધમજનોદ્ધારક ! પરમ કરૂણાવંત ! લોભથી કે લજ્જાથી, દબાણથી કે દેખાદેખીથી, ભયથી કે ભીડથી કરાયેલો પણ ધર્મ, તારા માર્ગનું સેવન મારા માટે તો ઉપકારક જ બન્યું છે. રડતાં પણ લીધેલી દવા રોગનો હ્રાસ કરે જ છે તેમ અનાયાસે પણ સેવેલો ધર્મ મને અહીં સુધી પહોંચાડનાર બન્યો છે. વડાપ્રધાન સાથેના સંબંધની જાહેરાત પણ અનેક વિઘ્નોને હટાવે અને વાંછિતને આપે તેમ પતિતપાવન !! આપની સાથેનો મારો સંબંધ પણ મારા માટે ઉન્નતિનું કારણ જ બન્યો છે. મારા આત્માના દુર્ગતિમાંથી ઉદ્ધાર અને સદ્‌ગતિમાં ધારણ માટેનું નિમિત્ત બન્યો છે. પ્રભો ! આજની મારી સ્થિતિ, શક્તિ, સંપત્તિ અને થોડી ઘણી શાંતિનું કારણ આપ જ છો. આપની કૃપા જ મારૂ પીઠબળ છે...અતુટ અને અખૂટ સાધનાથી જે શક્ય બને, અનંતાનંત કષ્ટો વેઠયા પછી જ જે શક્ય બને, તે આપની કૃપાથી સહજ રીતે શક્ય બન્યું છે. આથી મારૂ જીવન તમે જ છો, મારા પ્રાણ તમે જ છો,

મારું સર્વસ્વ તમે જ છો. તમારા વિનાના જીવનની કલ્પના કરતાં પણ ધ્રુજારી ચડી જાય છે. આમ પણ જિનવનચનરહસ્યાર્થપ્રકટનપ્રદીપ **પૂ. આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજ** લલિતવિસ્તરા ગ્રંથમાં ફરમાવે છે ને-

**'एकोऽपि शुभभाव: भगवत्प्रसादलभ्य: ।'**

તમામ શુભભાવો પર માલિકી પરમાત્માની છે. તમામ પુણ્ય પર માલિકીનો દાવો શુભભાવનો છે અને તમામ સુખ અને સફળતાની માલિકી પુણ્યની છે. આમ પરંપરાએ જોવા જઇએ તો તમામ સુખ અને સફળતાનું મૂળ કારણ દેવાધિદેવ !! આપ જ છો. અમારા જીવનની થોડી ઘણી જે સારપ છે તે તમામ સારપના માલિક આપ જ છો.

દીનદુઃખિયાના બેલી દયાવંત દેવાધિદેવ !! કાયમ માટે નીચે જવાનો સ્વભાવ ધરાવતા પાણીને પંપ જેમ ઉપર ચઢાવે છે તેમ અનંતકાળથી વિકૃતિમય બનવાના કારણે દુર્ગતિમાં જ જવાના સ્વભાવવાળા બનેલા મને આપે ઉપર ચડાવ્યો, પણ તોય રંગમાં ભંગ પડ્યા વિના રહેતો નથી. હું આપનાથી સ્હેજ આઘો પાછો થાઉં અને પેલી પાપી કામ-ક્રોધ-મદ-મોહ-મત્સર-ઇર્ષ્યા આદિની ટોલી મારી પાછળ પડી જાય છે. માંડ માંડ ભેગી કરેલી પવિત્રતા-પ્રસન્નતા અને પરિણતિની મૂડીને લૂંટી જાય છે, શ્રદ્ધા, સમજણ અને સાત્ત્વિક્તાના રંગ પર મિથ્યાત્વ, મિથ્યાજ્ઞાન અને મલિન સંજ્ઞાઓના મેલ ચોપડી જાય છે. અને મારી બધી મહેનત પર પાણી ફરી વળે છે.

**'શી કહું કથની રાજ ! મારી શી કહું કથની...'**

સજ્જનોના સંગ દ્વારા થોડીક સદ્‌ભાવનાઓ જાગી હોય, પરમાત્મ ભક્તિ દ્વારા ચિત્ત પ્રસન્નતાના ગગનમાં વિહરતું હોય, ચારિત્રના પાલન કે શુભ પ્રવૃત્તિઓના આચરણ દ્વારા હૃદયમાં કોમળતા આદિ ગુણો પેદા થયા હોય ત્યાં જ મારો ઘડોલાડવો કરી નાખવા ટાંપીને બેઠેલા મોહના સાગરિતો અને સેવકો મારા પર તૂટી પડે છે, જાણે અનાદિકાળથી એકપક્ષીય કબડ્ડીની રમત ચાલે છે. સ્હેજ ઉપર ચડું કે તરત મારો ટાંટિયો ખેંચીને મને નીચે પાડી દેવામાં આવે છે.

મહાસાર્થવાહ પ્રભુ !!! મોહની આ ખેંચમતાણમાં મારો આત્મા બિચારો ખવાઇ ગયો અને ખોવાઇ ગયો. ન કોઇ આત્મિક વિકાસ, ન કોઇ ભૌતિક વિકાસ. આમ પણ ભૌતિક વિકાસ આત્મિક વિકાસ વિના ક્યાં શક્ય છે ? આત્માનો શુભ ભાવમાં વિકાસ થાય, તેનાથી વિશિષ્ટ શુભ પુણ્ય બંધાય અને તે પુણ્યના ઉદયમાં

ભૌતિકક્ષેત્રની ઉચ્ચતમ સામગ્રી પ્રાપ્ત થાય, પરંતુ રાગ-દ્વેષ-મોહ અને અજ્ઞાનની ચંડાળ ચોકડીએ મને ઉભયભ્રષ્ટ બનાવી દીધો. સૌ પહેલાં મને અકાર્યમાં જોડ્યો, અકાર્યસેવનથી કાયા તો બગડી પરંતુ તેમાં મળતી સફળતાથી જાગતો લોભ, મળતી નિષ્ફળતાથી જાગતો ક્રોધ-માયા આદિ કષાયોની પુષ્ટિના કારણે મન પણ બગડ્યું, મારૂં પુણ્ય તો સાફ થઇ ગયું પણ ગુણોથી પણ ભ્રષ્ટ થયો. કર્મોના બંધ તો બંધાયા પરંતુ વિષય-કષાયોના અનુબંધ પણ પુષ્ટ થયા. સદ્ગતિ તો ન મળી, પરંતુ દુર્ગતિની પરંપરા ખડી થઇ ગઇ. સુખ તો ન મળ્યું, દુ:ખોના પહાડ માથે ઝીંકાયા. પ્રભુ ! મારી નબળાઇ અને નફટાઇનો ઇતિહાસ લાંબો ય છે, લોહિયાળ પણ છે અને લજ્જાસ્પદ પણ છે. હવે આમાંથી કેમ ઉગરવું ?

શરણાગતવત્સલ પરમાત્મન્ !! કાળા વાદળની રૂપેરી કોરની જેમ મારી કલંકિતતા વચ્ચે ય એક આશ્વાસન છે કે મારા જીવનમાં જે-જે અનિષ્ટ પ્રવૃતિઓ ચાલે છે તે મને ગમતી તો નથી જ, તેને લાંબી ચલાવવા હું રાજી નથી જ, મોહસત્તાના પ્રબળ દબાણથી જ તે મારે સેવવી પડે છે અને માટે જ કહું છું કે મને આમાંથી છોડાવ. ગંદકી અને ગટરથી ઉભરાતા ઝુપડપટ્ટી વિસ્તારમાં કોઇક મજબૂરીથી રહેવા આવવું પડ્યું હોય તો શરૂઆતમાં તો ગંદકીની સૂગ રહે છે, પરંતુ લાંબો સમય રહેવું પડે તો તે સૂગ ઉડી જતી હોય છે. ચોખ્ખા ઘી થી જ બનેલી વસ્તુ વાપરવાના આગ્રહી વ્યક્તિને પરિસ્થિતિવશ ડાલડા ઘી નો ઉપયોગ કરવો પડતો હોય તો ચોખ્ખા ઘી નો આગ્રહ કેટલો સમય ટકી શકે ? અનંતોપકારી દેવાધિદેવ !! તારા જ માર્ગ પર ચાલવાનો, તારી જ આજ્ઞા પાળવાનો, તારી જ નિકટ રહેવાનો મારો આગ્રહ, મારો નિર્ધાર, મારી ઇચ્છા છે જ, પરંતુ મોહના આક્રમણ સામે તૂટી જાઉં, હારી જાઉં તો હું ક્યાં સુધી ટકી શકું ? અનંતા જીવોને પછાડવાના કારસાઓથી ચિરપરિચિત કસાયેલો એ મોહ, તેમાં પાછું અનંતકાળથી શક્તિઓનું અર્પણ કરી મેં જ પુષ્ટ કરેલો, કામ-ક્રોધ-મદ-મોહ-મત્સર-ઇર્ષ્યા-નિંદા-પ્રમાદ આદિ અનંતાનંત સાગરિતોની ટોળીનું એને મળેલું પીઠબળ, એની સામે હું એકલો, અશક્ત, એની સામે લડવાની યુક્તિઓથી અજ્ઞાન, હું કેમ કરીને લડું અને ટકું ? પ્રભુ જો અહીં સુધી તમારી કૃપાથી પહોંચ્યો તો હવે એ કૃપાનું પીઠબળ કેમ નહિવત્ કરી દીધું ? ખરેખર તો તમારી કૃપાની સૌથી વધારે જરૂર અત્યારે છે. હવે તો ખરાખરીનો જંગ ખેલવાનો છે. હવે જ મોહની સેનાને હત-પ્રહત કરી નાખતા બ્રહ્માસ્ત્રો છોડવાના છે કારણ કે એની સાચી ઓળખ જ હવે મળી છે. કોઇ સારા ડોકટર ઝુંપડપટ્ટીમાં

રહેલા દર્દીને સામે ચાલીને શહેરની Top-Most હોસ્પિટલમાં દાખલ કરાવે, સારા ડોક્ટર સાથે ઓળખાણ કરાવે અને Treatment નો જોખમી તબક્કો આવે ત્યારે જ દેખાતો બંધ થઇ જાય તો દર્દીની કેવી હાલત થાય ? ત્રણ દિવસના ભૂખ્યા ભિખારીને કોઇ ૩૨ પકવાનના ભોજનનો થાળ દેખાડીને ખસેડી લે, કલાકોથી સમુદ્રમાં ડૂબી રહેલાની નજીક કોઇ વહાણ આવે, બચાવવા માટેની રબર ટ્યુબ ફેંકે અને પછી લીધા વિના ચાલી જાય તો તેની હાલત કેવી થાય ?...અનંતકાળથી સંસારમાં રઝળતા રહેલા, મોહનો માર ખાતા રહેલા, દુઃખ-દર્દ-દૌર્ગત્ય-દરિદ્રતાની ચક્કીમાં પિસાઇ રહેલા મારા આત્માને ઉંચક્યો, ભવાટવી પસાર કરાવી મનુષ્ય ભવ- આર્ય દેશ-ઉત્તમ કુળ-પંચેન્દ્રિય પરિપૂર્ણ કાયા-દેવ-ગુરુ-ધર્મનું આલંબન પ્રાપ્ત કરાવ્યું અને હવે ઉપેક્ષા કરો તે કેમ ચાલે ?

તમારી ઉપેક્ષા એ જ મારી હાર છે,
તમારી ઉપેક્ષા એ જ મારૂં મોત છે અને
તમારી ઉપેક્ષા એ જ મારી દુર્ગતિ છે.
તમારી ઉપેક્ષા જ મારો દીર્ઘ સંસાર છે અને
તમારી ઉપેક્ષા એ જ મારા આત્માનું અકલ્યાણ છે.

સર્વશક્તિસંપન્ન કરૂણાસાગર !! તમારી એક કૃપાનજર અને સેવક તમારી સમાન થઇ જાય, આવી અદ્ભુત શક્તિના સ્વામી છો તો મારી બાબતમાં કેમ ઉપેક્ષા સેવો છો ? હું દુષ્ટ, દુર્જન અને દંભી છું જ પરંતુ આપ તો પથ્થરને પારસ કરનારા, કથિરને કાંચન કરનારા. આપના માટે સહુ કરૂણાપાત્ર અને કૃપાપાત્ર જ હોય....

**પ્રભુ અમને તારો, ઉગારો, બચાવો.**
**હવે નાથ ! ઝાઝું કહેવું ઘટે ના....**

# १२

**भद्रं न किं त्वय्यपि नाथनाथे, सम्भाव्यते मे यदपि स्मराद्याः ।**
**अपाक्रियन्ते शुभभावनाभिः, पृष्टिं न मुञ्चन्ति तथापि पापाः ।।**

**કલ્યાણકારી દેવ ! તુમ સમ, સ્વામી મુજ માથે છતે**
**કલ્યાણ કોણ ન સંભવે, જો વિઘ્ન મુજ નવ આવતે;**
**પણ મદન આદિક શત્રુઓ પૂંઠે પડ્યા છે માહરે,**
**દૂરે કરૂં શુભ ભાવનાથી પાપીઓ પણ નવ મરે...(૧૨)**

એક અનાથાશ્રમ, તાજા જન્મેલા ફૂલ જેવા બાળકને કોઇ મજબૂર માતા દરવાજે મૂકી ગયેલી. અનાથાશ્રમના અનાથ વાતાવરણમાં એ બાળક ઉછરે, ન કોઇ સ્વજન, ન કોઇ સાથી-સંગાથી...જંગલમાં વિખુટા પડેલા પશુની જેમ જગતના સંબંધથી વિખુટો પડી ગયેલો બાળક જીંદગીનો કિંમતી સમય રખડી-રઝળીને પૂરો કરે. કઠોર હૃદય અને કટુ દૃષ્ટિ લઇને બેઠેલા જેલર-વોર્ડનો વચ્ચે ટીપાતો, પેટની અને પ્રેમની ભૂખને દાબતો તે જીવન ઘસડતો હતો, નહોતો તેની પાસે વર્તમાનકાળ કે નહોતો તેની પાસે ભવિષ્યકાળ...નહોતી સગવડ કે નહોતી સલામતી, નહોતો પ્રેમ કે નહોતી પ્રગતિ...સૂર્યના અજવાળા તેના જીવનમાં કોઇ ઉજાશ ફેલાવી શકતા નહોતા કે ચંદ્રની ચાંદની કોઇ શીતળતા ફેલાવી શકતી નહોતી...કરૂણા અને કટુતાના મિશ્રણ જેવી જિંદગી નભે જતી હતી...

એક દિવસ આશ્રમમાં એક શ્રીમંત દંપતિનું આગમન થયું. ખાલી ગોદને ભરવા એક જીવતા 'માલ' ની પસંદગી કરવા આવેલા. આશ્રમના સંચાલકે લાઇનસર ઉભા રાખેલા બાળકોમાંથી નાની વય, માસુમ ચહેરો, ખાનદાની તેજ, ચળકતું સૌંદર્ય આદિના કારણે તેની પસંદગી થઇ. જરૂરી વિધિ પૂર્ણ થતાં સાથી બાળકોએ ફેરવેલ પાર્ટી આપી અને ઉજ્જવળ ભવિષ્યની આશા લઇ બાળક નવા 'મમ્મી-પપ્પા' સાથે વિદાય થયો. તેના નૂતન (પાલક) મા-બાપે તેના જીવનની બધી કડવાશ કાઢવાનો અને તેના જીવનને પ્રેમના અહેસાસથી ભરી દેવાનો ભરપૂર પ્રયત્ન કર્યો.

સારૂં ભોજન, સારા વસ્ત્રો, સારા રમકડા, સારા મિત્રો તો મેળવી જ આપ્યા,સારૂં શિક્ષણ, સારી કેળવણી અને સારા સંસ્કારો આપવાના પણ ભરપૂર પ્રયત્ન કર્યા. બાળકમાંથી તે તરૂણ-કિશોર અને યુવાન બનતો ચાલ્યો. બુદ્ધિનો વિકાસ થતો ગયો, આસપાસનું વાતાવરણ સ્પર્શવા લાગ્યું અને શ્રીમંત મા-બાપનો એકનો એક વારસદાર, સારૂં શરીર સૌષ્ઠવ, બુદ્ધિનો મધ્યમ વૈભવ, સાથીદારોના પ્રેમની પ્યાસના કારણે તેમને ખુશ રાખવા રાખેલી ઉદારતા આદિના કારણે મિત્રવર્તુળ બનતું ગયું અને વિસ્તરતું ગયું. સમુદ્રમાં ગંગા અને ગટર બન્ને ભળે તેમ સારા-નરસા તમામ મિત્રો આવતા ગયા પરંતુ ભોગરંગે રંગાયેલા મિત્રો તરફનું આકર્ષણ, તેમની જ વાતો અને વર્તનને અપાતું મહત્ત્વ, તે રીતની જ ઘડાતી જીવન પદ્ધતિએ સારા મિત્રોને આવતા બંધ કર્યા અને પછી તો ભોગવાદી મિત્રોએ વર્તાવ્યો કાળો કેર. હોટલો, લારી-ગલ્લાના ભોજન, ગર્લફ્રેન્ડોનું વ્યાપક વર્તુળ, વાર-તહેવારે બહારના પ્રવાસો, તેમાં સિગરેટ, દારૂ,જુગાર, માંસાહાર, વ્યભિચાર સુધીની પાડેલી ટેવ...બાળપણની અનાથતામાંથી બહાર આવેલો એ યુવાન છતે મા-બાપે ફરી અનાથ બનતો ચાલ્યો...ત્યારે સગવડની-સલામતિની દૃષ્ટિએ અનાથ હતો, હવે સુસંસ્કારો અને સદ્‌ગુણની દૃષ્ટિએ અનાથ બનતો ચાલ્યો...બેફામ ભોગે વ્યસનનું સ્વરૂપ લેતા પાલક મા-બાપે વાર્યો, વિનવ્યો પરંતુ હવે આતમરામ કશું સાંભળવાના પક્ષમાં નહોતો. મા-બાપને આકરા મેણા-ટોણા સંભળાવી આઘાત પહોંચાડ્યા અને ધીરે ધીરે બન્ને સજ્જન આત્માઓ આઘાતના પ્રત્યાઘાતમાં દુનિયામાંથી વિદાય થઇ ગયા.

પતનના માર્ગે ડગ માંડી ચૂકેલો યુવાન હવે બેફામ અને બેશરમ બન્યો. તો કર્મસત્તા પણ ક્રુર બની. વર્ષો ચાલે તેટલો વારસો વ્યસનોના કારણે દિવસો અને અઠવાડિયાઓમાં પૂરો થવા માંડયો. ધંધામાં ખોટ, નવી કમાણી નહીં, ખર્ચાઓ બેસુમાર-છેવટે ચોરીના રવાડે ચડ્યો. એક ઘરે ચોરી કરતાં રંગે હાથ પકડાયો, માલિકે બૂમાબૂમ કરતાં ભય અને આવેશમાં છરી મારી ખૂન કર્યું પણ પોલિસના હાથે પકડાયો અને છેવટે ફાંસીના ફંદે લટકી ગયો. ફૂલ બનવા નીકળેલો જીવ કાંટો બનીને વિદાય થયો, ઉજાશ આપવા નીકળેલો ઉકળાટ બનીને ચાલ્યો ગયો, રતન બનવા નીકળેલો રાખ બનીને વિદાય થયો... કઇ અનાથતા વધુ વેદનાપ્રદ ? માતા દુશ્મન બની એ કે ખુદ પોતે જ પોતાનો દુશ્મન બન્યો એ ? અન્યના પાપે જીવન નરક બન્યું એ કે ખુદના પાપે જ નરકમાં પહોંચ્યો એ ?...

કલ્યાણકારી હે દેવાધિદેવ !! મારા ભૂતકાળના પાના ખોલું છું ત્યારે મને પણ મારી અનાથતાનો અહેસાસ થાય છે. નિગોદ-એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-અસંજ્ઞી પંચેન્દ્રિય અને નારકી આદિના ભવોના ભ્રમણનો વિચાર કરૂં છું અને આત્મામાં ત્રાસ-ત્રાસની અનુભૂતિ થાય છે. ન કોઇ આત્મીય, ન કોઈ હિતચિંતક, ન કોઈ માર્ગદર્શક, માત્ર સ્વાર્થી સંબંધો, માત્ર મારો ઉપયોગ અને ઉપભોગ કરી લેવાની જ વૃત્તિ, માત્ર મારો રસ અને કસ ચૂસી લેવામાં જ આનંદ...માત્ર મારા દોષ શોધવા અને વખોડવામાં રસ, માત્ર મારામાં દુષ્ટવૃત્તિઓને જગાડવા અને પોષવામાં રસ...ન પ્રેમનું પોષણ મળ્યું, ન દુઃખનું શોષણ થયું. ન સાચું જીવન મળ્યું, ન સાચું મોત મળ્યું...

આ તો થઇ બીજાની વાત, પણ મારી પોતાની અંગત હકીકત શું હતી ? નહોતો મારા જીવનમાં પ્રકાશ કે નહોતી મારા જીવનમાં સદ્ગુણોની પ્રસન્નતા, નહોતું ઉત્તમ તત્ત્વોનું શરણ કે નહોતું સત્પરંપરાનું આચરણ, નહોતી જીવનને સફળ કરવાની આકાંક્ષા કે તે માટે જરૂરી આગ, હતું માત્ર સંજ્ઞાઓનું તોફાન, વિષય-કષાયોનો જાલિમ આતંક, મોહ અને અજ્ઞાનનું અંધારૂં, દુઃખ-દર્દ અને દોષોની રિબામણો...અશક્તિના ભવોમાં દુઃખોની રિબામણોનો તો શક્તિના ભવોમાં ક્રુરતા-કઠોરતા અને કાતિલતાનો પર્યાય બની જીવ્યો છું. જગતના તમામ પાપસ્થાનકો અને અશુભ અધ્યવસાય સ્થાનો ૧-૨ વાર નહીં, અનંતી અનંતી વાર સેવી ચૂક્યો છું. મારા ભૂતકાળના સરવૈયામાં જુઓ તો લાચારી, રિબામણો, અજ્ઞાન, આવેશ, અધમતા, આસક્તિ, નિર્બળતા, લુચ્ચાઇ, ઠગાઇ, વિષયો-કષાયો...અનંતા દોષો, અનંતા દુઃખો, અનંત ભ્રમણ, અનંતા સંક્લેશો, અનંતા પાપો જ મળશે... અને આ તમામનું કારણ મારી અવળચંડાઇ...

ભૂતકાળના નિગોદાદિ ભવોમાં તો હું અનાથ હતો જ, ન કોઇ કલ્યાણ મિત્ર, ન દેવ-ગુરુને ઓળખવાની સમજ-સમય કે શક્તિ, ન ધર્મ-અધર્મ, ગુણ-દોષ વચ્ચે ભેદરેખા આંકી શકવાની યુક્તિ...પેલા બાળકને તો 'મા' એ રઝળતો મેલી દીધેલો, પરંતુ મને તો 'મા' મળી જ નહિં, મેં 'મા' ને ઓળખી જ નહીં...'મા' ની આવશ્યકતા મને મહેસુસ જ ન થઇ, પરંતુ મનુષ્યના ભવોમાંય-ઉત્તમ કુળમાં જન્મ અને જિનધર્મની પ્રાપ્તિ પછી પણ હું અનાથ જ રહ્યો...એ ભવમાં તો 'મા-બાપ' (દેવ-ગુરૂ) બન્ને મળ્યા, એમનો આચારસમૃદ્ધિ, જ્ઞાનસમૃદ્ધિ અને ગુણસમૃદ્ધિનો વારસો પણ મળ્યો. એમની ઉત્તમતા, ઉજ્જવલતા અને ઉત્કૃષ્ટતાનું આલંબન પણ

મળ્યું, મંઝિલની ઓળખ પણ મળી અને માર્ગનું દિગ્દર્શન પણ મળ્યું...સાધના માટે જરૂરી વિચારશક્તિ, વચનશક્તિ અને વીર્યશક્તિની પણ સંપ્રાપ્તિ થઇ...પરંતુ એ બધાનો મેં દુરૂપયોગ કર્યો, ઉપેક્ષા કરી અને મારી જ મસ્તીમાં વધુ રમતો રહ્યો. જીવનનું લક્ષ્ય રહ્યું-સુખશીલતા પોષવાનું....વધુમાં વધુ સામગ્રી મેળવી લેવાનું અને વધુમાં વધુ સુખ ભોગવી લેવાનું...એમાં થોડી આશા બંધાય, થોડી સફળતા મળે (પછી ભલેને ઝાઝી અસફળતા જ મળી હોય, નિરાશા જ સાંપડી હોય) એટલે આસક્તિ જાગે, તેથી પાપ વ્યવહાર અને પાપાચારોમાં મચી પડવાનું, નવી નવી યોજનાઓ ઘડે રાખવાની અને દિવસ-રાત તમામ શક્તિ અર્થવાસના અને કામવાસનાને પોષવામાં લગાડી દેવાની. એમાં જો સફળતા મળી તો અહંકાર પુષ્ટ કરવાનો અને નિષ્ફળતા મળી તો અસમાધિ વધાર્યે રાખવાની... બન્ને રીતે મારે તો સાનભ્રષ્ટ, સ્થાનભ્રષ્ટ અને સ્વમાનભ્રષ્ટ જ થવાનું આવ્યું. ઓ પરમઆનંદના કંદ !! આમ મેં મારા જ ગળે મોહનો અને કર્મનો ગાળિયો વધુ મજબૂત કર્યો, મેં જાતે જ દુઃખ, દર્દ અને દોષોને આમંત્રણ પત્રિકા લખી, મેં મારા જ ઉત્થાનની સીડી સમાન પુણ્ય અને ગુણોની સીડીને તોડી નાખી અને અનંતકાળના ભવભ્રમણનું રિઝર્વેશન કરાવી લીધું. ભિષ્મપિતામહની હાજરીમાં જ દ્રૌપદીનું વસ્ત્રાહરણ થયું તેથી પણ અનંતગણું દુઃખદ તો આપ જેવા નાથ મળ્યા પછી મેં મારા જ હાથે મારા પુણ્યનું અને ગુણનું હરણ કરી લીધું તે થયું...મારી અનંતકાળની કથા આપઘાતની અને આઘાતની જ કથા છે. મારી જાતનો મેં જ ઘાત કર્યો છે અને મારા હિતૈષી એવા દેવ-ગુરુને મેં આઘાત જ આપ્યો છે. મને મળેલા ઉત્તમ સંયોગો, સામર્થ્ય અને સદ્ભાવનો મેં ઉલાળિયો જ કર્યો છે અને મારી વિકાસયાત્રા સામે પણ મોટું પ્રશ્નાર્થચિહ્ન મૂકી દીધું છે.

ઓ વિશ્વવત્સલ કરૂણાસિંધુ !! તે મારો હાથ ઝાલ્યો, પછી આ વિશ્વનો ક્યો ખજાનો મારા ચરણચૂમતો ન થાય ? ભૌતિક ખજાનાઓ તો ઠીક, આત્મિક અનંતનો ખજાનો પણ હાથવેંતમાં આવ્યા વિના કેમ રહે ? અને એમાં મારે ભાગે કરવાનું પણ શું આવે ? થોડોક સમર્પણભાવ, સાહસભાવ, સહિષ્ણુભાવ, સહાયકભાવ અને ક્ષાયિક જ્ઞાન-દર્શન-ચારિત્રના દરવાજાઓ ખુલી જાય, વીતરાગતા તો વૈરાગ્યના માર્ગે ચાલી આવે, અનંત આનંદ ધ્યાન અને ભક્તિની પાછળ ખેંચાઇને આવી જાય, જયણાદેવી અવ્યાબાધપણું અને અનંતવીર્યની ભેટ ધરી દે, જીવવાત્સલ્ય અને જડ ત્યાગ અજર-અમરપણું અને અગુરુલઘુપણા સુધી પહોંચાડી દે...અનંતી

લબ્ધિઓ અને અનંતા ગુણોનો ખજાનો તારા પ્રત્યેની વફાદારી જ મને આપી દે...જગતના પદાર્થો મેળવવા પસીનો પાડું છું, પાપો કરૂં છું, પદ-પ્રતિષ્ઠાને ગીરવે મૂકું છું છતાંય કશું હાથમાં આવતું નથી અને આવે છે તોય લાંબુ ટકતું નથી, તો સાદિ અનંતકાળ માટે આ બધું મળતું હોય તો આ સાધના ય ક્યાં દુષ્કર છે ? ક્યાં વધારે પડતી છે ?- આમ પણ મારા પ્રત્યેની તારી મમતા મને વધારે કષ્ટ પડવા દે એમ છે જ નહીં ને !!

ઓ અનંતવાત્સલ્યના ઝરા !! તારા એ વાત્સલ્યના વરદાનને મેં ઝીલ્યું હોત તો આજે એ જ શિવપુરીમાં આવીને તારી સાથે જ બેઠો હોત અને અનંત આનંદના અપૂર્વ ઓડકાર ખાતો હોત, કદાચ ભવિતવ્યતા સાનુકુળ ન હોત તો'ય મહાવિદેહ જેવા પવિત્ર ક્ષેત્રમાં અતિશયજ્ઞાની પરમસંવેગી મહાત્માની આંગળી ઝાલીને સાધનાનો પંથ ઝપાટાબંધ કાપતો હોત. વૈરાગ્ય, વિવેક અને વિરતિના શણગારોથી મારા આત્માને સજાવતો હોત, પૂર્વધર બનીને એ અપૂર્વ ગ્રંથોના સ્વાધ્યાયમાં રમમાણ બનતો હોત, તીર્થંકર પરમાત્માના સમવસરણમાં બેસીને અમૃત શી મધુર વાણીથી મારા હૃદયને તૃપ્ત કરતો હોત, ક્રોડો મહામુનિઓના સામ્રાજ્યમાં રહી સાધનાના રહસ્યોને ઝડપભેર આત્મસાત્ કરતો હોત, સતત જયવંતા ધર્મસામ્રાજ્યમાં મારા આત્મા પર ચડી બેઠેલા મોહના કાતિલ શસ્ત્રોને બુઠ્ઠા કરી પરમસંવેગ અને નિર્વેદની અનુભૂતિઓમાં ઝીલતો હોત. એકાંતઘર, શૂન્યઘર કે સ્મશાન ઘરમાં જઇ નિર્ભય સાધનાની અહાલેક જગવી કર્મોના દેવાઓને શીઘ્રતાથી ઉતારતો હોત, આત્મરમણતા અને આત્માનુભૂતિની મસ્તીના સમંદરમાં હું ઝીલતો હોત...આ વિશ્વનું સઘળું ઉત્તમ અને ઉત્કૃષ્ટ મારા કબજામાં હોત, મારા જીવતેજીવ હું જીવનમુક્તિનો અનુભવ કરી શકતો હોત ! પણ કાશ ! એ 'તો' શબ્દ વચ્ચે ન આવ્યો હોત તો...

તારા તરફથી સતત વહી રહેલી એ કરૂણાની ધાર મારા સુધી પહોંચે તે પહેલાં જ આત્મામાં જ જામી પડેલા મદ અને મદનના નાયકપણા હેઠળ ભયંકર ખૂનખરાબા મચાવતી ટોળકીએ મને પોતાના સકંજામાં લઇ લીધો અને એ ગુંડાઓના પ્રભાવ હેઠળ ગુંડાગીરીઓ આચરીને હું સ્વયં મારો દુશ્મન બની બેઠો...મેં મારા ઉત્થાન પર ચોકડી લગાવી, મેં મારી જ સદ્ગુણોની મૂડીને ફૂંકી મારી, મેં જ મારા વર્તનોથી અસંખ્ય દુશ્મનો ઉભા કર્યા અને મેં જ મારા જીવનને આત્મધનને ચૂંથી નાખ્યું...એ ગુંડાટોળકીએ મચાવેલા-કાળાકેરની તો શું વાત કરૂં ? આળસ, અવિનય

અને અનાદર નામના ગુંડાઓએ જ્ઞાનધનને રફેદફે કરી નાખ્યું, વિષય લંપટતા અને ઇન્દ્રિયના દુરૂપયોગે દર્શનના ખજાનાને ખાલી કર્યો, કષાય સેના, કામસેના અને કુમતસેનાએ મારા વીતરાગતાના મૂળ પર ઘા માર્યો, સ્વાર્થીતા અને સુખ લોલુપતા એ અવ્યાબાધસુખને લૂણો લગાડયો, સંસારના આકર્ષણે અજર-અમરપણાથી વંચિત રાખ્યો તો દેહાધ્યાસ અને દેહકેન્દ્રિત જીવનપદ્ધતિએ અશરીરીપણું મિટાવી નાંખ્યું, અહંકાર, આસક્તિ અને આગ્રહની ત્રિપુટીએ અગુરુલઘુપણું અને અનંતવીર્યને ખતમ કર્યો...હું ભિખારી થઇ ગયો, હું સાધના અને સિદ્ધિના ક્ષેત્રમાં દેવાળિયો જાહેર થયો, કર્મસત્તા અને મોહસત્તાએ કબજે કરેલ વિશ્વમાં ક્રોડોના મૂલ્યવાળો ગણાતો હું મારા જ ઘરમાં કોડીનો થઇ ગયો. બહાર સિંહ અને અંદર શિયાળ, આ મારી સ્થિતિ થઇ ગઇ.

અન્તર્યામી આતમરામી મારા પ્રાણાધાર !! હું હાથમાં હાથ જોડીને બેઠો છું એમ ન માનતા, સતત શુભ ભાવોથી એ આંતરશત્રુઓ સામે લડવાનો પ્રયત્ન કરૂં છું પરંતુ એ ભાવનાઓના આક્રમણથી અનાદિકાળથી જામી પડેલા, મારા જ આત્મધનને લૂંટીને તગડા થઇ ગયેલા, અનંતા જીવોને ગુલામ બનાવીને મજબૂત બની ગયેલા એ ચોરટાઓ નથી તો મરતા કે નથી તો હટતા. સતત કબજો રાખીને મારૂં આત્મધન લૂંટતા રહે છે. એમના ઘેરામાં ફસાયેલો હું નથી તો આપની કૃપાનું બળ મેળવી શકતો, નથી તો આપની જ પ્રતિકૃતિ જેવા ગુરુભગવંતોનું માર્ગદર્શન બળ મેળવી શકતો કે નથી તો મારા જેવા સમદુઃખિયાઓનું પીઠબળ મેળવી શકતો. દુશ્મન રાજા નગરીને ઘેરીને અંદરના લોકોને એકલા અટુલા કરી નાખે તેમ આ લૂંટારાઓએ મને પણ એકલો અટુલો કરી નાખ્યો છે. અનંતાની એમની ફોજ જોઇને મને મારી જાત વામણી લાગે છે અને એથી જ હવે તો ઘણીવાર લડવામાં થાક લાગે છે, નિરાશા જણાય છે અને યુદ્ધ છોડીને એમને શરણે ચાલ્યો જાઉં છું, ત્યાં તમારા જેવા વીરનાયક આવીને અમને જગાડે છે અને ફરી લડવાનું ઝનુન ઉપડે છે.

ઓ વીરશિરોમણિ વાત્સલ્યનિધિ !! શું સતત તમે મારી પડખે ન રહી શકો ? સતત થતા હુમલાઓ વચ્ચે મારૂં રક્ષણ ન કરી શકો ? સતત તમારી શક્તિનું જોડાણ મારી જાત સાથે કરી બચાવી ન શકો ?-પ્રભુવીરે ચંડકૌશિક પાસે ૧૫ દિવસ ઊભા રહી તેને બળ આપ્યું, તેની સુરક્ષા કરી, જીવનભર ઇન્દ્રભૂતિ ગૌતમને આધાર-આશ્વાસન અને આક્રમણશક્તિ આપી, પ્રભુ ઋષભે બાહુબલિને બચાવવા બ્રાહ્મી-સુંદરી બહેનોને મોકલી, પ્રભુ મુનિસુવ્રત એક ઘોડાને ઉગારવા

એક રાતમાં ૬૦ યોજન દોડી ગયા... આ બધા પણ વીતરાગ જ હતા, પરમ નિઃસ્પૃહ અને અનાસક્તપણામાં રમતા હતા તો પણ તેમણે ભક્તજનોની ઉપેક્ષા નથી કરી તો આપ મારી ઉપેક્ષા કેમ કરો છો ? શું આપની વીતરાગતા ચડિયાતી છે ? શું આપ એ તીર્થંકરો કરતા મુઠીઊંચેરા છો ?

કે આ ભક્તજન આપને ગમતો જ નથી ?

શું આપે મારો સ્વીકાર કર્યો જ નથી ?

શું આપના હૃદયમાં મારૂં કોઇ સ્થાન જ નથી ?

શું મારો આર્તનાદ આપના સુધી પહોંચતો જ નથી ?

શું મારી દુર્દશા આપને ભયાનક લાગતી જ નથી ?

પ્રતિપળ મરણ કરતાયં વધુ બિહામણી સ્થિતિમાં મૂકાઇ રહેલો હું દયાપાત્ર-કરૂણાપાત્ર અને સહાયપાત્ર નથી લાગતો ?

શું મારો ઉદ્ધાર અશક્ય લાગે છે ?

શું મારી આંખના આંસુ બનાવટી લાગે છે ?

શું મારી વાતો બકવાસ લાગે છે ?

બોલો પ્રભુ બોલો, કાંઇક તો જવાબ આપો-

**કબજે આવ્યા હવે નહિ મૂકું, જિહાં લગી તુમ સમ થાઉં રે**

આજ સુધી મારી લડાઇ હું લડતો હતો, હવે મારી લડાઇ તમને સોંપું છું, મારા સેનાપતિ, સૈન્ય, શસ્ત્ર, સારથિ બધું જ તમે...મારા તલવાર અને બખ્તર તમે, મારૂં કૌવત, પરાક્રમ અને ચાલાકી પણ તમે...રમતમાં હારવાની અણીએ આવેલો બાબલો જેમ મમ્મીનું શરણ લઇને જીતી જાય તેમ મોહ અને મદનના સૈન્ય સામે માર ખાતો હું પણ આપનું શરણ સ્વીકારી તરી જઇશ એવી મને અંતરથી પૂર્ણ ખાતરી છે.

હવે યુદ્ધની હાર-જીત તારા માથે,
મારા સુખ-દુઃખની જવાબદારી તારા માથે,
મારા કલ્યાણ-અકલ્યાણનો હિસાબ તારા માથે,
મારા સંસાર કે મોક્ષની તમામ શક્યતાઓ તારા હાથમાં...

**પ્રભુ તારજે, ઉગારજે, બચાવજે, સ્વીકારજે**
**સઘળું તને સોંપી દીધું પારસનાથ ભગવાન...**

# ૧૩

**भवाम्बुराशौ भ्रमतः कदापि, मन्ये न मे लोचनगोचरोऽभूः ।**
**निस्सीमसीमन्तकनारकादिदुःखातिथित्वं कथमन्यथेश ॥**

**સંસાર રૂપ સમુદ્રમાં ભમતા અનાદિકાળથી,**
**હું માનું છું કે આપ કદી મુજ દષ્ટિએ આવ્યા નથી;**
**નહિંતર નરકની વેદના સીમા વિનાની મેં પ્રભો !,**
**બહુ દુઃખથી જે ભોગવી તે કેમ હું પામું વિભો !!...(૧૩)**

ભારતીય કથાસાહિત્યના બે પ્રસિદ્ધ પાત્રો અકબર અને બિરબલના પ્રારંભિક મિલનની આ વાત છે. બિરબલ રોજ અકબર પાસે આવે. અવનવી વાતોના ગુબ્બારા ઉડાડે. સતત રાજકાર્યમાં વ્યસ્ત અકબરને બુદ્ધિના ચમકારાવાળી આ વાતો ગમે...મળવાનો રોજનો સમય વધતો ગયો. પહેલા વાતો ગમી, હવે વાતો કરનારો પણ ગમવા લાગ્યો. એક દિવસ અકબરે પૂછયું-'બિરબલ ! રોજ અવનવી વાતોથી તું મને ખુશ કરે છે પરંતુ ક્યારેય કશું માંગતો નથી. વાતોના વડાથી તો કાંઇ પેટ ન ભરાય. 'તાવડી તેર વાના માંગે' એમ સંસારવાસમાં તો ઢગલાબંધ વસ્તુઓ જોઇએ. તું આખો દિવસ તો મારી પાસે હોય છે, નથી નોકરી કે ધંધો કરતો...તો પછી જીવન ચાલે શી રીતે ? અને મેં તો સાંભળ્યું છે કે તારે તો પોતાનું ઘર પણ નથી, તો તારે જે જોઇએ તે માંગી લે, આજ તારા પર પ્રસન્ન છું, તું જે માંગીશ તે આપવા બંધાયેલો છું.'

'શહેનશાહ ! આપની અમીદૃષ્ટિ એ જ મારા માટે મોટું વરદાન છે. કલ્પવૃક્ષ સ્વયં જેની પાસે હાજર હોય તેને બીજું શું જોઇએ ?' બિરબલે લળી લળીને કહયું...

'વાહ રે ડહાપણના દરિયા, વાહ ! વાતો તો બડી બડી ચલાવે છે, પરંતુ નરી વાતોથી પેટ ભરાતું હોત તો આ દુનિયામાં કોઇ ભૂખ્યો ન રહેત, ચાલ, આડી અવળી વાતો છોડી કામની વાત કર ! મારે તને કાંઇક આપવું છે તે હકીકત છે, શું માંગવું એ તારી મરજી પર છોડું છું.'

'જહાંપનાહ ! આપને આપવું હોય જ, તો એક ચીજ માંગું છું... રોજ

સાંજે આપના શાહી બગીચામાં ફરવા જાવ છો તે સમયે મને સાથે રહેવાની ઇજાજત આપો અને મારા ખભે હાથ મૂકી ચાલવાનું રાખજો, આ ગરીબજાદા માટે આ બહુ મોટું વરદાન બની રહેશે.'

'અરે બિરબલ ! માંગી માંગીને આ શું માંગ્યું ? આનાથી તારૂં શું વળશે ? રાજપાટ કે ગામગરાસ માંગ, શાહી શિરપાવ કે મોટી અમિરાત માંગ, આટલું માંગીને તો તેં મારી ઇજ્જત ઓછી આંકી. તું ભાનમાં તો છે ને ? કે પછી લૂલી ચલાવતા આવડે છે એટલું દિમાગ ચલાવતા નથી આવડતું ? છેલ્લી તક આપું છું, તે માંગ્યું એ તો મળશે જ, હજી તારા જીવનને સુખથી ભરી દે એવું માંગી લે'...અકબર થોડો અકડાઇને બોલ્યો.

બિરબલે અડધું શરીર ઝુકાવી કુર્નિશ બજાવતા કહ્યું-બસ, બસ, આટલાનો સ્વીકાર કર્યો તેમાં હું ધન્ય બની ગયો. મારે એનાથી વધારે જોઇતું નથી...આપની આ રહેમનજર સદા માટે ટકી રહે એટલું જ માંગું છું, વધુ જોઇતું નથી...

દિવસો વીત્યા અને હવે આશ્ચર્યમાં પડવાનો વારો અકબરનો હતો. બિરબલના દેદાર ફરવા માંડ્યા હતા. એક વખતના ભૂખડીદાસ લાગતા બિરબલના અંગ પર જરિયન જામા શોભવા લાગ્યા, કિંમતી અલંકારોએ પણ પોતાનું સ્થાન મેળવી લીધું. કિંમતી અતરોની સુગંધ આવવા માંડી, એક અમીર દરબારીને શોભે એવી દરેક ચીજવસ્તુઓ લોહચુંબક પાસે લોખંડ ખેંચાઇને આવે તેમ બિરબલની પાસે શોભવા માંડી અને છેલ્લા સમાચાર સાંભળી અકબર તો ઘા ખાઇ ગયો. એક મોટી જગ્યા ખરીદી લઇ બિરબલે મહેલ જેવડી મોટી હવેલી બંધાવવાનું શરૂ કર્યું હતું. પોતે તો એક નયા પૈસાનો ય પગાર નથી આપતો, બિરબલને બીજો કોઇ વ્યાપાર-ધંધો હતો નહીં તો પછી આટલું બધું કોના બળ પર ચાલે છે તે અકબરને સમજાતું નહોતું. છેવટે મનની મૂંઝવણને બીરબલ પાસે જ રમતી મૂકી દીધી.

'બિરબલ ! કોઇ જાદુ-ટોના શીખ્યો છે ? કોઇ દેવ-દેવીને વશ કર્યા છે કે પછી કોઇ ખુદાના બંદા પાસેથી જાદુઇ ઇલમ શીખ્યો છે ? તારા જીવનમાં આટલું બધું ઝડપી પરિવર્તન કેવી રીતે શકય બન્યું ?'

'આલમપનાહ ! આ બધી આપની જ મહેરબાની છે. જ્યારથી સાંજે મારા ખભે હાથ મૂકી ચાલવાનું શરૂ કર્યું ત્યારથી મારા દેદાર બદલાઇ ગયા છે.'

અલ્યા પણ એમાં શું થાય ?

'ગરીબનવાજ ! એમાં જ બધું થાય. સહુ અમીરોના હૃદયમાં આના કારણે મારા માટે ભય અને માન ઉત્પન્ન થયા. સહુ પોતપોતાના કામ લઇ મારી પાસે

આવે છે. બીરબલ ! મારૂં આટલું કામ કરી આપજે ને ! મારી આટલી વાત બાદશાહ પાસે મુકજે ને ! મારી આ વાત નહીં કહેતો ને !-સહુ પોતાપોતાનો સ્વાર્થ સાધવા મને લાંચ આપતા હતા, કોઇ પાંચ લાખ આપે, કોઇ પચીસ લાખ, જેવું જેનું કામ... રોજના આવા પાંચ કામ મળે તો ય એક દિવસમાં લાખો મળી જાય ! આપની નોકરી તો મને શું આપી દેવાની ? તમારી નોકરી કરતાં મારાં ખભે મૂકાયેલો તમારો હાથ મને વધુ અપાવી દે છે, તમારી સેવા કરતાં તમારી કૃપા વધારે મૂલ્યવાન છે...!!'

અકબર તો આ સાંભળીને સ્તબ્ધ જ થઇ ગયો. 'મારા હાથને વટાવી ખાઇને બીરબલે તો આખી જાગીર જ ઉભી કરી દીધી.'-

રાજરાજેશ્વર ઓ પરમાત્મન્ !! મને લાગે છે કે મારે પણ બિરબલ જેવી જ કોઇ કરામત શીખવી પડશે. આજ સુધીની મારી સંસારયાત્રાનો ઇતિહાસ તપાસું છું તો ધ્રુજી જવાય એવી એક નબળી કડી મારા હાથમાં આવી છે. પ્રત્યેક ગતિ, પ્રત્યેક ભવ, પ્રત્યેક સ્થાન અને પ્રત્યેક કાળમાં મારું ભ્રમણ થયું છે. તેમાં આ સંસાર વાસમાં ઉપલબ્ધ થઇ શક્તી તમામ વસ્તુઓ પ્રાપ્ત થઇ છે, ભૂખના દુઃખને દૂર કરવા ભોજન, સ્વાદની અતૃપ્તિને દૂર કરવા ચટપટી-મસાલેદાર વાનગીઓ, તૃષ્ણાને છીપાવવા મનભાવન પીણાઓ, સ્પર્શની, રૂપની, સુગંધની, સંગીત-ગીત-નૃત્ય આદિ મનોરંજનની ભૂખ મિટાવવા તે-તે ઉત્કૃષ્ટ દ્રવ્યો મળ્યા છે, વિશ્વશ્રેષ્ઠ દ્રવ્યો મળ્યા છે, તો પ્રાકૃતિક સૌંદર્યથી ભરેલા સ્થાનોનું આધિપત્ય પણ મળ્યું છે. બધાને ભોગવવામાં જરૂરી બળવાન કાયા-શરીર સૌષ્ઠવ પણ મળ્યું...ધન-સંપત્તિ-યૌવન-બુધ્ધિવૈભવ આદિ બધું જ મળ્યું, પ્રેમની તરસ છીપાવવા ઇષ્ટ સ્વજનોનો સંગાથ પણ મળ્યો, મા-બાપ-પુત્ર-પત્ની-મિત્રો-સ્વજનો-વેપારીઓ-નોકર-ચાકર...બધા જ મળ્યા, બધું જ મળ્યું. સંસારપરિભ્રમણના વિશાળ ફલકમાં બધું જ આવરી લીધું, પરંતુ આ તમામનું ફળ, આ તમામનો શિરદાર, આ તમામનો ચોકીદાર, આ તમામમાં ખોવાઇ જતા મને બચાવનાર મારો તારણહાર તું જ મને ન મળ્યો...મારૂં પુણ્ય, મારી ઇન્દ્રિયોની મૂડી, મારો વ્યવહારનો કારોબાર બાકી બધાને ખરીદી શક્યો, મેળવી શક્યો પણ પ્રભુ ! તું જ ન મળ્યો.

ના...ના....તું મળ્યો નહીં એમ નહીં, મેં જ તને મારી આંખોમાં સમાવ્યો નહીં...**ભવામ્બુરાશૌ ભ્રમતઃ કદાપિ, મન્યે ન મે લોચનગોચરોऽભૂઃ ।** સુથારનું મન બાવળિયે, તેમ મારૂં મન વિષયોના સુખ આપતી સામગ્રીમાં, સામગ્રી મેળવી આપતા ધનમાં,ધન કમાવી આપે અને સાચવી શકે તેવા સંબંધોમાં ફરતું રહ્યું, મારી ઇન્દ્રિયો, મારી શક્તિ, મારી બુદ્ધિ, મારૂં સમગ્ર અસ્તિત્વ એ જ પદાર્થોમાં-પદમાં-

પરિવારમાં રમતું રહ્યું, હવે તને સમાવી શકે એવો અસ્તિત્વનો એકે ખુણો બાકી રહ્યો નહીં, તને સમાવું ક્યાં ?

એક જ આંખે જોનારો વ્યક્તિ એક જ દિશાનું નીરખી શકે, પકડી શકે તેમ માત્ર મોહની આંખે જોનારો હું મારા આત્માના ઘોરખોદિયા સંબંધો-સામગ્રીઓમાં અટવાયો, તેમને જ મહત્ત્વ આપનારો થયો, તેમાં જ જીવનનું સર્વસ્વ દેખતો થયો, તેમાં નિષ્ફળતા મળે તોય તેમાં જ વધુ ને વધુ સમય-શક્તિ ખર્ચતો ગયો પરંતુ બીજી દિશા નિરખી જ નહીં, બીજી દિશા પકડી જ નહીં...'વિનાશકાળે વિપરીત બુદ્ધિ'-અહીં તો સદાકાળ વિનાશકાળ જ હતો, સુરક્ષાકાળ, સભાનકાળ કે સમ્માનકાળ હતો જ નહીં અને એથી જ વિપરીત બુદ્ધિના ભોગ બનીને જ મેં મારા કલ્યાણનો ભોગ લીધો. મારા પતનનો નકશો મેં જ ચીતર્યો, મારા દુઃખો અને પીડાઓનું પ્લાનિંગ મેં જ કર્યું !!

જગદુદ્ધારક દેવાધિદેવ !! ભરવાડને પોતાની નજરથી દૂર કરનાર ઘેટાની, 'મા' ને પોતાની નજરથી દૂર કરનાર બાળકની, પતિ કે સુરક્ષા ચોકિયાતને નજરથી દૂર કરનાર રૂપવતી સ્ત્રીની જે હાલત થાય છે તેના કરતાં વધુ ખરાબ હાલત પોતાની નજરમાં આપને સમાવી ન શકનાર મારી થઇ છે. વિશ્વ સમગ્રના તમામ કષ્ટોને દૂર કરવાની તાકાત ધરાવતા આપની હાજરીમાં જ મારા પર જે સિતમો વરસ્યા છે તેની કથની તો બહુ લાંબી છે. બધી ગતિની તો વાત નથી કરવી, પરંતુ આજે પણ સ્વપ્નમાં ય જેની યાદમાત્ર રૂંવાડા ખડા કરી દે છે તેવી નરકગતિના સીતમોની વાત કરવી છે. અજ્ઞાનદશા અને મોહદશામાં થઇ ગયેલા થોડા પાપોના કારણે ત્યાંના વાતાવરણે પળેપળ મોત કરતા પણ અતિ ભયાનક યાતનાઓનો જે વરસાદ વરસાવ્યો છે-પ્રભો ! શું કહું ને શું ન કહું ?

જન્મ જ કેવો ! પેટ મોટું ને મોઢું સાંકડું એવી ગાગર જેવડી કુંભીમાં જન્મ, ક્ષણવારમાં તો કાયા મોટી થવા માંડે અને અંદર ન સમાય, ત્યારે જે ગુંગળામણ અને ભીંસામણ અનુભવી છે ? શરીર આખુ ઘંટીના પડમાં ભીંસાતુ હોય એનાથી અધિક રિબામણોના કારણે મોઢામાંથી ચીસો પડવા માંડે એટલે શિકાર જોઇને શિકારી દોડી આવે તેમ પરમાધામીઓ કે અન્ય નારકીના જીવો જ હાથમાં ભાલા લઇને દોડી આવે અને ખચાખચ શરીરના ટુકડાઓ કરી કરીને બહાર નાખે, જાણે બેકરીમાં તૈયાર થયેલા પાઉંના ટુકડા કરતા હોય તેમ આખા શરીરના ઝીણા ઝીણા ટુકડા કરી નાખ્યા...કોઇને એમ થાય કે જન્મના દુઃખમાં જ કામ પતી ગયું, પણ ના ? અમારા નારકીના જીવોની સ્થિતિ એ છે કે કાયાના ટુકડા થાય પણ આયુષ્યના

ટુકડા ન થાય. પારાની જેમ ફરી કાયા ભેગી થઇ જાય અને નવા સીતમો શરૂ...

ઠંડી હિમાલય કરતા અનંત ગણી, ગરમી-લોખંડ પીગળવાની ભઠ્ઠી કરતા અનંતગણી, ભૂખ-જગત આખાના પદાર્થો ખાઇ જઇએ એવી, તરસ-તમામ નદી નાળાના પાણી પી જઇએ એવી, રોગ-એક સાથે પોણા છ કરોડ રોગો પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિએ, ભય-સતત હૃદયને ભીંસી નાખે તેવો, જમીન ખીલા કરતાંય અતિતીક્ષ્ણ, ગંધ-સડી ગયેલા મડદા કરતાંય અતિભયંકર, વાતાવરણ અતિ જુગુપ્સનીય, શોક હૃદયને બાળે તેવો...આટલું તો સદાકાળ માટે લમણે ઝીંકાયેલું જ હોય....

પરમાધામી કે અન્ય નારકીના જીવો દ્વારા જે સીતમ વરસ્યો એ વર્ણવવાના શબ્દો જ મારી પાસે નથી, જડપુદ્‌ગલ પણ જે યાતના સહન ન કરી શકે અને બળી જાય-સડી જાય કે તૂટી જાય તેવી યાતનાઓ સજીવ, સચેત મારા પર વરસી...કરવતથી કપાયો, અગ્નિમાં શેકાયો, ઉકળતા લોખંડ-સીસાના રસમાં ઉકાળાયો-તળાયો-વજ્ર જેવા મોઢાવાલા પશુ-પંખી વડે શિકાર કરાયો, મારા જ શરીરના ટુકડા કરી મને ખવડાવ્યા, મારૂં જ મોઢું ફાડી તપેલા સીસાના રસો પીવડાવ્યા, પશુની જેમ બેવડ વાળી મહાભાર વહન કરાવાયો, ન ચાલી શકું ત્યારે ચાબુકના, આરીના માર મારી લોહીલુહાણ કરી નાંખ્યો....

ટુંકમાં મનુષ્યલોકના માનવની મનોકલ્પના પણ ન પહોંચી શકે તેવી કલ્પનાતીત વેદનાઓ સતત રીબાતા અને ફફડતા હૈયે સહન કરી છે, સુખની આશામાં કોઇ વનમાં કે નદી તરફ જઇએ તો વનના પાંદડા તલવાર બને અને નદી ઉકળતા સીસાનો પ્રવાહ, ચારે બાજુ મહાત્રાસ અને મહાભયનું જ સામ્રાજ્ય છવાયેલું હોય.

કોઇ પણ દુઃખ ત્યારે સહ્ય બને છે જયારે એને પ્રમાણ કે સમયની મર્યાદા હોય, થોડુંક દુઃખ, થોડોક સમય માટે આવેલું દુઃખ, થોડીક જ વ્યક્તિઓ તરફથી દુઃખ આવતું હોય તો એ સ્વીકાર્ય બને, અહીં તો કલ્પનાતીત દુઃખ, મોત સુધી (અસંખ્ય વર્ષો સુધીના તો જીવન હોય) સતત દુઃખ, આસપાસ રહેલી તમામ વ્યક્તિઓ તરફથી દુઃખ કેમ સહી શકાય ? અને એથી પણ મોટું આશ્ચર્ય તો એ છે કે આટલું બધું સહન કર્યા પછી પણ મારામાં સુધારારૂપ પરિવર્તન કેમ ન આવ્યું ? નિંભાડાનો તાપ સહીને ઘડો ય પાકો બને છે, ૠતુઓના માર ખાઇને ફળ પણ મીઠું બને છે, જીવનની ચિત્ર-વિચિત્ર પરિસ્થિતિઓમાં પસાર થઇ માણસ અનુભવવૃદ્ધ બને છે તો સંસારની અતિવિષમતાઓમાંથી પસાર થયા પછી પણ મારા આત્મામાં સમજણનો છાંટો ય કેમ નથી આવતો ? ગધેડો ય એકના એક ખાડામાં બીજી વાર પડતો નથી તો હું કેમ એના એ વિષય-કષાયોના ખાડામાં અનંતીવાર પડવા તૈયાર

થઇ જાઉં છું ?

વિશ્વોત્કૃષ્ટ જ્ઞાનસમૃદ્ધિના સ્વામિ સર્વજ્ઞ ભગવંત !! મને સમ્યગ્દૃષ્ટિનું દાન આપો, નરકાદિ ગતિઓના દુઃખોને જોવાની, શ્રદ્ધાથી સ્વીકારવાની, એના કારણોને સમજવાની અને તેનાથી બચવાના ઉપાયોને શોધવાની દીર્ઘદૃષ્ટિનું દાન કરો. સોહામણા દેખાતા વૈષયિક પદાર્થો પાછળ આવી પડતી દુઃખોની વણઝારને જોઇ શકું અને તેથી જ સહજપણે પ્રલોભનોનો ત્યાગ કરી શકું એવી **વૈરાગ્યદૃષ્ટિ** આપો...મારા જ આત્મામાં પડેલા અનંતના ખજાનાને જોઇ શકું અને તેનો સ્વીકાર કરી શકું એવી **યોગદૃષ્ટિ**નું દાન મને આપો. વિશ્વમાં રહેલા ઉત્તમ તત્ત્વોને જોવાની, સ્વીકારવાની અને પ્રશંસવાની **ગુણાનુરાગ દૃષ્ટિ**નું દાન આપો, અરે છેવટે વિશ્વમાં સૌથી વિરાટ છતાં સૌથી સૂક્ષ્મ, સમગ્ર વિશ્વ પર આધિપત્ય છતાં અદૃશ્ય, તમામ સુખોનું કેન્દ્રબિંદુ છતાં સહુથી અસ્પૃશ્ય એવા પરમાત્મતત્ત્વનું દર્શન કરી શકું એવી **ભક્તિની દૃષ્ટિ** મને આપ !! તારી ઓળખ કરી શકું એવી **જ્ઞાનદૃષ્ટિ** આપ.

ઓ ધન્વન્તરી વૈદ્ય !! મારી આંખોએ બાઝેલા મોહના, અજ્ઞાનના, ભોગદૃષ્ટિના, સ્વાર્થાંધતાના, કુસંસ્કારોના પડળો તારે ઉતારવાના છે. તારે જ મોહનીયનો મોતિયો ઉતારવાનો છે, શુદ્ધબુદ્ધિ અને શાસ્ત્ર પરિણતિનું આંજણ તારે જ આંજવાનું છે અને આત્મપ્રતિબદ્ધતાના ચશ્મા તારે જ પહેરાવવાના છે.

મહાદાનેશ્વરી ઓ દેવાધિદેવ !! હું તો આ દુનિયાનો સૌથી મોટો ભિખારી છું અને એથી જ કંટાળ્યા વિના સતત માંગ-માંગ કરવાનો જ. તો આ વિશ્વનો તું સૌથી ઉત્કૃષ્ટ દાનેશ્વરી છે તેથી તું આપ્યા વિના નહીં જ રહેવાનો. તો સતત મારે પાછળ પડવું પડે, માંગવું પડે પછી તું આપે તો એમાં શી મજા ! માટે મારે કહેવું જ છે કે,

**'તુજને નિરખી એવી દૃષ્ટિ તું દે**
**તુજને ઓળખી શકું, એવી શક્તિ તું દે...'**

નદી અને સમુદ્રનું મિલન થાય છે ત્યાં તીર્થ રચાય છે, તો તારૂં અને મારૂં મિલન થશે ત્યાં પણ મોક્ષનું મહાતીર્થ રચાઇ જશે, તો કરૂણાના સિંધુ જિનજી !! હવે રાહ ન જુઓ, મોડું ન કરો, મારી વેદનાને પ્રગાઢ ન કરો, મારી તડપનની ઉપેક્ષા ન કરો,

**આપને સમાવી શકું એવી નજર આપો.**
**આપને સમાવી શકું એવા જીવનવ્યવહાર આપો,**
**આપને સમાવી શકું એવું વિશાળહૃદય આપો,**
**આપને સમાવી શકું એવું મુક્તિનું ગગન આપો...**
**આટલું મળે તો પછી મારે માંગવું શું અને તમારે આપવું શું ?**

# ૧૪

चक्रासिचापाङ्कुशवज्रमुख्यैः, सल्लक्षणैर्लक्षितमंह्रियुग्मम् ।
नाथ ! त्वदीयं शरणं गतोऽस्मि, दुर्वारमोहादिविपक्षभीतः ॥

**તલવાર ચક્ર ધનુષ્ય ને અંકુશથી જે શોભતું,**
**વજ પ્રમુખ શુભ ચિહ્નથી શુભ ભાવવલ્લી રોપતું;**
**સંસારતારક આપનું એવું ચરણયુગ નિર્મલું,**
**દુર્વાર એવા મોહવૈરીથી ડરીને મેં શ્રયું...(૧૪)**

જંગલના જીવનની એક કથા વાંચવામાં આવેલી, જંગલ એટલે એવું સ્થાન, જ્યાં સતત પ્રેમ અને ભય, મિત્રતા અને શત્રુતા, સૌંદર્ય અને ભયાનકતાનું દ્વન્દ્વ રચાતું જ રહેતું હોય... ત્યાંના જીવો માટે ત્યાં રહેવું અનિવાર્ય હોય અને ક્યારેક રહેવું અશક્યપ્રાયઃ પણ થઇ જાય...જંગલમાં એક બકરી રહેતી હતી, એક તો શરીરથી, સ્વભાવથી નબળી, ઉપરથી લંગડી પણ ખરી, તેથી નાના-મોટા પશુઓ હેરાન કરતા જાય, ધમકી આપતા જાય, ક્યારેક ડરાવતા જાય, આ કારણે બકરી પણ ઉપર કહ્યા મુજબના દ્વન્દ્વમાં રમતી રહેતી. જંગલ છોડીને જવાય તેમ નથી અને જંગલમાં રહેવાય તેમ પણ નથી. બધેથી જ ત્રાસ-ધમકી અને ભય મળે તો જીવવું કેમ કરીને ? શું કરવું તેની દ્વિધામાં, કાંઇક રસ્તો કાઢવાની મથામણમાં ચાલી રહી છે ત્યાં અચાનક જ એક દૃશ્ય પર નજર પડી, વિચારમાં પડી આનંદિત થઇ ગઇ અને રસ્તા વચ્ચે જ ત્યાં બેસી ગઇ. તેને રસ્તા વચ્ચે નિરાંતે બેઠેલી જોઇ એ જ રસ્તે ફરવા નીકળેલો વાઘ ગર્જ્યો-'અલી ! મરવાની થઇ છે કે શું ? રસ્તા વચ્ચે કેમ બેઠી છે ?' બકરી પણ છાતી કાઢીને બોલી-'વાઘભાઇ ! હવે મને ધમકાવવાના તમારા દિવસો પૂરા થયા. મારી સાથે સંભાળીને વાત કરજો અને આ બાજુમાંથી રસ્તો છે ત્યાંથી ગુપચુપ ચાલ્યા જજો.'-બકરીના આ અણધાર્યા આક્રમણથી વાઘ ચમક્યો. બે બદામની આ બકરી આટલી જીભ કેમ ચલાવે છે ? એને ખબર નથી કે એક સપાટે એના સોયે વરસ પૂરા કરી દઇશ ? અને મોટેથી બોલ્યો-'કેમ ? મરવાની બહુ ચળ આવી છે ?

આ તો પેટ ભરીને આવ્યો છું એટલે આટલીય વાતો કરું છું, બાકી તો ક્યારનોય ઘડો લાડવો કરી નાખ્યો હોત ! હેં બોલ તો ખરી ? કોના બળ પર આટલું કૂદે છે ! અત્યાર સુધી તો સામી નજર પણ નહોતી માંડી શકતી અને હવે આ લૂલી કેમ આટલી લાંબી ચાલે છે ?' હવે બકરી ખડખડાટ હસી પડી 'યે હુઇ ન બાત ! જુઓ વાઘભાઇ વાત એવી છે કે સિંહે મને બેન બનાવી છે...'

આ સાંભળીને જ વાઘને તો પેટ દુઃખે એટલું હસવું આવ્યું- 'અરે ! આ પણ વળી નવી નવાઇની વાત. સિંહ અને બકરીને બેનપણા !!! અલી ! વાર્તા શેની બનાવે છે ? અને વાર્તા બનાવે તો પણ કોઇકના મગજમાં ઉતરે એવી બનાવવી જોઇએ, આ તો આડેધડ અને દે ઠોક !!'

મોઢું ચડાવીને બકરી બોલી- 'જુઓ વાઘભાઇ ! હું તો ભલમનસાઇથી કહું છું. માનવું હોય તો માનો, ને ન માનવું હોય તો ન માનો, જે હકીકત છે એ ક્યાં છુપાવાની છે ? ગમે ત્યારે દૂધ કા દૂધ ઔર પાની કા પાની થઇને જ રહેવાનું છે ને !! જુઓ, માનવામાં ન આવતું હોય તો જોઇ લો આ વનરાજ સિંહના પગલાની છાપ ! છે ને તાજી અને હમણાં પડેલી. વનરાજ અહીંથી પસાર થયા હોય ત્યારે તેમની નજરમાં આવેલી હું જીવતી રહું ખરી ? અને જીવતી રહું તોય અહીં ઊભા રહેવાની મારી હેસિયત ખરી ?' અને વાઘ વિચારમાં પડી ગયો. બકરીની વાત વિચારવા જેવી લાગે છે. ત્યાં જ બકરીએ આગળ ચલાવ્યું 'રસ્તા વચ્ચે ઉભા રહેવાની મારે શી જરૂર ? પણ ખુદ વનરાજ મને કહી ગયા છે કે હું પાછો આવું ત્યાં સુધી મારૂં પગલું સાચવજે અને કોઇ હેરાન કરે તો મને કહી દેજે, આ જંગલમાં રહેવાનું તેને ભારે પડી જશે, માટે તો હું અહીં ઊભી છું. બોલો, હવે તો વિશ્વાસ પડે છે કે નહીં ?'

અત્યંત વિશ્વાસપૂર્વક અને તર્કબદ્ધ રીતે કહેવાયેલી વાતમાં વાઘ આવી ગયો અને બકરીના પગે પડી માફી માગી રવાના થઇ ગયો. ત્યાર પછી તો રીંછ, ગેંડો, શિયાળ, વરૂ આદિ અનેક પ્રાણીઓ આવતા ગયા, અને બકરી રૂઆબ છાંટીને પોતાના માટેનું એક સન્માનજનક વાતાવરણ ઊભી કરતી ગઇ...છેલ્લે આવ્યો હાથી- તેની સાથે પણ શરૂઆતનો સંવાદ વધતા ઓછા અંશે આવો જ ચાલ્યો, છેવટે હાથીને પણ પોતાનાથી ડરતો કરીને કહ્યું-'જુઓ હાથીભાઇ !! આજ સુધી મને જે હેરાન કરી છે તેની વાત સિંહને કરીશ તો....' ના ના બકરીબેન ! હું તો તમારી ગાય, તમે કહેશો તે કરીશ'...'તો પછી અત્યારે તમારી પીઠ પર બેસાડીને આખું

જંગલ ફેરવો.' અને હાથીની પીઠે આખું જંગલ ફરી વચ્ચે વચ્ચે ઝાડ પરના કુણા પાંદડાંથી પોતાનું પેટ ભરી લીધું અને છેવટે રોફ છાંટીને કહ્યું-'જાઓ, અત્યારે તમને છૂટા કરૂં છું, પણ રોજ એકવાર મને જંગલમાં ફેરવવી પડશે અને જ્યાં મન થશે ત્યાં ચરવા દેવી પડશે', હાથીએ પણ મોતના ભયથી તે વાત કબુલ મંજુર રાખી, અને ત્યારથી બકરીને જીવનની આપદાઓમાંથી મુક્તિ મળી ગઇ...

ત્રિજગદુદ્ધારક અનન્યશરણ હે પરમાત્મન્ !! મને પણ મારી અંદર બકરીની જાત દેખાય છે. એક તો ભવિતવ્યતાથી, કર્મથી નબળો અને એમાં પુરૂષાર્થથી લંગડો, પછી આખી ય મોહસેના મારી પાછળ પડી જઇને મને હેરાન જ કરે ને...વારંવાર મારી વ્યથા કથાને રટવી નથી પરંતુ એટલી બધી વેદના સહન કરી છે કે આપના જેવા નાથને પામીને વારંવાર એ વાત કહેવાઇ જ જાય છે. એ મોહસેનાના એકે એક સૈનિકે મારી જે દુર્દશા કરી છે એને વર્ણવવા જન્મારો પણ ટુંકો પડે...અત્યારે એનું વિશ્લેષણ નથી કરવું પરંતુ બીજી વાત મારે કરવી છે. જેમ બકરીએ કર્યું તેમ મારે તારૂં શરણ સ્વીકારવું છે. અઘોરી બાવાને જોઇ ડરેલો બાબલો બાને વળગી પડે, શિકારીને જોઇ વાછરડું ગાયને વળગી પડે, તેમ મોહરાજથી ડરેલો હું અનન્યશરણભૂત તને વળગી જવા માંગું છું. મેં જોયા છે વાંદરી અને તેના બચ્ચાને. મા એક ડાળીએથી બીજી ડાળીએ ભલેને કૂદાકૂદ કરતી હોય, બચ્ચું માને જીવની જેમ વળગીને રહે-કોઇ પણ ક્રિયા કરવાની હોય તો એ 'મા' ને વળગીને જ કરે તેમ મારા જીવનના કેન્દ્રબિંદુ તરીકે મારે તમને સ્થાપિત કરી દેવા છે, મારે તમને વળગી જવું છે...આમ પણ શાસ્ત્રોમાં સંભળાય છે કે સર્વ યોગોમાં સહુથી સરળ અને શ્રેષ્ઠ યોગ શરણાગતિ યોગ-ભક્તિ યોગ છે, કંઇક કેટલાય સાધકોએ વિશેષ કક્ષાની સાધનાના બળ વગર માત્ર ભક્તિયોગના બળે મોહની સેવાને હરાવી મુક્તિનું રાજ્ય મેળવી ચુકયા છે. શ્રેણિક અને કૃષ્ણ મહારાજા જેવા તો એના બળે પ્રભુજીની સમાન જ બની જવાના છે તો એવા સરળતમ યોગને હું કેમ ન સ્વીકારૂં ? વળી સાધના આદિના ક્ષેત્રોમાં તો મારી નબળાઇ મને વિશેષ આગળ વધવા દે તેમ નથી..નથી મારી પાસે તપની તલવાર, નથી વૈયાવચ્ચનું વજ્ર, નથી સ્વાધ્યાયની શક્તિ, નથી સમર્પણનું અંકુશ, નથી ધ્યાનનો અગ્નિ...જેનાથી દુશ્મનની સેનાને મારી હટાવી શકું...પરંતુ એક વાતની હૈયાધારણ મને છે કે મારી પાસે જે નથી તે બધું ઉત્કૃષ્ટપણે તારી પાસે છે અને એથી જ મારા હૈયામાં થોડી નિશ્ચિંતતા છે.

તારા ચરણયુગલમાં જ મને તો વિશ્વવિજેતા બનવા જરૂરી ખજાનો દેખાય

છે. 'चक्रासिचापाङ्कुशवज्रमुख्यै:..' આમ તો કરૂણાવંત છો, દયાળુ છો, પરિગ્રહત્યાગી છે, પરંતુ હાથ-પગના લક્ષણોમાં જ જુઓને ! કેટલા શસ્ત્રો રાખ્યા છે...મને તો આ લક્ષણો દ્વારા અમને અપાતો સંદેશ જ દેખાય છે. અત્યાર સુધી મૂઢ અને મૂર્ખ અમે લોકોએ એની ઉપેક્ષા કરી અને એમાં જ હેરાનગતિ અનુભવી. જુઓ પેલી રહી તલવાર...ક્રોધાદિ કષાય શત્રુઓનો કચ્ચરઘાણ કાઢવા માટે ક્ષમાદિ ભાવધર્મોની એ તલવાર કેટલી અસરકારક નીવડી શકે એમ છે ? એ તલવારથી જ તેં તારા આત્માને નિર્મળ કર્યો છે ને !! અને પેલું ચક્ર-મોહની સેના તો એને જોઇ જ નથી શક્તી...વૈરાગ્ય ભાવનું ચક્ર ફરી વળે છે આખી કામની સેના પર, અને સેના જ હતી ન હતી થઇ જાય છે. એની હાજરીમાં વ્યક્તિ કે વસ્તુ, કોઇના પર મોહ ન થાય, આસક્તિ ન થાય....

પેલું જ્ઞાનનું ધનુષ્ય-આત્મામાં ઊંડે ઊંડે રહેલા દોષોને વીણીવીણીને સાફ કરવા કેટલું ગતિશીલ બન્યું રહે છે, ખૂણેખાંચરે લપાઇને બેઠેલા સ્વાર્થ, ઇર્ષ્યા. નિંદા, તિરસ્કાર આદિ કાતિલ દોષોની જાણકારી પણ આપે અને સફાયો પણ બોલાવે છે...અને પેલા સમર્પણના અંકુશે તો મદમત્ત માનહાથીને કેવો ડાહ્યોડમરો કરી નાખ્યો. વિરતિના અંકુશે વિષયાભિલાષિતા પર કબજો રાખ્યો અને તમામ દોષોથી ઉભરાતા પાપોના પર્વતોને તપરૂપી વજ્ર ખલાસ કરી નાખે- અને હું પણ તમારી જેમ શિવ બની જાઉં....કેવું Perfect Planning ? કેટલો ઉત્કૃષ્ટ માર્ગ ?-પરંતુ બડીબડી વાતો કરી જાણનારો હું આચરણમાં મૂકવાનું આવે ત્યારે ઢીલોઢફ બની જાઉં છું અને તેથી સતત સાધનાનો પુરુષાર્થ જેમણે કર્યો છે તેવા તમારા ચરણયુગના શરણે જવાનું હવે નક્કી કર્યું છે.

કેવું અદ્ભુત એ તમારૂં ચરણયુગલ !! સુવર્ણકમલ પર જ સ્થાપિત રહેવાના કારણે બહારની રજથી તો એ અલિપ્ત છે જ, સ્વાર્થવશ થતું પરિભ્રમણ, મનોરંજનવશ મરાતી લટાર, આવેશવશ મૂકાતી દોટ, લોભવશ ચાલતી ઘટમાળ, વ્યવહારવશ મંડાતા પગલા, ભયવશ નીકળતી ધ્રુજારી, કામવશ થતી સ્થંભિતતા, અભિમાનવશ થતી હિંસા, કુતુહલવશ મરાતા ડાફોળિયા, સંસારજીવનમાં તો આ ચરણના કેટલાય દુરૂપયોગ થતા હોય છે અને આ બધા દુરૂપયોગથી તું અલિપ્ત છે, તેથી જ આ ચરણયુગલ કેટલું બધું પવિત્ર છે ? ચરણ દ્વારા ન કોઇ જીવને કચડવાના, ન કોઇને ઠોકર મારવાની, ન કોઇની કાનાકુસી સાંભળવાની કે ન કોઇ પાસે જઇને ચાડીચુગલી કરવાની...જીવનભરમાં પાપ માટે કોઇ ઉપયોગ જ નહીં !!

તો યાદ આવે છે આ ચરણનો તે કાઢેલો કસ-ખડેપગે વર્ષો સુધી કાયોત્સર્ગની સાધનાઓ કરી છે, લાંબા લાંબા ઊગ્ર વિહારો કર્યા છે, જીવહિંસા ન થઇ જાય તે માટે મૃદુતાભરી કાળજી કરી છે. આ જ ચરણ પર કોઇએ ચૂલો બનાવીને ખીર રાંધી છે, કોઇ જંતુઓએ દર અને રાફડા બાંધ્યા છે, કોઇએ ડંખ દીધા છે, સ્મશાનભૂમિ કે અરણ્યભૂમિ પર નિશ્ચલ અને નિષ્પ્રકંપ જાણી કોઇએ પોતાના શીંગડા ઘસ્યા છે, તમામ કષ્ટોરૂપી અગ્નિમાંથી ચરણરૂપી સુવર્ણ કેવું નિષ્કલંક બહાર નીકળ્યું છે ?

તો યાદ આવે છે-આ જ ચરણ જલનો અભિષેક કરી યુગલિયાઓ ઇન્દ્રના મનમાં વસ્યા હતા, આ જ ચરણે પુષ્પોની વૃષ્ટિ કરી નમિ-વિનમિએ વિદ્યાધરના રાજ મેળવ્યા હતા, આ જ ચરણે પુષ્પ ચઢાવી હાથીએ સદ્ગતિ સાધી હતી (કલિકુંડ તીર્થની ઉત્પતિની કથા), આ જ ચરણે મેરૂપર્વતને ડોલાવી ઇન્દ્રની શંકાનું નિવારણ કર્યું હતું, આ જ ચરણનું શરણ લેવાથી સૌધર્મેન્દ્ર સામે લડવા ગયેલો ચમરેન્દ્ર વજ્રઘાતથી બચ્યો હતો, આ જ ચરણે સંગમ-શૂલપાણિ, ગોવાળ જેવાના ઉપસર્ગો સામે સ્થિર રહી અનેકને સમ્યક્ત્વનું દાન કર્યુ હતું, આ જ ચરણથી ઘોડાને બચાવવા એક રાતમાં ૬૦ યોજન, ઉંદરને બચાવવા ૩૦ યોજન, ઇન્દ્રભૂતિ આદિ અગિયારને મોક્ષમાર્ગ પમાડવા ઋજુવાલિકાથી અપાપાપુરી સુધીનો વિહાર થયો હતો... આહાહા..કેટલી વિરાટ અને વિશુદ્ધ આ ચરણની કથા છે !! આટઆટલા જીવોને તારનારું એવું ચરણયુગલ મળે પછી શું કામ છોડું ?

જેમ અજૈન રામાયણ પ્રમાણે રામચંદ્રજીની પાદુકાને સિંહાસન પર સ્થાપિત કરી તેમના વતી ભરતે રાજ્ય ચલાવ્યું હતું તેમ મારા મન મંદિરમાં હૃદયના સિંહાસન પર આપના ચરણયુગલની સ્થિરપ્રતિષ્ઠા કરી સદાકાળ ભજવાના મારા હૈયામાં કોડ છે. મારૂં તો માનવું છે કે સમગ્ર વિશ્વની ધરી, સમગ્ર સંસારનું કેન્દ્રબિંદુ આ ચરણયુગલ છે. જે આ ચરણયુગલની સેવા કરે તે ધન્ય, કૃતપુણ્ય, અવસરનો જાણ અને શક્તિસંપન્ન, જે આ ચરણયુગલને ન પરખી શકે તે 'મૂરખમાં પહિલોજી.'

અજૈનો સમગ્ર ધરતી શેષનાગના મસ્તક પર, કાચબા પર, માછલા પર ઊભી છે તેવું માને છે, ધરતી ક્યાંય કોઇના પર સ્થિર હોય કે ન હોય તેની ચર્ચામાં ન પડતા-આખો મોક્ષમાર્ગ પરમાત્માના મનોભિરામ ચરણયુગલ પર ઊભેલો છે તેવું તો નિઃશંકપણે કહી શકાય...

આવા શક્તિસંપન્ન, સત્ત્વસંપન્ન અને સામર્થ્યસંપન્ન ચરણયુગલ જેમની પાસે છે એવા અનંતબલી હે દેવાધિદેવ !! આપના ચરણની રજ મને બનાવજો, આપના એ ચરણમાં ખુણે ખાંચરે મને સ્થાન આપજો, મને ખાત્રી છે કે આપના ચરણના તેજને જોયા પછી મોહની સેના એ તરફ નજર નાંખવાની હિંમત પણ નહીં કરે, બસ આજથી તારો અને મારો એક નવો સંબંધ ઇતિહાસ રચાય છે.

**'તું છે મારો સાહિબો ને હું છું તારો દાસ...'**
**'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો, ઔર ન ચાહું રે કંત'**

**તું મારો માલિક, હું તારો દાસ,**
**તું મારો પ્રિયતમ, હું તારી ચરણસેવિકા,**
**તું મારો સખા, હું તારો કિંકર**
**તું મારી મા, હું તારો બાળ...**

તારા ચરણે મારૂં મન મોહી લીધું છું અને તેથી તારા એ ચરણમાં સ્થાન પામવા હું બધા જ પાત્ર ભજવવા તૈયાર છું....

**યાદ આવે ભક્તકવયિત્રી મીરા...**
**'ચરણ બિના મોહિ કછુ નહિ ભાવે**
**જગ હૈ માયા સપનન કી**
**મોહે લાગી લગન પ્રભુ ચરનન કી'....**

આજે મારા અંતરમાં આ મીરા વસી ગઇ છે. હું પણ આ ચરણને વળગેલો રહેવા માંગુ છુ-અને ઉપા. યશોવિજયજી મ. ખાતરી આપે છે કે

**'પ્રભુ પદ વળગ્યા તે રહ્યા તાજા,**
**અળગા અંગ ન સાજા રે'....**

પ્રભુના ચરણને વળગે તે નિત્યનૂતન સદા તરોતાજા રહે છે. એટલે હવે સદાની તાજગી, સદાની મસ્તી મારા હવાલે છે...

**મારા માટે તો પ્રભુના ચરણ એ જ મોક્ષ છે.**
**ચરણ મળ્યા, મોક્ષ મળી ગયો.**

## ૧૫

अगण्यकारुण्य शरण्य पुण्य; सर्वज्ञ निष्कण्टक विश्वनाथ ।
दीनं हताशं शरणागतं च, मां रक्ष रक्ष स्मरभिल्लभल्लेः।।

**નિ:સીમ કરૂણાધાર છો, છો શરણ આપ પવિત્ર છો,**
**સર્વજ્ઞ છો, નિર્દોષ છો ને સર્વજગતના નાથ છો;**
**હું દીન છું હિમ્મતરહિત થઇ શરણે આવ્યો આપને,**
**આ કામરૂપી ભિલ્લથી રક્ષો મને, રક્ષો મને...(૧૫)**

એક મમ્મી પોતાના ચિંટુડાને લઇ એક દુકાનમાં ખરીદી કરવા ગઇ. ચિંટુડાનો ગોરટિયો ચહેરો, રતુમડા ગાલ, નિર્દોષ હાસ્ય, આંખોમાં ડોકાતો વિસ્મયભાવ, રમતિયાળ વૃત્તિ, છતાં તોફાનીપણાનો અભાવ આદિ જોઇને દુકાનદારને ગમી ગયો. ગલ્લા પરની બરણી ખોલી કહ્યું-'બેટા ! મુઠ્ઠી ભરીને ચોકલેટ લઇ લે' ચિંટુડો ન હલે કે ન ચાલે, ફરી દુકાનદારે પ્રેમથી કહ્યું-'બેટા ! હું જ તને સામેથી કહું છું તો કોઇ નહીં વઢે, લે લઇ લે'... તો ય ચિંટુડો એકનો બે ન થયો. હવે મમ્મીએ પણ છૂટ આપી તોય એકનો બે ન થયો એટલે દુકાનદારે તેની 'પ્રમાણિક્તા' પર ખુશ થઇ મુઠ્ઠો ભરીને ચોકલેટ આપી દીધી.

ઘરે ગયા પછી મમ્મીએ ચિંટુડાને ધમકાવતા કહયું-'કેમ રે ! દુકાનમાં બહુ મોટો સતો થતો હતો ? દુકાનદારે આટલા પ્રેમથી આટલું બધું કહ્યું તો કેમ ચોકલેટ ન લીધી ?' એટલે ચિંટુડો આંખ પટપટાવીને બોલ્યો-'મમ્મી ! મારી મુઠ્ઠીમાં તો કેટલી ચોકલેટ આવે અને અંકલ આપે તો ? મને ખબર હતી કે હું ના પાડીશ એટલે અંકલ મને ચોકલેટ આપવાના જ છે, તો પછી તેમના હાથે જ શું કામ ના લઉં ? પ્રમાણિક પણ કહેવાઉં અને વધારે પણ આવે'...મમ્મી તો ચિંટુડાની હોશિયારી પર ઓવારી ગઇ.

દુકાનદાર કરતા પોતાની ના મુઠ્ઠી નાની લાગે તો ચિંટુડોય પોતાના હાથે ચોકલેટ લેવા તૈયાર થતો નથી. તો યોગીઓને પણ અગમ્ય અનિર્વચનીય સ્વરૂપ !

તારા સ્વરૂપ અને મારા સ્વરૂપની સરખામણી કરૂં, તારી શક્તિ અને મારી શક્તિને તોલવા બેસું તો મારા જીવનમાં ક્યો પુરુષાર્થ કરવાની હિંમત હું કરી શકું ? ક્યું ડગલું માંડવાની ઇચ્છા કરી શકું ? તારા વિરાટસ્વરૂપને જોયા પછી આટલી સાધના મારાથી થશે કે નહીં તેમાં મને જ શંકા પડે છે...

અજૈન મતે મા જશોદાને શ્રી કૃષ્ણના મોઢામાં વિરાટનું દર્શન થયું તેમ મને પણ તારી અંદર રહેલા વિરાટનું દર્શન થઇ રહ્યું છે. **'अगण्यकारुण्य शरण्य पुण्य, सर्वज्ञ निष्कण्टक विश्वनाथ !'** સૌ પ્રથમ તો તમારામાં ઘુઘવાતો વિરાટ, કોઇપણ મર્યાદા વિનાનો કરૂણાનો મહાસાગર લહેરાતો દેખાઇ રહયો છે. નદી ઘાટે વાઘ આવે કે બકરી, શ્રીમંત આવે કે ગરીબ, સજ્જન આવે કે દુર્જન, તમામને પાણી પીવાની છૂટ હોય છે, સમુદ્રના પેટાળમાં જે મરજીવો પેસે તેને મોતી લેવાની છૂટ હોય છે, તેમ તારી પાસે આવનાર તમામને તારી કરૂણાનું દાન વિના ભેદભાવે મળતું હોય છે. ઇન્દ્રભૂતિ ગૌતમ હોય કે જમાલિ, ચંડકોશિયો હોય કે કાનમાં ખીલા ઠોકનારો ગોવાળિયો, ચંદનબાળા હોય કે ચમરેન્દ્ર, શૂલપાણિ હોય કે સંગમ, ધરણેન્દ્ર હોય કે કમઠ, કરૂણાનું દાન તો અવિરત અમર્યાદિત વહેતું જ રહ્યું છે. અરે ! બીજાની વાત ક્યાં કરવી ? અનંતકાળમાં મારા પર આ કરૂણાનું દાન ક્યાં ઓછું વરસ્યું છે ? હું ગાંડો બન્યો કે ગુંડો, હું મૂર્ખ રહયો કે મૂઢ, હું વિરોધી બન્યો કે વિદ્રોહી-તમામ અવસ્થામાં મારા પર તો પરમ શાતાદાયક કરૂણા જ વરસતી રહી છે અને માટે જ તો પાપોની આવી ભયાનક આગમાં પણ હું સળગીને રાખ થયો નથી. મારી પાપવૃત્તિ અને દોષધિટ્ઠાઇની તેજોલેશ્યા સામે તમારી કરૂણાની ધારરૂપ શીતલેશ્યાએ જ મારી સુરક્ષા કરી છે. દરેક જન્મોમાં મારા પર થઇ રહેલા સતત મોહના આક્રમણ સામે મારા સ્વત્વને જીવાડવાનું કામ આપે જ કર્યું છે. આજે તારી સામે ઉભો છું એ તારી કૃપા છે. આજે થોડીઘણી પણ સારપ ટકી છે એ તારી જ કરૂણા છે. તારી એ કરૂણાના મહાસાગરની વિરાટતાનો વિચાર કરૂં છું ત્યારે ખરેખર મારી જાત પર મને તિરસ્કાર છૂટે છે, જો એ કરૂણાના જળનું અંશમાત્ર પણ વ્યવસ્થિત આચમન કર્યું હોત તો ય હું આજે સિદ્ધશિલા પર જઇને બેઠો હોત. મારી લાખ અવળચંડાઇ વચ્ચે પણ સતત કરૂણાની શીતળતાનો અહેસાસ કરાવ્યો તે અપૂર્વ છે. ભૂતકાળમાં મેરૂપર્વત પણ શરમાય એટલા ઓઘા મળ્યા, સાડા નવ પૂર્વ સુધીનું શ્રુત મને મળ્યું, તપ-ત્યાગ-સ્વાધ્યાય-વૈયાવચ્ચ આદિના યોગો મને મળ્યા, સર્વવિરતિ અને દેશવિરતિપણું મળ્યું તે તારી કરૂણાના જ કારણેને...મારી તો ક્યાં પાત્રતા હતી ? અપાત્રતાના કારણે તો તે બધું નિષ્ફળ ગયું.

વળી **અનન્યશરણ** છો. શરણ્ય બનવા માટે ઉદારતા જોઇએ, સામથ્ય જોઇએ અને સાત્ત્વિકતા જોઇએ. આ ત્રણેયમાં તારો તો જોટો જગમાં જડે એમ નથી. મહાપાપી, મહાદુષ્ટ અને મહાઅધમને પણ ગળે લગાડવામાં, એમના દોષોને ભૂલી જવામાં અને એમને પણ ઉત્કૃષ્ટ માર્ગભૂત શાસનમાં વસાવી દેવામાં તને ક્ષણની પણ વાર લાગતી નથી. એ તમામના બધા જ ભાવમલ દૂર કરવાનું-ક્ષણવારમાં દૂર કરવાનું અપૂર્વ સામર્થ્ય પણ તારી પાસે જ છે. સાતમી નરકમાં અવશ્ય જઇ પડનારને ક્ષણમાં સર્વાર્થસિદ્ધ અને સિદ્ધશિલા અપાવવાની તાકાત તારી પાસે છે તો અનંતકાળના અનંતાનુબંધી દોષોને અને અસંખ્ય કાળની અનંત કાર્મણ વર્ગણાઓને કાચી સેકંડમાં સાફ કરી નાખનારી ક્ષપકશ્રેણિની અજોડ ભૂમિકા તારી પાસે જ છે ને !! સાધનાક્ષેત્રે આવતા મોહઆદિના હુમલાઓ સામે રક્ષણ આપવાનું ગજું પણ તારી પાસે જ છે....

શરણ આપવા જતાં વિરોધીઓ તરફથી હુમલા આવે તો પણ અવિચલ રહેવાની સાત્ત્વિકતા પણ અદ્‌ભૂત છે. જો કે તારૂં બળ અને પ્રભાવ એવો છે કે કોઇ વિરોધી રહેતું નથી અને રહે તો ય હુમલા કરવાનું સામર્થ્ય રહેતું નથી, છતાં કોઇ ગોશાળા જેવો નીકળે, ક્યારેક છદ્મસ્થ કાળમાં પરોપકાર કરવાની તક મળે ત્યારે ઝડપતાં શરણભૂત વ્યક્તિ જ હુમલો કરે તો ય કાળજેથી મીઠાશ જ વહેવડાવવાની સાત્ત્વિકતા તો દુશ્મનના ય માથા ડોલાવી દે તેવી છે. આમ વિશ્વમાં શરણ્ય બનવાની હેસિયત મને તો માત્ર તારામાં જ દેખાય છે.

તારી અંદર રહેલી **પવિત્રતા**ની વાત માંડવી એટલે પાણીની શીતલતા અને ખાંડની મિઠાશનું વર્ણન કરવું...પવિત્રતાની ગંગોત્રી જ તું છે તો પછી વિચારવું જ શું ?

**સર્વજ્ઞ છો**-શરણાભૂત વ્યક્તિના ભૂત-વર્તમાન-ભાવિને, તેની પાત્રતા-અપાત્રતા, શક્તિ-અશક્તિ, વિશ્વના ભાવોની વિચિત્રતાઓ આદિ તમામને જાણો છો, સર્વજ્ઞતા વીતરાગતાના પાયા પર આવેલી છે તેથી નિષ્કંટક-**નિર્દોષ** છો=રાગ-દ્વેષ-મોહના તોફાનોથી રહિત છો, તેથી જ સર્વજ્ઞતાના પ્રકાશમાં પ્રત્યેક વ્યક્તિના ઉજાશની સાથે અંધકાર જોયા પછી પણ કરૂણાવંત ઉદાર રહી શકો છો. વીતરાગતાના પાયા વિનાની સર્વજ્ઞતા ક્યારેક અભિશાપરૂપ બની જાય. જે વ્યક્તિને ઉત્તમ, સરળ, ધર્મી તરીકે જોતા હોઇએ તેના જીવનની એકાદ નબળી કડી પણ જાણવા મળતાં અમે જો હચમચી જતા હોઇએ તો વિશ્વના તમામ જીવોના ભૂત-ભાવિ-વર્તમાન બધું જ જાણનારની તો શું હાલત થાય ? પરંતુ અન્યના દોષોને પકડી રાખવાની, તેને મોટા કરીને જોવાની, તેને મહત્તા આપી બાકીની ઉત્તમતાને દબાવી રાખવાની

જે નબળાઇ અન્યમાં હોય છે તેમાંની કશી જ તારામાં નથી તે જ તો શરણ્ય તરીકેની સૌથી મોટી વિશેષતા છે. શરણ આપ્યા પછી સામેવાળાનો કસ કાઢી લેવાની, તે સહુ દ્વારા પોતાની જ મહત્તા વધારવાની આદિ કોઇ મલિનવૃતિઓ તારામાં નથી. વધુ તો શું કહું ? માઇક્રોસ્કોપ કરતાંય વધુ શક્તિશાળી મારી દોષદ્રષ્ટિથી તારૂં આખું જીવન તપાસી લીધું પણ મને તો તેમાં ક્યાંય દોષ દેખાયા જ નહીં....

**સમગ્ર વિશ્વના નાથ છો**-અપ્રાપ્ત ને પ્રાપ્ત કરાવી આપે અને પ્રાપ્તનું રક્ષણ કરી આપે તે નાથ...આજ સુધીમાં વ્યવહાર રાશિમાં રહેલા તમામે તમામ જીવોને જે કાંઇ પણ શુભ મળ્યું-સુખ, પુણ્ય, ધર્મ, ઉપકરણ, આલંબન, ગુણો, ઉત્તમતા આદિ, તે બધું જ તારા જ પ્રભાવે, તારી જ કૃપાથી. જેણે તારૂં શરણ સ્વીકાર્યું એ તમામને તેં જ મોક્ષે પહોંચાડ્યા, ત્યાં સુધી જતા વચ્ચે આવતા કાતિલ હુમલાઓ સામે તેં જ રક્ષણ કર્યું. આમ પ્રાપ્તિ અને રક્ષણની Double action ની ભૂમિકા નિભાવી તેં જગતનું નાથપણું પુરવાર કર્યું છે..

આમ તો તારા ગુણો અપાર છે, પણ મને લાગે છે કે શરણ્ય તરીકે મારા મનમાં જડબેસલાક બેસાડવા આટલા તો પૂરતા થઇ રહેશે-અને હવે મારી વાત, તારી ઉત્તમતા તો મારા મગજમાં દૃઢ થઇ જ ગઇ છે. મારી અશક્તિ પણ મગજમાં બેસી ગઇ છે. તું આ વિશ્વનો સૌથી શક્તિશાળી છે તો હું આ વિશ્વનો સૌથી નિર્બળ, અશક્ત આત્મા છું. જે જે દોષો સામે તું લડ્યો એને હરાવી નામશેષ કર્યા. જે દોષો આજે તારો પડછાયો જોતાં પણ ગભરાય છે એ જ દોષો સામે અનાદિકાળથી મેં તો શરણાગતિ જ સ્વીકારી છે. લડવાની વાત તો બાજુ પર રહી, ઊંચુ માથુ પણ તેઓની સામે કરી શકવાની તાકાત કોઇ દિવસ કેળવી જ નથી. ક્યારેક તારૂં શાસન પામી સાધનાની તલવાર ઉગામવા નીકળ્યો હોઇશ પણ એવો નબળો નીકળ્યો કે એ સાધનાની તલવાર હાથમાં વ્યવસ્થિત પકડી પણ ન શક્યો. જેની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય એવા દર્દીને નાનકડું પણ નિમિત્ત રોગનું કારણ બની જાય, તેમ મારી દોષપ્રતિકારક શક્તિ નબળી હોવાથી જગતનું કોઇપણ નિમિત્ત મારા માટે કષાય જાગરણ અને કર્મબંધનનું કારણ બની જાય છે. નાનામાં નાનું નિમિત્ત મને ચળાવી જાય, નાનામાં નાનો પણ લાભ મને ડગાવી જાય, નાનામાં નાનો પણ દોષ મને દબાવી જાય અને માંડ માંડ ભેગી કરેલી ગુણોની, પુણ્યની, સાધનાની મૂડી સફાચટ થઇ જાય....

અતુલ બલ-વીર્યસંપન્ન પરમાત્મા !! મારી દીનતાની વાત કરતા હૈયું શરમનું માર્યું ઢળી પડે છે પણ આજે હૈયાની વાત ખોલવાનું પરાક્રમ કર્યું જ છે તો

પાછા પડવું જ નથી. બહારના મોટા મોટા યુદ્ધો આજ સુધી ઘણા લડ્યા છે, મહાપરાક્રમો આજ સુધી કર્યા છે, શૌર્યના ચંદ્રકો મેળવીને આવ્યો છું પણ અંદરની લડાઇ લડવાની આવે ત્યાં હારી જાઉં છું, ક્ષુદ્ર જંતુઓના ભવમાં બેચાર અન્નના કણિયા માટે, પ્રાણી અને પંખી તરીકેના ભવમાં દર-માળા અને ગુફા માટે, ક્યાંક સંગીતના સુર માટે તો ક્યાંક રૂપના ભડકા માટે, ક્યાંક પુષ્પની પરાગરજની સુગંધ માટે તો ક્યાંક લૂલીબાઇના સ્વાદ માટે, ક્યાંક ચામડીની તરસ છીપાવવા તો મનુષ્યભવમાં ક્યાંક સત્તા-પ્રતિષ્ઠા માટે, ક્યાંક અર્થ માટે તો ક્યાંક કામ માટે, અરે દેવભવમાં ય રત્નો, સમૃદ્ધિ, અપ્સરાઓ, અરે છેવટે, વાવડી-એનું પાણી-એના ફૂલોના આકર્ષણ માટે મેં મારી આત્મિક મૂડીને વેડફી નાખી અને મોહરાજાનું શરણું બેધડક સ્વીકારી લીધું. શેરીના કુતરાને ખેંચવા માટે રોટલીનું બટકું બસ થઇ જાય તેમ જાણે સુખના દુકાળમાંથી જન્મ્યો હોઉં તેમ સુખની વાત, યોજના કે સ્વપ્ન પણ મને લોભાવી જાય...હાય કેવી મારી ક્ષુદ્રતા ! કેવી મારી હીનતા !

અનાદિકાલીન આ દીનતા, લડવાની વૃત્તિનો જ અભાવ જીવનમાં એવો ઘર કરી ગયો છે કે હવે તે કામદેવની સેના સામે લડવાની હિંમત નથી આવતી. હા ! પ્રવચનો સાંભળું, પૂર્વના પુણ્યશાળી પૂર્વજોની પરાક્રમગાથાઓ વાંચું, કોઇની દીક્ષા આદિનો પ્રસંગ જોઉં, તપસ્વીઓનું બહુમાન જોઉં ત્યારે ક્ષણવાર ભાવનો ઉભરો આવી જાય છે પણ ખરેખર સંસારના રણસંગ્રામમાં લડવાનું આવે ત્યારે પાણીમાં બેસી જાઉં છું. સામે પક્ષે કામરૂપી આ ભીલના ભાલા વાગવાના ચાલુ જ છે. ક્યાંક એમની જાળમાંથી છૂટી ન જાઉં તે માટે નાના-મોટા નિમિત્તોના ભાલાઓ-ઇચ્છાઓ-અપેક્ષાઓ-વાસનાઓ-વિષયાભિલાષની વૃત્તિઓ-પાપ કરીને બીજાને ત્રાસ આપીને, બીજાનું પડાવી લઇને પણ સુખ મેળવી અને ભોગવી લેવાની દુષ્ટ મનોવૃત્તિઓ આદિ કેટકેટલાય ભાલાઓથી મારા આત્માને જર્જરિત કરી રહ્યો છે. મારામાંથી શુભભાવ, શુભ ઉત્સાહ અને શુભ પુરૂષાર્થનું લોહી કાઢી રહ્યો છે, કર્મબંધનના ઘા વગાડી રહ્યો છે. એના આ ત્રાસથી હું હવે કંટાળ્યો છું, ત્રાસ્યો છું, થાક્યો છું અને તેથી જ આંખમાંથી આંસુ પાડીને, પોકારો કરી કરીને, પગે પડી પડીને તને પોકારૂં છું, પ્રભો ! આ કામદેવના ત્રાસથી મને બચાવો, મને કોઇ એવા સ્થાનમાં લઇ જાઓ જ્યાં નિમિત્તોના ભાલાના ઘા ન હોય, અશુભ ભાવોના માર ન હોય, મારા શુભ ભાવોની ચોરી ન હોય...મારૂં અપહરણ ન હોય અને સદાકાળ માટે શુભ મસ્તીમાં મહાલવાનું હોય !!

**પ્રભો ! મારી વિનંતિ સાંભળો છો ને !!!**

# ૧૬

**त्वया विना दुष्कृतचक्रवालं नान्यः क्षयं नेतुमलं ममेश !**
**किंवा विपक्षप्रतिचक्रमूलम्, चक्रं विना च्छेत्तुमलम्भविष्णुः ॥**

**વિણ આપ આ જગમાં નથી સ્વામી સમર્થ મળ્યો મને**
**દુષ્કૃત્યનો સમુદાય મોટો જે પ્રભુ મારો હણે,**
**શું શત્રુઓનું ચક્ર જે બહુ દુ:ખથી દેખાય છે,**
**વિણ ચક્ર વાસુદેવના તે કોઇ રીતે હણાય છે ?....(૧૬)**

અકબરના નવરત્નોમાંનું એક સંગીતરત્ન તાનસેન-વિરોધીઓએ વાત ચલાવી કે દીપક રાગ ગાતા બહુ જ સરસ આવડે છે, ચમત્કારિક રાગ છે છતાં ક્યારેય રાજાને સંભળાવતો નથી...ઉડતી ઉડતી વાત અકબર પાસે આવી. પ્રાયઃ રાજાના આંખ અને કાન બન્ને નબળા હોય છે કારણ કે બન્ને પારકા હોય છે. અકબર પણ કાનનો કાચો નીકળ્યો 'હું તાનસેનને પોષું, આગળ વધારૂં, ઇનામ-અકરામથી નવાજું અને મને એકવાર પણ દીપકરાગની વાત ન કરે ?'- મોઢું પણ ફરી ગયું અને વ્યવહાર પણ બગડી ગયો. દરબારમાં આવેલા તાનસેનને ખ્યાલ આવી ગયો કે આજનું વાતાવરણ ભારે છે. કુરનિશ બજાવી અકબર સામે જોયું તો આંખમાં અંગારા તગતગતા દેખાયા 'જહાંપનાહ ! કોઇ મેરા કસુર ?' 'અરે તાનસેન ! વર્ષોથી મારૂં લૂણ ખાય છે, મને એકવાર દીપકરાગ ન સંભળાવ્યો ? સામાન્ય સંગીત સંભળાવે છે પણ આવું ઇશ્વરીય અને દિવ્યસંગીત તો સંભળાવતો જ નથી, તો શું મને તું ઉતરતો-હીન માને છે ?' આ શબ્દો સાંભળી તાનસેન ખળભળી ઉઠયો.... 'નહીં, નહીં બાદશાહ આલમગીર !! એવું તો સ્વપ્નમાં પણ વિચાર્યું નથી, પરંતુ દીપકરાગ સંભળાવવામાં એક મોટી મુશ્કેલી છે...'

અકબર ગર્જ્યો...'કઇ મુશ્કેલી છે ?' તાનસેને નજર ઝુકાવી કહ્યું- 'દીપકરાગના સૂરોથી દરબારમાં રાખેલા પ્રગટ્યા વિનાના દીપડાઓની વાટો જલવા માંડે છે અને દીપક પ્રગટે છે'... 'બહોત ખૂબ, આશ્ચર્ય, આશ્ચર્ય'... 'પરંતુ મેરે

ગરીબનવાજ !! દીપક જલવાની સાથે ગાનારનો દેહ પણ જલવા માંડે છે, અંગેઅંગમાં કાળી જલન ઉઠે છે, લ્હાય લ્હાય પેદા થઇ જાય છે અને જો એ વખતે મેઘમલ્હાર રાગ ગાઇ પાણી વરસાવનાર કોઇ ન હોય તો ચંદ દિવસોમાં તે જલી જલીને રાખ થઇ જાય છે. અહીં કોઇ મેઘમલ્હાર ગાનાર નથી તેથી હું એ રાગ ગાઇ શકતો નથી...બેઅદબી માફ હજુર !!' અકબર ક્ષણવાર દાઢી પ્રસારતો વિચારમાં તો પડ્યો, પણ પછી મક્કમ મુખમુદ્રા કરી કહી દીધું-'તાનસેન ! ભવિષ્યનું થઇ પડશે પણ અત્યારે તો તારે દીપકરાગ સંભળાવવો જ પડશે'...તાનસેને હારી ગયેલા સૂરમાં કહ્યું. 'તો પછી મહારાજ ! કરાવો તૈયારી...'

દરબારમાં ચારેકોર દીવડાઓ ગોઠવાયા. વાત નગરમાં પ્રસરતા લોકના ટોળેટોળા ઉભરાવા માંડ્યા. પગ મૂકવાની ય જગ્યા ન રહી...અને ભારે હૈયે તાનસેને દીપકરાગ વહેતો મૂકયો...ધીમે ધીમે થઇ ગયો એકતાન...અને થોડી જ વારમાં દરબારમાં રહેલા દીપકો પ્રગટી ઉઠ્યા....ચારે બાજુથી વાહ વાહ ના પોકારો ઉઠ્યા, તાળીઓ બજી ઊઠી, તાનસેનનો જયનાદ થવા માંડ્યો, અકબરના ચહેરા પર આશ્ચર્ય મિશ્રિત પ્રસન્નતા લહેરાવા માંડી, ત્યાં જ તાનસેન કાળી ચીસ પાડી ભાગ્યો, તંબુરો પડતો મૂકી દરબારની બહાર દોટ મૂકી અને 'બચાવો...બચાવો..કોઇ પાણી આપો'...એવા પોકારો કરતો જંગલ તરફ મૂઠી વાળીને ભાગ્યો. કોઇ સમજે પકડે તે પહેલા તો અલોપ થઇ ગયો.

કેટલાક દિવસો પછી જીવનની આશા મૂકી દીધી હતી ત્યારે તાનસેન એક ગામના પાદરે પહોંચ્યો...કૂવે પનિહારીઓ પાણી ભરતી હતી તેમાંની બે જણીએ તાનસેન સામે જોઇને પૂછ્યું-'દીપકરાગથી બળેલા છો ?' પોતાની દુર્બળ અને શ્યામ કાયાને જોવા માત્રથી પરિસ્થિતિનું માપ કાઢી લેનાર બહેનોના રાગજ્ઞાનનું અનુમાન કરી તાનસેને રાડ પાડી-'બહેન ! રાહ શેની જૂએ છે ! મેઘમલ્હાર રાગ ગાઇને મારો જાન બચાવવાનું પુણ્ય કમાઇ લે ને ...'

તાના-રીરી નામની એ બન્ને બહેનોએ પતિ ઘેર નહીં હોવાનું, અને પતિની આજ્ઞા વિના નહીં ગાતા હોવાનું કહ્યું-ત્યારે તાનસેને જીવ બચાવવો એવી ખુદાની આજ્ઞા યાદ કરાવી, ત્યારે રૂમમાં લઇ જઇ મેઘમલ્હાર રાગ દ્વારા વર્ષા વરસાવી આશ્વસ્ત કર્યા, જાન બચાવ્યો...

જીવજીવન આધાર ભગવંત !! દીપકરાગથી બળેલાને શરણ એકમાત્ર મેઘમલ્હાર રાગનું જ હોય છે તેમ સંસારના પાપ-તાપ-સંતાપથી બળેલા અને

અધમૂઆ થઇ ગયેલા જીવોને બચાવવાનો એકમાત્ર આધાર તમે જ છો...અતિઘોર રોગમાં પટકાઇ ગયેલા આત્માને જીવન બચાવવા જેમ ધન્વતરી વૈદ્ય જ કામ લાગે, ગહન વમળમાં ફસાઇ ગયેલા વ્યક્તિને બચાવવા જેમ સમર્થ નિષ્ણાત તરવૈયો જ ઉપયોગી બને તેમ કર્મના ઘોર રોગમાં, કુસંસ્કારોના બીહડ વમળમાં ફસાયેલા અને આત્માનું તમામ સત્ત્વ અને કૌવત ગુમાવી બેઠેલાને તરવા માટે તું એક જ આધાર છે. હે દેવાધિદેવ !! ભવચક્રમાં ભમતા અનંતકાળમાં સારી દુનિયા અને વિશ્વની તમામ વસ્તુ, વ્યક્તિ અને વ્યવહારોને બહુ નજીકથી બહુ અંગત રીતે જોઇ લીધા છે, તેમાંથી સાર પણ મેળવ્યો છે અને માર પણ ઘણો ઘણો ખાધો છે. અને એથી જ આજે ભાન આવ્યું છે કે આમાંના કોઇ મારા કટોકટીના સમયે મને સાથ આપે તેમ નથી, મારા દુ:ખમાં ભાગ પડાવે તેમ નથી કે મારા ઇચ્છિતની પ્રાપ્તિ કરાવી શકે તેમ નથી. ઉપરથી મારા દુ:ખના મૂળમાં આ જ બધા સંબંધો અને સામગ્રીઓ છે. માતા-પિતા-પુત્ર-પત્ની પરિવાર આદિ તમામ સુખના ભાગીદાર અને વારસદાર બને પરંતુ દુ:ખના સમયે તેમણે પણ માત્ર દૃષ્ટા અને શ્રોતા જ બનવાનું હોય છે. જીવનોપયોગી માનીને વસાવેલી સામગ્રી જ પુણ્યનું એટલું ઘી પી જાય છે કે હવે ભોગનો દીવો પ્રગટાવવા માટે બાકી રહેતું જ નથી...તેથી તે ય મારા દુ:ખોને દૂર કરવા ઉણી ઉતરે છે. અરે ! મળેલું શ્રેષ્ઠિપણું, સેનાપતિપણું, મંત્રીપણું, સામંતપણું કે રાજાપણું જેવા સત્તા અને અધિકારના પદોથી પણ મારૂં કાંઇ ન વળ્યું...એ બધા દ્વારા બાહ્ય વાહ-વાહ, પ્રતિષ્ઠા, લોકોની સલામો આદિ મળ્યા પણ એ સત્તાના પદો ટકાવવા અને બચાવવાના સોગઠા ગોઠવવામાં જ દુ:ખી દુ:ખી થયો અને છેવટે સંસારમાંથી વિદાય થઇ ગયો.

હવે ખ્યાલ આવે છે કે સંસાર તો વિષકન્યા જેવો છે, બહારથી અત્યંત સંમોહક, આકર્ષક, એને જોયા વિના રહી જ ન શકો તેવો, પણ અડવા જાવ કે મર્યા જ સમજો. અનંતકાળથી આ જ રીતે મર્યો છું અને અત્યારે પણ અમારી પાસે જીવન જેવું છે જ શું ? પ્રત્યેક ક્ષણે દુ:ખની અને મોતની પ્રતીક્ષા કરતા જ જીવવાનું....ફફડતા હૃદયે, કણસતા દિલે અને કચડાતી ભાવનાએ આયુષ્ય વીતાવ્યા કરવાનું....પર ઉપર તો કોઇ અધિકાર નહીં, સ્વ ઉપરનો પણ કોઇ અધિકાર ન રહે...ગમે ત્યારે શરીર બગડે, ઇન્દ્રિયો સાથ છોડી દે, મન પણ કહ્યાગરું ન રહે. અરે, એ બધાનેય પારકા માનીએ, મારો આત્મા તો મારો ખરો ને...એ ય મારા કહ્યામાં નહીં, ગુણમાંથી દોષોમાં, પ્રકૃતિમાંથી વિકૃતિમાં, સન્માર્ગથી ઉન્માર્ગમાં,

એ ક્યારે જતાં રહેશે તે'ય કહેવાય નહીં...મારે એ બધા દુર્ભાવોથી બચવું હોય તોય પરાણે જવું જ પડે, આટલી હદની પરાધીનતા હોય એને જીવન કહેવાય જ કઇ રીતે ?

ત્રિજગદુદ્ધારક વીતરાગ ભગવંત !! સંસારના પદાર્થોમાં તો મને ક્યાંય સુખનો ખજાનો ન મળ્યો એટલે કહેવાતા ધર્મના પ્રદેશમાં આવ્યો..અહીં દેવ-ગુરુ અને ધર્મતત્ત્વના નામે બહુ જ મોટો બજાર ચાલતો હતો. અસંખ્ય દેવો, કરોડો ગુરુઓ અને હજારો દર્શનો... સહુ તમને ધર્મનો માલ વેચવા તૈયાર જ હોય. હું પણ વારંવાર એ બજારમાં ગયો અને મને જે માલ પધરાવવામાં આવ્યો તે માલ લઇને આવ્યો...ધર્મના નામે, દુઃખ કાપવાની અને સુખ આપવાની લાલચે, સ્વર્ગના અને મોક્ષના-રિઝર્વેશનના બહાના હેઠળ મારી પાસે સારા-નરસા ઘણા કાર્યો આ જગતમાં કરાવવામાં આવ્યા, મેં અબજોના દાન દીધા, ગાયો, કન્યાઓ અને ભૂમિના દાન આપ્યા, પિંડદાન અને શ્રાદ્ધદાન કર્યા, યજ્ઞ-યાગ કર્યો અને આહુતિઓ આપી, પંચાગ્નિતપો અને અન્ય ઉગ્ર ઘોર તપો-મહિનાઓ સુધી સમાધિ રાખવાના, એક જ પગ પર વર્ષો સુધી ઊભા રહેવાના, લાંબી જટાઓ વધારવાના, સૂકા કંદમૂળ-ફળ સિવાય કશું ન ખાવાના, જમીનમાં દટાઇને કે કાંટાની પથારી પર મહિનાઓ સુધી પડ્યા રહેવાના ઘણા ઘણા કષ્ટો સહન કર્યા... ટુંકમાં કહું તો, શરીરને સૂકવી નાખીને, મનને મારીને, સંસારની તમામ સામગ્રીઓ લૂંટાવી દઇને અન્ય દેવોને પૂજ્યા, ઉપાસ્યા, ગુરુઓના વચનને બ્રહ્મવાક્ય માની સ્વીકાર્યા, ધર્મના આચરણો કર્યા, પરંતુ આ બધાએ ક્યારેક એકાદ ભવનું સુખ, થોડી ભોગસામગ્રી આદિ અપાવ્યા, પરંતુ સંસારના મૂળમાં રહેલ મારા દુષ્કૃત્યનો પહાડ કોઇએ ન તો ઉતાર્યો, ન ઓછો કર્યો...મૂળને પકડયું જ નહીં પછી દવા ક્યાંથી કરે ?

આમ મારી સ્થિતિ-'**રખડી રઝળી આવ્યો તુમ પાસે**'-એના જેવી છે. જ્યાં ગયો ત્યાં કોઇકે' સુખનું બટકું આપ્યું તો કોઇએ પડીકું, પણ કોઇએ દુઃખનું પોટલું ન ઉતાર્યું, દુઃખના મૂળભૂત પાપનો, પાપ સંસ્કારોનો પહાડ ન ઉતાર્યો...અને તેથી હવે એ ઉતારવા તમારી પાસે આવ્યો છું...તમારૂં જીવન, તમારૂં સ્થાપેલુ શાસન, શાસનની પરંપરાનો ઇતિહાસ જોતા મને હવે તમારા પર પૂર્ણ શ્રદ્ધા પણ બેસે છે. જેની દુર્ગતિ નિશ્ચિત મનાઇ રહી હોય એવા પણ આત્માઓના શુદ્ધિકરણ અને સિદ્ધિગમન એવી સિફતથી થયા છે કે દિલ તમારા પર ઓવારી જાય... દીર્ઘસંસારીઓને અલ્પસંસારી અને અલ્પસંસારીઓને સિદ્ધિવાસી બનાવવાનું તો તમારા શાસન પાસેથી કોઇ શીખે અને એના મૂળમાં તો સાચા સાધના માર્ગ પર

સમર્થતાનું મૂળ મને આ બે ગુણોમાં દેખાય છે. સ્વના જીવનમાંથી દુષ્કૃત્ય અને દોષોને દેશવટો અપાયો હોય, ન કોઇ અપેક્ષા કે મહત્ત્વાકાંક્ષા, ન પોતાનું શાસન વેચવાની, (ચલાવવાની) ગરજ કે ફરજ, ન દુનિયામાં અનુયાયીના ટોળા વધારવાનો લોભ હોય, સામે પક્ષે સત્યને સત્ય તરીકે જાણ્યું હોય, નિશ્ચિત રીતે જાણ્યું હોય, તે જ રીતે પ્રરૂપવાની તૈયારી હોય, આવી વીતરાગતા અને સર્વજ્ઞતા હોય તે જ તત્ત્વને સત્યરૂપે નિર્ધારી શકે અને ખોલી શકે. ડંકાની ચોટ પર મને કહેવા દો કે સંસારના, દુઃખના અને જીવનની વિષમતાઓના મૂળ સુધી જો કોઇ પહોંચ્યું હોય તો માત્ર સર્વજ્ઞ વીતરાગ ભગવંત આપ જ પહોંચ્યા છો, અન્ય કોઇ નહીં...જ્યાં પહોંચવાનું જ નહીં, ત્યાં પામવાનું ક્યાંથી શક્ય બને ?

તારા શાસનનું સાધનચક્ર અને સાધનાચક્ર બન્ને આ સંસારચક્રને કાપવા માટે અત્યંત સમર્થ છે. તારા શાસનના ઉપકરણો, આલંબનો અને અનુષ્ઠાનો પણ અપ્રતિમ છે. તારી દ્વાદશાંગી અદ્વિતીય છે. તારો જ્ઞાનયોગ, ક્રિયાયોગ અને ભક્તિયોગનું અત્યંત સંતુલિત સંમિશ્રણ ધરાવતો સાધનામાર્ગ પણ અનોખો છે. આત્માના ખુણે ખુણે લપાઇને બેઠેલા દુષ્કૃત્યરૂપી ડફેરોની ટોળીને ઝબ્બે કરીને આત્મભૂમિને મુક્તિ કરવાનું સામર્થ્ય પ્રભુ આપનામાં જ છે...આપ તો સમર્થ છો જ, આપના માર્ગનું અનુસરણ, આપની ભક્તિ, અરે આપનું નામસ્મરણ પણ આ દુષ્કૃત્યના સમુદાયને ક્ષણવારમાં નામશેષ કરી નાખે છે. આપની સમર્થતા તો છે જ, આપના શાસનનો અંશ પણ દુષ્કૃત્યોના પહાડને નામશેષ કરી નાખવા વજ્રસમાન બને છે. એક વચનનું શ્રવણ, એક સાધુનું દર્શન, એક સાધુવેષનું સ્મરણ...પણ ક્યાં દુષ્કૃત્યના કાદવથી લેપાયેલા કે લેપાવા જતા આત્મા માટે તારક નથી બન્યું ? યાદ આવે ઇન્દ્રભૂતિ ગૌતમની મિથ્યાત્વકાળની ભૂમિકા, અગ્નિભૂતિએ કહયું કે 'સર્વજ્ઞ નામધારીને જીતવા જવાની તમારે ક્યાં જરૂર છે ? તમારો લઘુબંધુ હું પણ કાફી છું'-ત્યારે ઇન્દ્રભૂતિએ ગર્વના હુંકારા સાથે કહેલું-'એમ તો મારો નાનામાં નાનો અને નબળામાં નબળો શિષ્ય પણ તેને હરાવવા કાફી છે'...બસ પ્રભો ! એ વચનની સત્યતા મને તારામાં દેખાઇ રહી છે. તારા શાસનનો નાનામાં નાનો અંશ પણ વિરાટમાં વિરાટ દુષ્કૃત્યના સમુદાયને ફેડવાની તાકાત ધરાવે છે.

વિરાટ શત્રુઓનુંદળ જીતવા વાસુદેવનું ચક્ર જ જોઇએ તેમ વિરાટ કર્મદળ, કષાયદળ અને કુસંસ્કારદળને જીતવા સર્વજ્ઞબળ જ અપેક્ષિત છે તેથી હવે મારી આ

અરજી તમે સાંભળો અને સ્વીકારો...

**મંદિર પધારો સ્વામિ સલૂણા, તારા વિના નાથ ક્યાંય ગમે ના !** સમર્થ તો છો જ, પરંતુ મારા મનમંદિરમાં પધારી તમારો સ્વામિભાવ સ્થાપિત કરો, તમારા તરફથી સ્વામિભાવ સ્થાપિત થાય પછી હું નિશ્ચિંત થઇ જાઉં...યાદ આવે કવિવરના ગુરુદેવ શ્રી કલિકાલ સર્વજ્ઞશ્રી-

**तव प्रेष्योऽस्मि दासोऽस्मि, सेवकोऽस्म्यस्मि किङ्करः ।**
**ओमिति प्रतिपद्यस्व, नाथ ! नाऽतः परं ब्रुवे ।।**

એક વખત હોંકારો ભણી દ્યો, તમારા અંતઃ કરણમાં મને સ્થાન આપી દો, પછી હું રાજા....

**'આજ મારા પ્રભુજી સામું જુઓને**
**સેવક કહીને બોલાવો ને....'**

૯ થી ૧૬ સ્તુતિઓ સુધીનો ઝંખનાનો પ્રદેશ પૂર્ણ કર્યા પછી હવે વેદનાના દાહક પ્રદેશમાં પ્રવેશ થાય છે. માત્ર ૪ સ્તુતિઓ જેટલો જ પટ, પરંતુ એની અંદર તો સમગ્ર ભવચક્રની વેદનાઓ ઠાલવી દીધી છે. વેદનાનો પ્રદેશ પણ ઘણો વિરાટ છે. ફરિયાદો તો અસંખ્ય હોઇ શકે, અહીં માત્ર ફરિયાદ નથી, પણ સાથે હૃદયનો આર્તનાદ ભળ્યો છે. ઊંડાણ ભર્યું છે આ પોકારોમાં અને તેથી જ છેક નાભિથી નીકળેલી આ ચીસ આપણને પણ હલાવી જાય છે. અહીં નથી ભોગઅપ્રાપ્તિ કે સત્તાઅપ્રાપ્તિની ફરિયાદો, નથી દુઃખ કે દર્દની રામકહાણીઓ, નથી લાચારી કે મજબૂરીની ઘાયલ કથાઓ...અહીં તો છે માત્ર આત્મપ્રદેશનું વિચરણ કરતાં જોવા મળેલ ખાનાખરાબીની દાસ્તાનો, તેના કારણો સામેનો આક્રોશ અને તેની સામે લડતા મળેલ નિષ્ફળતાઓનું દર્દનાક બયાન...જેના જીવનનો મોટો ભાગ સતત ભૌતિક અને દૈહિક વિટંબણાઓ વચ્ચે જ વીત્યો હોય , રાજકુળમાં જન્મવા છતાં ભિખારી કરતાંય બદતર હાલતમાં જીવવું પડ્યું હોય (યાદ કરો, ઉંદરની સોનામહોરો લઇ લેવાનો પ્રસંગ), સતત મોતના ઓછાયા વચ્ચે અહીંથી તહીં રઝળપાટો જ કરવી પડી હોય, રાજ્ય મળ્યા પછી ય નિકટના જ સ્વજનો દ્વારા રાજ્યને અસ્થિર કરવાના સતત કાવાદાવા અને સિદ્ધરાજના માનીતા લોકો તરફથી સતત વિદ્રોહની

ચિનગારી વચ્ચે જીવીને પાકટ વયે માંડ સ્થિરતા મળી હોય ત્યારેય ભોગપુરુષ બનવાને બદલે અધ્યાત્મપુરુષ બની ચૂકેલા કુમારપાળ મહારાજાના આત્માની મૂઠી ઉંચેરી પાત્રતા અહીં દેખાય છે. સાંસારિક જીવનનો ઓછાયો સુદ્ધા અહીં પડવા દીધા વગર અધ્યાત્મની જ જે ઉંચી ભૂમિકા અહીં પ્રગટ કરી છે તે જોઇ કમાલ...કમાલ...શબ્દો મોઢામાંથી સરી પડ્યા વિના ન રહે.

**હજારો જન્મના પાપો, કરોડો દોષ આ ભવના**
**પલાળી ધોઇ નાખે છે, એક અફસોસનું બિંદુ,**
**બધા યે દોષ હરનારૂં, પતિતને પાત્ર કરનારૂં**
**અમે અગણિત ગુણવાળું દીઠું અફસોસનું બિંદુ....**

આવી પંક્તિઓ તો ઘણી સાંભળવા મળેલી પણ એની ઉંચાઇ શું તે આ ૧૭ થી ૨૦ સુધીની સ્તુતિઓમાં જોવા મળે...એ વેદનાના પ્રદેશનો પ્રવાસ શરૂ કરીએ એ પહેલા ભાવિગણધર કુમારપાળ રાજાની પાસે એક માંગણી મૂકવાનું મન થાય છે કે આવી વેદનાનું સ્વામિત્વ તમને જે મળ્યું એમાંથી અમને પણ થોડી પ્રભાવના ન આપો ? કારણ કે

**'ગઇ ખુશી, એનો કોઇ ગમ નથી,**
**ગમ છે, આંસું પણ ગયા એનો.'**

હા ! અભ્યંતર સ્તરે દરિદ્ર બની ચૂકેલા અમારા સહુની સ્થિતિ એવી છે કે સાધનાનું, ભક્તિનું, ગુણોનું સ્વામિત્વ તો નથી જ પરંતુ દોષોથી ખરડાયેલા અને પાપોમાં લપટાયેલા આત્માની વર્તમાન સ્થિતિ પર રડી ઉઠવાનું સામર્થ્ય પણ અમે ગુમાવી બેઠા છીએ...૩૨ પકવાન તો નથી પણ એઠી-જૂઠી-સડેલી ભીખ પણ અમારી પાસે નથી અને એ જ દરિદ્રતાના કારણે આજે કુમારપાળ મહારાજાના આંસુંય લોભામણા અને લલચામણા લાગે છે. એથી જ કોઇ સાધના ઉધાર માંગે, અમે આંસુ પણ ઉધાર ઉઘરાવવા નીકળ્યા છીએ. તો ચાલો, આંસુંના વૈભવનું પણ જરા દિગ્દર્શન કરી લઇએ...

## ૧૭

**યદ્દેવદેવોऽસિ મહેશ્વરોऽસિ, બુદ્ધોऽસિ વિશ્વત્રયનાયકોऽસિ ।**
**તેનાન્તરઙ્ગારિગણાભિભૂતસ્તવાગ્રતો રોદિમિ હા સખેદમ્ ॥**

**પ્રભુ દેવના પણ દેવ છો, વળી સત્ય શંકર છો તમે,**
**છો બુદ્ધ ને આ વિશ્વત્રયને છો તમે નાયકપણે;**
**એ કારણે આંતરરિપુસમુદાયથી પીડેલ હું,**
**હે નાથ ! તુમ પાસે રડીને હાર્દના દુઃખો કહું....(૧૭)**

અમદાવાદ પ્રસિદ્ધ ધર્મનાથનું દેરાસર બંધાવનાર શેઠ હઠીસિંહના જીવન માટે પ્રચલિત કિંવદંતી છે. એક સમયે કિસ્મત રૂઠ્યું હોવાથી થોડી મુશ્કેલીનો સમય પસાર થતો હતો. ઘરમાં હાંલ્લા કુસ્તી કરે એવી સ્થિતિ પરંતુ બહાર નામના અને આબરૂ મોટી, દિલ પણ એટલું જ ઉદાર અને પરગજુ. કોઇ આંગણે આવે તો નકાર જીભમાંથી નીકળે જ નહીં... દુકાને બેઠા હતા ત્યાં જ એક ડોશીમા એકદમ ગભરૂ હાલતમાં પસાર થયા. થોડા આગળ જઇ પાછા આવ્યા, ફરી આગળ ગયા, ફરી પાછા આવ્યા...થીગડા મારેલી સાડીના પાલવમાંથી એમનો હાથ ધ્રુજતો બહાર આવ્યો. એક કાટ ખાયેલી લોઢાની લોઢી શેઠ હઠીસિંહના ચરણે અડાડી પાછા હટી ગયા, ફરી હઠીસિંહના મુખ સામે જોઇ લોઢી અડાડી, એમની આ વિચિત્ર ચેષ્ટા સાથે ગભરૂ મનોભાવો જોઇ શેઠે પ્રેમથી બોલાવ્યા-'માજી ! આ શું કરો છો ?' માજી તો એકદમ જ ગભરાયા, આંખમાં આંસું ધસી આવ્યા...' જી શેઠ ! કાંઇ નહીં આ તો...' શેઠે હૈયાધારણ આપતાં કહયું. 'માજી ! ગભરાઓ નહીં, તમને કોઇ જ તકલીફ પડવા નહિ દઉં, પણ તમે મને કહો તો ખરા ! હકીકત શું છે ?' અને માજીએ હઠીસિંહના પગમાં પડી કહયું'-'શેઠ ! દૂર ગામડામાં રહું છું. વિધવા બાઇ છું. આજ સુધી તો જીવતરની ગાડી જેમ તેમ હાંકી પણ હવે ઘેર એકની એક દીકરીના લગ્ન આવ્યા છે. પ્રસંગ પાર પાડવા માટે એક નયા પૈસાની પણ સિલક ઘરમાં નથી.

હું મુંઝવણમાં હતી ત્યાં કોઇએ કહયું-શેઠ હઠીસિંહ પાસે જા, એ પારસમણિ છે, તારું કામ થઇ જશે અને મેં સાંભળેલું કે પારસમણિને લોખંડ અડાડીએ તો સોનું થઇ જાય, ઘરમાં તો માટીના ઠીકરા સિવાય કાંઇ હતું નહિ. છેવટે વર્ષો જૂની લોઢી લઇને આવી છું. ચારને પૂછીને ચોકસાઇ કરી કે ગાદી પર બેઠેલા શેઠ એ જ હઠીસિંહ છે ને...અહીં સુધી આવી તો ગઇ પણ પછી વિચાર આવ્યો કે એમને લોઢી કેમ અડાડાય ? એ ગભરાટમાં બેચાર આંટા માર્યા, છેવટે હિંમત કરીને લોઢી અડાડી જ દીધી...'

ભલા-ભોળા માજીની બાળક જેવી વિચારણા અને દાસ્તાન સાંભળી વિકટ પરિસ્થિતિમાં ય શેઠ હસી પડયા પણ ક્ષણવારમાં જ ગંભીર થઇ ગયા. માજી મોટી આશા લઇને આવ્યા છે પણ આજે આપી શકાય એવું કશું જ ઘરમાં નથી. પોતાની મુશ્કેલી તો કાલે વીતી જશે, પણ માજી પાસે તો કાલ સુધી રાહ જોવાય એમ પણ નથી એનું શું ? માજીને ઓટલે બેસાડી પોતે ઘરમાં ગયા, અર્ધાંગિનીને વાત કરી, અર્ધાંગિનીએ પણ જીવનભર એમનું જ પડખું સેવેલું એટલે તરત જ સંમતિ આપી અને સૌભાગ્યના એક માત્ર ચિહ્નસમું મંગલસૂત્ર લઇ શેઠ બહાર આવ્યા અને માજીના હાથમાં આપ્યું-લો માજી ! આનાથી તમારો પ્રસંગ દીપાવજો...માજી તો એકદમ સ્તબ્ધ થઇ ગયા. 'પણ મારી લોઢી તો ઘાટ ઘડાયા વિનાની હતી, આ તો મંગળસૂત્ર છે. આવું કેમ બને ?'... શેઠે હસતાં હસતાં કહયું-'માજી ! જડ પારસમણિ એવું ને એવું સોનું આપે, પણ જીવંત પારસમણિમાં તો ફરક પડે ને...એટલે સીધું મંગળસૂત્ર થઇને આવ્યું છે, નિઃસંકોચ લઇ જાઓ અને પ્રસંગ દીપાવો...' અને માજી તો રાજી રાજી થઇને ચાલી નીકળ્યા...કરૂણાના સિંધુ જિનજી !! હાડ ચામના બનેલા માણસને પારસમણિ માનીને દુનિયા લોખંડનું સોનું બનાવવા જતી હોય તો તું વિશ્વનો મહાપારસમણિ છે. પારસમણિ તો લોઢાને સોનું બનાવે, તું તો આખે આખા આત્માને પરમાત્મા બનાવી દે છે, દુઃખીને સુખી, દુર્જનને સજ્જન અને પતિતને પાવન કરવાની તાકાત અને ફાવટ તારી પાસે જે છે એવી તો કોની પાસે હોવાની ? માટે જ હું તારી પાસે મારા સડેલા, કાટ ખાયેલા, ખતમ થવા આવેલા આત્માને લઇ આવ્યો છું. મારી વ્યથા કથા સાંભળવાની પાત્રતા બીજા કોઇ પાસે ક્યાં છે અને હોય તો'ય મારે બીજા પાસે જવું શું કામ ?

**'ज्ञाता तात ! त्वमेवैकस्त्वत्तो नान्य: कृपापर: ।**
**नान्यो मत्त: कृपापात्रमेधि यत्कृत्यकर्मठ: ।।'**

**'માહરે તો પ્રભુ તું હી એક, તાહરે મુજ સરીખા અનેક !'**

**'મેં કીનો નહીં તુમ બિન ઓર શું રાગ...'**

**'ઋષભ જિનેસર પ્રીતમ માહરો, ઓર ન ચાહું રે કંત !'**

સતીને મન પતિ એક, બાળકને મા એક જ, તેમ માહરે પ્રભુ તું હિ એક, તારી વિરાટતા જોયા પછી આ જગત આખું વામણું લાગે છે, તેમાં મારૂં ચિત્ત ઠરવા તૈયાર થતું જ નથી...

યાદ આવે છે ચમરેન્દ્ર, જે સૌધર્મેન્દ્રએ છોડેલા વજ્રથી બચવા તમારા ચરણનું શરણ સ્વીકારી ગયેલા, યાદ આવે છે સૂર્ય-ચંદ્ર દેવ, જે તમારી ઉપાસનાથી મળેલા દેવત્વનું ઋણ ચૂકવવા મૂળ વિમાને આપની પાસે આવેલા, યાદ આવે છે સૂર્યાભદેવ, તમારી ઉત્કૃષ્ટતાથી અંજાઇને ૩૨ નાટકોથી ભક્તિ કરી ગયા, યાદ આવે છે અસંખ્ય સમકિતી દેવતાઓ, ભવાંતરમાં સંભવિત દુર્ગતિને વારવા બાળકની જેમ, ભિખારીની જેમ તમારા ચરણ ચૂમીને ઉપાયો માંગતા હોય-આ દૃશ્યોએ એક વાત મગજમાં જડબેસલાક બેસાડી દીધી છે કે **'यद्देवदेवोऽसि'** તું દેવાધિદેવ છો. દેવનો પણ દેવ છો અને તેથી જ તો રાવણ, ધનસાર શ્રેષ્ઠિ, દેવપાલ જેવાએ પ્રગટ થયેલા સમકિતી દેવતાઓ પાસે વરદાન માંગવાની એમ કહીને ઘસીને ના પાડી દીધેલી, 'તમે જ ભિખારી જેવા છો, તમારી આસક્તિ-તૃષ્ણા-કામના ઘણી છે તો સામે પક્ષે માંગેલું આપવામાં ઘણી મર્યાદાઓ છે તો તમારી પાસે માંગવા જેવું શું છે અને માંગવું શું કામ ?'

**ધીંગ ધણી માથે કીયો રે, કુણ ગંજે નર ખેટ...**

**ધીંગો-બળવાન-સર્વશક્તિમાન ધણી માથે હોય પછી શું ચિંતા ?**

વળી તમે **'महेश्वरोऽसि'** મહા ઐશ્વર્યના સ્વામી છો. અષ્ટ પ્રાતિહાર્ય, ૩૪ અતિશય, ૩૫ વાણીના ગુણ, ૫૬ દિક્કુમારિકા અને ૬૪ ઇન્દ્રોના સિંહાસનો ડોલાવવાનું અપ્રતિમ સામર્થ્ય તો તમારી પાસે છે જ, સૌથી મોટું તો તમારી પાસેનું અભ્યંતર ઐશ્વર્ય છે. ઉપસર્ગ-પરિષહોની વરસતી ઝડીઓ વચ્ચે પણ ટકતું **સમાધિ અને સમતાનું ઐશ્વર્ય**, લાખ પ્રલોભનો જેવા કે અપ્સરાઓના નૃત્યો કે દેવોની ભાવભંગિમાસભર નૃત્યનાટિકાઓ આદિ વચ્ચે પણ ટકતી **વીતરાગતાનું ઐશ્વર્ય**, અહંકાર તો મેરૂ જેવડો થઇ જાય તેવા પ્રકૃષ્ટ પુણ્યના ઉદય વચ્ચે પણ **નિર્વિકારતાનું ઐશ્વર્ય**, દુષ્ટો અને અધમો પર પણ ઉછળતી અનંત **કરૂણાનું ઐશ્વર્ય**, અનંતજ્ઞાનાદિ **અનંત ચતુષ્ટયનું ઐશ્વર્ય**, વિશ્વભરના સંતો, મુનિઓ, ઋષિઓ અને યોગીના

એકમાત્ર આલંબનભૂત, ધ્યાનના વિષયભૂત બનવાનું અને **સહુને સન્માર્ગનું દાન કરવાનું ઐશ્વર્ય, અનંત ગુણોનું ઐશ્વર્ય**....પ્રભો ! કોઇ પણ આત્માની અભ્યંતર ઐશ્વર્ય પિપાસાને જગાડવા આટલી તો સામગ્રી પૂરતી થઇ ગઇ. બજારની વાસી-ગંદી પણ ૨-૪ મિઠાઇ જોતાં પણ મોઢામાં પાણી આવી જતા હોય, સામાન્ય પણ આકર્ષકતા ધરાવતા બંગલો, ગાડી, વસ્ત્રો આદિ મનમાં વસી જતા હોય તો આ તો આખા વિશ્વના ચિત્તને ડોલાવનાર તત્ત્વો છે, એ નિહાળ્યા પછી હવે તમારો કેડો કેમ છોડું ? તમારા એ અનંતના ખજાનામાંથી એકાદ બટકું પણ મને આપો ને !!!

વિદિતાખિલ વસ્તુસાર સર્વજ્ઞ ભગવંત !! અખિલ બ્રહ્માંડના તમામ તત્ત્વોની ઉત્પતિ-સ્થિતિ-લય, સમતા અને વિષમતા આદિ બધાના તમે જ જાણકાર છો. વિશ્વશ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન તમે જ આપ્યું છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ અને ગૂઢાતિગૂઢ પદાર્થોને પણ જે સહજ રીતે આપે દર્શાવ્યા છે એ આપના સર્વજ્ઞપણાની સચોટ સાબિતિ છે. જગતના જીવોની ક્ષમતા અને પાત્રતા મુજબ જે અલગ અલગ માર્ગ બતાવ્યા છે, અત્યંત કઠોર સાધનામાર્ગ બતાવવાની સાથે ઉત્સર્ગ-અપવાદ આદિ માર્ગોની જે ગૂંથણી કરી છે તે એકપણ જીવ સાધના માર્ગથી વંચિત ન રહી જાય તેની કરૂણા સાથે અંતરંગ ભાવોને જાણવાની પ્રબુદ્ધતા પણ ઉજાગર કરે છે. ખરેખર ! તમામ તત્ત્વ, તમામ જીવ, તમામ ભાવોને જાણવાની સમર્થતા બેમિસાલ છે.

તો વિશ્વત્રયીનાયક !! ભોગમાર્ગ અને યોગમાર્ગ, બન્ને પર જગતના જીવોને લઇ જનાર નાયક બનવાની તાકાત તમારામાં જ છે. ભોગમાર્ગમાં પણ સત્ત્વ સંપન્ન અને શીલસંપન્ન બન્યા રહેવાની વાત પ્રભુ જ કરી શકે. યુગલિક કાળ પછી મર્યાદાસંપન્ન-ભોગમાર્ગ પ્રભુએ જ દર્શાવ્યો તો આત્મસાધનામાં ઉપકારી યોગમાર્ગ પણ **'आदिमं निष्परिग्रहम्, आदिमं तीर्थनाथं च'** બની તેં જ દેખાડયો...નાયક તે જ બની શકે જે ઉન્માર્ગથી બચાવી સન્માર્ગમાં, વિપત્તિથી બચાવી સંપત્તિમાં અને સંઘર્ષથી બચાવી શાંતિમાં લઇ જઇ શકે, તો આ તાકાત તારા સિવાય અન્યમાં કેટલી ? અને હોય તો પણ તારી પાસેથી ઉધાર જ મળેલી ને ! માટે જ તો વિશ્વત્રયને છો તમે નાયકપણે...

હે અચિંત્ય ચિંતામણિ !! મારા સુતેલા આત્માને જગાડવાનું, એનામાં આંતર ઐશ્વર્યની રૂચિ જગાડવાનું, અફાટ જ્ઞાનમાર્ગમાંથી થોડો ડહાપણનો અંશ આપવાનું અને ભવજંગલની ઉંધી કેડીઓમાંથી પકડી સન્માર્ગે ચડાવવાનું કામ

તારે જ કરવાનું છે, અને અત્યાર સુધી જેણે મને દુર્બુદ્ધિ, દુર્વાસના અને દુષ્કૃત્યના ગંદા ખાબોચિયામાં જ રમતો રાખ્યો છે એવા આંતરરિપુસમુદાયથી તારે જ બચાવવાનો છે. આ સામર્થ્ય તારામાં છે જ માટે જ તારી પાસે આજે હું મારૂં હૃદય ખોલું છું.... મારી વેદનાજનક કાળી પાપકથાઓનું બયાન કરૂં છું અને મારા જીવનના સર્વસ્વ એવા આંસુંનું સમર્પણ કરૂં છું...એક વાતનું ધ્યાન રહે, આ માત્ર મારા આંસું નથી, મારી વેદનાઓનો હિસાબ છે, મારી લાચારી-મજબૂરી અને દીનતાનું પ્રતિક છે, પાપોથી પાછા હટવાની અને સન્માર્ગે આવવાની મારી તમન્નાઓનું બયાન છે, તારા હૃદયને જાગૃત કરવાનો પુરુષાર્થ છે, તારી કરૂણાના કમાડને ખોલવાની વિનંતિ છે, તારા પ્રત્યેની મારી શ્રદ્ધા છે, એક માત્ર આશાનું એ નિશાન છે. પ્રભુ ! માત્ર ખારૂં, ઉનું પાણીનું ટીપું નથી એ મારા જીવનનું સર્વસ્વ છે.

મારી સહનશીલતાની હદ આવી છે, પાપો સાથેની મિત્રાચારીતા અને દોષો સાથેની ભાઇબંધી તોડી નાખવાની તત્પરતા જાગી છે. સંસારના ભ્રમણનો થાક લાગ્યો છે અને મોક્ષની અભિલાષા જાગી છે, ઉકરડાનો સહવાસ ક્યાં સુધી ગમે ? અંધારું હોય ત્યાં સુધી જ ને, તેમ દુઃખ, દુષ્કૃત અને દોષનો ગંધાતો સહવાસ પણ અજ્ઞાન હોય ત્યાં સુધી જ ગમે, હવે એ અજ્ઞાન ટળી ગયું છે, જાગૃતિ આવી છે, છૂટવું છે પણ બંધન લાંબા પણ છે અને મજબૂત પણ છે તેથી છૂટાતું નથી તેની વેદનામાં આજે તારી પાસે ધા નાખી રહ્યો છું...

મુક્તિ તણી માંગલ્ય ક્રીડાના મંદિર !!
હવે મને એ બંધનથી છોડાવશોને...
હવે મને એ દુષ્ટ ભાઇબંધો-જે મારા શત્રુઓ જ છે તેના ત્રાસથી બચાવશોને !
હવે મારા આત્મામાં જામી પડેલા કર્મોના બોજને હળવા કરવાનું કરશોને....
હવે મને તમારી પાસે જલ્દી બોલાવશોને....
એક વાત કહું !
સ્વાર્થીજનો પાસે પાડેલા આંસુનું પરિણામ ઘા પર મીઠું ભભરાવવા સમાન હોય,
સંબંધીઓ પાસે પાડેલા આંસુંથી સાંત્વના મળે,
સ્નેહશીલ પાસે પાડેલા આંસુંથી સહાય મળે, પરંતુ
કરૂણાશીલ પાસે પાડેલા આંસુંથી તો સિદ્ધિ મળે....

**કરૂણાના સાગર છો, પ્રભુ કૃપા તણા ભંડાર છો,**
**હવે તો મારે સિદ્ધિ હાથવેંતમાં સમજવાની ને....**

# ૧૮

स्वामिन्नधर्म्मव्यसनानि हित्वा, मनः समाधौ निदधामि यावत् ।
तावत्क्रुधेवान्तरवैरिणो मामनल्पमोहान्ध्यवशं नयन्ति ॥

**અધર્મના કાર્યો બધા દૂરે કરીને ચિત્તને,**
**જોડું સમાધિમાં જિનેશ્વર ! શાન્ત થઇ હું જે સમે;**
**ત્યાં તો બધાયે વૈરીઓ જાણે બળેલા ક્રોધથી**
**મહામોહના સામ્રાજ્યમાં લઇ જાય છે બહુ જોરથી...(૧૮)**

જૈન મતના કૃષ્ણચરિત્રમાં આવતું એક પાત્ર દ્વૈપાયન....પ્રભુ નેમિનાથ ભગવંતે દ્વારિકાના દાહના મૂળમાં આ ઋષિને કહેલા તેથી આ પાપથી બચવા તથા દ્વારિકાના લોકોને બચાવવાના પવિત્ર આશયથી વર્ષોથી નગરી છોડી સીમાડે આવેલા પર્વતની એકાંત ગુફામાં ધ્યાન-સાધના આદિમાં પોતાની જાતને એકાકાર કરી દીધેલી...બીજી બાજુ પ્રભુ નેમિનાથના માર્ગદર્શન અને શ્રીકૃષ્ણની સૂચના મુજબ દ્વારિકાજનોએ પણ જપ-તપનો અખંડ યજ્ઞ ચલાવેલો, પરંતુ ધીરજ ખૂટી, આસક્તિઓ વધી, મોતનો-પાપનો ભય ટળ્યો, સૂતેલો કામદેવ અને મોહરાજ સળવળ્યો અને ચારે બાજુ આનંદ-પ્રમોદ, મોજશોખ અને મનોરંજનના નામે બધી જ પ્રકારની છૂટછાટ લેવાવા માંડી. ગીત, નૃત્ય, મસ્તી-તોફાનથી વાત આગળ ચાલી અને ફરવાના બહાને પ્રજા બાગ-બગીચા, ક્રીડાપર્વતો અને ક્રીડાવાવડીઓમાં જવા માંડી. શાંબ અને તેની ટોળકી પર્વતોમાં ફરવા માંડી અને એક જગ્યાએ શ્રીકૃષ્ણની સૂચનાથી દ્વારિકામાંથી ફેંકાવી કુંડોમાં ઠાલવી દીધેલો દારૂ નજરે ચડયો. વર્ષોથી ચડેલી તલપ, જૂનો દારૂ, આસપાસના વૃક્ષોથી ખરેલા પુષ્પ-પત્રોએ ઉમેરેલી સુગંધના કારણે મન લલચાયું અને સહુ દારૂની મસ્તીમાંઓળઘોળ બન્યા. સરખેસરખા મિત્રોની સંગતે પ્રમાણભાન રહયું નહીં અને આકંઠ દારૂ પીધો. નશો ચડ્યો અને દારૂના નશામાં ભાન ભૂલેલી આ ટોળકી ફરતી ફરતી દ્વૈપાયનના આશ્રમમાં જઇ ચડી. સત્તાનો, યૌવનનો, અવિવેકનો નશો તો હતો જ, તેમાં ભળ્યો દારૂનો નશો, પછી સાન-ભાન ક્યાં રહે ?

દ્વારિકાના મારક દ્વૈપાયનનો આશ્રમ છે, જાણી વાનરસેનાને શરમાવે તેવી હરકતો કરવા માંડી. ઝાડ-પાનનો સોથ વાળી દીધો, ગાયોને છોડી દીધી. ઝૂંપડાઓ તોડી નાખ્યા અને છેવટે પહોંચ્યા દ્વૈપાયન પાસે, ત્યાં પહોંચતા અને તેને જોતાં જ ગાંડાતૂર બનીને 'આ જ તમામ અનિષ્ટોનું મૂળ છે, આ જ દ્વારિકાના સર્વનાશનું કારણ છે, બસ એને જ મારી નાખો, પૂરો કરી નાખો, ન રહે બાંસ, ન બાંજે બાંસુરી' એમ બોલતા તેના પર તૂટી પડ્યા. લાતો, મુઠીઓ અને લાઠી પ્રહારથી અધમૂઓ કરી નાંખ્યો. દ્વૈપાયનની લાખ કાકલૂદી, વિનંતિ અને આજીજી પણ રાખમાં ઘી ઢળવા બરાબર થઇ. છેવટે દ્વૈપાયનનો દેહ ઢળી પડ્યો, મૂર્ચ્છિત થઇ ગયો ત્યારે એક મોટું પરાક્રમ કર્યાનો અને મોટું અનિષ્ટ દૂર કર્યાનો આત્મવંચક સંતોષ લઇને ટોળકી રવાના થઇ પણ ઠંડા પવનની લહેરખીઓથી મૂર્ચ્છા ટળી, ભાન આવ્યું પણ સાથે દેહનો સખત મૂઢમાર કાળા લબકારા દેવા માંડ્યો ત્યારે સહિષ્ણુતા, સાત્ત્વિકતા અને સમાધિ તૂટી, ધ્યાન, અધ્યયન અને સાધના દ્વારા મેળવેલ હૃદયની ઉદારતા, ક્ષમાશીલતા અને પ્રસન્નતા ધોવાઇ ગઇ, અહિંસા-પ્રેમ-કરૂણાની સિંચેલ અમૃતવેલ કરમાઇ ગઇ અને પ્રતિશોધની આગ જલી ઉઠી. આંખોમાંથી તણખા ઝરવા માંડ્યા, શરીરમાં અપૂર્વ ઝનુન ઉઠ્યું અને બધીજ તાકાત એકઠી કરી બેઠા થઇ ગયા. હાથ ઊંચા કરી દ્વારિકાના દાહનું નિયાણું બાંધ્યું અને જીવનભરની તમામ સાધના હારી બેઠો.

મોહવિજેતા વિશ્વવાલેસર !! મારી પણ સ્થિતિ આ દ્વૈપાયન જેવી જ નથી લાગતી ? આમ તો અનાદિકાળથી પાપકૃત્યો, પાપવિચારો, પાપસપનાઓ અને પાપસંસ્કારોની વિષ્ટા ચૂંથતો ભૂંડ જેવો જ હતો, તમામે તમામ શુભ તત્ત્વોના અસ્તિત્વ છતાં મન તો અશુભ તરફ જ વળે અને ઢળે. ત્યાર પછી કાંઇક શુભબુદ્ધિ જાગતા થયો ગધેડા જેવો, નદીમાં જવાનું ખરૂં, પાણીમાં નહાવાનું ખરૂં, શરીર ચોખ્ખું પણ કરવાનું, પણ બહાર આવીને પાછા રેતીમાં આળોટી ગંદા થવાનું, તેમ ધર્મસ્થાનોમાં જવાનું, ધર્મક્રિયા કરવાની, પાપકર્મોથી આત્માની શુદ્ધિ થાય તેવો પ્રયત્ન કરવાનો, પણ પાછા સંસારમાં જઇ આત્માની ઘોર ખોદે તેવા તમામ પાપ પણ કરવાના...દુનિયા જાણે હું મોટો ધર્મી, પણ અંદરથી તો રામ એના એ, ધર્મ કરીએ ખરા, પણ ગમે નહીં, અને પાપનો ત્યાગ કદાચ કરીએ તો પણ અંદરથી પાપનો રસ જીવંત જ હોય.

પરંતુ સત્યવસ્તુતત્ત્વના જ્ઞાતા !! મારી બુદ્ધિ હવે તો ફરી છે. ભલે અત્યાર

સુધી એ પાપરસ અને પાપવિચારોમાં જ રમતી હતી પરંતુ હવે તેને તારા તરફ પણ આકર્ષણ થયું છે. પાપ કદાચ થોડાક ગમતા હશે, પણ અત્યાર સુધી ધર્મ સહેજ પણ નહોતો ગમતો, તે હવે ગમતો થઇ ગયો છે. અત્યાર સુધી માત્ર કાયા જ ધર્મમાં વળેલી હતી, હવે મન પણ તે તરફ વળતું થઇ ગયું છે અને તમામ પતન કે ઉત્થાનનું મૂળ તો મન જ છે ને...જીવનનું ચાલકબળ તો મન જ છે ને...બાકીની તમામ ઇન્દ્રિયો અને ખુદ શરીર પણ ગાડીના સ્થાને છે જ્યારે મન ડ્રાયવરના સ્થાને છે. કરોડની કિંમતની ઇમ્પોર્ટેડ ગાડી હોય પણ ચાલક બાળક હોય, નશીલો હોય કે અણઆવડતવાળો હોય તો ગાડીનું શું થાય ?-તેમ ઇન્દ્રિયો બધી ધર્મક્ષેત્રમાં સાથ આપનારી બને પણ આ મન જ વાંકું ચાલે તો શું ? તેથી અહીં સ્તુતિમાં પણ મનને જ મહત્ત્વ આપ્યું છે ને ! પરમાત્મન્ ! આત્માએ આ માટે કેટલી જહેમત ઉઠાવી છે ! વિષયોના આકર્ષણને દૂર કરીને, પાપથી મળતી સફળતાને ગૌણ કરીને, અત્યંત ખૂંખાર બની ચૂકેલા રાગ-મોહ-અજ્ઞાન આદિને નબળા પાડીને મનને પાપમાંથી બહાર કાઢ્યું છે તો કષ્ટો સ્વીકારવા, ત્યાગ અપનાવવા, ગાડરવૃત્તિ કાઢવા શ્રદ્ધા, સાત્વિકતા અને સમજણનો પુટ આપી આપીને ધર્મમાર્ગને સ્વીકારવા મનને તૈયાર કર્યું છે એટલું જ નહીં સંસારનો ભય પેદા થયો છે, દોષોનો ત્રાસ મનને લાગ્યો છે, અનાદિની દોસ્તી હવે તોડી છે અને શુભવૃત્તિનું આકર્ષણ જાગ્યું છે માટે તો લોભામણી પણ પાપપ્રવૃત્તિઓને દૂર કરી મનને ભક્તિમાં, જિનવાણી-શ્રવણમાં, વૈયાવચ્ચમાં, સ્વાધ્યાયમાં જોડવાનો પ્રયત્ન કરૂં છું પણ હજી તો ઠરીઠામ થાઉં તે પહેલાં તો નિમિત્તો કે સંસ્કારોની સેના એ બધી મહેનત પર પાણી ફેરવવા તત્પર જ હોય છે. પ્રભો ! વારંવાર મારી પરાજયકથાઓ કહેતા શરમ આવે છે પણ **'તુજ વિણ કવણ આધાર'**.....

આ દુનિયામાં સતત હુતુતુતુની રમત ચાલે છે, હું મનને ધર્મમાર્ગ તરફ ખેંચવા જાઉં છું, તો મોહની સેના મનને પાપમાર્ગ તરફ ખેંચવા માટે મચી પડી છે, અનાદિકાળથી આ ખેંચાખેંચી, ઝપાઝપી ચાલે છે, પણ મારી નિષ્ફળતાની કેટલી વાત કરૂં તને ! મારા પક્ષે હું એકલો, સામા પક્ષે આખી સેના, અને જેને ખેંચવાનું હતું તે મન પણ તે તરફ ઢળેલું, અનાદિકાળથી પરાજયનો કડવો ઘૂંટ જ ચાખતો આવ્યો છું, પરંતુ એક વાત નિશ્ચિત છે કે જો ઘરનો કચરો સહન થતો નથી તો મનનો કચરો તો તેથી પણ વધુ નુકસાનકારક અને જોખમી છે તેને તો કેમ સહન કરાય ? કોઇ પણ હિસાબે આ કચરાને કાઢવો છે પણ પ્રભુ ! તું થોડો સાથ આપે

તો મારું કામ થાય...યાદ આવે છે અજૈન કૃષ્ણ સાહિત્યની એક કથા,

અર્જુનને રાધાવેધ સાધવા જવાનું હતું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણને પૂછ્યું- 'ભગવાન ! તમે આમાં શું સહાય કરશો ?'-શ્રીકૃષ્ણે મરક મરક હસતાં હસતાં કહયું-જો, ત્રાજવા પર તારે ચડવાનું, સમતુલા તારે જાળવવાની, ફરતા ચક્રો વચ્ચે જગ્યા શોધી બરાબર નિશાન પર બાણ તારે તાકવાનું, પૂતળીની આંખ પણ તારે જ વિંધવાની...શ્રીકૃષ્ણનું લાંબુલચક લિસ્ટ સાંભળી અર્જુન બરાડી ઉઠ્યો-'જો બધું મારે જ કરવાનું હોય તો તમે શું કરશો ?' ત્યારે શ્રીકૃષ્ણે જવાબ આપ્યો-'આ બધી ક્રિયા ચાલતી હશે ત્યારે નીચેનું તેલ ખળભળી ન જાય તેનું ધ્યાન હું રાખીશ' !!! અને અર્જુન સ્તબ્ધ થઇ ગયો. વાત તો સાચી હતી. બધું જ બરાબર હોય. પણ ખરા સમયે તેલ હલી જાય તો બાજી બગડી જાય કારણ કે તેમાં જોઇને જ તો નિશાન વીંધવાનું હતું...પ્રભુએ મૂળ બરાબર પકડ્યું છે....

વિશ્વવિજેતા દેવાધિદેવ !! ઉન્માર્ગ છોડી સન્માર્ગને પકડવાનું, દુર્જનતાને છોડી ધાર્મિકતાને આચરવાનું કામ એ પણ રાધાવેધ સાધવા જેવું જ કાર્ય છે ને...એમાં તમે પણ આટલી જ કરૂણા કરો કે મારૂં મન રૂપી તેલ ખળભળી ન જાય કારણ કે તમામનું મૂળ જ એ છે. એ જો સ્થિર નહીં તો સાધનાનું લક્ષ્યાંક ચૂકાઇ જાય અને પ્રભો ! મારી સાથે એ જ બની રહયું છે. જાઉં છું જિનાલયમાં પરમાત્માની પ્રશમઝરતી મૂર્તિના દર્શન-વંદન-પૂજન-સ્તવના દ્વારા ભક્તિરસનો સ્વાદ માણવા, અને વચ્ચે આવી જતી રૂપગર્વિતા નવયૌવનાને જોઇ ચાલુ થઇ જાય છે કામરસનો આસ્વાદ, જાઉં છું જિનવાણી શ્રવણ કરવા આત્મદષ્ટિ ખીલવવા માટે, પણ આસપાસના ધર્મીજનોને જોઇ ચાલુ થઇ જાય છે દોષદષ્ટિ કાં મોહદષ્ટિ, બેસું છું નવકારવાળી ગણવા-પંચપરમેષ્ઠિમય બનવા અને મણકા ફરતાં જ બની જાઉં છું પંચાંતમય, સુકૃતોની શરૂઆત કરૂં છું, પુણ્યની ઝોળી ભરવા, અને સુકૃત થતાંવેત શરૂ થઇ જાય છે, અહંકારની ઝોળી ભરવાનું...કેટકેટલું લખું પ્રભો ! મુક્તિના માર્ગે ડગ માંડું છું અને પછી દિશા કયારે ફરી જાય છે અને સંસારની કેડી પર કયારે આવી જાઉં છું તે ખબર જ પડતી નથી. મિત્રરૂપ ધર્મારાધનાનો સાથ લઇ આત્મયાત્રા શરૂ કરૂં છું અને કયારે મોહશત્રુ આવીને ગોઠવાઇ જાય છે અને સંસાર યાત્રા શરૂ થઇ જાય છે તે ખબર જ પડતી નથી...શત્રુ-મિત્રની ભેળસેળ કોણ કરી નાખે છે તે જ સમજાતું નથી...મારી એક પણ શુભ પ્રવૃત્તિ અશુભની ભેળસેળવાળી બન્યા વિના રહેતી નથી. માત્ર ભેળસેળ થતી હોત તો'ય વાંધો નહીં, પછી શુભની બાદબાકી

થઇ જાય છે, માત્ર અશુભ બાકી રહી જાય છે, છેવટે રહી જાય છે મહામોહનું સામ્રાજ્ય, અજ્ઞાનનો અતિગહન અંધાપો અને અનંતકાળનું સંસારપરિભ્રમણ... સન્માર્ગે આવ્યા પછી પણ જો આ જ પરિસ્થિતિ રહેતી હોય તો પછી **'કોની કને કિરતાર આ પોકાર હું જઇને કરૂં ?'**

કલ્પવૃક્ષ-કામધેનુ-કામઘટથી અધિક દાતા !! મહામોહના આ કાળાકેરને નજર સામે જોવા છતાં આપ ઉદાસ કેમ છો ? તારા શરણમાં આવેલાને લૂંટી જાય અને અપહરી જાય છતાં મૌન કેમ છો ? છડેચોક તારી કરૂણાને પડકાર ફેંકાય, તારા સામર્થ્યની હાંસીઓ ઉડાવાય છતાં નિષ્ક્રિય કેમ છો ? ચપટીમાં ચોળી નાંખવાનું અને મુઠ્ઠીમાં મસળી નાખવાનું સામર્થ્ય છતાં મહામોહ પ્રત્યે ઉદાર કેમ છો ? એ બધાય મારી એક એક પ્રવૃત્તિનો ગણી ગણીને બદલો લે છે અને તમે એની અનંતી અવળચંડાઇને માફ જ કર્યા કરો છો આવું કેમ ?

**'ક્યું ન હો સુનાઇ સ્વામી, ઐસા ગુન્હા કયા કિયા ?'**
**'ભારે કર્મી પણ તે તાર્યા, ભવજલધિ થી ઉગાર્યા,**
**મુજ સરિખા કિમ નવિ સંભાર્યા, ચિત્તથી કેમ વિસાર્યા...'**
**'મૂજ સરિખા મેવાસીને, પ્રભુ જો તું તારે,**
**તારક તો જાણું ખરો, ખોટું બિરૂદ શું ધારે ?'**

મેં તારી પાસે વધુ ક્યાં કશું માંગ્યું છે ? હું જ્યારે સન્માર્ગ પર આવતો હોઉં, સત્પુરૂષાર્થની પાપા પગલી માંડતો હોઉં ત્યારે કોઇ મને ધક્કો મારીને પાડી ન નાખે એટલું જ હું માંગું છું, માંડ-માંડ તનનું કોડિયું, મનની વાટ અને શ્રદ્ધાનું તેલ ભેગું કરી ભક્તિનો, જ્ઞાનનો, ધ્યાનનો, સુકૃતનો દીવડો પેટાવતો હોઉં ત્યારે મોહનો ઝપાટો એને બૂઝવી ન નાખે એટલું જ હું માંગું છું...ક્ષણવારમાં કૈવલ્યદાન કરી શકનારાને આટલું તો શું વિસાતમાં ?

**'મુજ અવગુણ સામું નવિ જુઓ, બિરૂદ તુમારું સંભાળો,**
**પતિતપાવન તુમે નામ ધરાવો, મોહ વિડંબણા ટાળો...'**
**'મોહમાયા કે બંધન તોડો, પ્રભુ અબ અપની શરણ મેં લે લો,**
**ઇસ પાપી કો અપના લો, પ્રભુ ઇસે પલ પલ તું હી સંભાલે...'**

# ૧૯

त्वदागमाद्वेद्मि सदैव देव, मोहादयो यन्मम वैरिणोऽमी ।
तथापि मूढस्य पराप्त बुद्धया तत्सन्निधौ ही न किमप्यकृत्यम् ॥

**છે મોહ આદિક શત્રુઓ મારા અનાદિ કાળના,**
**ઇમ જાણું છું જિનદેવ પ્રવચનપાનથી હું આપના;**
**તો યે કરી વિશ્વાસ એના મૂઢ મેંઢો હું બનું,**
**એ મોહબાજીગર કને કપિરીતને હું આચરૂં....(૧૯)**

**ટોલ્સટોયની પ્રસિદ્ધ વાર્તામાંની એક-**

એક મિત્રે પોતાના જન્મદિનની બધાઇ આપવા આવેલા મિત્રને કહ્યું-'આજ દિન સુધી મેં તારી પાસે કશું માંગ્યું નથી. પરંતુ આજે મારા જન્મદિવસે હું કહું એમ એક કાર્ય તારે કરવું પડશે, વચન આપ કે હું જેમ કહું તેમ કરીશ...'

બીજો મિત્ર બુદ્ધિશાળી હતો...**'આ જા, ફસાજા'** જેવી સ્થિતિમાં મૂકાવું પડે તેવું આંધળુકિયા વચન આપવા તૈયાર નહોતો. મિત્રતાના નામે, પ્રેમના સુંવાળા નામે જીવનને સુવાંગ સુવડાવી નાખે તેવા ઘણા કામો આ દુનિયામાં કરાવાતા હોય છે તેનો તેને ખ્યાલ હતો તેથી અંધવિશ્વાસ રાખી અંધવચન આપવા તે તૈયાર નહોતો...તેણે કહ્યુ-'એમ વચન ન આપું...તું બોલ, તારી ઇચ્છા પૂર્ણ કરવી શક્ય હશે તો મારા તરફથી બધું જ કરી છૂટીશ' ઘણું બધું દબાણ કરવા છતાં વચન ન જ મળ્યું ત્યારે પહેલા મિત્રે ના છૂટકે પોતાની વિષકોથળી ખોલી-'આજે મારે ખાતર ઘરે જઇને તારી માતાને લાકડીઓથી ધિબેડી નાખ...એના હાડકા ખોખરા કરી નાખ...અને અધમૂઇ કરી નાખ....'

બીજો મિત્ર હબકી ગયો...'આ શું બોલે છે ? પરમાત્માનો અંશ ગણાતી દુનિયાની પવિત્રતમ વ્યક્તિ સાથે આવો દુર્વ્યવહાર કરવાનું કોઇ કારણ ? જે કદાપિ કોઇનું અશુભ ન ચિંતવે એવી મા સાથે અશુભ વ્યવહાર ? શું તું મને નરકમાં

મોકલવા માંગે છે ? શું તું મારું ભવિષ્ય બરબાદ કરવા ઇચ્છે છે ? તારા મનમાં આવો પાપવિચાર આવ્યો જ કેમ કરીને ? નહીં...નહીં...મારાથી આ કાર્ય તો કદાપિ નહીં થઇ શકે...'

પહેલો મિત્ર આ પરિસ્થિતિ માટે તૈયાર જ બેઠો હતો...આમ પણ શેતાનના તમામ પ્લાન ફુલપ્રુફ હોય છે. તરત જ બીજી વાત મૂકી-'તો પછી તારી પત્નીને ચાકુ હુલાવીને ખતમ કરી નાખ, તૂટી પડ એના પર અને ખાતમો બોલાવી દે એના જીવનનો'...બીજો મિત્ર તો આવા પાશવી વિચારો સાંભળીને ધ્રુજી ગયો...શું થયું છે આજે એના મિત્રને ? આટલી બધી ગંદકી ક્યાંથી ફૂટી નીકળી છે એના મનમાં ? આખા ગામનો ઉકરડો આજે ભૂલથી એના મનમાં ઠલવાઇ ગયો છે કે શું ? કે પછી લાંબા કાળથી દબાઇ રહેલી ગંદકીઓ-જ્વાળામુખી ફાટે અને લાવા બહાર નીકળે તેમ એકાએક આજે બહાર ફૂટી નીકળી છે ?....તેણે સ્વસ્થતાથી જવાબ આપ્યો 'વિના ગુને આવું કરવાની મારે શી જરૂર ? જેણે મને આખું જીવન સોંપ્યું છે તે એ જ જીવનને આનંદપ્રદ અને સ્વાસ્થ્યપ્રદ બનાવવા, નહીં કે મારી નાખવા...તો એના એ વિશ્વાસનો ઘાત કરવાની સલાહ આપવાનું કારણ ?-ના, એ પણ મારાથી નહીં જ બને...'

ત્યારે છેલ્લો પાસો નાખતા તેના મિત્રે કહયું-'બબ્બે વાતોમાં ના પાડીને આજના મારા ખુશીના દિવસને તે નારાજગીમાં, હતાશામાં, નિરાશામાં ફેરવી નાંખ્યો છે. હવે છેલ્લી માંગણી મૂકું છું. એ તો તારે કોઇ પણ સંયોગોમાં પૂરી કરવી જ પડશે. નહિતર તને મારા પર પ્રેમ જ નથી એમ હું માનીશ. મને રાજી કરવાનો તારી પાસે આ છેલ્લો મોકો છે. જો એ સ્વીકારીશ તો જ તારામાં પ્રેમ નામના તત્ત્વની હાજરી છે એવું હું માનીશ...''બોલ ? શું છે તારી માંગણી ?' 'તારે મારી સાથે દારૂ પીવો પડશે. આજે એમાં મને કંપની આપવી જ પડશે. આમાં તો તારાથી ના નહીં જ પડાય...' પ્રેમની દુહાઇ આપીને કહેવાયેલી વાતો પણ કેટલી ઝેરભરેલી હોય છે તેનો બીજા મિત્રને અહેસાસ થઇ ગયો. પરંતુ કમનસીબે દુનિયાની રીતભાતો અને વ્યવહારની રસમોને સાચવવાના પ્રયાસમાં સાચી વાત મોઢે ન કહી શક્યો અને છેવટે ત્રીજો વિકલ્પ વધુ નુકસાનકારક ન લાગતા સ્વીકારવાની તૈયારી કરી લીધી...આજ સુધી પવિત્ર રાખેલ તન, વદન અને હોજરીને ભ્રષ્ટ કરવા તૈયાર થઇ ગયો.

બન્ને મિત્રો દારૂના પીઠામાં પહોંચ્યા, સ્હેજ જ દારૂ લેવાની ગણતરી હતી

પણ મિત્રના આગ્રહે આકંઠ દારૂ પીવાઇ ગયો. તન-મનમાં લાગી ગઇ આગ...લથડતા પગ, લાલઘુમ આંખ અને સીનામાં આગ લઇ ઘરે પહોંચ્યો. માએ દરવાજો ખોલતા જ પરિસ્થિતિ જોઇ અને અવાચક બની ગઇ...'બેટા ! આ શું ? ભ્રષ્ટ થઇને આવ્યો ? તને તારી જાત પર શરમ ન આવી ?'....દીકરાએ જીવનભર રેડેલા સંસ્કારો પર પાણી ફેરવી દીધેલું જોઇ મા આઘાતથી વલવલી ઉઠી અને ઘણું બધું બોલી ગઇ તેથી દારૂના નશામાં આવ્યો ગુસ્સો. બાજુમાં પડેલી લાકડી ઉઠાવી માને ધિબેડી નાંખી...માતાની રાડારાડ સાંભળી રસોડામાંથી શાક સમારતી પત્ની બહાર દોડી આવી અને પતિને સમજાવવાનો પ્રયત્ન કરે છે ત્યાં 'આડે આવનાર બધા દુશ્મન છે' આવી મોહમૂલક વિચારણાના કારણે પત્નીના હાથમાંથી શાક સમારવાની છરી ઝૂંટવી લઇ તેનાથી તેના પર હુમલો કર્યો, માથા પર કાળ સવાર થતાં ધડાધડ ઘા મારવા માંડયા અને લોહીના ખાબોચિયામાં ઢળી પડેલી પત્નીનું ક્ષણવારમાં પ્રાણપંખેરૂ ઉડી ગયું...જાલિમ દારૂદૈત્યે આખો સંસાર ઉજાડી નાંખ્યો...'

મોહવિજેતા જિનજી !! મિત્રના છદ્મ હેઠળ ઘૂસી ગયેલા દુશ્મને દારૂ પીવડાવ્યો અને દારૂના દૈત્યે શરીરમાં પ્રવેશી વિવેકભાન ભૂલાવ્યું અને વિવેકની હાજરીમાં જે-જે કાર્યો કરવાનો સ્પષ્ટ નનૈયો ભણી દીધેલો તે બધા જ કામ તેની પાસે કરાવ્યા....બસ કાંઇક આવી જ મારી દશા, મારી કથની, મારો ઇતિહાસ છે. અનાદિકાળથી મારી ચારે બાજુ મારા દુશ્મનોની ટોળકી મિત્રો, સ્વજનો, હિતૈષીઓના રૂપમાં ગોઠવાઇ ગઇ છે અને મને ભરમાવ્યા કરી, મારી બુદ્ધિને ભ્રષ્ટ કરી મને ઉંધા રવાડે ચડાવી મારૂં જીવન અને મારો અનંતકાળ ઉજાડી રહી છે. આ બધું એક-બે વાર નહીં, અનંત અનંત કાળથી ચાલ્યું આવે છે અને છતાં હું એનો એ જ માર્ગ પકડું છું અને મારા હાથે જ મારી ઘોર ખોદું છું...

જે તમને મળેલી અમુલ્ય, અલભ્ય અને અમોઘ શક્તિઓની ઘોર ખોદી નાંખે, જે તમને સન્માર્ગથી ઉન્માર્ગમાં, સદ્‌બુદ્ધિમાંથી દુર્બુદ્ધિમાં, પવિત્રતામાંથી અપવિત્રતામાં, સુખમાંથી દુઃખમાં અને વિકાસમાંથી વિનાશમાં લઇ જાય, જે તમારામાં પડેલ શુભ તત્ત્વને દબાવી દઇ અશુભને ઉજાગર કરે તે તમારો દુશ્મન. દુન્યવી દુશ્મનો મોટે ભાગે ચાર કામ કરે-૧. આવતા સુખને અટકાવે. ૨.હાજર સુખને ખતમ કરી નાખે. ૩. હાજર દુઃખને લંબાવે. ૪. નવા દુઃખનું Provision કરે. દરેકના ઉદાહરણ વિચારવા જઇએ તો -૧. આપણા માટે ખરીખોટી વાતો ફેલાવી આપણી પાસે આવતો ધંધો, આવતી ઉઘરાણી અટકાવે, આપણને મળતું

સન્માન અટકાવી આપણને બેઆબરૂ બનાવે.. ૨. IT ડીપાર્ટમેન્ટમાં આપણા વિરૂદ્ધ રેડ પડાવે, આપણા સંતાનો-કુટુંબ વિષે ખરાબ બોલી બંધાઇ રહેલા સંબંધોને ખલાસ કરી નાંખે... ૩. આપણા નબળા સમયમાં આપણને સહાય કરવા આવનાર વ્યક્તિઓની વિચારધારા ફેરવી નાખે, આપણને વધુ ભયભીત, અશક્ત અને દુઃખી કરે, અશુભ કલ્પનાઓ કરાવી આપણને હેરાન પરેશાન કરાવી દે. ૪. જે દુઃખો આવ્યા જ નથી તેવા દુઃખો આપણા જીવનમાં પ્રવેશે તે માટે સતત મથામણ કરી અર્થહાનિ, સંબંધહાનિ, સામગ્રીહાનિ, યશહાનિ, ઉત્સાહહાનિ જેવા વાતાવરણને ખડું કરે જેથી આપણા જીવનમાં દુઃખ આવે.

બાહ્યજગતમાં દુશ્મનકાર્ય કરનારી વ્યક્તિ ઉપરોક્ત ચાર કામોની સાથે બુદ્ધિમાં ભ્રષ્ટતા, સંબંધોમાં તનાવ, શંકાશીલ વૃત્તિ, અવિશ્વાસ, પરસ્પર પ્રેમ-સ્નેહ-હુંફ આદિનો નાશ, ફરજ-કર્તવ્ય આદિમાંથી ચ્યુતતા, સહિષ્ણુતા, સાહસ-ઉદારતા-ગંભીરતા આદિ પુરુષસહજ ગુણોનો નાશ આદિ ઘણું બધું આપણા જીવનમાંથી નષ્ટ કરી દેતી હોય છે. તમામ સત્‌નો નાશ અને તમામ 'કુ' નો પ્રવેશ એ એના જીવનનું સૌથી મોટું આપણા માટેનું વલણ હોય છે તેથી જ તેને માટે દુશ્મન શબ્દ વપરાયો છે. તમારા મનને દુષિત કરી નાખે, પ્રદુષિત કરી નાખે તે દુશ્મન...આવા દુશ્મનોને ઓળખી તેનાથી, તેના પ્રભાવથી દૂર રહે તે જ પોતાના જીવનમાં બચી શકે....

હે વિશ્વવત્સલ વિભુ !! મારી આસપાસ પણ આવા અનેક મારા મનના અને મારા આત્માના દૂષક તત્ત્વો બેઠા છે. ૧. પેલા ક્રોધ, અજ્ઞાન, આવેશ, આસક્તિ, અપેક્ષા, અહંકાર, ઇર્ષ્યા, સ્પર્ધાભાવ, દોષદૃષ્ટિ, વૈરભાવ આદિ દુશ્મનોએ મને મળેલા સુખના કાળને સળગાવી નાખવાનું કામ કર્યું છે. જે મળ્યું તે ઓછું લાગે, નવું મેળવવાની લ્હાય જાગે, તેના માટે નવા પાપો કરાવે, નાની બાબતમાં ઓછું આવે, વ્યક્તિઓ સાથેના સંબંધો ખતમ થાય આદિ અનેક પ્રકારે મારો સુખનો વર્તમાનકાળ નષ્ટ થાય છે. સદાકાળ પ્રસન્ન રહેવા સર્જાયેલા મારા આત્માને સદાકાળ બળતો, ઝળતો અને સળગતો રાખ્યો-આમ મારા વર્તમાન સુખને ખતમ કરી નાંખ્યું...

૨. મોહ-મમતા, મિથ્યાત્વ, અસંયમ, સુખશીલતા આદિ ભાવોએ મારામાં રહેલી સાધનાની ક્ષમતાને અટકાવી, પુણ્યોપાર્જન અને કર્મનિર્જરાના માર્ગે જતા અટકાવ્યો અને અનંતુ સુખ ઊભું કરવાની મને જે તક મળી હતી તેને તેમણે ખલાસ કરી નાખી...દેવ-ગુરુ-ધર્મએ અનંતાનંત સુખની, પુણ્યની અને ગુણની મૂડી એકઠી

કરવાની જે અદ્ભુત તક આપેલી, ભક્તિયોગ, જ્ઞાનયોગ, ક્રિયાયોગ, વૈયાવચ્ચ યોગ, સુકૃતયોગ, તપયોગ આદિ ઢગલાબંધ લાઇનોમાં પુણ્યના ધંધાની જે અપાર તક ઊભી કરી આપેલી તે બધી તકોને નિષ્ફળ કરવાનું અને એ રીતે નવા સુખને આવતા અટકાવવાનું કામ કર્યું...

૩. નિઃસત્વતા, નિર્બળતા, અસહિષ્ણુતા, અધીરાઇ, અજંપો, ચંચળતા આદિ અનેક દુશ્મનોએ દુઃખના સમયમાં અશુભ કલ્પનાઓ કરાવીને, ખોટા ઉધામા મચાવીને, વધુને વધુ નિષ્ફળ પ્રયત્નો કરાવતા રહીને દુઃખની ખાઇને વધુને વધુ પહોળી કરાવવાનું જ કામ કર્યું છે. પાપના કારણે દુઃખ, એ દુઃખ દૂર કરવા ફરી વધુ પાપ, એ પાપોના કારણે ફરી વધુ દુઃખ, તેને દૂર કરવા ફરી વધુ પાપો...આમ પાપોની અને દુઃખોની પરંપરાનું એક વિષચક્ર ખડું કરવા દ્વારા આત્માની બેહાલી કરવાનું કામ આ દુશ્મનોએ કર્યું છે.

૪. મહત્ત્વાકાંક્ષા, લોભ, અહંકાર, ક્રૂરતા, નિષ્ઠુરતા, ફેશન-વ્યસન આદિની બોલબાલા વગેરે અનેક દુશ્મનોએ નવા દુઃખોની ખેતી કરવાનું કામ કર્યું છે. આ બધાના કારણે જીવ પૂર્વમાં કદાપિ નહિ આચરેલા પાપોના માર્ગે વળે છે, સમજણમાં કે ગેરસમજણમાં પણ અનેકાનેક પ્રકારના દોષોને જીવનમાં પ્રવેશ આપે છે જેના પરિણામે ઝીંકાય છે- ભયાનકમાં ભયાનક ધ્રુજારી પેદા કરાવી દે તેવા દુઃખોની હારમાળા...અનંતાનંત ભૂતકાળમાં જીવને જે દુઃખમૂલક ભવોની હારમાળા સર્જાઇ તે આવા જ પાપોના કારણે, આવા જ દોષોના કારણે....

આમ દેવ-ગુરૂની કૃપાને નિષ્ફળ કરીને, મળેલા સંયોગોની તાકાતને ઉલટાવીને, સદ્બુદ્ધિ અને વિવેકના પ્રવેશને દબાવી દઇને પણ ઉલમાંથી ચૂલમાં લઇ જતા આ દોષોએ, મોહની સેનાએ મારા માટે અતિદુશ્મનકાર્ય જ કર્યું છે. એ પણ એક બે વાર નહીં-અનંતવાર, એ પણ આજ-કાલથી નહીં, અનંતાનંત ભૂતકાળથી, એ પણ મારા જેવા એક-બે જીવો સાથે જ નહીં, અનંતાનંત જીવો સાથે...આ બધું જ્ઞાન-હે દેવાધિદેવ, હે કરૂણાના સિંધુ જિનજી !! આપના જ પ્રવચન (દેશના) રૂપી અમૃતના પાનથી મળ્યું છે. ઔષધના બે ટીપા મોઢામાં જાય અને બેભાન થયેલો દર્દી આળસ મરડીને બેઠો થાય તેમ તમારી દેશનાના ૨-૪ શબ્દો પણ આ કર્ણગુફામાં પ્રવેશે અને બુઝાવાની અણી પર આવેલો વિવેકદીપ ફરી શતજ્યોતે પ્રગટી ઉઠે, મરવા પડેલો આતમસિંહ ફરી ભાનમાં આવી જાય...

મારા જીવનના ધન્વન્તરી વૈદ્ય !! મારા જીવનના એક માત્ર આધાર !!

એકમાત્ર એ સમજાતું નથી કે મારી પાત્રતાની ખામી છે, મારા પુણ્યની ખામી છે કે મારા સત્ત્વની ખામી છે પરંતુ વાસ્તવિક્તાનું ભાન થયા પછી પણ વારંવાર એ જ દુશ્મનોના ખોળે માથું મૂકવાનું કેમ થાય છે ? એ જ દુશ્મનોને વહાલા બનાવવાના, અને અત્યંત આત્મહિતચિંતક દેવ-ગુરૂને દવલા બનાવવાનું કેમ સૂઝે છે ? મારો વિવેક, મારો બોધ, મારૂં જ્ઞાન ઝાકળના બિંદુ પર સૂર્યકિરણ પડે ને ઉડી જાય તેમ એક જ ક્ષણમાં કેમ અલોપ થઇ જાય છે ? બાળકને મોટો થતાં ૧૬ વર્ષ લાગે, પછી ફરી મોટામાંથી નાનો બનતા પ્રાયઃ ૫૦-૬૦ થી ૯૦ વર્ષ ચાલ્યા જતા હોય છે પણ અહીં તો મારા જીવનમાં ક્ષણવારમાં પ્રૌઢ અને ક્ષણવારમાં બાળક આવો ખેલ કેમ ચાલ્યા કરે છે ? શું મારામાં બહુરૂપી તો નથી પેસી ગયોને ? બહુરૂપીને પણ વેષ બદલતા થોડોક સમય લાગતો હોય છે જયારે હું તો ક્યારે જ્ઞાની બનું, અને ક્યારે ફરી વિષ્ટા, કાદવ અને ધૂળ ચૂંથતો બાળક બની જાઉં છું તે ખબર જ નથી પડતી.

જગતમાં ત્રણ પ્રકારના જીવો હોઇ શકે-મતિમાન, મૂર્ખ અને મૂઢ...**મતિમાન**-સદ્બુદ્ધિની પ્રાપ્તિના કારણે સારા-નરસાનો વિવેકભાવ સહજપણે પ્રાપ્ત જ હોય અને તે મુજબ જ પ્રવૃત્તિ કરે, કયારેક કર્મવશ ભૂલ થાય તો પણ ફરી એવી ભૂલ ન જ કરે...

**મૂર્ખઃ**- જેની પાસે સારા-નરસા, સાચા-ખોટાનો વિવેક કરી શકે તેવી બુદ્ધિ જ નથી તેથી ગમે ત્યારે ગમે તે રસ્તે જાય...

**મૂઢઃ**- જેની પાસે વિવેક કરી શકે એવું જ્ઞાન છે પરંતુ એ જ્ઞાનને સક્રિય કરવાનો કોઇ પ્રયત્ન જ નથી, જ્ઞાનને અમલમાં મૂકવાની તૈયારી જ નથી અને તેથી જ્ઞાનની હાજરીમાં પણ ખોટા માર્ગે ચાલે, ખોટા તત્ત્વોને પકડે અને પોતાને જ નુકસાન થાય તેવા કાર્યો કરવાનું થાય તે મૂઢ...

અનન્તાનન્ત વસ્તુતત્ત્વના જ્ઞાતા સર્વજ્ઞ ભગવંત !! મારા દુશ્મનોની તમામ ચાલાકી, તમામ યોજના, તમામ માર્ગો આપે ખુલ્લા પાડ્યા, મેં તે જાણ્યા છતાં પણ તેમની જાળમાં ફસાવાનું સામે ચાલીને હું કરૂં છું, મારા બીજા અનેક જાતિભાઇઓને એમની જાળમાં ફસાતા જોઇને હું પણ તેમની સાથે જોડાયો અને જેમ જાણ્યા સમજ્યા વિના એક ઘેટું બીજા ઘેટા પાછળ દોરવાય તેમ જાણવાની શક્તિ હોવા છતાં એને ઢાંકી દઇને 'જે સહુનું એ વહુનું' એમ ન્યાયે બધાની સાથે હું જોડાઉં છું અને અને સહુ સામુહિક આપઘાત કરી લઇએ છીએ...

દેવાધિદેવ !! અમારી આ મૂઢતા, અમારી આ દુન્યવી આકર્ષણોથી બચીને

રહી શકવાની લાચારી, એકલા તો એકલા પણ પોતાની જાતને બચાવી લેવાની ક્ષમતાનો અભાવ જોઇને તને અમારી પર શું દયા નથી આવતી ? અમારી મૂઢતા પર તરસ નથી આવતી ? આટલી બધી અમારા જીવનની મલિનતાઓ અને વિષમતાઓ જોયા પછી તારી કરૂણાના પ્રવાહનો વેગ નથી વધી જતો ? આ જીવો પોતાની જાતે તો નહીં જ બચી શકે, 'લાવ હું જ તે લોકોને ઉગારી લઉં' આવી ભાવના તારા હૃદયમાં નથી ઉછળતી ? બાળકની મંદતા, મૂર્ખતા કે મૂઢતા માતાના વાત્સલ્યના વેગને વધારી મૂકે છે તો અમારી મૂઢતા તારી કરૂણાના પ્રવાહને વેગવંત નથી કરી દેતી ? શું તું અમારી ત્રાસદાયક સ્થિતિ નથી જોતો ?

જો....જો...ઓલ્યો મોહ નામનો મદારી હાથમાં વાસનાની, અજ્ઞાનની, આસક્તિની, મમતાની ડુગડુગી વગાડતો અમારા સહુના ગળામાં સાંકળ બાંધીને નચાવી રહ્યો છે અને અમારૂં મનમાંકડું, અમારો આતમરામ વાંદરાના વેષે એની સામે ખેલ ખેલી રહ્યો છે. ક્યારેક એ હસાવે, ક્યારેક રડાવે, ક્યારેક એના ખભે બેસાડે, ક્યારેક જમીન પર નીચે પટકે, ક્યારેક અગ્નિની રિંગમાંથી પાસ કરાવે તો ક્યારેક તંગ દોરડા પર નચાવે, ક્યારેક સાઇકલ ફેરવાવે તો ક્યારેક સંગીતના તાલે નચાવે...તેમ આ મોહમદારી પણ ક્યારેક શાતા આપે, ક્યારેક અશાતા, ક્યારેક શક્તિની ટોચે લઇ જાય તો ક્યારેક નિષ્ફળતાની ખાઇમાં પટકી દે, ક્યારેક કષાયોની રીંગમાંથી પાસ કરે તો ક્યારેક સંબંધો સાચવવાના તંગ દોરડા પર ખેલ કરાવે, ક્યારેક દેશ-વિદેશ ભ્રમણ કરાવે તો ક્યારેક અનેકવિધ લોકોની ઇચ્છાઓ પૂરી કરવાના કામો સોંપે...અને **'પીત્વા મોહમયીં મંદિરાં, ઉન્મત્તીભૂતં જગત્'** મોહે પાયેલી મદિરા પીને ભાન ભૂલેલા જગતના ચોગાનમાં ગાંડાઓની વસ્તીમાં રહેતો હું પણ ગાંડપણના ખેલ કરતો જીવી રહ્યો છું.

મારૂં જ્ઞાન, મારો વિવેક, મારી શ્રદ્ધા, મારૂં સત્ત્વ બધું જ એ મોહની મદિરાના નશામાં ગળી રહ્યું છે, ઓગળી રહ્યું છે, ખલાસ થઇ રહ્યું છે...

**પ્રભુ મારા એ વિવેકને બચાવો...**
**મારા એ જ્ઞાનને સ્થિર કરો.**
**મારી શ્રદ્ધાને નવજીવન આપો...**
**મારા સત્ત્વને દૃઢતાની દીક્ષા આપો...**
**હું ખોવાઇ જઉં, ખુવાર થઉં એ પહેલા પ્રભુ આપો...**
**એ પહેલા મને આપો....**

# ૨૦

म्लेच्छैर्नृशंसैरतिराक्षसैश्च, विडम्बितोऽमीभिरनेकशोऽहम् ।
प्राप्तस्त्विदानीं भुवनैकवीर, त्रायस्व मां यत्तव पादलीनम् ।।

**એ રાક્ષસોના રાક્ષસો છે, ક્રૂર મ્લેચ્છો એ જ છે,**
**એણે મને નિષ્ઠુરપણે બહુવાર બહુ પીડેલ છે !**
**ભયભીત થઇ એથી પ્રભુ તુમ ચરણશરણું મેં ગ્રહ્યું,**
**જગવીર ! દેવ બચાવજો મેં ધ્યાન તુમ ચિત્તે ધર્યું....(૨૦)**

આ અવસર્પિણી કાળમાં યુગલિક કાળના અંત સમયની એક વાત છે. અત્યાર સુધી મોજ અને મસ્તીના કેફમાં જ જીવન પૂરું કરી નાખનારા કલ્પવૃક્ષસેવી યુગલિયાઓના માથે કાળ નામની આફત બેઠી...કલ્પવૃક્ષનો પ્રભાવ ક્ષીણ થઇ જતા તમામ ભોગસામગ્રીઓના ફાંફાં પડવા માંડયા...તેમાંય ભોજન કેમ કરવું તે તો એક વિકટ સમસ્યા થઇ પડી. વનસ્પતિ, ઔષધિ અને ધાન્યના તો ઢગલા હતા પરંતુ તે કાચે કાચા પચતા ન હતા અને પકાવવા માટેની કોઇ વ્યવસ્થા ઉપલબ્ધ થઇ નહોતી, તેમ અવસર્પિણીના પ્રથમ રાજા, પ્રથમ માર્ગદર્શક, પ્રથમ વૈધ, પ્રથમ....પ્રથમ...અરે કેટલું કહેવું, તમામ વર્ણોના પ્રથમ ઉત્પત્તિસ્થાન, સમગ્ર વિશ્વના સૌ પ્રથમ trouble shooter રાજા ઋષભ પાસે યુગલિયાઓ પહોંચી જતા અને રાજા ઋષભ પણ અવધિજ્ઞાનના પ્રભાવે ઉપલબ્ધ સામગ્રી મુજબ શરીરના અવયવો દ્વારા ગરમી આપી ખાદ્યપદાર્થોને સુપાચ્ય બનાવવાની technique દેખાડતા...આમ ને આમ વર્ષો વીતતા એકવાર જંગલમાં વૃક્ષની ડાળીઓના ઘર્ષણથી અગ્નિની ઉત્પત્તિ થઇ...સમગ્ર સંસારના એક માત્ર જ્ઞાનકેન્દ્ર સમા રાજા ઋષભ પાસે તેનું બયાન કરવા યુગલિયાઓની ફોજ પહોંચી ગઇ...'જંગલમાં કોઇ દેવ ઉત્પન્ન થયો છે. તેજસ્વી અને દાહક છે...' જ્ઞાનબળે અગ્નિની ઉત્પત્તિ જાણી ઋષભદેવે કરૂણાસભર અવાજે કહ્યું-'તમારા અજીર્ણનો હવે ઉપાય થઇ ગયો છે. તમારી ભોજન અંગેની તમામ તકલીફો દૂર થઇ જશે. આ તો અગ્નિ છે. તેમાં તમારી

ઔષધિઓને પકાવો એટલે પાકી જતી એ ઔષધિઓથી તમારૂં કાર્ય સરી જશે. તમારા પેટના દુઃખાવા આદિની તકલીફો દૂર થઇ જશે.'

યુગલિયાઓ તો આનંદવિભોર બની પહોંચી ગયા જંગલમાં. ઔષધિઓના, અનાજના, શાકભાજી આદિના ઢગલા અગ્નિદેવને અર્પણ કર્યા અને થોડી વાર પછી વિનંતીના સ્વરે અગ્નિદેવને અરજ ગુજારી-હવે અમારી એ ખાધા ખોરાકીને સુપાચ્ય બનાવીને પાછી આપો. 'આપો આપોને મહારાજ ! અમને ધાન્યસુખ આપોને' ના સૂરમાં ગુજારાયેલી વારંવારની વિનંતિઓ બહેરા કાને અથડાતા યુગલિયાઓએ અગ્નિદેવ પાસેથી પોતાની ફસાયેલી ઉઘરાણી કઢાવવા રીતસર ધસારો કર્યો, પણ હાથ પગ આદિ અવયવો બળતા રાડારાડ કરતા પાછા હટ્યા...'નક્કી આ તો કોઇ રાક્ષસ લાગે છે, આપણું આપેલું બધું ખાઇ જાય છે, કશું પાછું આપતો નથી, ઉપરથી, આપણને બાળે છે, હેરાન કરે છે...નક્કી આ બધા રાક્ષસના લક્ષણ છે'...આમ નિર્ણય કરી હાર્યા જુગારી જેવા એ યુગલિયાઓ પાછા ફર્યા...પૂરી વાત સાંભળ્યા વિના દોડી ગયેલા આ ભોળિયાઓ કાંઇ ઓડનું ચોડ વેતરીને આવશે એવી ખાત્રી હોવાથી હાથીના હોદ્દાને ધારણ કરી તે તરફ જ આવતા રાજા ૠષભ રસ્તામાં જ મળ્યા અને પહેલું કુંભારનું શિલ્પ પ્રવર્તાવી યુગલિયાઓની મુશ્કેલી ટાળી દીધી.

મારા આતમના રખવાળા હે દેવાધિદેવ !! પેલા યુગલિયાઓ તો અગ્નિદેવને રાક્ષસ માની દુઃખી થયા પણ મારી પૂંઠે તો ખરેખર જ રાક્ષસો જ પડ્યા છે. અરે, રાક્ષસો નહીં, રાક્ષસોને સારા કહેવડાવે તેવા અતિરાક્ષસો જ છે, જેઓ મારા સુકૃતોના પ્રભાવે એકઠા થયેલા અનંતા પુણ્યના વિરાટ જથ્થાને કાચી સેકંડમાં રાખ કરી નાખે છે, ઉગ્ર સાધનાના બળથી પ્રગટ કરેલા ગુણોની મૂડીનો ક્ષણવારમાં ક્ષય કરી દે છે અને અનંતભવોની કાળરાત્રિ પછી જ્ઞાન-દર્શન-ચારિત્રનો ઉજાસ મળતાં ઉઘડેલા મૂળ સ્વરૂપનો સફાયો બોલાવી દે છે. આમ કલાકોની મહેનતે છોકરાઓએ માંડ માંડ ઉભા કરેલા ઘરને દરિયાનું મોજું પલકવારમાં હતું ન હતું કરી દે છે તેમ જીવે અનંતકાળ બાદ પોતાનામાં ઊભા કરેલા ગુણોના સામ્રાજયને આ મોહરાક્ષસ ઘડીના છઠ્ઠા ભાગમાં નષ્ટ કરી દે છે અને અનંતકાળ ફરીથી પોતાની આંગોશમાં લઇ જઇને કઠપૂતળીની જેમ નચાવ્યા કરે છે. અન્ય રાક્ષસ તો માત્ર બીજાને હેરાન કરે, જયારે આ મોહરાક્ષસનો સંપર્ક તો ખુદ મને જ રાક્ષસ જેવો બનાવી દે છે. જેમ રાક્ષસનું સ્વરૂપ વિકરાળ હોય છે તેમ ક્રોધ, કઠોરતા, ક્રુરતા, સ્વાર્થાંધતા આદિનો પ્રવેશ થાય છે ત્યારે મારી આંખો લાલઘૂમ, નસકોરા ફૂલાયેલા,

વાળ ઊભા પીંછા જેવા, મોઢું દાંતિયા કાઢેલું થઇ જાય છે, સ્વજનો પણ મને જોઇને છળી મરે એવું મારૂં સ્વરૂપ થઇ જાય છે. તે વખતની મારી ચીસાચીસો, કડવા વચનો, આક્રમકતા, આવેશ, માત્ર પોતાનું જ ધાર્યું કરાવવાની જક્કી અને જીદ્દી વૃત્તિ મારા ઉપકારીજનો માટે પણ નિર્વેદનું કારણ બની જતી હોય છે, સ્વજનો પણ ગભરાઇને ભાગી જાય છે. જેમ રાક્ષસની બુદ્ધિ બીજાને કચડીને પોતાનું પેટ ભરવામાં આનંદ માણતી હોય છે તેમ જ્યારે અહંકાર મારામાં પ્રવેશે છે ત્યારે બીજાને દબાવીને, હટાવીને, કચડી નાખીને પણ મારૂં ધાર્યું કરાવવા મથું છું, તે વખતે મારી બુદ્ધિ રાક્ષસની બુદ્ધિ કરતાંય વધુ મલિન બની જાય છે. ઘણા રાક્ષસો સોહામણું રૂપ લઇ બિહામણું કાર્ય કરતા હોય છે તેમ જયારે માયા નામની રાક્ષસીનો મારામાં પ્રવેશ થાય ત્યારે હું ય 'મુખ મેં રામ, બગલ મેં છૂરી' નામની કહેવતનો જીવંત અવતાર બની જાઉં છું. મનમાં જુદું, વચનમાં જુદું અને કાયામાં પાછું કાંઇક સાવ નોખું જ એ મારૂં સ્વરૂપ બની જાય છે. 'વિશ્વાસે વહાલા કીધા, પિયાલા ઝેરના પીધા' એ ઉક્તિ મારા સંપર્કમાં આવનારા માટે ખૂબ બંધબેસતી બની જતી હોય છે. રાક્ષસનું ઉદર ખૂબ વિશાળ હોય છે તેમ લોભવૃત્તિ, આસક્તિ, એષણા, અપેક્ષા, લાલસા આદિનો મારામાં પ્રવેશ થતાં સમગ્ર બ્રહ્માંડને સમાવવા છતાં તૃપ્ત ન થાય તેવું મારૂં ઇચ્છાનું ઉદર બની જાય છે. જો કે મુશ્કેલી એ છે કે ગ્રહણશક્તિ તીવ્ર હોવા છતાં પાચનશક્તિ અત્યંત મંદ હોવાના કારણે મળેલી થોડીક પણ સંપત્તિ અનેક દોષોનું ઉત્પત્તિસ્થાન બની જાય છે.

આ તો આંશિક કથની કહી... જીવનમાં તો અસંખ્ય વૃત્તિઓ ઇર્ષ્યા, નિંદા, સ્પર્ધા, અસુયા, અદેખાઇપણું આદિ એવી ભરેલી પડી છે જેના ચરિત્રો ભલભલાના કાળજા થથરાવી મૂકે...આ રાક્ષસી વૃત્તિઓના સકંજામાં સપડાયેલો આતમરામ બિચારો કનેયામાંથી કંસ, રામમાંથી રાવણ, યુધિષ્ઠિરમાંથી દુર્યોધન બની જાય છે. યાદ આવે છે પેલી ઘટના...મંદિરમાં કૃષ્ણનું જીવનચરિત્ર ચીતરવા બોલાવેલ કલાકારે બાલકનૈયાની આબેહુબ પ્રતિકૃતિ બનાવવા અદ્‌લોઅદ્‌લ એવા બાળકને શોધ્યો...નિર્દોષ મોં, ભોળું હૃદય, સરળ જીવન અને કરૂણાસભર વૃત્તિની ઓળખ ધરાવતા બાળકના આધારે ચિત્ર કલ્પનામાંથી કેનવાસ પર ચડી ગયું. વર્ષો વીત્યા અને કંસનું ચિત્ર દોરવા ગામના સૌથી માથાફરેલ ભારાડી માણસને લાવવામાં આવ્યો, એના મોઢા પરથી અતિક્રૂર અને કઠોર રેખાઓના આધારે અડધું ચિત્ર બન્યું, તેમાં એક દિવસ નવરાશની પળોમાં બધા ચિત્રોને નીરખવા નીકળેલ એ માણસ બાળકૃષ્ણનું ચિત્ર નીરખતા ચીસ પાડીને છુટ્ટા મોંએ રડી પડયો-જાણે પહાડ

પીગળ્યો, આશ્વાસન આપી શાંત કરીને પૂછયું ત્યારે ઘટસ્ફોટ થયો કે બાળકનૈયામાં પણ આ જ મોડેલ હતું. ભૂતકાળનો કનૈયો જ આજે કંસનો અવતાર ધરી બેઠો છે...હવે રોવાનો વારો ચિત્રકાર અને ગામલોકોનો હતો....

હે વિશ્વહિતૈષી જિનેશ્વર દેવ !! મારી કરૂણકથનીમાં પણ આ જ પરિસ્થિતિનું પુનરાવર્તન થતું દેખાય છે. વિષય-કષાય-મોહ-અજ્ઞાન આદિનો દાવાનળ મારા આતમની ભૂમિકા પરની તમામ રમણીયતાને બાળીને ભસ્મીભૂત કરી રહી છે અને ગુણોનો રમણીયતમ ખજાનો ધરાવતો આતમરામ આજે ખારાપાટ અને ભેંકાર રણભૂમિનો પ્રતિનિધિ બની બેઠો છે. આશ્ચર્ય તો ત્યાં થાય છે કે એ જ આતમની ભૂમિ પર તારી કરૂણાગંગાનું અવતરણ પણ થાય છે પરંતુ કઠોરતા અને નિષ્ઠુરતાથી સજ્જડબમ થઇ ગયેલી, કાળમીંઢ શિલાના અવતારસમી બની ગયેલી આતમભૂમિ એ કરૂણા-વાત્સલ્યની ગંગાને પણ સપાટી પરથી પસાર કરી દે છે અને પોતાની મલિનતાને તો અકબંધ જ રાખે છે. આવી સ્થિતિમાં મારૂં ઉત્થાન પણ શી રીતે થાય ? મલિનતાને જ પ્રતિસાદ આપે અને મહાનતાનો પ્રતિકાર કરે, પાશવીતાને આવકાર આપે અને પવિત્રતાને જાકારો જ આપે, ઉગ્રતાને ગળે વળગાડે અને ઉચ્ચતાને લાત જ મારે આવી વૃત્તિઓનું જ સામ્રાજ્ય છવાયેલું હોય ત્યાં ગુણોનો ખજાનો ક્યાંથી બહાર નીકળી શકે ? ભગવંત !! કેવી મારી દયનીય સ્થિતિ છે ? સમગ્ર વિશ્વનો નાથ બનવાની ક્ષમતા ધરાવતો હું આજે આ રાક્ષસોના કારણે અનાથતામાં જ સબડી રહ્યો છું. સમગ્ર જીવસૃષ્ટિને આબાદ બનાવવાની ક્ષમતા ધરાવતો હું સ્વયં બરબાદ બની રહ્યો છું. મારી આટલી બરબાદીનું મૂળ એવા તે મોહરાજની ફોજને હું બોજરૂપ ન માનું તો શું કરૂં ? તેથી જ તેઓ મને અત્યંત રાક્ષસ જેવા લાગી રહ્યા છે.

વિશ્વૈકશરણ્ય હે દેવાધિદેવ !! આજે તો અંદર વેદનાનો એવો વલોપાત ઉઠ્યો છે કે એ રાક્ષસોમાં મને અતિક્રૂર મ્લેચ્છોની અનાર્યતા દેખાય છે. અનાર્યોની ખાસિયત એ કે એ બધાને વટલાવી દે અને સ્વયં કદી હાર ન સ્વીકારે, પોતાનામાં ન વટલાનારને પૂરો જ કરી નાખે, કદી માફી ન બક્ષે તે બધું ય આ મોહસૈનિકોમાં જીવંત સ્વરૂપે દેખાય છે. તેમણે મને વટલાવી નાખ્યો, અનંતકાળ સુધીના મારા જીવનો તો અનાર્યથી પણ ઉતરતા ગયા. દરેક ભવોમાં મારી પાસે હતી માત્ર સ્વાર્થાંધતા, ભોગાંધતા, ક્રોધાંધતા અને અજ્ઞાનાંધતા.

પરંતુ હવે એવા ભવોનો, એવા કર્મોનો મને ભાર લાગી રહ્યો છે. ભય

લાગી રહ્યો છે અને તેથી જ પરમજ્યોતિરૂપ તારા ચરણને વળગી ગયો છું. વાછરડું જેમ ગાયને વળગે, વાંદરીનું બચ્ચું જેમ વાંદરીને વળગી પડે તેમ હું પણ હવે તારા ચરણમાં સદાકાળ માટે લીન બની રહેવા માંગું છું, પરંતુ આજ સુધી વેઠેલા એ ત્રાસનો ભય મને અહીં પણ એકાકાર બનવા દેતો નથી, નિર્ભયતાનો અહેસાસ થવા દેતો નથી. મારૂં કમનસીબ એ છે કે હું કાયમ તમારી નજીક રહી શકતો નથી. મારા સંયોગો, જવાબદારીઓ, પરાધીનતા, ચંચળતા તથા આયુષ્ય-આવા અનેક પરિબળો મને તમારાથી દૂર લઇ જાય છે, અને એકવાર તમારાથી દૂર થયો કે મારૂં આવી બન્યું. ફરી પાછી એ જ વિટંબણા, વેદના અને વલોપાત...એ જ અનાર્યતા અને રાક્ષસપણું...તમારાથી સંખ્યાત-અસંખ્યાત કે અનંતકાળનું આંતરૂં અને ફરી એકડે એકથી શરૂઆત. આ ચડો, પડો, રડો, લડો અને ફરી ચડોના ચકડોળમાં ચક્કર મારવાથી હવે અકળામણ થાય છે. શું આપ મને એ ચક્કરમાંથી બહાર કાઢી ન શકો ?

ભુવનૈકવીર પરમાત્મન્ !! હવે આ આતમનો એકતારો છૂટકારો જ માંગે છે. પ્રભુ મને બચાવો, મારા આતમને બચાવો, મારી આરાધનાને બચાવો...હવે તો આ રાક્ષસો અને અનાર્યોથી બચાવો. તેથી જ હવે હું તમારા પાદપદ્મમાં આવીને વળગ્યો છું....મેં મારા દિવસ અને રાત, શ્વાસ અને પ્રાણ, મન અને બુદ્ધિ બધું તમને સોંપ્યું....હવે સતત ૨૪ કલાક મારા હૃદયમાં એક જ ગીત ગવાય.

**દયામય !ઐસી મતિ હો જાય,**
**ત્રિભુવન કી કલ્યાણ કામના, દિન દિન બઢતી જાય...**

**ઔરો કે સુખ કો સુખ સમઝુ, સુખ કા કરૂં ઉપાય,**
**અપને દુઃખ સબ સહુ કિન્તુ, પરદુઃખ નહિ દેખા જાય...**

**અધમ અજ્ઞ અસ્પૃશ્ય અધર્મી, દુઃખી ઔર અસહાય,**
**સબ કે અવગાહન હિત મમ ઉર, સુરસરિ સમ બન જાય...**

**ભૂલા ભટકા ઉલટી મતિ કા, જો હૈ જનસમુદાય,**
**ઉસે સૂઝાઉં સચ્ચા સત્પથ, નિજ સર્વસ્વ લગાય....**

**સત્ય ધર્મ હો, સત્ય કર્મ હો, સત્ય ધ્યેય બન જાય,**
**સત્યાન્વેષણ મેં હી 'પ્રેમી' જીવન યહ લગ જાય...**

હૃદયની વૃત્તિઓ ફરવાની સાથે બહારની પ્રવૃતિઓ પણ બદલાઇ જાય, જયણામય જીવન, કરૂણામય મન અને પ્રેરણામય વચન એ મારી ઓળખ બની

જાય, પ્રભુભક્તિ, સ્વાધ્યાય, વૈયાવચ્ચ, તપ-ત્યાગ, ચુસ્ત આચારપાલન, પરોપકાર આદિથી મારા જીવનમાં ધર્મની વસંત ખીલી જાય, નિર્મલ પ્રસન્નતાના ફુવારાઓ સતત ઉઠ્યા કરે...અને આ બધાના પ્રતાપે બધા મોહના હુમલાઓથી બચી જઇ વિશુદ્ધ જીવન અને વિશુદ્ધ મરણનો સ્વામી બની જાઉં...

**એવું જ માંગું મોત હરિ, હું તો એવું જ માંગું મોત,**
**આ થયું હોત ને તે થયું હોત, ને જો પેલું થયું હોત,**
**અંત સમયે એવા ઓરતડાની, હોય ન ગોતાગોત...હરિ...**

**અંતિમ શ્વાસ લગી આતમની અવિચલ ચલવું ગોત;**
**ઓતપ્રોત હોઉં આપમહીં જ્યારે ઉડે પ્રાણકપોત....હરિ....**

**કાયાની કણી કણીથી, પ્રગટે એક જ શાંત સરોદ;**
**જોજે રખે કદી પાતળું પડતું, આતમ કેરૂં પોત...હરિ....**

**ગિરિગણ ચઢતા ઘનવન વીંધતા, તરતા સરિતાસ્રોતઃ**
**સન્મુખ સાથી જનમજનમનો, અંતર ઝળહળ જ્યોત....હરિ...**

**–કરસનદાસ માણેકલાલ લુહાર....**

આમાં હું તો ક્યાં વધારે પડતું માંગું છું ? તમે તો સમગ્ર વિશ્વના સર્વશ્રેષ્ઠ પરાક્રમી છો. આ મોહની સેનાને પલભરમાં હતી ન હતી કરી નાખવી એ તમારા માટે ડાબા હાથનો ખેલ છે. તમારૂં નામસ્મરણ પણ એના ત્રાસથી અનેકને મુક્ત કરી દે એમ છે...મેં તો તમારી કૃપાનો એક અંશ જ માંગ્યો છે...તમારી શક્તિની માત્ર છાયા જ માગી છે અને જ્યારે હવે તમારી સન્મુખ થયો છું, તમારો દાસ, ચાકર અને સેવક બન્યો છું ત્યારે તો મારો આટલો અધિકાર તો ખરો ને ! તમારા ચરણના આશરે બેઠેલાને મોહ ઉઠાવી જાય એમાં તો તમારી જ બદનામી થાય ને... માટે પ્રભુ બચાવજો..ઉગારજો...મારા જીવતરની, મારા પ્રેમની, મારી સમર્પણની ઝોળી ફેલાવી છે, હવે એને ભરવાની જવાબદારી તમારી છે...માત્ર એક જનમમાં મારૂં રક્ષણ અને ભવોભવ માટે હું તમારો...પ્રભુ !!! સંબંધોની ખાતરી લઇને જાઉં છું. એ સંબંધનો પાયો પણ તમે, ઇમારત પણ તમે અને સુશોભન પણ તમે જ છો...પ્રભુ ! આપણી એ સંબંધની ઇમારતને શાશ્વતીનું વરદાન

***આપજો...આપજો...આપજો....***

◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆

વેદનાના પ્રદેશની દાહક અને છતાં આત્મશોધક યાત્રા કરી,
યાત્રા પૂર્ણ તો નથી થતી કારણ કે
અવારનવાર ભક્તિના અમૃતથી સીંચવા છતાં
મોહની કાતિલ કદર્થનાઓની યાદ આવતાં
વારંવાર એ વેદનાની આગ પ્રગટ થઇ જતી હોય છે
પરંતુ હવે એકંદરે શરૂ થાય છે
પરમાત્મા પ્રત્યેની પ્રાર્થનાનો સુરમ્ય પ્રદેશ.
પ્રભુના અસ્તિત્વનો **સ્વીકાર**,
પ્રભુની મહત્તાને અને કરૂણાને **આવકાર**,
પોતાની ખામીઓ, ભૂલો અને દોષોનો **એકરાર** અને
પ્રભુની કરૂણાને વરસવાની વિનંતિનો અવિરત **પોકાર**...
આવા અનેક ભાવોથી ભરપૂર
કુમારપાળ-મહારાજાની એ ભાવસૃષ્ટિમાં
વિહરવાનો આનંદ મેળવીએ,
સાથે સાથે આપણા આત્મામાં પણ
આવી પ્રભુગુણોની પ્યાસ, મુક્તિની આશ જાગે એવા પ્રયત્નો કરીએ.
**પ્રાર્થનાના પ્રદેશનું પરમપાવન પ્રથમ પાથેય પામીએ-**

# ૨૧

हित्वा स्वदेहेऽपि ममत्वबुद्धिं श्रद्धापवित्रीकृतसद्विवेकः ।
मुक्तान्यसङ्गः, समशत्रुमित्रः, स्वामिन् कदा संयममातनिष्ये ॥

**ક્યારે પ્રભો નિજદેહમાં પણ આત્મબુદ્ધિને તજી,**
**શ્રદ્ધાજળે શુદ્ધિ કરેલ વિવેકને ચિત્તે સજી;**
**સમ શત્રુ-મિત્ર વિષે બની, ન્યારો થઇ ભાવથી,**
**રમીશ સુખકર સંયમે ક્યારે પ્રભો આનંદથી...(૨૧)**

ગુજરાતી સાહિત્યમાં આવતી એક પ્રખ્યાત કથા...ચોમાસાની માદક ઋતુ હતી. મેહુલિયો તડામાર વરસી રહ્યો હતો, વાતાવરણમાં હિમશીતલતા છવાઇ ગઇ હતી. પ્રવાસીઓ કોઇ ઓથ મેળવીને પોતાની જાતને બચાવતા ઊભા રહી ગયા હતા, તે સમયે ફરવા અને ચરવા નીકળેલું વાનરયૂથ અચાનક આવી પડેલા મેઘના આક્રમણથી હતપ્રભ બની આશરો શોધવા અહીંથી તહીં ભટકી રહ્યું હતું. એક અવળચંડો વાનર વારિના શીકરોથી ધ્રુજતો એક ઝાડની ડાળીનો આશરો શોધતો હતો ત્યારે આલમની અજાયબી જેવા ઘરની માલકણ અને સર્જક સુઘરીએ આશરાની હુંફની જગ્યાએ શબ્દોની ફુંક મારી-વાનરભાઇ ! આવી રીતે આખો દિવસ ભટકી જ્યાં ત્યાં ખાવું અને આવી ઋતુમાં હેરાન થવું તેના કરતાં ઘરનું ઘર કરીને રહેતા હો તો ? જુઓ ! આ વરસાદમાં પલળી પલળીને કેટલા હેરાન થઇ રહ્યા છો ? કેટલા ધ્રુજો છો ? આમને આમ માંદા પડીને મરવાનો વારો આવશે...તેના કરતાં મારી જેમ ઘર બનાવીને રહેતા હો તો ? જુઓ મારે આ ઘરના કારણે કેટલી સુગમતા રહે છે ? નહીં ઠંડી, ગરમી કે વરસાદની ચિંતા, ન બાલ-બચ્ચા, માલ મિલકતના રક્ષણની ચિંતા, ન જ્યાં ત્યાં ભટકવાની અને રોજ નવો આશરો શોધવાની ચિંતા....વાંદરાભાઇ ! આવડા મોટા ઢાંઢ જેવા થયા તોય તમે એક ઘર બનાવતા ન શીખ્યા...તમારા કરતા તો અમે સાવ નાના અને નબળા તોય કેટલા સારા, કે આવું સરસ ઘર બનાવતા શીખ્યા...તમે ય ઘર બનાઓ ઘર...

સુઘરીની સતત ચાલતી રેકર્ડથી કંટાળેલા વાનરભાઇએ શું કર્યું તે આખી દુનિયા જાણે છે, પરંતુ સુઘરીના મુખમાંથી નીકળેલા શબ્દોથી એક રહસ્ય છતું થાય છે કે પશુ-પંખી-જીવ-જંતુ કે માનવ-દાનવ અને દેવની દુનિયા સુધી જોઇ વળો તો એક વસ્તુ દરેકમાં સામાન્ય દેખાય છે કે હરેકને ઘરનું ઘર બનાવવાની ઇચ્છા હોય છે, અને આ ઇચ્છાના પરિણામ-સ્વરૂપે જ દર, રાફડો, ગુફા, માળો, બખોલથી માંડી ઝૂંપડી, ચાલી, ફ્લેટ, ડુપ્લેક્ષ, બંગલો, હવેલી, મહેલ સુધીની દુનિયા વિસ્તરેલી છે. દરેક પોતાની શક્તિ, સંપત્તિ અને સૂઝ પ્રમાણે ઘર બનાવે છે.

સંસારીને ઘરનું ઘર વસાવવામાં રસ હોય તો સમકિતીને પોતાનું આત્મઘર વસાવવાની ચિંતા હોય...તેના હૃદયમાં સતત એક જ ભાવનાના મોજા ઉછળ્યા કરતા હોય કે ક્યારે હું મારા આત્મઘરમાં વસીશ ? ક્યારે હું શાશ્વત નિવાસ-જ્યાંથી નીકળવાનું જ નહીં, જ્યાં દુઃખ, દોષ, દૌર્ગત્ય કે દુર્ગતિની ચિંતા કરવાની જ નહીં એવા ઘરમાં ક્યારે પહોંચીશ ? સમકિતીની આ ઇચ્છા-વેદના કે ઝંખનાને વાચા આપી છે આ સ્તુતિમાં પરમાર્હત્ કુમારપાળ મહારાજાએ...જીવનના ઉત્તરાર્ધમાં વિશિષ્ટ પુણ્યાઇના સ્વામિ બન્યા પછી પણ, પૂર્વાર્ધમાં અતિગાઢ કષ્ટો વેઠ્યા હોવા છતાં જેમની નજર માત્ર પ્રભુ પર, પ્રભુની આજ્ઞા પર, પ્રભુએ પ્રરૂપેલા માર્ગ પર, અનંત આત્માઓએ શાશ્વત ઘર જેનાથી મેળવ્યું એ વેષ પર જ છે એવા પુણ્યાત્માએ પોતાના અંતરની એ ચાહ અને અત્યાર સુધી કેમ નથી મળ્યું એની આહને પ્રગટ કરી છે આ સ્તુતિમાં...મા પાસે બાળક જેમ પોતાની માંગની પૂર્તિની અતિઆતુરતા પ્રગટ કરે તે જ રીતે અહીં કુમારપાળ મહારાજાની તત્ત્વરૂચિ અને સમ્યક્ત્વ પ્રાપ્તિની ઝલક આ માંગણીમાં સ્પષ્ટપણે દેખાઇ આવે છે. આખોય મોક્ષમાર્ગ-તેના પ્રત્યેક પડાવોની સાથે આ માંગણીઓની અંદર માંગી લીધો છે. મૂળભૂત માંગ છેલ્લી કડીમાં લીધી છે, તેની પૂર્વે બધી પૂર્વભૂમિકાઓ છે.

સૌ પ્રથમ માંગ મૂકી છે-**'हित्वा स्वदेहेऽपि ममत्वबुद्धिं'**-અનાદિ કાળથી ચાલ્યો આવતો મારો દેહાધ્યાસ, દેહાસક્તિ કયારે છૂટશે ?-આ દેહને જ આત્મા માની એ અભેદભ્રમને પંપાળતા રહી દેહને કદાપિ કષ્ટ ન પડે, કદાપિ તેમાં નબળાઇ ન આવે તેની કાળજીમાં જીવન પૂરા કર્યા છે અને ભવ વધાર્યા છે તેમાંથી હું ક્યારે છૂટીશ ?-મનનું મિથ્યાત્વ અને આત્માનું અજ્ઞાન ક્યારે છૂટશે ? હજી મારા જીવનમાં એ ભાવો, એ દોષો હાજર છે આનો ખુલ્લો સ્વીકાર આ પ્રાર્થના દ્વારા થાય છે.

**દેહાધ્યાસની મુખ્યત્વે ત્રણ ભૂમિકા છે-**

**૧. આહારપ્રિયતા** - શરીરના પુષ્ટિકરણ માટે જરૂરી ભોજન વારંવાર જોઇએ,

રોજ જોઇએ અને સ્વાદયુક્ત જોઇએ....આ ઇચ્છા સતત રહ્યા કરતી હોય છે. આહારપ્રિયતાના કારણે તપ ગયો, ઉપરથી અનેક વળગળો વળગ્યા. માણસના ઘરમાં સૌથી મોટો પ્રશ્ન જ રસોડાનો, ખર્ચો પણ પ્રાયઃ રસોડા અંગેનો જ, ... તેથી તેના માટે જ વધુ ધંધો, વધુ પાપોનું સેવન...વળી અભક્ષ્ય-અનંતકાય આદિના ભક્ષણ, રાત્રિના પણ ભક્ષણ ચાલુ...શાસ્ત્રોએ પણ કહ્યું-**अक्खाण रसणी** તમામ ઇન્દ્રિયોમાં સૌથી કાતિલ, ઘાતક અને જોખમી ઇન્દ્રિય હોય તો રસનેન્દ્રિય છે. એક ફિલસૂફને કોઇએ પૂછયું-'શરીરમાં સૌથી શ્રેષ્ઠ અંગ કયું ?'-જીભ-'અને સૌથી કનિષ્ઠ ?'-'તે પણ જીભ જ' જવાબ મળ્યો.' 'આમ કેમ ?'-'જીભ યુરેનિયમના અણુ જેવી છે. નિયંત્રિત ઉપયોગ કરતા આવડે તો વિકાસનું એન્જિન બની શકે, એના નિયંત્રણમાં આપણે આવ્યા તો વિનાશની ખાઇમાં ફેંકી દેતાં વાર ન લાગે. તેથી જ જીભ શ્રેષ્ઠ પણ છે અને કનિષ્ઠ પણ'....અનિયંત્રિત જીભ આપણી દુર્ગતિનું અનેકવાર કારણ બની ચૂકી છે.

**૨. આરામપ્રિયતા** - શક્ય હોય તો 'ઓછામાં ઓછું કામ અને વધુમાં વધુ આરામ' આ મોટા ભાગના જીવોનો મુદ્રાલેખ હોય છે. શરીર ઓછામાં ઓછું ઘસાય અને કસાય એ જ પ્લાનિંગ ચાલતું હોય છે. એટલે જ વધુમાં વધુ સાધનોની શોધ થાય છે કે શ્રમને ઘટાડે. નોકર-ચાકરોની ફોજ પણ એને માટે જ હોય છે અને તપ-ત્યાગ સ્વરૂપ ધર્મની ઉપેક્ષા પણ એટલા માટે જ થાય છે. વ્યવહાર ધર્મ એ ક્રિયાના સાતત્યસ્વરૂપ છે તેથી તેની પણ અરૂચિ એટલે જ હોય છે.

**૩. આરોગ્યપ્રિયતા** - પુદ્ગલનો અનાદિકાલીન સ્વભાવ છે-સડન-ગલન-પતન. શરીર પણ પુદ્ગલસ્વરૂપ છે તેથી તેમાં પણ સડવાની સંભાવના છે. શરીરનો સડો એટલે જ રોગ. રોગ સમયની વેદના, ઉપચારની ઉગ્રતા તથા ક્વચિત્ મોતની સંભાવનાનો ભય જીવને રોગના નામમાત્રથી જ ડરાવે છે, અકળાવે છે, તેથી જ શરીરમાં રોગ આવી ન જાય, આવે તો ટકી ન જાય તેની સતત ચિંતા રહ્યા કરે છે.

અવ્યાબાધસુખમય પરમાત્મન્ ! દેહની સાથે દેહાધ્યાસના ઉપરોક્ત ત્રણ વળગણો પણ મને વળગેલા છે અને તે ઉધઇની જેમ મારા આત્મામાં રહેલી નિર્ભયતા, નિશ્ચિંતતા અને નિરાસક્તતાને સતત ખાઇ રહ્યો છે. તેથી જ નથી તારા માર્ગને સ્વીકારવાની ઇચ્છા જાગતી, નથી તારા માર્ગ પર ચાલવાનું સત્ત્વ જાગતું...કાળઝાળ બિહામણો સંસાર પણ દેહાધ્યાસના કારણે જ સોહામણો લાગે છે કારણ કે દેહાશ્રિત સામગ્રીઓનો મસમોટો ડુંગર ખડક્યો છે એણે... દેહાધ્યાસના કારણે જ પૈસો, પુણ્ય અને પુરુષાર્થને ખાઇ જતી એ ભોગસામગ્રી મને તો મધમીઠી લાગી રહી છે,

ઉપકારી લાગી રહી છે અને એ બધાની પાછળ આખું આયખું પુરૂં થઇ જાય તો પણ મને એમાં જ કૃતકૃત્યતા લાગે છે. પરંતુ તને પામ્યા પછી, તને જોયા પછી, તને વફાદાર સાધકોની આંતરિક મસ્તીને નીહાળ્યા પછી મને પણ એ મસ્તીનું આકર્ષણ જાગ્યું છે. પ્રભો ! મારા એવા દિવસો ક્યારે આવશે જ્યારે રોગોથી ઘેરાયેલો હોવા છતાં પણ હું નિજાનંદની મસ્તીમાં રમતો હોઇશ ? મિઠાઇના થાળો અને ફરસાણોની અવનવી આઇટમો સામે હોવા છતાં એની સામે નજર પણ નાખ્યા વગર સાધનાની કેડીએ સંચરવા હું તત્પર બનીશ ! શિયાળાની ઠંડીમાં ખુલ્લા દિલે કાયોત્સર્ગની સાધના, ઉનાળાની કાળઝાળ ગરમીમાં આતાપના અને ચોમાસામાં ડાંસ-મચ્છરના ઉપસર્ગો વચ્ચે પણ સમતા-સમાધિ અને સહિષ્ણુતાની ઉપાસના મારા જીવનમાં ક્યારે આવશે ? સ્મશાનમાં, શૂન્યગૃહમાં, જંગલી પશુથી ભરેલા બિહામણા વનમાં કે એકાંત ઉપવનમાં આખી રાત શુભ ધ્યાનમય કાઉસગ્ગમાં ક્યારે વિતાવીશ ? એક સાથે ૫૦૦-૫૦૦ સાધુઓની વૈયાવચ્ચ જાત તોડીને હું ક્યારે કરીશ ? સતત અપ્રમત ભાવે આપની તમામ આજ્ઞાઓનું પાલન હું ક્યારે કરીશ ? મોત પણ આવતા અચકાય એવી ઝિંદાદિલી અને જવાંમર્દીનો સ્વામી હું ક્યારે બનીશ ? દેવાધિદેવ ! ભાવમાતા બનીને આ વિનય-વિવેકશૂન્ય ભોગવિષ્ટા ચૂંથતા બાળકની ઇચ્છા ક્યારે પૂર્ણ કરશો ?...

અને હા, આ બાબલો નાનો છે પણ ભોળિયો નથી હોં ! એની માંગણીઓનું લિસ્ટ લાંબુલચક છે. દેહાધ્યાસત્યાગ તો પહેલું પગથિયું હતું. હજી તો આગળ ઘણી લાંબી મંઝિલ કાપવાની બાકી છે, તેથી બીજું પગથિયું મૂક્યું- '**श्रद्धापवित्रीकृतसद्विवेक**:' -યાદ આવે શ્રીપાલકથાની મયણા-તરૂણવયમાં બુદ્ધિની પરીક્ષા માટે ભરસભામાં પ્રજાપાલ રાજાએ પાદપૂર્તિ પૂછી-**पुण्णहिं लब्भइ एहु**- ત્યારે મયણાએ જવાબ આપેલો, **विणय-विवेय-पसण्णमणु, सीलसुनिम्मलदेहु,**

**परमपइ मेलावडउ, पुण्णहिं लब्भइ एहु ।**'

પુણ્યથી પાંચ પદાર્થ પ્રકટ થાય-વિનય, વિવેક, પ્રસન્નચિત્ત, શીલથી નિર્મલ કાયા અને પરમાત્માનો મેળાપ. પોતાના પંચશીલ તેણીએ ત્યાં પ્રગટ કર્યા, તે સુરસુંદરીએ કરેલી પાદપૂર્તિના જવાબમાં હતા. સુરસુદરીએ માંગ્યા હતા-ધન, યૌવન, ચતુરાઇ, નિરોગી કાયા અને મનગમતા પતિનો મેળાપ. ધનને નાથવા વિનય જોઇએ, યુવાનીને નાથવા વિવેક જોઇએ. બુદ્ધિને સીધીદોર રાખવા નિર્મલતા જોઇએ. (પવિત્રતાથી જ પ્રસન્નતા આવે), કાયાની બળવત્તા સદાચારના પાલન વિના

નુકસાનકારક નિવડે તેથી કાયાના તોફાનને નાથવા શીલ માંગ્યું, અને સંસારની લંબાઇમાં પરમાત્મા ન મળે તો પણ શું કામનું ? તેથી સંસાર ટુંકાવવા પ્રભુ માંગ્યા. આમ જીવનના પ્રત્યેક ખજાના પર એક ચોકીદાર મયણાએ માંગ્યો તો કુમારપાળ મહારાજા પણ આ જ કામ કરતા જાય છે. દેહની સુખશીલતાને નાથવા દેહાધ્યાસત્યાગ માંગ્યો, હવે મનની સ્વચ્છંદતાને નાથવા માટે શ્રદ્ધાથી યુક્ત વિવેક માંગે છે. સંસારની વાટમાં સારૂં-નરસું, મારૂં-પારકું, કામનું-નકામું, ઊંચું-નબળું આવો ભેદ પરખાવતી વિવેકબુદ્ધિ તો ઘણીવાર મળી છે પરંતુ અહીં સ્વાર્થ રસથી રસાયેલી વિવેકબુદ્ધિ નહીં, શ્રદ્ધારસથી રસાયેલી વિવેકબુદ્ધિ માંગી છે.

અનંતજ્ઞાનના પ્રકાશથી વિશ્વ સમગ્રને અજવાળનાર હે ભગવંત !! તમારી સર્વજ્ઞતામાં જોઇ વિશ્વના પદાર્થોની અંદરની પરિસ્થિતિ આપે જે પ્રકટ કરી તેના પર શ્રદ્ધા રાખી તેના મુજબ કર્તવ્યાકર્તવ્ય, હેય-ઉપાદેયનો વિવેક કરી શકું એટલું તું મને આપ...દેહને, મનને, મોહને અને સંસારને પોષનારી સામગ્રીઓને છોડી શકું અને આત્મગુણોને અને મોક્ષમાર્ગને પુષ્ટ કરનારી સાધનાને સ્વીકારી શકું એવી વિવેકબુદ્ધિ મને મળો. ૯૯ ક્રોડ સોનામહોરને જંબૂસ્વામિ છોડી શક્યા, ૯૯ પેટી અને ૩૨ પત્નીને શાલિભદ્ર છોડી શક્યા, મનગમતા રમકડા અને વાત્સલ્યમય માતાને વજસ્વામિ છોડી શક્યા તે આ વિવેકબુદ્ધિને કારણે જ ને....

ભવજલનિસ્તારક હે દેવાધિદેવ !! આ બધા પુણ્યપુરૂષોએ તો ભોગની ગંગાને છોડી હતી, મારે તો ગટર કે ખાબોચિયું જ છોડવાનું છે છતાં કમભાગી એવો હું વળગીને રહું છું- પ્રભો ! એ શ્રદ્ધાથી પવિત્રિત વિવેક મને આપો કે જેથી શત્રુભૂમિ છોડીને સ્વર્ગભૂમિને સ્વીકારી શકું, સળગતું ઘર છોડી શાશ્વત ઘર તરફ ડગ માંડી શકું, જાતના શત્રુ બનવાનું છોડી સ્વજન બનવાનું કરી શકું.

નિરાગી ભગવંત !! મને યાદ આવે છે તંદુલિયો-શુદ્ધ નિરામિષાહારી છતાં સંકલ્પ માત્રથી હજારો જીવોના ભક્ષણના પાપનો ભોગ બન્યો. માત્ર એક જ લેશ્યા-'હજાર યોજનના માછલાની જગ્યાએ હું હોઉં તો એકેયને બાકી ન રાખું, બધાને ખાઇ જાઉં'....બસ ! મારી અંદર પણ અનાદિકાળથી આ તંદુલિયો રમે છે. જેટલી ભોગસામગ્રીને જોઉં છું, એમ જ થાય છે કે બધી મેળવી લઉં....પુણ્યનો પડિયો કાણો હોવાથી આમાંથી કાંઇ મળતું તો નથી પરંતુ આ સંકલ્પ-વિકલ્પ મફતિયા કર્મબંધ કરાવી મને દુર્ગતિના ચક્કરોમાં ઘસડી જાય છે અને મારો આત્મા તબાહ થઇ જાય છે. વીતરાગ દેવાધિદેવ !! આ આસક્તિના વળગણ છૂટે અને

તારૂં વળગણ લાગે બસ એ જ માંગું છું...હવે મારો પ્રેમ, મારી આસક્તિ, મારી ચાહ, મારી પ્યાસ, મારી મહત્ત્વાકાંક્ષા પ્રભુ તું હી જ તું...

સમતાના ગૌરીશિખર દેવાધિદેવ ! !અનુકૂળ-પ્રતિકૂળના દ્વન્દ્વમાં રમ્યા કરતો હું સતત શત્રુ અને મિત્રના ભેદ પાડ્યા કરૂં છું અને અંદરથી હું જ સ્વયં ભેદાતો જાઉં છું. હવે આ ભેદરેખાને તોડવી છે અને તેથી જ માંગું છું કે નિમિત્તને ભસવાની અને ભાંડવાની શ્વાનવૃત્તિ દૂર કર અને મૂળભૂત તત્ત્વ (કર્મસત્તા) ને પડકારવાની સિંહવૃત્તિનો સ્વામી બનાવ. શત્રુ-મિત્રના ભેદ તો નિમિત્તમાં છે, તેનાથી ઉપર ઉઠ્યો તો આ ભેદો જ નહીં રહે. મારો એક જ મિત્ર છે- મારો આત્મા, મારો એક જ શત્રુ છે-કર્મસત્તા...બાકી તમામ તો ભવપંથમાં મળી ગયેલા ક્ષણિક સંગાથીઓ છે તેમને શું લેબલ લગાવવું...બસ આટલી સમજણ આપી દે, પછી વધુ કાંઇ ન જોઇએ...

અને છેલ્લે....સુખનું માઉન્ટએવરેસ્ટ એવો તારો વેષ, તારો માર્ગ, તારી આજ્ઞાનું સંપૂર્ણ પાલન કરવાની શક્તિ-આ બધાના સરવાળા-ગુણાકાર સ્વરુપ સંયમજીવન ક્યારે મળશે ? અનુત્તર દેવતાઓની લગન, ચક્રવર્તીઓની પણ પ્યાસ, રાજા-મહારાજાઓની પણ આશ એવો એક માત્ર વીરનો વેષ મને મળે-ગુરૂની આંગળી પકડીને આ ભવવનની પાર ચાલ્યા જવાય એવી તક મને મળે...પ્રભુ ! તારા વચનો (આગમો) ને વાગોળવા મળે તેવી ન્યારી અવસ્થા મને મળે...સંસારથી પર બની આત્મા માટે આત્મામાં જ લીન બનવાનું સૌભાગ્ય મને મળે, સુખ-દુઃખના હિસાબ છોડી માત્ર સ્વગુણોની કમાણીમાં રચ્યા પચ્યા રહેવાનો મારો ભાગ્યોદય થાય, વિનાશી-વિકૃત-વૈરી સંસારની પળોજણમાંથી મુક્ત બની શાશ્વત-સુખમય-આત્માનંદની મસ્તીમાં ખોવાઇ જવાનો કેફ મને મળે...? પ્રભો ! આવી પરમ સૌભાગ્યવંતી પળો મને ક્યારે મળશે ?

**મારા આત્મામાં આવી પરમચૈતન્યવંતી જ્યોત ક્યારે પ્રગટાવશો ?**
**શાશ્વતીના સંગીતની સૂરાવલિઓનો સાદ ક્યારે સંભળાવશો ?**
**સંસારની હોળીમાંથી છોડાવી જ્ઞાનદિપકની દિપાવલી ક્યારે દેખાડશો ?**
**અધ્યાત્મની અપૂર્વ સરવાણીઓમાં ક્યારે આત્મસ્નાન કરાવશો ?**

પ્રભો ! મારા રોમરોમમાંથી, પ્રદેશે પ્રદેશમાંથી, અણુએ અણુમાંથી હવે એક જ સાદ ગુંજી રહ્યો છે...

**ક્યારે બનીશ હું સાચો રે સંત**
**ક્યારે થશે મારા ભવનો રે અંત...**

# ૨૨

त्वमेव देवो मम वीतराग !, धर्म्मो भवद्दर्शितधर्म एव ।
इति स्वरूपं परिभाव्य तस्मान्नोपेक्षणीयो भवति स्वभृत्यः ।।

**ગતદોષ ગુણભંડાર જિનજી ! દેવ મારે તું જ છે,**
**સુરનરસભામાં વર્ણવ્યો જે ધર્મ મારે તે જ છે;**
**ઇમ જાણીને પણ દાસની મત આપ અવગણના કરો,**
**આ નમ્ર મારી પ્રાર્થના સ્વામી તમે ચિત્ત ધરો....(૨૨)**

સમગ્ર વિશ્વમાં અનાદિકાળથી બનતી આવેલી આ પ્રચલિત ઘટના છે. એક યુવાન અને યુવતી વચ્ચે પ્રેમ પાંગર્યો, નજરથી નજર મળી, હૃદયથી હૃદય મળ્યું અને છેવટે દેહથી દેહના મિલનના સ્વપ્નાઓ મનમાં જોવાવા લાગ્યા. એક દિવસ આ પ્રેમી યુગલ શાંતિથી હૃદયની સંવેદનાઓ ઠાલવી શકાય તે માટે શહેરથી દૂર, ઘણે દૂર એક નિર્જન ઉપવનમાં પહોંચી ગયા, હાથમાં હાથ નાખી ટહેલવા માંડયા, છેવટે થાક્યા ત્યારે એક ઘટાદાર વૃક્ષ નીચે બેસી ગુફતેગુ કરવા માંડયા...સમય કેટલો વીત્યો તેનું પણ ભાન ભૂલી ગયેલા બન્ને જણા અચાનક અંધારૂં ઉતરી આવતા ગભરાયા અને ફટાફટ બહાર નીકળવા જાય છે ત્યાં જ લફંગા જેવો લાગતો માણસ નજીક આવ્યો અને યુવતીની છેડતી કરવાનું શરૂ કર્યુ. ઘટનાએ અચાનક લીધેલા પરિવર્તનથી યુવાન બહાવરો બની ગયો અને ભયથી થરથર કાંપવા માંડયો....તે વખતે તેની પ્રેયસીએ રાડારાડ શરૂ કરી અને યુવાનને ઉશ્કેરવા માટે ઘણું ઘણું સંભળાવ્યું. યુવતીના ગરમાગરમ શબ્દો સાંભળવા છતાં યુવાનમાં હિંમત ન પ્રગટી, સામે પેલા મવાલીએ પણ આકડે મધ જોઇ પોતાની વિકૃતિઓને પૂરબહારમાં પ્રગટ કરવાનું શરૂ કર્યું, ત્યારે વીફરેલા વાઘણ જેવી બની ગયેલી યુવતી મરણિયા બની તે મવાલી પર તૂટી પડી, મવાલીના ચાકુની પરવા કર્યા વિના એવો મેથીપાક ચખાડ્યો, જેથી તે મવાલી ભાગી છૂટયો, આવેલું સંકટ દૂર થયેલું જાણી યુવાન હોશમાં આવ્યો અને જ્યાં યુવતીનો હાથ પકડવા જાય છે ત્યાં જ ધગી ગયેલા તાંબા જેવી લાલચોળ થઇ ગયેલી યુવતીએ હાથને જોરથી ઝટકારતા કહ્યું-'ખબરદાર

છે જો મને હાથ લગાડ્યો છે તો !! બાયલા ! બીકણ ! કાયર ! આના કરતાં તો મેં કોઇ પથ્થર સાચવ્યો હોત તો ય ગુંડાનું માથું ભાંગવા કામ લાગત. મારા જેવી અબળા જે બળ ફોરવી શકે, લડતના ખેલ ખેલી શકે- એટલાથીય તું ગયો ! અરે ! પડકાર ફેંક્યા પછી હારી ગયો હોત તો ય ચાલત, પણ નમાલો તું તો પડકાર ફેંકવામાંથી પણ ગયો ! છટ્, હવેથી મારી સામું જોવાની હિંમત કરતો નહીં. આજથી તારા નામનું મેં નાહી નાંખ્યું છે. આપણે સંબંધ હતો એ ભૂલી જજે. જે પોતાની પત્નીનું રક્ષણ ન કરી શકે એવો ધણી શું કામનો ? મારૂં રક્ષણ કરી શકે એવો બીજો કોઇ યુવાન હું શોધી લઇશ, નહીં મળે તો કુંવારી બેસી રહીશ, પણ તારા જેવાના હાથમાં મારો હાથ સોંપીને મારે મારો ભવ બગાડવો નથી'...અને ફુંગરાયેલું મોઢું લઇ એ યુવતી ત્યાંથી સડસડાટ નીકળી ગઇ !!

શરણાગતવત્સલ કરૂણાવંત જિનજી !! આ વિશ્વના તમામ નબળા જીવો જ્યારે કોઇકની સાથે પોતાનું જીવન જોડે છે ત્યારે એકમાત્ર અપેક્ષા પોતાના માટે ઘાતક અને બાધક તત્ત્વોથી રક્ષણ થાય એની હોય છે. બીજું ઓછું વત્તું મળે એ ચાલે પણ પોતાની સુરક્ષા જોખમમાં મૂકાય એ તો કોણ ચલાવી લે ? સંવર્ધન ન થાય એ હજી ચાલે, સંરક્ષણ તો જોઇએ જ ને ....અનંતકાલીન ભવચક્રમાં અનંતાનંત જીવો અને પદાર્થો સાથે મેં મારો સંબંધ જોડ્યો, એક જ આશાએ કે તેઓ મને મારા તમામ કર્યા-કરાવ્યા પર પાણી ફેરવી દેતા રોગ, જરા, મૃત્યુ આદિથી બચાવશે, મારી બુદ્ધિને બગાડી નાંખતા રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાન આદિથી મને બચાવશે, મારૂં રક્ષણ કરશે, મારો હાથ ઝાલી દુર્ગતિમાં પડતા અટકાવશે પણ ઉલટું એ જ બધા મારા દુર્ગતિના સાર્થવાહ બન્યા, મારા પતન અને મરણના હાથા બન્યા...એ બધા પર વિશ્વાસ મૂકી મૂકીને બેહાલ બન્યા પછી પ્રભો ! હવે તારા શરણે આવ્યો છું, તારો પાલવ પકડ્યો છે, તારો હાથ ઝાલ્યો છે, તારી કેડે લાગ્યો છું મારા નાથ !

હવેથી આપ જ મારા દેવ, મારા નાથ, મારા માલિક, સ્વામિ, ભર્તા, આધાર, જીવન સર્વસ્વ છો. હું નદી-આપ મારા સમુદ્ર, હું ચકોર-તમે ચાંદની, હું સુરજમુખી-તમે સહસ્ત્રકિરણ સૂર્ય, હું બીજ-તમે મારી પૃથ્વી. મારા જીવનની ક્ષણ-ક્ષણ, મારા દેહનો કણ-કણ હવે તમારા હવાલે છે. **'સમય સમય સો વાર સંભારું, તુજશું લગની જોર રે'**....મારા પ્રત્યેક કાર્ય, પ્રત્યેક પ્રવૃત્તિમાં હવેથી આપની હાજરી હશે, મારા વહાલાની આમાં શું આજ્ઞા, શું નિર્દેશ છે એ જ મારી ચિંતા. મારી ઇન્દ્રિયો પણ તમારા તાબે. તમારી આજ્ઞા વિના તે હવે ક્યાંય આડી અવળી નહીં ફરે. અરે મારું પવન જેવું ચંચળ મન પણ તમારે હવાલે...

મારો ધર્મ, મારી સાધના, મારો પુરુષાર્થ પણ તમે બતાવ્યો તે જ...બહારના અજ્ઞાનીઓની વાત હવે મને મોહી શકતી નથી, મૂંઝવી શકતી નથી, તેમની નિંદાથી હું ગભરાતો નથી, તેમની પ્રશંસાથી હું આકર્ષાતો નથી, તેમના મેણા-ટોણાં, અપમાન, તિરસ્કાર, દબાવ મારા માટે અકિંચિત્કર બની ગયા છે કારણ કે મારૂં એક જ વ્રત છે-**'રિઝવવો એક સાંઇ...'** દુનિયા મને વેદિયો, ભગતડો, નકામો કહે કે નિષ્ઠુર, બીકણ અને બાયલો-હવે એ બધા ઇલ્કાબોની મને કોઈ અસર નથી. મારે તો એક જ કાર્ય છે. પ્રભુની આજ્ઞાનું પાલન....

અશરણશરણ વીતરાગ ભગવંત !! સંપૂર્ણપણે હું આપનો શરણાગત છું, આપ જ મારા ત્રાણ, રક્ષક, આધાર, પાલક, પોષક, રાખણહાર છો, આપ વિના હું જગમાં અનાથ છું તેથી હવે મારી ઉપેક્ષા ન કરશો માઇબાપ ! સામાન્ય પણ ક્ષત્રિયો શરણે આવેલાનું પ્રાણના ભોગે રક્ષણ કરે છે તો દેવાધિદેવ ! **'તું હિ ત્રાતા, તું હિ વિધાતા, તું જગતનો દેવ !'**-તારા માટે તો વિશ્વ આખું મગતરા સમાન છે. મારા માટે બિહામણા કદાવર લાગતા શત્રુઓને ચોળી નાખવા એ તારે માટે ચપટીનો ખેલ છે. સાધનાની જિંદગી એ મારા જીવસટોસટની લડાઇ છે, તમારા માટે તો બગાસું ખાવા જેવું સહેલું છે. તો **'મારી ઉપેક્ષા નવ કરો ને ક્ષય કરો મુજ પાપનો...'** દેવાધિદેવ !! મારી નબળાઇઓ, મારી ભૂલો અને મારા દોષોનો ક્ષય કરો, મારા એ દુશ્મનો પ્રતિક્ષણ મારી આત્મિક સમૃદ્ધિને ખાઇ રહ્યા છે, પ્રતિક્ષણ મને દુઃખો તરફ ધકેલી રહ્યા છે, મને પાપો તરફ ધકેલી રહ્યા છે. માંડ માંડ જમાવેલી મારી શ્રદ્ધા અને સમજણના ખજાનાને ઉલાળી મારા આત્મામાં દુર્મતિ અને દુર્ભાવોની ફોજ એકઠી કરી રહ્યા છે. મારા આત્મ પ્રદેશોનો કબજો કરી વિનય-વિવેક આદિ શુભ ભાવોને ઠરીઠામ થવાની જગ્યા જ નથી આપતા, કદાચ બળજબરીથી સ્થાન જમાવું તો ય ક્ષણવારમાં હાંકી કાઢે છે. અશુભભાવોને ધકેલવા જાઉં તો પણ બળજબરીથી મારામાં તેમનો અડ્ડો જમાવી આપે છે. દીનબંધુ દેવાધિદેવ !! આ ચોરટાઓ સામે લડીલડીને હું થાકયો...

અનંતશક્તિના ભંડાર પુરુષસિંહ !! તમારૂં શરણ, તમારૂં શાસન અને તમારી આજ્ઞા સ્વીકાર્યા પછી પણ આ દોષો મને પીડી રહ્યા છે, સંસારમાં જકડી રહ્યા છે અને કાતિલ દુષ્કર્મો મારી પાસે કરાવી રહ્યા છે તે તમારી ઉપેક્ષાનું જ પરિણામ છે એવું લાગે છે મને. મોરના કેકારવ પણ સંભળાય ત્યાં આવવાની હિંમત સાપ કરતા નથી, સૂર્યના ઉગવાની સંભાવના પણ થાય તે પહેલા ચોર, કામી, શત્રુ અને ક્ષુદ્ર જીવજંતુઓ ભાગી જતા હોય છે, કાર્યદક્ષ પોલીસ ઇન્સ્પેક્ટરની

જીપની સાયરન સંભળાય ત્યારથી જ ગુંડાઓ ગલી છોડી દેતા હોય છે, તો વિશ્વહિતૈષી પરમાત્મન્ !! તમારી રટણા, આરાધના અને તમારી ઉપાસના સ્વીકાર્યા પછી પણ મારી આવી કદર્થના કેમ થાય ? તેમજ મારી અને તારી વચ્ચે આટલું આંતરૂ કેમ રહે ?

જો અતિ પાપી એવો પણ અંગુલીમાલ ગૌતમબુદ્ધના શરણથી આત્મકલ્યાણ સાધી શકતો હોય, ભારેકર્મી રાક્ષસો અને રાક્ષસીઓ શ્રીકૃષ્ણ અને શ્રી રામના સ્મરણથી સ્વર્ગવાસી બની શકતા હોય, દુષ્ટતાના ભંડાર સમા રાવણ, કૃષ્ણ અને શ્રેણિક જેવા તીર્થંકર નામકર્મ બાંધી શકતા હોય તો મેં તો એવા ક્યા અપરાધ સેવ્યા છે જેની સજારૂપે મને તારાથી દૂર ને દૂર જ રાખે છે...તારી સેવા તો દૂર, તારૂં દર્શન પણ ન મળે એવા કાળ અને ક્ષેત્રમાં લાવીને મૂકી દે છે !!

સંતાન માટે તો 'મા'નો પ્રેમ મસ્તી અને પુષ્ટિનું કારણ બને છે, કોઇક કારણસર થયેલી ભૂલ માટે મળતો 'મા'નો ઠપકો કે સજા એ શુદ્ધિનું કારણ બને છે-બન્નેમાં ઉંડે ઉંડે 'મા' ના પ્રેમનો અહેસાસ થાય છે તેથી બાળક માટે બન્ને સ્વીકાર્ય બને છે, પરંતુ 'મા' તરફથી જો ઉપેક્ષા થાય તો બાળક તેને સ્વીકારતું જ નથી, સહન જ કરી શકતું નથી...મારી પણ સ્થિતિ આવી જ કંઇક છે. પ્રેમ કે સજા-બન્ને અભિગમ સ્વીકાર્ય છે કારણ કે એમાં સન્મુખતાની નિશાની છે. સજા તેને જ થાય, કઠોરતા તેના જ પ્રત્યે આવે જેના માટે લાગણી છે, કરૂણા છે, સુધારવાની ઇચ્છા-રસ છે. પરંતુ જેની સાથે સંબંધ છોડી દીધો હોય, અપાત્ર ગણ્યો હોય, મનથી ઉતારી દીધો હોય તેની સાથે જ ઉપેક્ષાનો વ્યવહાર થતો હોય છે. પ્રભો ! મેં અંતરથી તમારા દાસપણાને, સેવકપણાને સ્વીકાર્યું છે. તેથી જ શરીરને સૂકવીને, મનને મારીને પણ આપની આજ્ઞાને વહન કરવા પ્રયત્નશીલ છું. છતાં પણ મારી ઉપેક્ષા કેમ થાય છે તે સમજાતું નથી....

અચિંત્યચિંતામણી દેવાધિદેવ !!

મને મુક્તિ ન આપો તો ચાલશે, પરંતુ ભક્તિનો વૈભવ તો આપો...

મને અનંત ગુણોનો ભંડાર નહીં મળે તો ચાલશે, તારા ગુણોને ગાઇ શકું એવું બળ, એવું જ્ઞાન મળશે તો ચાલશે.

મોટા ચક્રવર્તી સમ્રાટોને ત્યાં જન્મ નહીં મળે તો ચાલશે, તારા ગુણલા ગવાતા હોય એવા કોઇ દાસાનુદાસની ઝુંપડીમાં જન્મ મળશે તો ચાલશે.

શાસ્ત્રોના અધ્યયન-અધ્યાપન કરાવી શકું એવી બુદ્ધિનો વૈભવ નહીં મળે તો ચાલશે, બસ તારી કથાને માણી શકું, તારી વાત સાંભળીને રડી શકું એવી શ્રદ્ધાનો વૈભવ આપજે...

**પ્રભુ આટલું તો આપશોને ?....**

# ૨૩

**जिता जिताशेषसुरासुराद्याः, कामादयः काममभी त्वयेश !।**
**त्वां प्रत्यशक्तास्तव सेवकं तु, निघ्नन्ति हि मां परुषं रुषैव ॥**

**ષડ્વર્ગ મદનાદિકતણો જે જીતનારો વિશ્વને,**
**અરિહંત ! ઉજ્જ્વલ ધ્યાનથી તેને પ્રભુ જીત્યો તમે;**
**અશક્ત તુમ પ્રત્યે હણે તુમ દાસને નિર્ભયપણે,**
**એ શત્રુઓને જીતું એવું આત્મબળ આપો મને....(૨૩)**

યાદ આવે પ્રભુવીરના બાળપણની રમણીય ઘટના...વર્ધમાન કુંવર પોતાના સમાન વયસ્ક સખાઓ સાથે અનાસક્તભાવે ક્રીડા કરી રહ્યા છે તે સમયે પરમસમકિતી સૌધર્મેન્દ્રના પવિત્ર મુખમાંથી નીકળેલી પ્રભુના ધૈર્યભાવની પ્રશંસાની કસોટી કરવા ધસી આવેલો દેવ ભયંકર ફૂંફાડા મારતા સાપનું રૂપ ધારણ કરે છે. બધા જ બાળગોપાળો જાન બચાવવા તિતર બિતર થઇ જાય છે, ગોઠીમડા ખાતા, ભેંકડા નાખતા, 'બચાવો બચાવો'ની રાડારાડ કરતાં સુરક્ષિત સ્થાને પહોંચી જવા દોટ મૂકે છે ત્યારે પણ વર્ધમાન યમની દાઢા જેવા તે સાપને જોઇને સ્વસ્થ છે, સહજ મસ્તીમાં છે અને અંગ પરથી એકાદ વાળને ફેંકતા હોય તેમ લીલામાત્રમાં હળવાશથી તે સાપને દૂર ધકેલી દે છે...ભયનો અંશ પણ પેદા કરવા અસમર્થ બનેલો દેવ બાળરૂપ લઇ આમલકીક્રીડા રમવા ભેગા થયેલા કુંવરો વચ્ચે પહોંચી જાય છે. રમતાં રમતાં જાણી જોઇને હારી જાય છે, અને જ્યાં વર્ધમાન પીઠ પર બેસે છે ત્યાં જ સાતતાડ ઊંચું રૂપ વિકુર્વે છે. કાચાપોચાની છાતીના પાટીયા બેસી જાય એવી ભયલીલા તેણે સર્જી છે. અતિ કદાવર કાયા, જ્વાળામુખીની ભભુકતી જ્વાળા જેવા વાળ, યમદાઢ જેવા વિકરાળ શીંગડા, કોળાની ફાડ્ય જેવી બે લાલઘુમ આંખો, પર્વતની બખોલ જેવા નાક, વિજળીની જેમ લબકારા મારતી જીભ, વાઘના નહોર જેવા નખ, ગીચ ઝાડી-ઝાંખરા જેવી ઉગી ગયેલ શરીર પર રૂંવાટી. આવો રાક્ષસ દાંતિયા કરતાં કરતાં 'કાચો ને કાચો ખાઇ જઇશ' એવી સંજ્ઞાઓ કરે છે ત્યાં જ

વર્ધમાન વજ્ર જેવી મુટ્ઠી ઉગામે છે અને રાક્ષસની પીઠ પર અથડાવે છે, ત્યાં તો ચિત્કાર કરતો તે મૂળ સ્વરૂપમાં આવી જાય છે, પગે પડે છે, ક્ષમા માંગી 'મહાવીર' નામાભિધાન કરી પ્રશંસા કરતો સ્વર્ગ તરફ રવાના થાય છે...

ભવિષ્યમાં ભાવરાક્ષસો સાથે બનનારી ઘટનાનું આ તો માત્ર ટ્રેલર હતું. સમગ્ર વિશ્વને જેણે બાનમાં લીધું છે એવા પરમશક્તિશાળી આત્મશત્રુઓને પરમાત્મા પોતાના શુક્લધ્યાન દ્વારા અત્યંત વશવર્તી કરી લેવાના છે એનું સૂચક હતું. જેમનો પદરવ માત્ર દેવેન્દ્રો, દાનવેન્દ્રો, દેવ-દાનવ-માનવ આદિના વિશાળ વિશ્વને ધ્રુજાવી નાખવા સમર્થ છે, એવા કામ-ક્રોધ-મદ-મત્સર-મોહાદિ ભાવોની આણ સમગ્ર વિશ્વમાં એકધારી રીતે વર્તી રહી છે. બહારના હજારોને પલકવારમાં હંફાવી અને હરાવી દેનાર યોદ્ધાઓ પણ આ અંતરંગ શત્રુઓ આગળ ઘૂંટણિયા ટેકવી દેતા હોય છે. ઝેર પાયેલા તીક્ષ્ણ બાણોના ઘા સહન કરી શકનાર કામિનીના કટાક્ષબાણોને સહન કરી શકતો નથી, ભડકે બળતી આગની સામે હસતા મોઢે ધસી જનારા અને કામ પતાવીને સહિસલામત પાછા આવી જનારા ક્રોધના મામુલી-નિમિત્તોની સામે ટકી શકતા નથી, મોટા મોટા પર્વતોને ક્ષણવારમાં ઓળંગી જનારા અભિમાનના હિમાલયને ઓળંગી શકતા નથી અને વિરાટ સમુદ્રોને માપી લેનારા પોતાના લોભસાગરને મર્યાદામાં રાખી શકતા નથી. સમગ્ર વિશ્વ આ અંતરંગ શત્રુઓને ત્યાં ગિરવે મૂકાઇ ગયું છે ત્યારે પ્રભુએ પોતાની આત્મસાધનાના આવિષ્કારથી, શુક્લધ્યાનાગ્નિના પ્રબળ પ્રતાપથી એ ભાવશત્રુઓને સાવ છિન્નભિન્ન કરી નાખ્યા છે. પોતાની સમગ્ર તાકાત, સમગ્ર હીર નિચોવી નાંખે તો ય પ્રભુના રૂંવાડામાં પણ વિકાર લાવવા તેઓ સમર્થ નથી.

એક વર્ષ સુધી ભિક્ષા ન મળવાની પ્રભુ ઋષભના જીવનની ક્ષણો હોય, મેઘમાળીના ઉપસર્ગની પ્રભુ પાર્શ્વની ઘટના હોય કે વીરવિભુનો તો આખો સાધનાકાળ હોય, ઠેરઠેર પ્રભુના આત્મવીર્યની તેજરેખાઓ ઝળકતી દેખાય છે. પશુ-પંખીના ડંખ અને ત્રાસ હોય, ગોશાળો-ગોવાળિયો કે અનાર્યોના જંગલીવેડા હોય કે શૂલપાણી-કટપૂતના-સંગમ આદિના મોહાધીન ગાંડપણની ચરમસીમા હોય, ઠેરઠેર વિજયનું અંતિમ સ્મિત તો પરમાત્માનું જ રહ્યું છે. દુશ્મનોની આંખમાં પાણી આવી જાય એવા સમયમાં પણ પ્રભુના આંખમાંથી તો અમીની ધારા જ વરસતી રહી છે. અભિમાનના શિખરે ચડાવી દે તેવા પ્રસંગમાં પણ પ્રભુના પાદ તો સમતાની ભૂમિ પર ટકેલા જ રહેતા હતા. અંગ અંગમાં કામની આગ પ્રગટાવી

દે તેવા પ્રસંગમાં પણ પરમાત્મા તો પરમવૈરાગ્યની મસ્તીમાં જ ઝીલતા હતા, એ ભાવશત્રુઓએ પોતાની તમામ તાકાત ખાલી કરી નાખી છતાં પરમાત્મા પરમસ્વસ્થ રહ્યા....

યાદ આવે એક ઘટના-એક ક્ષમાશીલ સંત પોતાના અનુયાયીને નપાણિયા કૂવા પાસે લઇ ગયા અને તેના હાથમાં દોરડું અને ડોલ પકડાવી દીધી-લો ! આમાંથી પાણી ભરી લાવો. ૧૦ વખત ડોલ અંદર નાખી બહાર કાઢવા છતાં જ્યારે કોરી જ પાછી આવી ત્યારે સંત કહે છે- 'નપાણિયો કૂવો અંદર આવેલી ડોલને કેમ ભરી શકે ? તે જ રીતે હું પણ નપાણિયા કુવા જેવો છું. ગમે તેટલા નિમિત્તોની ડોલ આવે તો પણ ક્રોધનું પાણી કેમ કાઢી શકું ! અંદર હોય તો બહાર આવે ને ?'.. પ્રભુએ પણ સાધના દ્વારા અંદરના કુસંસ્કારો એવા ઉલેચી કાઢેલા કે લાખ નિમિત્ત આવે તો ય પ્રભુના રૂંવાડામાં પણ વિકાર પેદા ન કરાવી શકે.

અશેષાન્તરંગશત્રુ વિજેતા જિનેશ્વર !! ઘટનાએ કરૂણ વળાંક એ લીધો છે કે તમારૂં કશું પણ બગાડી શકવા માટે અસમર્થ એ ત્રાસવાદીની ટોળીએ તમારો ગુસ્સો મારા પર ઉતાર્યો છે અને મારા આત્મપ્રદેશને ખેદાનમેદાન કરવાનું શરૂ કર્યું છે. નદીનું એક પૂર આવે અને તેની સાથે ઢસડાઇ આવતી રેતી બીજા ૧૦-૧૫ વર્ષ માટે ખેતરને બરબાદ કરી મૂકે તે જ રીતે એકાદ વખત પણ એ ટોળીનો આવતો હુમલો આત્મખેતરને અનંતભવ માટે સદ્‌ગુણોની ખેતી માટે નકામું બનાવી દે છે. દેવાધિદેવ !! આજે મારા આત્માની સ્થિતિ એવી છે કે શુભસ્થાન, શુભપ્રવૃત્તિ, શુભનિમિત્તો, આરાધનાનો ઉત્કૃષ્ટ કાળ પણ મારા આત્મામાં ક્યાંય સદ્‌ગુણોની, સદ્‌ભાવોની વૃદ્ધિ કરી શકતા નથી. આખોય સંસાર વૈરાગ્યના નિમિત્તોથી ભરેલો હોવા છતાં મને વૈરાગ્ય જાગતો નથી. કષાયના વિપાકો અને ક્ષમાની ઉત્તમતા જાણવા છતાં ક્ષમા રાખવામાં, માંગવામાં કે આપવામાં નબળો જ પડું છું. અભિમાનની અક્કડતા, અવિનય, દોષદૃષ્ટિ, ઇર્ષ્યા, સ્પર્ધા, મહત્ત્વાકાંક્ષા આદિથી સતત પરેશાન થઇ જવા છતાં એ જ અહં આદિને પોષવામાં આખી જિંદગી ખર્ચી નાંખું છું. માયાની વિષમતા અને લોભની અનંતતા જાણવા છતાં લોહચુંબક લોખંડને ખેંચે તેમ એ બધા શત્રુઓ મને ખેંચી રહ્યા છે અને હું મારી જાતની આહુતિ આપી દઉં છું. એકેક ઇન્દ્રિયોને આધીન જેમ હાથી, માછલું, ભમરો, પતંગિયું અને હરણ મોતને પણ વહાલું કરી લે છે તેમ આ ચોરટાઓના હાથે ચડીને મારા અનંત મોતને નોતરી રહ્યો છું અને છતાં પણ એમાં મારી જીત માની રહ્યો છું. પ્રભો ! જ્યારે

તારી નજીક હોઉં છું ત્યારે તો આ સદ્‌બુદ્ધિ જાગૃત રહે છે પણ જેવા આ ચોરટાઓ મારો કબજો લે છે, ફરી ગાંડપણનું ભૂત મારા પર સવાર થાય છે અને મારી જ ઘોર ખોદવાનું હું શરૂ કરૂં છું.

અનંત શક્તિના પૂંજ ધર્મચક્રવર્તી !! સામાન્ય માણસ હાથ પકડે અને અંધ માણસ આખી વાટ પસાર કરી દે છે, પાંગળાં માણસને નિર્જીવ લાકડીનો સહારો મળે અને આખો પર્વત ઓળંગી દે છે, રોગીને દવાનો સહારો મળે અને ફરી કામધંધે લાગી આજીવિકાને પ્રાપ્ત કરી લે છે, અનાથને કોઇ દયાળુનો આશરો મળી જાય અને બગડેલી જિંદગીને બનાવવામાં એ સફળ બની જાય છે. જીવનમાં મળેલી એક હાર એ કાયમી હાર નથી હોતી એ જેટલી સત્ય વાત છે એટલી જ સચ્ચાઇ એ હકીકતમાં રહેલી છે કે હારને જીતમાં ફેરવવા નબળા માણસને કોઇનો સહારો, આશરો, આલંબન, શરણ, આધાર, કૃપા, વાત્સલ્ય, ટેકો જોઇએ છે. જો એ મળી જાય તો હારેલી બાજી કદાચ જીતી જાય....પ્રભો ! આંતરશત્રુઓ સામેની લડાઇમાં પાછો પડ્યો હોઇશ, નબળો રહ્યો હોઇશ, હાર્યો હોઇશ પણ કાયમ માટે નથી હાર્યો... હા !! તમારા જેટલો સત્ત્વશાળી અને શક્તિશાળી નથી કે બીજાની મદદ વિના જીતી શકું પણ સાથે એટલોય નબળો નથી કે તમારો ટેકો મળવા છતાં જીતી ન શકું...તમારો સાથ મળે અને એને હંફાવી ન શકું...અને આમ પણ આ વાત ક્યાં તમારા માટે નવી છે ? આજ સુધીના જે અનંતા જીવોએ આ વિશ્વવિજેતા ત્રાસવાદીઓને હરાવ્યા છે એ તમારા (તમારા જેવા અનંત અરિહંતો મૂળ તો એક જ ગોત્રના ને...એટલે એક જ ગણાઓને ?) ટેકાથી જ ને ? તો અનંતના સુખની આધારશિલા સમા હે કરૂણાસાગર !! મારા જીવનની લડાઇમાં મને ટેકો ન કરો ? મને તમારી કૃપાનું બળ પુરૂ ન પાડો ? મને તમારી હુંફના શસ્ત્રો ન આપો ? મારે વધુ કાંઇ જોઇતું નથી, માત્ર તમારી કૃપા, પ્રસાદ, અનુગ્રહ, પીઠબળ, શરણભાવ મને મળે...બાબલો 'મા'ની આંગળી પકડે એટલું પૂરતું નથી, 'મા' એ પણ બાબલાનો હાથ પકડવો પડે છે જેથી બાબલાની નબળાઇથી આંગળી છૂટી જાય તોય માની પક્કડ એને સાચવી લે...બસ મારે તો આટલું જ જોઇએ છે-જ્યારે પેલા ત્રાસવાદીઓ મને મરણતોલ ફટકો મારે, જીવલેણ હુમલો કરે અને તમારાથી દૂર લઇ જવાનો પ્રયત્ન કરે ત્યારે મને તમે પકડી રાખો...સાંભળ્યું છે ને...

**'હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,**
**ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને;**

આચાર્યદેવ રત્નાકરસૂરીશ્વરજી મહારાજા જેવાની આ મનોવેદના અને આંતરિક સ્થિતિ હતી કે આ ત્રાસવાદીઓના હુમલામાં તમારી આંગળી છૂટી જતી હતી તો વિષમ હુમલા વચ્ચે તમારી આંગળી ઝાલી રાખવાનું મારું શું ગજું ?

**'ઊંચા ઊંચા ડુંગરા ને વસમી છે વાટ,**
**કેમ કરીને આવું દાદા, પકડો મારો હાથ, મારો હેલો સાંભળોજી....'**

**'હું છું અનાથ, મારો ઝાલજો રે હાથ, વિનવું છું તને પારસનાથ'**

બસ દેવાધિદેવ ! તને વધુ શું વિનવું ! વધુ શું કહેવું ! ભવચક્રની વિષમ વાટમાં વાટખર્ચી આપીને છૂટી ન જતાં, સાથે હાથ પણ ઝાલજો, ઝાલેલો રાખજો. 'પુત્ર કપુત્ર થાય પણ માવતર કમાવતર ન થાય' એ ન્યાયે હું કદાચ આડોઅવળો થાઉં, તો પણ પ્રભુ આપ મારી પાત્રતાને વિકસાવતા રહેજો, મારા વિવેકને જાગૃત રાખતા રહેજો, એ ત્રાસવાદીઓની ભયંકરતા મગજમાં ઊભી રાખતા રહેજો, એની સામે લડવાનો સંકલ્પ, સત્ત્વ અને સાતત્ય જાળવી રાખવાનું બળ મને આપજો... પછી તો

**જેવા તમે એવો હું...કેવો આનંદ !! કેવી મસ્તી !!**

# ૨૪

सामर्थ्यमेतद्भवतोऽस्ति सिद्धिं सत्त्वानशेषानपि नेतुमीश !।
क्रियाविहीनं भवदंह्रिलीनम्, दीनं न किं रक्षसि मां शरण्य ! ।।

**સમર્થ છો સ્વામી તમે આ સર્વ જગને તારવા,**
**ને મુજ સમા પાપી જનોની દુર્ગતિને વારવા,**
**આ ચરણ વળગ્યો પાંગળો તુમ દાસ દીન દુભાય છે,**
**હે શરણ શું સિદ્ધિ વિષે સંકોચ મુજથી થાય છે ?...૨૪**

પ્રભુવીરના સાધના કાળની ઘટના છે. ગંગા નદી ઉતરવા પ્રભુ નાવમાં પધાર્યા તે સમયે પક્ષીઓના અવાજના નિમિત્તના આધારે એક નૈમિત્તિકે કહ્યું- આજે ગંગા નદી ઉતરતાં એક મરણાંત કષ્ટ આવવાનું છે પરંતુ આ યોગી પુરુષના પ્રભાવે આપણે બધા જ બચી જઇશું...સહુની સાથે પ્રભુવીર પણ નાવારુઢ થયા અને નૌકાયાત્રા શરુ થઇ. ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં જે સિંહની જીર્ણવસ્ત્રની જેમ બે ફાડ કરી નંખાયેલી તે જીવ સુદંષ્ટ્ર દેવરુપે અહીં પોતાનો બદલો લેવા આવી ચડ્યો...ધર્મકરણી ભૂલાય, તેમાં પ્રમાદ આવે પરંતુ પાપકરણી કોઇ ભૂલતું પણ નથી અને તેમાં પ્રમાદ આવતો પણ નથી. ભવોની પરંપરા (અસંખ્ય ભવો) વીતી ગયા પછી પણ જીવને જોતાંવેંત વેરના સંસ્કાર જાગૃત થઇ જાય છે. ગયા પૂર્વભવમાં જ આરાધેલી ધર્મકરણી વારંવાર તેના ઉપકરણ, સ્થાન, આલંબન, નિમિત્ત જોવા છતાં યાદ આવતી નથી...જ્યારે પાપના સંસ્કારો અનંતકાળે ય તાજા ને તાજા જ રહે છે...આ છે જીવનો અંદરનો કાર્ડિયોગ્રામ...

વીરનું મુખ જોતાં જ સુંદષ્ટ્ર દેવના અસંખ્યકાલીન વેરના સંસ્કાર જાગૃત થઇ ગયા અને ગંગાનદીમાં તોફાન શરુ કરી દીધું. પ્રલયકાળ જેવા વાવાઝોડા ફૂંકાવા માંડ્યા, પાણીના મોજા પર્વત જેટલા ઊંચા ઉછળવા માંડ્યા. પેટાળમાંથી ભયંકર ગડગડાટના અવાજો આવવા માંડ્યા. ભયંકર જળચર પ્રાણીઓ પણ ગભરાઇને અહીંથી તહીં ભાગવા માંડ્યા. જળની થપાટોએ નાવને ગેડીદડાની જેમ ઉછાળવા

માંડી, સઢ ચિરાઇ ગયા, સુકાન છૂટી ગયું, લંગર તૂટી ગયા, ખલાસીઓનું જોર નકામું બની ગયું, નાવના પાટિયામાંથી ચર...ચર...તૂટવાના અવાજો આવવા માંડ્યા, મુસાફરોના માથા એક બીજા સાથે અથડાવા માંડ્યા...કુદરતે પણ પોતાનું રૌદ્રરુપ ખુલ્લુ કરી દીધું. આકાશમાં અતિ બિહામણા અવાજો થવા માંડ્યા. વાદળો કાળાભમ્મર ચડી આવ્યા. વીજળીઓ કાળરાત્રિની જેમ લપકારા દેવા માંડી, આમ ચારે બાજુથી યમરાજાએ પોતાની પૂરી તાકાતથી ઘેરો ઘાલ્યો હોય એવું વાતાવરણ છવાઇ ગયું. તમામ યાત્રિકોના હોશકોશ ઉડી ગયા છે. સહુએ ઇષ્ટદેવતાનું સ્મરણ શરુ કરી દીધું. નિશ્ચિત મોતની પ્રતીક્ષા જ કરી રહ્યા છે ત્યાં પ્રભુની સેવામાં નવોપપન્ન કંબલ-શંબલ દેવો હાજર થઇ ગયા, મહર્ધિક પણ સુદંષ્ટ્રને પ્રભુના પ્રભાવે મારી હટાવ્યો. ઉપસર્ગનું નિવારણ કર્યું અને વાતાવરણ શાંત કરી દિવ્ય સંગીત દ્વારા પ્રભુભક્તિ કરી...

ક્ષણવારમાં વાતાવરણનો પલટો જોઇ સહુ દિક્મૂઢ થઇ ગયા, છેવટે પ્રભુવીરનો આ મહિમા જાણી સહુ નતમસ્તકે વંદી રહ્યા...

કલ્પસૂત્રમાં પ્રતિવર્ષ વંચાતી આ ઘટના અને ભક્તરાજ કુમારપાળના મનોજગતમાં ઘણું સામ્ય રહેલું છે. નાવમાં બેઠેલા તમામને પ્રભુના પુણ્યે બચાવ્યા તેમ સમગ્ર વિશ્વના તમામ જીવોને અતિ બિહામણા સંસાર સાગરથી તારવાની ક્ષમતા પરમાત્માના અનંતવીર્યમાં પડેલી છે. તેથી જ ભક્ત હૃદય પોકારી ઉઠે છે કે-અનંત શક્તિના ભંડાર !!! પરમ કરુણાવંત !! જગદુદ્ધારક !! વિશ્વશરણ્ય !! વિશ્વત્રયાધાર !! ત્રિલોક બંધો !! સંસારથી ત્રાસેલા, ડરેલા, ઉદ્વિગ્ન બનેલા તમામ જીવોની આશા, આધાર, આલંબન અને આશ્વાસન તમે જ છો, એમના બળેલા-ઝળેલા ગભરુ હૃદયને સમાધિનો અમૃતલેપ તમે જ કરી શકો એમ છો. સતત ફફડતા હૃદયને સ્વસ્થતાનું વરદાન તમે જ આપી શકો એમ છો કારણ કે વિશ્વસમગ્રના ઉદ્ધારક-તારક બનવાની ક્ષમતા આપનામાં અને આપના શાસનમાં રહેલી છે. માત્ર એક સંકલ્પનું છેટું છે તમામ જીવોનો મોક્ષ કરાવવામાં. તમારો સંકલ્પ અને તમામનો મોક્ષ થઇ જાય !! જો તમે તમારા દ્રષ્ટિપાતમાત્રથી મહાદુષ્ટ, મહાહિંસક, મહાકામી, મહાક્રોધી, મહાપાપી આદિ જીવોને તારી શકતા હો, મરુદેવા આદિ જેવા તાત્કાલિક નિગોદમાંથી નીકળેલા અને સાધનાની ખાસ મૂડી વિનાનાને પણ મુક્તિપુરીમાં પહોંચાડી શકતા હો, અરે મુક્તિતત્ત્વમાં જ શંકા કરનાર પ્રભાસ જેવા વિદ્વેષી બ્રાહ્મણોને મોક્ષની બારી ખોલી આપી શકતા હો તો બાકીનાને તો આપ મોક્ષે

પહોંચાડી જ શકો. ખેર ! જવા દો બીજા બધાની વાત, હું કાંઇ બધાનો વણલખ્યો વકીલ નથી થવા બેઠો, હું તો મારી વાત કરું...પહેલા મારું કામ કઢાવી લઉં...બોલો ! મને ક્યારે મોક્ષમાં બોલાવો છો ? જુઓ, કહેતા જ નહીં કે હું તો લઇ જવા તૈયાર છું પણ હજી તારો કાળ પાક્યો નથી, હજી સ્વભાવ અનુકૂળ નથી, તથાભવ્યત્વનો પરિપાક થયો નથી, હું શું કરૂં ? હવે આ કોઇ બહાના નહીં ચાલે, કારણ કે મને ખબર છે કે-

**કાળ સ્વભાવ ભવિતવ્યતા, એ સઘળા તુજ દાસો રે...**
**મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજ સબળ વિશ્વાસો રે...**

તમામ પર વણલખી અદીઠ તમારી આજ્ઞા જ ચાલે છે. તમે ધારો તેને સાનુકુળ બનાવી શકો, અને જે ફાઇલ ઉપર ન આવે તેની ઉપેક્ષા પણ કરી શકો. મોક્ષ માટે જરુરી શું છે અને કેવું જરુરી છે એ તો તમારે જોવાનું, મારે શું લેવા દેવા ? અમારે તો મમમમથી કામ, ટપટપની શું લેવા દેવા ?

ઓલો સંગમ ! ખીર ખાવાનું મન થયું તો શું જોઇએ, કેવી રીતે મળે, કેટલાનું મળે, એટલા રુપિયા ક્યાંથી લાવવા ? તેની ચિંતા ક્યાં કરવા બેઠો હતો ? એની તો એક જ વાત હતી. મારે જોઇએ એટલે જોઇએ. ક્યાંથી કેમ વ્યવસ્થા કરવી એ તો મા નો વિષય હતો. મા એ વ્યવસ્થા કરવાની ના પાડી એટલે પાધરું વાજું વગાડ્યું અને બધું સીધુંસટ ઉતરી ગયું ને...હવે તો મને ય એ ખેલ કરતા આવડી ગયો છે. અત્યાર સુધી મોટા બનવાની લ્હાયમાં જીંદગી ખોઇ, હવે ખબર પડી કે 'મેળવવું હોય તો દીકરા થઇને મેળવાય, બાપ થઇને ન મેળવાય'...નાના, નબળા અને નિર્માય બનતા શીખી જાઓ તો બધું ય મળે. મારે તો હવે એક કળા જ અજમાવવાની છે. 'અશ્રુકળા'...હૃદયની વેદનાનો સાગર તારી પાસે ઠાલવી દઉં તો ભવસાગર તરવાનો પરવાનો મળી જાય... આંસુની નદી વહેવડાવું તો કર્મની નદી સૂકાઇ જાય...તેથી જ આજે અંતર ઠાલવું છું તારી પાસે...

સમર્થમાં સમર્થ છો તમે...અને નિર્બળમાં નિર્બળ છું હું...મારી જાતે કશું કરવાની મારી શક્તિ જ નથી...મારો આચાર, મારી ક્રિયા, મારી સાધના, મારો ઉલ્લાસ, મારા ભાવ...બધું જ પાંગળું છે પાંગળું...હોવા છતાં નહીં બરોબર છે કારણ કે બધું જ અવિધિસભર, અતિચારસભર, આશાતના સભર અવિનયસભર, અબહુમાનસભર, અવિવેકસભર, અંતરાયસભર, આસક્તિસભર છે...હજી તો કેટલું

ગણાવું, આરાધનાનું નાવડું સાવ નાનું, એમાં પાર વિનાના કાણાં...કેમ સંસારપાર પહોંચાય ! મારી શક્તિથી મોક્ષે પહોંચાય એમ છે જ નહીં, તેથી મારી અશક્તિને જ મારી શક્તિ બનાવવી છે. મારી નબળાઇ એ જ મારું શસ્ત્ર...

**રડીને સંગમ ગોવાળિયાએ ખીર મેળવી.**
**રડીને વજ્રસ્વામિએ દેવદુર્લભ વિરતિ મેળવી.**
**રડીને ચંદનબાળાએ આપનો ધર્મલાભ મેળવ્યો.**
**રડીને સિંહ અણગારે આપના અંતરમાં સ્થાન મેળવ્યું.**
**રડીને ગૌતમસ્વામિએ વીતરાગતા મેળવી.**
**રડીને કુમારપાળ મહારાજાએ ગુરુભક્તિની પરાકાષ્ઠા સાધી.**
**રડીને ઝાંઝરિયા ઋષિના ઘાતક રાજાએ કેવળજ્ઞાન સાધ્યું.**
**રડીને અઇમુત્તાએ છકાયના કુટાથી મુક્તિ મેળવી.**

અરે આ જિનશાસન તો એવું તો ઉદાર છે કે અહીં બનાવટી આંસુ અને બનાવટી આરાધના પણ કામ સાધી આપે છે.

વજ્રસ્વામિ દુષ્કાળના સમયમાં સંઘને દિવ્યપટ પર બેસાડી લઇ જતા હતા ત્યારે શય્યાતર કુંભારે તાત્કાલિક જૈન ધર્મ સ્વીકારી રાડારાડ કરી મૂકી, તો એને પણ સંઘે સાથે લઇ લીધો.

દ્વારિકાના દાહ અને વીતભયપત્તનના પતનકાળે માનસિક સર્વવિરતિ સ્વીકારનારને દેવતાઓએ પ્રભુ પાસે પહોંચાડ્યા છે.

ચંડપ્રદ્યોતે કપટ શ્રાવક બની કપટ ઉપવાસ કર્યો તો પણ ઉદાયને ક્ષમા આપી છે.

અગ્રવાલ આગેવાને કરેલું કપટતિલક તેને જીવતદાન અપાવી ગયું છે.

હે દેવાધિદેવ !! તારા પાદપદ્મને હૃદયમાં ધરનારમાં આ ઉદારતા, આ ક્ષમાશીલતા, આ કરુણાસભરતા હોય તો તું તો કરુણાનું સર્વોચ્ચ શિખર, ક્ષમાનો મહાસાગર, ઉદારતાનો અક્ષય ભંડાર છે. મારી આંખના સાચા આંસું તને પીગળાવી ન શકે ? મારી દર્દભરી કાકલુદી અને આજીજી તારી ઉદાસીનતાને ખંડી ન શકે ? મારા અંતરની વેદના તારામાં કરુણાનો અતૂટ પ્રવાહ પેદા ન કરી શકે ? કોમળતાનું સર્વોચ્ચ ઉદાહરણ ગણાતો તું આજે કઠોરતાનો પર્યાય કેમ બની ગયો છે તે જ સમજાતું નથી...

અને આમ પણ આમાં તારે કરવાનું શું બાકી રહે છે ? મેં તારા ચરણકમળ સાથે મારી જાતને જોડી દીધી છે. (**भवदंह्रिलीनम्**) મેં વિપરીત દિશામાં તરવાનું બંધ કરી દીધું છે. (**क्रियाविहीनं**) દરિયામાં રહેલા પાટિયાને કોઇ વળગી જાય, તો પાટિયાએ તો પોતાની સફર ચાલુ રાખવાની છે, તે કિનારે પહોંચે, સાથે વળગનારો કિનારે પહોંચી જાય છે. પ્રભો ! તારે તો આટલું ય કષ્ટ નથી લેવાનું કારણ કે તમે તો ક્યારના કિનારે પહોંચીને બેઠા છો. માત્ર ચરણે વળગેલાને તમારે તમારા શાશ્વત સ્થાનમાં ભેગો જ લેવાનો છે. પ્રભો ! આટલું ન કરી શકો ?....તમારા અનંત સામર્થ્યનો એક અંશ જ પ્રભુ તમારે ખોલવાનો છે અને એ પણ એક વખતના તમારા અતિ લાડલા બાલુડા માટે...જેના માટે તમે ઘોર સાધના કરી, જેને ઉગારવાની અનેક ભાવનાઓ કરી, જેના રસ, પાત્રતા અને ક્ષમતા વિચારી સાધનાની અનેકવિધ ભૂમિકાઓ બતાવી, આજે એના જ પ્રત્યે આટલા ઉદાસીન કેમ થઇ ગયા છો ?

પ્રભો ! આપનું એ મૂળ સ્વરુપ એકવાર ફરી પ્રગટાવો,
આપની એ કરુણાના દોરને મારા સુધી લંબાવો અને
મારા આત્માને આપની સાથે કાયમ માટે લઇ લો,
છેવટે જ્યાં સુધી ન સ્થાન મળે,
ત્યાં સુધી આ ભવચક્રમાં જ્યાં ત્યાં ન ભટકી જાઉં તેની કાળજી રાખજો,
મોહાદિ શત્રુઓથી મને બચાવજો.
દોષોની આગમાં બળતા મારું રક્ષણ કરજો...

**આટલું તો કરશો ને દેવાધિદેવ !!**

# ૨૫

**त्वत्पादपद्मद्वितयं जिनेन्द्र ! स्फुरत्यजस्त्रं हृदि यस्य पुंसः ।**
**विश्वत्रयीश्रीरपि नूनमेति, तत्राश्रयार्थं सहचारिणीव ॥**

**તુમ પાદપદ્મ રમે પ્રભો નિત જે જનોના ચિત્તમાં,**
**સુરઇન્દ્ર કે નરઇન્દ્રની પણ એ જનોને શી તમા,**
**ત્રણ લોકની પણ લક્ષ્મી એને સહચરી પેઠે ચહે,**
**સદ્‌ગુણોની શુભ ગંધ એના આત્મમાંહે મહમહે...૨૫**

તાજા ઉત્પન્ન થયેલા ચમરેન્દ્રે અવધિજ્ઞાનથી આસપાસના વિશ્વને નિહાળ્યું ત્યારે બીજું બધું તો ઠીક-ઠીક લાગ્યું પરંતુ સૌધર્મેન્દ્રને બરાબર પોતાના મસ્તક ઉપર જ પગ લટકાવીને બેઠેલા જોયા અને માથું ફરી ગયું...આમ પણ કેટલાકની નજર બગડેલા ઉપર વિશેષ જતી હોય છે. તેથી જ તો ચીનની એક કહેવતમાં કહેવાયું છે- 'બગીચાના સમાચાર પૂછવા હોય તો બુલબુલને પૂછજો, કાગડાને નહીં. કાગડો સડેલા ફળો ક્યાં છે, મડદા ક્યાં છે આદિના સમાચાર આપશે, જ્યારે બુલબુલ રંગબેરંગી પુષ્પોની ચાદર ક્યાં બિછાયેલી છે તે સમાચાર આપશે...' ચમરેન્દ્રની નજર સૌધર્મેન્દ્ર સુધી પહોંચી તે પૂર્વે વચ્ચે કેટલાય સમવસરણ, તીર્થંકર ભગવંતો, કેવલીઓ, સાધકો, સુરમ્ય તીર્થસ્થલીઓ આદિ આવ્યા હશે પણ ક્યાંય નજર અટકી નહીં, ઠરી નહીં તેથી છેક અહીં આવીને અટક્યા અને ભટક્યા ય ખરા...ક્રોધથી ભ્રૂકુટી તાણી, આંખો લાલચોળ થઇ, શરીર કંપવા માંડ્યું અને એકદમ સિંહાસન પરથી ઊભા થઇ ક્રોધાવેશમાં આંટા મારવા માંડ્યા ત્યારે તેમની બીજી આંખ જેવા મંત્રીઓની પણ આંખ ફરી, સેનાપતિઓએ હાકોટા મારવા માંડ્યા, સમગ્ર સભા ખળભળી ઉઠી. ચારે બાજુ વીરરસનો સમુદ્ર હિલોળે ચડ્યો ત્યાં જ ચમરેન્દ્ર ક્રોધાવેશમાં માત્ર કારણ જણાવી ત્યાંથી ઉપડ્યા અપમાનનો બદલો લેવા. સદ્‌ભાગ્ય એટલા કે બળિયા સાથે બાથ ભીડવા જતાં પ્રભુનું શરણ લેવાની સદ્‌બુદ્ધિ જાગી અને ધ્યાનસ્થ પ્રભુના ચરણનો સ્પર્શ કરી, 'જો પરાભવ પામું અને જીવનું જોખમ હોય તો તમારા ચરણનું શરણ હો' આવી વિનંતિ કરી ચરણસ્પર્શ કરી ત્યાંથી આગળ ધસ્યા.

તાજા જ ઉત્પન્ન થયેલા હોઇ પુણ્ય અને શક્તિની ઉગ્રતા ઘણી હોવાના કારણે તથા અનંત કાલે થતા અચ્છેરાવશ સૌધર્મેન્દ્રના રક્ષકો અને આભિયોગિકોને ત્રાસ પમાડતા, સર્વત્ર ખળભળાટ મચાવતા ચમરેન્દ્ર પહોંચ્યા સૌધર્મેન્દ્ર પાસે. પોતાની સભામાં ખળભળાટ મચેલો જોઇ સૌધર્મેન્દ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો, તે જ વખતે તુમાખીભરી ભાષામાં ચમરેન્દ્રે બેફામ વાણી વિલાસ વહેવડાવતા સંકલ્પપૂર્વક શક્રે વજ્ર છોડ્યું. અગ્નિજ્વાળા છોડતું યમની જિહ્વા સમું વજ્ર પોતાની તરફ આવતું જોઇ ચમરેન્દ્ર મુઠ્ઠી વાળી ભાગ્યા પ્રભુ તરફ. અતિવેગથી ધસમસતા વજ્રને જોઇ છઠ્ઠીનું ધાવણ યાદ આવી ગયું. વજ્રને વધુને વધુ નજીક આવતું જોઇ અતિ ભયભીત થયા...તે જ વખતે સૌધર્મેન્દ્રે પ્રભુને નિકટ જોઇ માત્ર વેંત દૂર વજ્રને પાછું ખેંચી લીધું અને પ્રભુના ચરણમાં પડેલા હાંફતા ચમરેન્દ્રને કહ્યું, 'આજે તમે માત્ર તીર્થંકર પ્રભુના પ્રભાવથી બચ્યા છો. બાકી આવી ગુસ્તાખી કરનારને કદી છોડું નહીં. આપણે બન્ને એક જ પ્રભુના સેવક છીએ માટે આવો, વેર ભૂલી એક બીજાને ગળે ભેટીએ'...અને ક્ષણ પહેલાના જાની દુશ્મન બન્ને પ્રભુના પ્રભાવે પ્રસન્ન બની વિદાય થયા...

વિશ્વત્રયી પાવન દેવાધિદેવ !! ચમરેન્દ્ર જેવા તુંડમિજાજી, બળવાખોર, અહંકારના પૂતળા સમાન આત્માની ભૂલો પણ જેના પ્રભાવે શૂલને બદલે ફૂલ સમાન બની જાય છે એવા તારા ચરણકમલની તો શું વાત કરવી ? તારા ચરણકમળ એટલે

- વિશ્વસમગ્રનું મનભાવન વિશ્રામસ્થળ...
- પાપીઓને પાપને ધોનારી પતિતપાવની ગંગા...
- પાપ-તાપ-સંતાપથી બળતા આત્માઓનો હિમાલય.
- ઋદ્ધિ અને સમૃદ્ધિઓનું હૃદયંગમ નિવાસસ્થાન.
- દેવેન્દ્રો, અસુરેન્દ્રો અને ચક્રવર્તીઓના મુકુટનો Parking Plot.
- સાધના માટેનું પાવર હાઉસ.
- અનંત લક્ષણોનો ભંડાર.
- દેવો અને અપ્સરાઓના રુપના અભિમાનને ચૂરતું વજ્ર.
- દુઃખ, દર્દ અને દોષોથી ત્રાસેલા માટે સંજીવની ઔષધ.
- આશા અને અરમાનોથી ભરેલા માટે કલ્પવૃક્ષ, અને
- ભક્તજનો માટે જીવનનું સર્વસ્વ.

અજૈન રામાયણ પ્રમાણે ભરત અયોધ્યાની રાજગાદી પર રામચંદ્રજીની ચરણ

પાદુકાની સ્થાપના કરીને રાજ્ય ચલાવતા હતા. તેમને એમાં સમગ્ર રાજ્યના અને પોતાના અધિનાયકના દર્શન થતા હતા. એ ચરણપાદુકા તેમના જીવનનું સર્વસ્વ બની ગઇ હતી.

યાદ આવે ઓલો પુષ્ય નૈમિત્તિક. ગંગાની સૂક્ષ્મ અને શ્લક્ષ્ણ રેતી પર પ્રભુની પદપંક્તિ જોઇ 'આ કોઇ મુશ્કેલીમાં મુકાયેલો ચક્રવર્તી એકલો જાય છે. લાવ એની સેવા કરી મારા જીવનની સિકલ બદલાવી નાંખું' આમ વિચારી પગલાના અનુસારે કાઉસગ્ગ ધ્યાનમાં ઊભેલા પ્રભુ પાસે પહોંચ્યો. ભિક્ષુકના વેષમાં પ્રભુને જાણી 'મારા શાસ્ત્રો ખોટા છે' એમ માની ગંગાના પ્રવાહમાં ફેંકવા ગયો ત્યારે ઇન્દ્રે ઠપકો આપ્યો છે કે 'ગાંડાભાઇ ! તારા શાસ્ત્રો ખોટા નથી, તારી આંખો ખોટી છે, તારી નજર જ નકામી છે. અકલંક લક્ષણવંતા પ્રભુને જોયા પછી પણ ચક્રવર્તીની અપેક્ષા રહે છે ? આ તો ચક્રવર્તીના ચક્રવર્તી અને દેવોના પણ દેવ-ધર્મચક્રવર્તી દેવાધિદેવ છે. સમગ્ર વિશ્વનું દારિદ્ર્ય ક્ષણવારમાં ચૂરી નાખવાની તાકાત તેમની પાસે છે. મારા જેવા ઇન્દ્રો પણ તેમની સેવામાં ઊભા રહેવા તલપાપડ રહેતા હોય છે તેથી તું આમને ઓછા ન આંકીશ, ઉણા ન સમજીશ.'

ગંગાના તટે ઝીલી લીધેલી પદપંક્તિને વારંવાર વંદતા અને ચૂમતા ઇન્દ્રનું એ દ્રશ્ય મારા હૃદયપટ પર સદા માટે અંકિત થઇ ગયું છે. સમગ્ર મોહની સેના માટે વજ્ર સમાન અને આત્મસાધક જીવો માટે વરદાન સમા એ ચરણની કથા તો કેટકેટલી કહું ?

પ્રભુ ઋષભ તક્ષશિલામાં પધાર્યા અને બાહુબલી સામૈયાની તૈયારીમાં રોકાયા અને પવન જેવા અપ્રતિબદ્ધ વિહારી પરમાત્મા તો વિહાર પણ કરી ગયા ત્યારે ભવ્ય સામૈયું લઇને આવેલા બાહુબલીએ રુદન સાથે તે પદપંક્તિ પર રત્નના સ્તૂપનું નિર્માણ કરી તીર્થ સ્થાપ્યું અને અસંખ્ય કાળ સુધી તે ધર્મચક્ર તીર્થ ભક્તજનોના પાપોને પ્રક્ષાલતું રહ્યું હતું. પ્રભુની ગેરહાજરીમાં પ્રભુના પાદ પણ ભક્તજનો માટે પ્રભુની ગરજ સારતા હતા અને પાપનાશક બનતા હતા.

પ્રભુના પારણાસ્થળ, ધ્યાનસ્થળ અને કલ્યાણક સ્થળો પર પ્રભુના પગલાની સ્થાપના ઠેર ઠેર થયેલી છે જેની ઊર્જાએ અનેકના જીવન પર ઘેરી અસર પાડેલી છે.

પરમ ઊર્જાના સંગ્રહસ્થાન સમા એ પદકમળ,
પરમ સાધનાના સંકેત સમા એ પદકમળ,
પરમ કરુણાના પ્રતિક સમાએ પદકમળ,

શરણભાવ અને સમર્પણભાવના કેન્દ્ર સમા એ પદકમળ,

પ્રભુની આપણી સાથેની નિકટતાની પ્રતીતિ કરાવતા એ પદકમળ,

પરમાત્મભાવની આપણા તરફની ગતિના આંદોલન સમા એ પદકમળ,

હૃદયની શૂન્યતા અને શલ્યસભરતાને વિસર્જિત કરવા માટે સક્ષમ એ પદકમળ,

આત્માની નિર્બળતાના શત્રુસમા એ પદકમળ,

શરીર-મન અને આત્માના વિષમ સંયોગને દૂર કરી વિશુદ્ધતમ આત્મતત્ત્વને પ્રગટ કરી આપનાર ધન્વંતરિ સમા એ પદકમળ...

શાસ્ત્રોના શાસ્ત્રો ભરાય એટલી વિશેષતાઓના ભંડાર સમા એ પદકમળ જેમના હૃદયમાં કાયમ માટે પોતાના આંદોલન જગાવતા રહ્યા છે, જેમના આંખ-અંતર અને આત્મા એ પદકમળના દર્શન-સ્પર્શન-ભાવનમાં લયલીન બની ચૂક્યા છે એવા આત્માઓ કૃતાર્થ બની ચૂક્યા છે, પામવા જેવું પામી જ ચૂક્યા છે કારણ કે ત્રણે લોકની લક્ષ્મી તો હવે એમની દાસાનુદાસ બની ચૂકી છે. વિશ્વનું શ્રેષ્ઠ સર્જન હવે તેમની સેવા કરવા સમુત્સુક બની ચૂક્યું છે. સમગ્ર પ્રકૃતિ હવે એમની પક્ષપાતિની બની ચૂકી છે પરંતુ હવે એ ભક્તજનોને એ બધાની ક્યાં તમા હોય છે ? એ બધાની અપેક્ષા તો નથી જ હોતી, ઉપરથી એ બધાને બાધક માની એનાથી છૂટવા મથતા હોય છે.

જંગલમાં ઢોર ચરાવનાર દેવપાલ–પ્રતિમાના માધ્યમે સાક્ષાત્ પ્રભુ મળી ગયા અને ભક્તિમાં એવો એકાકાર થઇ ગયો કે દેવીએ વરદાનમાં આપેલું સામ્રાજ્ય પણ આ બધામાં બાધકરુપ લાગવા મંડી ગયેલું અને એકાંતમાં પ્રભુ પાસે રડી પડેલો.

પેલા રામકૃષ્ણ પરમહંસ-પોતાને મળી ગયેલી કાલીમાની સાધનાના રહસ્યો જાણવા જિજ્ઞાસુઓની ભીડ વધી ગયેલી ત્યારે એકાંતમાં કાલીમા પાસે જઇને રડી પડેલા-'મા ! આ બધા ચક્કરમાં તે મને ક્યાં નાખી દીધો ? મારે નથી જોઇતી આ પ્રસિદ્ધિ કે નથી જોઇતા ભક્તોના ટોળા. મારે જોઇએ માત્ર 'મા' નો પાલવ અને 'મા'નું સાન્નિધ્ય.'

પેલા ભરથરી અને ગોપીચંદ !! લોકોની ભીડ સાધનામાં બાધક લાગવા માંડી ત્યારે કેવા રોટલાના ટુકડા ખાતર ઝઘડવાના ઢોંગ કરી લોકનજરમાંથી ઉતરી જવાના ટુચકા કરેલા ! આ બધાને પ્રભાવમાં નહીં, પ્રભુમાં રસ હતો, પ્રભુએ બતાવેલી સાધનામાં રસ હતો.

સંપત્તિ, સત્તા અને સુરાના કેફ કરતાં પણ 'સાંઇ અને સૈંયા' ની ભક્તિનો,

સાધના અને સમાધિનો કેફ ચડિયાતો હોય છે. તેની ખુમારી અને અમીરી વિશ્વસમગ્રમાં દુર્લભતમ હોય છે. પરમાત્માના ગુણોનો રસ જામેલો હોય, ભક્તજનો એના ગુણોનું અને ચરિત્રનું રસપાન કરતા હોય, એમાં જીવનની ઘટનાના એક પછી એક રહસ્યો ખુલતા હોય, પગલે પગલે પ્રભુના કરુણા, ક્ષમા, ઔદાર્ય, ઔચિત્ય આદિ ગુણોના પડીકા ખુલતા જતા હોય, એના વર્ણન, એનું અનુભાવન, એ મજા, એ મસ્તી તો એક એકથી ચડિયાતી કાવ્ય રચનાઓના મુશાયરા અને જલસાઓ કરતાં પણ લાખગણી ચડિયાતી હોય છે.

આવી મસ્તીના બદલામાં કોઇ વિશ્વનું ઉત્કૃષ્ટ પદ, પ્રતિષ્ઠા, પૈસા, અરે જીવન માંગી લે, તો પણ આપી દેવા એ ભક્તજનો તૈયાર થઇ જતા હોય છે. જેમ ભૂતકાળના રાજાઓ એકાદ નૂતન કાવ્યરચના, તેમાંના એકાદ અલંકાર, એમાંના એકાદ પ્રાસાનુપ્રાસ ખાતર લાખો સોનામહોર ન્યોચ્છાવર કરી દેતા તેમ આ ભક્તજનો પરમાત્માની ભક્તિમાં અને મસ્તીમાં સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેવામાં પોતાના જીવનનું ગૌરવ સમજતા હોય છે.

આવી ભક્તિ, આવો પ્રેમ, આવું સમર્પણ જેમના જીવનમાં આવ્યું હોય એમના માટે પુણ્યબંધ અને પુણ્યનો ઉદય તો બહુ સહજ હોય છે. ઉત્કૃષ્ટ પુણ્યના સ્વામિ બની ચૂકેલા તે પુણ્યાત્માઓ માટે વિશ્વની શ્રેષ્ઠતમ પદવીઓ તૈયાર જ હોય છે. સાથે સાથે ખુદ પરમાત્મપણું રાહ જોતું હોય છે. અરે એવા વિરલા ભક્તો આ વિશ્વમાં બેઠા હોય છે જેઓ ભક્તિના એ આવેગમાં પરમાત્મ પદવીને ય નકારી દેતા હોય છે.

**'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી...'**

આવી ભક્તિ, આવું સમર્પણ, આવો પદકમળનો અક્ષય ખજાનો મને ક્યારે સંપ્રાપ્ત થશે ? મારા આત્મામાં એ પ્રભુ ચરિત્રનું, પ્રભુગુણોનું, પ્રભુની સ્તવનાનું આકર્ષણ ક્યારે પેદા થશે ! અરે, મસ્તીની એ મદહોશ વર્ષામાં ક્યારે ભીંજાવા મળશે ?

પ્રભો ! તારા ભક્તિના પ્રભાવનું નહીં, તારી ભક્તિનું આકર્ષણ, તારા ગુણોનું આકર્ષણ, તારી સાધનાનું આકર્ષણ જોઇએ છે...પ્રભુ ! તારી એ ઉત્કૃષ્ટતાનું લોહચુંબક મારા આત્મામાં પણ ચુંબકત્વ પેદા કરે અને હું તારા તરફ ખેંચાતો જ જાઉં, ખેંચાતો જ જાઉં, બસ આટલું મને આપી દે ! પછી તો એ મસ્તી જ એવી હશે કે માંગવાની જુગજૂની આદત જ દૂર થઇ જશે...

**પ્રભુ ! પછી તારે તો આનંદ છે જ, મારે પણ આનંદ જ આનંદ...**

# २६

**अहं प्रभो ! निर्गुणचक्रवर्त्ती, क्रूरो दुरात्मा हतकः सपाप्मा ।**
**ही दुःखराशौ भववारिराशौ, यस्मान्निमग्नोऽस्मि भवद्विमुक्तः ।।**

**અત્યંત નિર્ગુણ છું પ્રભો હું ક્રૂર છું હું દુષ્ટ છું,**
**હિંસક અને પાપે ભરેલો સર્વ વાતે પૂર્ણ છું,**
**વિણ આપ આલંબન પ્રભો ભવભીમસાગર સંચરું,**
**મુજ ભવભ્રમણની વાત જિનજી આપ વિણ કોને કરું ?...૨૬**

મહાભારતમાં આવતી પ્રસિદ્ધ ઘટના. ભીષ્મે વચનથી બંધાયેલા હોવાના કારણે ધૃતરાષ્ટ્રના લગ્ન માયાપ્રપંચથી ગાંધારી સાથે કરાવ્યા...ભીષ્મના વિશ્વાસે મા-બાપ, રાજ્ય આદિને છોડીને ભાગી નીકળેલી ગાંધારીને વિવાહ બાદ ખબર પડી કે જેની સાથે પોતાને આખી જિંદગી નિભાવવાની છે તે પતિ તો આંધળો છે, ત્યારે તેના અંગ-અંગમાં ક્રોધ વ્યાપી ગયો, હૃદય વેરભાવનાથી ભરાઇ ગયું અને એક અતિભયંકર દૂરોગામી નિર્ણય લઇ લીધો. 'મારા પતિ આંખેથી જોઇ શકતા નથી તેથી સતી એવી મને પણ આંખેથી જોવું ન ખપે. તેથી હું આંખે પાટા બાંધું છું. જીવનભર આંખે પાટા બાંધેલી અવસ્થામાં જ જીવીશ.' હકીકતમાં તો ભીષ્મને આખી જિંદગી શલ્યમાં બાળવા માટે જ આ જાહેરાત હતી. બાકી સતી સ્ત્રી તરીકે આંખ વિનાના પતિની આંખ બનીને જીવવાનું હતું...છતી આંખે અંધ તરીકે જીવવાની આ વાત તેના હૃદયનો અંધાપો જ સૂચવતી હતી. ભીષ્મે તેને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ તે ન માની તે ન જ માની. આખું જીવન આમ જ વીતાવ્યું અને આનું દુષ્પરિણામ એ આપ્યું તેના સો એ સો પુત્રો માતાનું વાત્સલ્ય, આંખનું અમી ન પામ્યા.

ગાંધારી પણ પુત્રોના વર્તનને જોઇને આપવી જોઇતી શિખામણ ન આપી શકી અને તેના પરિણામે અતિ દુષ્ટતા અને દુર્જનતાના તેઓ ભોગ બન્યા જેણે મહાભારતનું સર્જન કર્યું.

યાદ આવે પેલો ચોર કે જેણે ફાંસીની સજા પામતી વખતે માનું નાક કરડી ખાધેલું અને કહેલું 'જો માએ મને નાનપણમાં નાની વસ્તુઓ ચોરી લાવતો હતો, ત્યારે જ અટકાવ્યો હોત તો આજે મારી આ સ્થિતિ ન હોત. તેઓ ધનભાગી છે જેમને હિતેચ્છુ અને કડક માતા-પિતા મલ્યા છે, તેઓ કમભાગી છે જેમને સ્વયં પાપરત અને સંતાનના પાપપોષક માતા-પિતા મળ્યા છે...'

સમગ્ર વિશ્વના પરમ માતૃત્વના ધારક જગજીવન !!! અનાદિ અનંતકાળના આ સંસાર પરિભ્રમણમાં મારી સહુથી મોટામાં મોટી કમનસીબી એ રહી કે મને તમારું પતિતપાવન દર્શન થયું જ નહીં. તમે મને મળ્યા જ નહીં, અથવા મેં તમને ઓળખ્યા નહીં...તેથી જ દુઃખભંડાર એવા સંસાર પારાવારમાં ભમતો રહ્યો છું, ડૂબતો રહ્યો છું, ખોવાતો રહ્યો છું. મારી તમામ મલિનતાઓ અને અધમતાનું મૂળ તમારી અપ્રાપ્તિ જ રહી છે. તેથી જ હું આત્મિક દ્રષ્ટિએ અતિ નિર્ધનતાની ભૂમિકારુપ નિર્ગુણતા તરફ ધસી ગયો.

ગુણોની પ્રાપ્તિની આવશ્યકતા, તેના લાભ, તેની પ્રાપ્તિનો અને પ્રાપ્તના રક્ષણનો માર્ગ, ગુણને પ્રાપ્ત કરનારના જીવનમાં થયેલા વિકાસના દ્રષ્ટાંતો પ્રભુ ! આપના વિના કોણ બતાવે ! **'મારગ સાચા તુમ બિન કૌન બતાવે ?'** અને તેથી જ ભયંકરમાં ભયંકર સ્વાર્થ, લાલસા, આસક્તિ આદિ ભાવોમાં રમતો જ રહ્યો, તેને જ સુખનું કારણ માનતો રહ્યો અને આત્મામાં રહ્યા સહ્યા ગુણના અંશોને મેં ખલાસ કરી નાખ્યા. આમ હું બની ગયો **'નિર્ગુણચક્રવર્તી'** આપણા બન્ને વચ્ચેનું કેવું મોટું અંતર ? તમે ધર્મચક્રવર્તી, ગુણચક્રવર્તી, પુણ્યચક્રવર્તી અને હું નિર્ગુણચક્રવર્તી...નિગોદ, અસંજ્ઞી અને અપર્યાપ્તાના ભવોમાં તો લગભગ ગુણોનું ભાનસાન કે સ્થાન રહ્યું જ નહીં. મત્ત, મૂર્ચ્છિત, મૂર્ખની જેમ જ જન્મ-મરણના ચકરાવામાં અટવાતો રહ્યો. એક સેકંડમાં ૨૨ જન્મ-મરણ કરવાના આવે ત્યાં ગુણની પ્રાપ્તિ, વિકાસ કે ફલદર્શન ક્યાંથી સંભવી શકે ? તે પછીના ભવો પણ સમાન પ્રાયઃ જ ગયા છે. તમારા વિના નાથ ! મારા જીવે કેવી કેવી કદર્થનાઓ સહી છે અને કેટલી અધમતાની ખાઇમાં પટકાઇને આવ્યો છું એ આજે વિચારું છું ત્યારે આખા શરીરે ધ્રુજારી છૂટી જાય છે, કમકમા આવી જાય છે.

પ્રભો ! આપના વિના ન કોઇએ મારા આત્માની ચિંતા કરી, ન મને મારું સ્વરુપ કોઇએ સમજાવ્યું. કર્મોના બોજાથી કચડાયેલો હું મારી જાતે સમજી શકું એવી તો કોઇ સંભાવના હતી જ નહીં. અને તેથી જ અનંતાનંત કાળ મારો દેહદ્રષ્ટિમય

ગયો અને ત્યાં જ મારા દુઃખોનું બીજ પડેલું હતું. શરીર માંગે સામગ્રી, સામગ્રીની માંગ કરાવે પાપ, સામગ્રી મળે તો થાય આસક્તિ, ન મળે તો થાય અસમાધિ, અજંપો, અકળામણ, આગ્રહ, આક્રમણ...આના કારણે બીજા જીવો સાથે વૈર, ક્રૂરતા, સ્વાર્થાંધતા, હિંસા, જૂઠ, ચોરી, માયા આદિ દોષોની ફોજ આત્મામાં પ્રવેશે. માંગ હતી સામગ્રીની, તે તો ન મળી પરંતુ વણમાંગ્યા બધા ત્રાસવાદીઓ પ્રવેશી ગયા અને મારા આત્માને બેહાલ-બેહાલ કરી નાખ્યો...

તમે મળ્યા હોત તો સંસારનું સ્વરુપ અને કર્મનું સ્વરુપ સમજાવ્યું હોત, સામગ્રીની ભયંકરતા અને દોષોની ભયાનકતા સમજાવી હોત, દુઃખ વેઠીને પણ એ બધાથી દૂર રહેવાનો વિવેક આપ્યો હોત. એના પનારે પડવાથી આવતા નરક-નિગોદાદિ ગતિઓના દુઃખોનું રુંવાડા ખડા થઇ થાય તેવું વર્ણન કર્યું હોત, સામગ્રીની માંગ ઓછામાં ઓછી રહે એવા જીવનની કળા શીખવાડી હોત, તે સામગ્રી પણ પુણ્યાભાવે ન મળે, નબળી મળે તો ચલાવી લેવાનો સંયમમાર્ગ આપ્યો હોત. આત્મિક આનંદનો માર્ગ બતાવ્યો હોત, સામે ચાલીને સુખોને ના પાડવાનો અને કષ્ટોને સ્વીકારવાનો સંવર અને નિર્જરાનો માર્ગ બતાવ્યો હોત, તે માર્ગ પર ચાલવા જરુરી શ્રદ્ધા, સમજ અને સત્ત્વ આપ્યા હોત, હાથ પકડીને મને ચલાવત અને અટકું ત્યાં પીઠ પસવારીને સમજાવીને (મેઘકુમારની જેમ) આગળ લઇ ગયા હોત અને મોહ અને કર્મશત્રુઓને હરાવી અનંત-અક્ષય-અવ્યાબાધ-અજર-અમર-અકલંક સુખના દરવાજા ખોલી આપ્યા હોત...

પ્રભુ તું મળ્યો હોત તો દેશનાઓના પાન કરાવી, કરુણાની ધારમાં ઝિલાવી આત્મિક આનંદના અમૃત પિવડાવી આત્મામાં ભરાયેલા અનાદિકાલીન સંક્લેશના-શંકાના ઝેર ઉતારી નાખ્યા હોત...અને મારી વાત કંઇ પાયા વિનાની તો નથી જ...

ચંડકૌશિકના આંખ સાથે અંતર અને આત્માના ઝેર તેં ઉતાર્યા છે જ, સ્થુલભદ્રનો વિકારનો મોતિયો તેં કાઢ્યો છે જ, અર્જુનમાળીનો યક્ષવળગાડની સાથે કર્મવળગાડ તેં કઢાવ્યો છે જ, રોહિણિયાના પગના કાંટાની સાથે પાપનો કાંટો કઢાવ્યો જ છે...આ બધાનો ભૂતકાળ અત્યંત નિર્ગુણ, દુષ્ટ, ક્રૂર, અધમ, હિંસક અને સર્વ પાપથી ભરેલો હતો જ...છતાં તારા મિલનથી એ બધાનું કામ થયું જ...

યાદ આવે એક અત્યંત નિર્મલ, નિર્વિકાર અને નિરાગી સંત...એકવાર એના ભક્તે આગ્રહ કરીને એમની જન્મકુંડળી એક ખ્યાતનામ યશસ્વી જ્યોતિષને નામ

દીધા વિના બતાવી. જ્યોતિષ તો બે જ મિનિટમાં લાલપીળો થઇ ગયો. આ જે માણસની કુંડલી છે તે માણસ એક નંબરનો લબાડ, ગુંડો, વ્યભિચારી, જુગારી, વ્યસની, ખૂની અને બધી વાતે પૂરો હશે. તમામ દુર્ગુણો એનામાં ઠાંસી ઠાંસીને ભર્યા હશે...કોણ છે આ માણસ ! સાવધાન રહેજો એનાથી, એનો પડછાયો પણ નહીં લેતા નહિંતર હેરાન થઇ જશો.

જેમનું ભવિષ્યકથન કે ફળાદેશ કદાપિ જૂઠું પડ્યું નથી એવા જ્યોતિષની આ અવળવાણી સાંભળી પેલો યુવાન તો સ્તબ્ધ થઇ ગયો. શું બોલવું તે જ સમજાયું નહીં અને તેથી થોડીવાર દિઙ્મૂઢ થઇ ત્યાંથી રવાના થઇ સીધો સંત પાસે આવ્યો અને સંતને અથથી ઇતિ વાત જણાવી. ત્યારે સંતે નિર્ભેળ હાસ્ય સાથે જણાવ્યું 'એ જ્યોતિષી ૧૦૦% સાચા છે. એમણે જે કહ્યું તે બધું જ મારામાં છે, પરંતુ સાથે પરમાત્મા જોડાયા છે, તે જોવાનું તેઓ ભૂલી ગયા. મેં આ બધા પર પ્રભુએ આપેલા વિવેકની ચોકી મૂકી છે માટે જ સારો દેખાઉં છું. બાકી આજે પણ આ દોષોની ઉછળકૂદ અંદર ચાલુ જ છે.' સંતનો આ નિખાલસ ખુલાસો યુવાનના હૃદયને સ્પર્શી ગયો.

દેવાધિદેવ !! મારી ફરિયાદ તને આ જ છે, ઉકરડાના ઢગલાને ઉદ્યાનમાં ફેરવી નાખવાની ક્ષમતા તું ધરાવે છે તે હકીકત છે જ, પરંતુ એ ક્ષમતાનો મારી સાથે સંપર્ક કેમ ન કરાવ્યો ? એ કરુણાનો પ્રવાહ મારા સુધી કેમ ન વહેવડાવ્યો ? એ વિવેકના ચોકીદારને મારી સુધી કેમ ન મોકલ્યો ? તારા અસ્તિત્વનો...કરુણાભીનો સ્પર્શ મને કેમ ન કરાવ્યો ? જો તેં કરાવ્યો હોત તો આજે મારા આત્માની આ જે દુર્દશા છે તે દુર્દશા ન થઇ હોત. આટલા બધા દોષોના કચરા મારા આત્મામાં ન ભરાયા હોત. માણસ કહેવડાવવાની લાયકાત પણ ગુમાવી બેસું એટલું બધું અધઃપતન મારું ન થયું હોત. ખેર ! જે થયું તે. હજી મારી તને વિનંતિ છે કે **'પ્રભુજી ! આમ છેટા છેટા ન રહીએ...'**

તું પરમાત્મા અને હું દુષ્ટાત્મા, અધમાત્મા, બહિરાત્મા...

તું અનંતગુણી અને હું નિર્ગુણ ચક્રવર્તી અનંત દોષદુષ્ટ,

તું કરુણાનો મહાસાગર અને હું ક્રૂરતાની કાંટાળી વાડ,

તું ક્ષમાવતાર, પ્રેમાવતાર, કરુણાવતાર અને હું કષાયાવતાર, ક્રૂરાવતાર અને કાવાદાવાવતાર, તું પુણ્ય પુંજ અને હું પાપપુંજ,

તું સર્વશુભ ઉપમાએ ઉપમાવા યોગ્ય અને હું સર્વ અશુભ ઉપમાએ

ઓળખવા યોગ્ય...ક્યાં તું અને ક્યાં હું ? આટલું બધું અંતર કેમ કરીને સહેવાય ? કેમ કરીને નિભાવાય ?

દીકરાના શરીરનો પરનો મેલ, મા ને બાથરુમ તરફ દોડાવી જ દે, મારા આત્મામાં ભરેલા આ અશુભના ઉકરડા જોયા પછી તને કાંઇ કરવાનું મન થતું જ નથી ? મારા સંપર્ક પછી તારા સ્વભાવને લૂણો તો નથી લાગી ગયો ને ! મારા દુર્ગુણો અને દુષ્ટતાઓએ ક્યાંય તારી કરુણાના પ્રવાહને અટકાવી તો નથી દીધોને ! કબૂલ છે કે મારી અધમતા અને અપાત્રતા અત્યંત હીન કક્ષાની છે પણ સાથે તારી કરુણા, ક્ષમા, ઉદારતા અને તારકતા પણ ટોચ કક્ષાની ક્યાં નથી ? મારા પાપો અને દોષોનો અંબાર મોટો છે તો તે બધાને ધોવાની તારી ક્ષમતા પણ એનાથી ક્યાંય વિરાટ ક્યાં નથી ? તારી સાથેનું મારું વિરોધીપણું જગ જાહેર છે જ, તો દુશ્મનને પણ આપસમાન બનાવવાની તારી અજબગજબની કળા ક્યાં સર્વવિદિત નથી ? તેથી જ કહું છું...પ્રભો ! આપનો સંગ મને થાય તો મારો ઉદ્ધાર થયા વિના ન જ રહે...

બસ, નદી-સમુદ્ર સંયોગ તો વિશ્વખ્યાત છે જ,
દિવેટ-જ્યોત સંયોગ, પારસ-કંચન સંયોગ પણ પ્રખ્યાત છે,
હવે તારો અને મારો સંયોગ થઇ જાય તો
આ બધા પરિણામને ઝાંખુ પાડે એવું એક પરિણામ આવી શકે એમ છે
અને એમાં પહેલ તારે જ કરવાની છે.
**હું તૈયાર છું. તું આવે છે ને ?**

# ૨૭

**स्वामिन्निमग्नोऽस्मि सुधासमुद्रे, यन्नेत्रपात्रातिथिरद्य मेऽभूः ।**
**चिन्तामणौ स्फूर्जति पाणिपद्मे, पुंसामसाध्यो नहि कश्चिदर्थः ॥**

**મુજ નેત્રરુપ ચકોરને તું ચંદ્રરુપે સાંપડ્યો,**
**તેથી જિનેશ્વર આજ હું આનંદ-ઉદધિમાં પડ્યો,**
**જે ભાગ્યશાળી હાથમાં ચિંતામણી આવી ચડે,**
**કઇ વસ્તુ એવી વિશ્વમાં જે તેહને નવિ સાંપડે ?...૨૭..**

આજે કલ્પનાની પાંખે વિહાર કરવો છે-પહોંચવું છે વર્ધમાન કુંવરના મહેલમાં...વર્ધમાન કુંવર સમાનવયા મિત્રો સાથે સ્વોચિત ક્રીડા કરી રહ્યા છે. અલકમલકની વાતો ચાલી રહી છે. હસી મજાકમાં પણ એક શાલીનતા પ્રગટી રહી છે. ત્યાં જ દરવાજો હલ્યો અને માતા ત્રિશલા પ્રગટ થયા...અચાનક માતાજીને પધારેલા જોઇ પરમઔચિત્યના નિધાન વર્ધમાનકુંવર એકદમ ઊભા થઇ ગયા, દોડી ગયા માતાની પાસે, પડી ગયા એમના પગમાં અને બોલ્યા, 'માતાજી ! અહીં સુધી આવવાનું આપે કષ્ટ લીધું ! મને કહી દીધું હોત તો હું જ ત્યાં આવી જાત ને ? કોઇ સેવક સાથે સંદેશો કહેવડાવ્યો હોત તો ઊભા પગે આવી જાત.'

માતા ત્રિશલા વર્ધમાનનું માથું પસવારતા તેમને ખોળામાં બેસાડી ભાવથી તેનું મુખ જોતા, કહે છે- 'બેટા ! મારા મનમાં તો ગમે ત્યારે તરંગો ઉઠે અને તું યાદ આવી જાય, એટલે કાંઇ વારેઘડીયે તને થોડો બોલાવાય ? અને મહત્વની વાત તો એ છે કે તારું કામ તો એક બહાનું છે. મુખ્યત્વે તો તારા મુખકમળને જોવાની ચાહ જ એવી લાગી જાય છે કે તને જોયા વિના ચેન પડતું નથી **'ઘડી યે ન વિસરું હો સાહિબા...'** તેથી તારું મુખ જોવા જ વારંવાર હું અહીં ચાલી આવું છું...' વર્ધમાન પણ રમત કરતા કહે છે-'માતાજી ! મારું મોઢું તો રોજ સવારમાં હું પણ આયનામાં જોઉં છું. મને તો એમાં એવી કોઇ વિશેષતા દેખાતી નથી કે જેના કારણે વારંવાર જોવાનું મન થાય...હાડકાની બખોલ પર ચામડું મઢ્યું હોય એવું તો છે, એમાં વળી

શું જોવાનું ?'

અને ત્રિશલાદેવી આજ અદા પર ખુશ થઇને કહે છે-'બેટા ! એ તો **વર્ધમાનને જોવા ત્રિશલાની આંખ જોઇએ.** તારી આંખ ન ચાલે. તારામાં રહેલું સૌંદર્ય અને સુરુપ નિહાળવાની તાકાત ત્રિશલાની આંખમાં છે. અને હા, દુનિયા આખી આવીને મને સમજાવશે તો પણ તારામાં અનુપમ, અકથ્ય અને અકલ્પ્ય સૌંદર્ય પડ્યું છે તે શ્રદ્ધાથી હું પાછી પડવાની નથી. માટે એ બાબતમાં મને સમજાવવાની કોશિશ ન કરશો'...અને ત્રિશલા પાછું વળી વળીને વર્ધમાનને નિરખતા ત્યાંથી નીકળી ગયા...

પરમ રુપનિધાન હે દેવાધિદેવ ! એવું અદ્‌ભુત બાહ્ય અને અભ્યંતર સૌંદર્ય આપ લઇને બેઠા છો કે જોનારા સહુ એનાથી અભિભુત થયા વિના રહેતા જ નથી. આમ પણ અનંતકાળની રઝળપાટમાં તમારા મિલનની ઉણપના કારણે જ દુઃખકર સંસારમાં ભટકવાનું થયેલું તેથી તમારા દર્શનની એક અખંડ પ્યાસ તો ક્યારની ય જાગેલી જ હતી, યુગો યુગોથી એક ઝંખના મનમાં રમાડેલી, તારા દર્શન માટે કંઇ કેટલીય કલ્પનાઓ પણ સજાવી રાખેલી, પરંતુ એક પુણ્યવંતી સૌભાગ્યવંતી ક્ષણે જ્યારે તમારું દર્શન થયું, ત્યારે મારી બધી કલ્પનાઓ ફીકી લાગી અને મારા નાથ ! ખરેખર, તમને જોતા હું અંજાઇ જ ગયેલો...પરમ જ્યોતિનિધાન, પરમ સૌમ્યતાના ખજાના, પરમ સૌંદર્યના અખૂટ ભંડાર, પરમ નિર્વિકારતાના સ્વામિ !! તારા રુપ આગળ તો શબ્દકોશના ઊંચામાં ઊંચા શબ્દો સાવ વામણા અને ફીકા જણાય છે. પરમ ઔદારિક વર્ગણાથી બનેલું તારું રુપ ભલભલાના ગર્વ ખંડી નાખવા સમર્થ છે. ઇન્દ્રભૂતિ બ્રાહ્મણ આવ્યા હતા ૫૦૦ શિષ્યોને સાથે લઇ તમને હરાવવા, પરંતુ સમવસરણના પહેલા જ પગથિયે જ્યાં તમારું રુપ અને ઐશ્વર્ય જોયું કે ઠંડાગાર થઇ ગયેલા ને !!

પેલી રુપગર્વિતા ઇન્દ્રાણી-જેની તેની સામે મોઢું મચકોડતી ફરતી' તી, પરંતુ જન્મ સમયે મેરુપર્વત પરના અભિષેક સમયે તમારા મુખની જે કાંતિ, જે તેજ તેણીએ જોયા કે તેનાથી તમારા રુપની તે પ્યાસી બની ગયેલી...

પેલો ક્રોધથી ધમધમતો શૂલપાણિ ! ભયંકર ઉપસર્ગોની સામે અડોલ અને અડિખમ ઊભા રહેલા જોઇ આશ્ચર્ય પામી તમારી સામે ધ્યાનથી જોયું, અને અહા ! તમારું એ વિશ્વમોહન રુપ ! રેખા રેખાઓમાંથી નીતરતું કરુણાનું અમૃત ! કણ કણમાં વિલસતો રુપનો મહાસાગર ! શાંતિ અને સમાધિનો અખૂટ ભંડાર ! જાણે દ્વેષ અને વેરની આગમાં સળગતા એ શૂલપાણિ પર ચંદનનો લેપ થયો અને

તમારો જનમ જનમનો ભક્ત બની ગયો.

મહારાજા શ્રેણિક !! એક સમયના મહાદ્વેષી, તમારું દર્શન પામી તમારામાં જાણે વિલીન થઇ ગયા. કેટકેટલા ઉદાહરણો ગણાવું ? તમારા પરમ તેજસ્વી રુપસૌંદર્યે અનેકની બુદ્ધિ ફેરવી, હૃદય ફેરવ્યું, અરે ! આખેઆખું જીવન ફેરવી કાઢ્યું ! અનંત-અનંત કાળથી જામી પડેલી કુવાસનાઓને ફેરવી કાઢી સદ્વાસનાઓમાં બદલી કાઢી...ખરેખર તારા રુપમાં રુપપરાવર્તન અને હૃદયપરાવર્તન લબ્ધિઓ સમાયેલી હોય તેવું લાગે છે.

પરમરૂપનિરંજન જનમનરંજણો ભગવાન !

અમૃતના એક બુંદમાં વર્ષોના રોગની અશાતા અને અજંપાને દૂર કરવાની તાકાત છે તેમ તમારા દર્શનમાં, તમારા વ્યક્તિત્વમાં અમારા અનાદિકાળના સંક્લેશોને, સંતાપોને, અજંપાઓને દૂર કરવાની તાકાત છે. તમે મળ્યા અને અંતરમાં પરમશાતાની જે અનુભૂતિ છવાઇ ગઇ છે !!! હવે આ વિશ્વની તમામ સામગ્રી મારી પાસેથી છિનવાઇ જાય તો પણ મને વાંધો નથી. અમૃતના કુંડામાં પડેલું વિષનું બુંદ અમૃતમાં ફેરવાઇ જાય, તેની દાહકતા, ઉગ્રતા અને મારકતા ખતમ થઇ શીતળતા, સૌમ્યતા અને સંજીવકતામાં ફેરવાઇ જાય તેમ દેવાધિદેવ ! તમારા મિલનથી દુન્યવી સામગ્રીઓના સંયોગ-વિયોગમાં રહેલી સંક્લેશમય આસક્તિ કે અસમાધિ દૂર થઇ માત્ર પ્રસન્નતામય આનંદની અનુભૂતિ જ ઊભી રહે છે. તમારા મિલનથી મને સુખ અને દુઃખની સાચી વાસ્તવિકતા સમજાય છે. તમારા મિલનથી મને મારી જાત પર વિશ્વાસ પેદા થયો છે, મારી તાકાત, મારું સ્વરુપ, મારું ઐશ્વર્ય, મારી સત્તા આદિનું મને ભાન થયું છે. સમગ્ર વિશ્વ પણ સમાવી ન શકે એવી મારી વિરાટતાની મને ઝાંખી થઇ છે. દેવાધિદેવ ! તમારા રુપમાં મને મારું જ પ્રતિબિંબ દેખાયું છે અને હું આનંદથી નાચી ઉઠ્યો છું.

દુન્યવી સામગ્રીઓ મળે અને શરીરની પ્યાસ બૂઝાય, દેવ મળે અને મનની પ્યાસ બૂઝાય. વિરાટ ઐશ્વર્યના ધારક ઓ દેવાધિદેવ !! તમારું મિલન થયું અને આત્માના સ્તરે પરમતૃપ્તિની અનુભૂતિ થવા લાગી. શરીરની તૃપ્તિ ૨-૪ કલાકની, મનની તૃપ્તિ ક્ષણ-બે ક્ષણની, જ્યારે આત્માની થતી તૃપ્તિની અનુભૂતિ શાશ્વતકાલીન હોય છે. સમજણ, શ્રદ્ધા, સાત્ત્વિકતા, સંવેદના, સંવેગ આદિના પ્રભાવે આત્મામાં જે ભાવોના ઉછાળા આવે છે, કર્મોના બંધ તૂટે છે અને અનાદિકાળથી રુંધાઇ ગયેલ સ્વાભાવિક પરમ આનંદની અનુભૂતિના પ્રવાહો વહેવા લાગે છે અને આતમભોમ

અનંત અનંત ગુણોની લીલીછમ ચાદરથી ભરી ભરી બની જાય છે. દેવાધિદેવ !! આપ મળ્યા મને ઉપકારોની સ્મૃતિ રુપે, ગુણોના દર્શનરૂપે, કરુણાની સંવેદના રુપે, શુભભાવોના ઉછાળા રુપે, સ્વભાવની પ્યાસરુપે, શાસનરાગરુપે, 'જિનધર્મથી મુક્તિ મળશે જ' એ શ્રદ્ધારુપે, સાધકો પ્રત્યેના અહોભાવરુપે, ભાવનાઓના મંથનરુપે, સંસારના વિષયો પ્રત્યેના વૈરાગ્યરુપે, અનેકાનેક ગુણોના ઉઘાડરુપે...પ્રભો ! આપ મળ્યા મને જિનપ્રતિમામાં, જિનવાણીમાં, જિનાગમમાં, ગુરુતત્ત્વની કરુણામાં, સાધનાના તીવ્ર પુરુષાર્થમાં, ગુણોની સંવેદનામાં...અને મારા સાડા ત્રણ કરોડ રોમાંચ નાચી ઉઠ્યા ! અંગ અંગ વિકસિત થઇ ગયા, હૃદય આનંદથી ફાટફાટ થવા લાગ્યું ! કરોડોના નિધાન કે મહારાજ્યની પ્રાપ્તિથી પણ અધિકો આનંદ, અનેરી પ્રસન્નતા તારા મિલનથી અનુભવી. જીવનનો સાચો સ્વાદ, મળેલ સંયોગોનું સાફલ્ય અને શુભની શક્તિની શ્રદ્ધા ત્યારે અનુભવ્યા...

તારા મિલનથી મારામાં અનેરી શક્તિનો સંચાર થયો. નિર્માલ્યતા, નિઃસત્વતા અને નિર્બળતા દૂર થયા, દુશ્મન અને મિત્રને ઓળખવાની પરખશક્તિ મળી, ખુદ મારી જાત પર મને વિશ્વાસ બેઠો, શૌર્ય-સાહસ અને સત્ત્વની વીર્યદીક્ષા મને મળી, સંક્લેશો અને સંતાપોથી મુક્ત થવાની ચાવીઓ મળી, સાધનાનો માર્ગ અને માર્ગદર્શક ગુરુઓ મળ્યા...શુદ્ધ સ્વરુપની પ્રાપ્તિ માટે જરુરી ઉપકરણ, અનુષ્ઠાન અને આલંબન મળ્યા...અનંતાનંત કાળે દુર્લભ સાધર્મિક અને સંઘનો સહવાસ મળ્યો...શ્રાવક જીવન અને સાધુજીવન...બન્નેની શક્યતાઓ જીવનમાં ખૂલી ગઇ. કરુણાના સિંધુ જિનજી !! જીવનમાં શું નથી મળ્યું એ પ્રશ્ન છે. મારા ઉત્થાન અને ઉત્કર્ષ માટે જરુરી તમામ તત્ત્વોની ભેટ તારા મિલનથી મને મળી ગઇ છે. ચિંતામણિ રત્ન તો માંગ્યા પછી આપે, મારી માંગવાની અણઆવડત જોઇ તે તો વગર માંગ્યે કેટલું બધું આપી દીધું !!! તેથી જ અત્યારનો આ વિશ્વનો સૌથી સુખી, સૌથી રાજી અને સૌથી આનંદી વ્યક્તિ કોઇ પણ હોય તો હું છું...કારણ કે મારા જીવનોદ્ધારક ભગવાન મને મળી ગયા છે...

નોંધારાના આધાર, અશરણના શરણ, પતિતપાવન !! એક જ પ્રાર્થના કરવી છે કે તમારા મિલનનો ઉગેલો આ સૌભાગ્યનો સૂરજ કદાપિ અસ્ત ન થાઓ. તમારા વિરહની અગનઝાળ કદાપિ આ જીવનને ન સ્પર્શો...તમારી હાજરીથી મારું જીવન નંદનવન સમું બની શકશે તો તમારા વિરહથી મારું જીવન સહરાનું રણ બની જશે...યત્કિંચિત્ પણ ગુણોના ઉઘાડમાં જે સંતોષની, પ્રસન્નતાની, સભરતાની

અનુભૂતિ કરી છે. હવે એના વગર રહી શકું એમ નથી...આપના વાત્સલ્ય, કરુણા અને પ્રેમ સામે દુનિયાના સમસ્ત પ્રેમ મલિનતાથી ભરેલા, પતનની સંભાવનાથી ભરેલા સ્વાર્થ અને સંકુચિતતાની બદબૂથી ભરેલા અકળાવનારા લાગે છે અને તેથી જ પ્રભો ! આપના વિના હવે જીવી શકાય તેમ નથી...જો તારું અને મારું મિલન ટકાવવા માટે ઘોર પરીક્ષા અને ઉપસર્ગોનું કપાળે કાળું ટીલું કરાવવું પડતું હોય તો પણ તૈયાર છું. તપ-ત્યાગની ધૂણી ધખાવીને મોહરાજાની નજર ઉતરાવવી પડતી હોય તો'ય તેના માટે હું તૈયાર છું. સદાકાળ માટે સંસારવાસ છોડી દેવ-ગુરુનું ઘરજમાઇપણું સ્વીકારવું પડતું હોય તો ય હું તૈયાર છું-પણ એક વાત તો નિશ્ચિત છે કે તારા વિના હું રહી નહીં શકું, જીવી નહીં શકું...

'પ્રભુનું મિલન એજ જીવન, પ્રભુનો વિરહ એજ મોત' આવી પંક્તિ ક્યાંક વાંચવામાં આવેલી, પણ તેનો સાચો અનુભવ તો આજે જ થયો...તારા મિલન પછી તો કેવો સુંદર મજાનો જીવનક્રમ બની ગયો છે !

**તારી પ્રતીક્ષા એ મારું વ્રત,**
**તારી સેવા-ભક્તિ-ઉપાસના એ મારું પ્રભાત,**
**તારી આજ્ઞાનું પાલન એ મારો મધ્યાહ્નકાળ,**
**તારી કથા અને ગાથાનું શ્રવણ એ મારો ગોધૂલિકાળ,**
**તારું સ્મરણ-ચિંતન-મનન-નિદિધ્યાસન એ જ મારું જીવન...**
**બસ પરમ આનંદ, પરમ આસ્વાદન, પરમ રસ...**
**પ્રભો ! આપણું આ સખ્ય, આપણો સંબંધ,**
**સદા કાળ ટકી રહો એ જ મારી વિનંતિ...**
**મારી પ્રાર્થના...**
**મારી જીવનધારા...**

# ૨૮

**त्वमेव संसारमहाम्बुराशौ, निमज्जतो मे जिन ! यानपात्रम् ।**
**त्वमेव मे श्रेष्ठसुखैकधाम, विमुक्तिरामाघटनाभिरामः ॥**

**હે નાથ ! આ સંસાર સાગર ડૂબતા એવા મને,**
**મુક્તિપુરીમાં લઇ જવાને જહાજરુપે છો તમે,**
**શિવરમણીના શુભ સંગથી અભિરામ એવા હે પ્રભુ !**
**મુજ સર્વસુખનું મુખ્ય કારણ છો તમે નિત્યે વિભુ !!..૨૮**

વિશ્વખ્યાત અંગ્રેજી લેખક સમરસેટ સોમ-એકવાર દરિયાઇ મુસાફરીએ નીકળેલા. દિવસો સુધી સમુદ્રની રમણીયતા અને અજાયબીઓનો આનંદ લીધા પછી એકવાર એજ દરિયામાં વાવાઝોડું ફુંકાતા તોફાન આવ્યું. દરિયાદેવે પોતાનું રૌદ્ર સ્વરુપ દેખાડતા ક્રૂર મોજાઓની થપાટે સમરસેટનું હોડકું ઉછળ્યું, પહાડ જેવા મોજાઓ સાથે અથડાયું અને એજ ક્ષણે ભાંગીને ભુક્કો થઇ ગયું. પાટિયું મળતા સમરસેટ તેના આધારે ટકી ગયા અને શરુ થયો એક જીવસટોસટનો જીવનસંઘર્ષ. નહીં ખોરાક, નહીં પાણી, ન કોઇ રહેવાનું સ્થાન, ન કુદરતી હાજતની અનુકુળતા, ન વસ્ત્રો બદલવાના, ન સ્નાન કરવાનું. ખુલ્લા આકાશ નીચે દિવસની ગરમી, રાતની ઠંડી, ક્યારેક વરસી જતી વર્ષાની ઝડીઓ સહન કર્યા કરવાની. ૨-૪ કલાક, દિવસ કે અઠવાડિયા નહીં, પૂરા ૬૦ દિવસ સુધી મૃત્યુના ફાડેલા મોઢા સામે જાનસટોસટની લડાઇ લડી તે કિનારે પહોંચ્યા...

પોતાની આત્મકથામાં ઉપરની ઘટનાના વર્ણનના અંતે સમાપન કરતાં તેમણે લખ્યું છે-'એ ૬૦ દિવસોના સંઘર્ષમાં મને એટલું તો સમજાઇ ગયું કે આ વિશ્વમાં ખોરાક અને પાણીથી વધુ મહત્વનું કાંઇ જ નથી. અને જો દરિયો હોય તો ટકી રહેવા માટે જરુરી પાટિયાથી વધુ કિંમતી કાંઇ નથી.' મુખ્યત્વે તો મહત્વનું છે જીવન...જીવન ટકાવવા, અસ્તિત્વને બચાવવા જ્યારે જે જરુરી બને તે મહત્વનું.

સંસારતારક દેવાધિદેવ !! મુજ આત્માના શત્રુઓ તો ઠેરઠેર પડ્યા છે પરંતુ આત્મતત્ત્વના અસ્તિત્વ સામેનો સૌથી મોટો પડકાર હોય તો તે સંસારરુપી સાગર છે. અતાગ ઊંડાઇ, ભયંકર વમળો, બિહામણા જળચર જીવો, અવારનવાર ઉઠતા તોફાનો, અફાટ જળરાશિ એ સાગરનું સ્વરુપ છે તો અતૃપ્તિની અતલ ઉંડાઇ, રાગ-દ્વેષ-મોહના વમળો, કુનિમિત્તોના જળચર જીવો, અવારનવાર જીવનમાં ઉઠતા કુકર્મોના તોફાનો અને અનંતકાલીન ભવભ્રમણ એ સંસારનું સ્વરુપ છે. આવા સંસારમાં ધકેલાયેલો હું એની ભયંકરતા, ક્રૂરતા અને વિરાટતા સામે ટકી શકતો નથી અને પળેપળ સંકલેશ, દુર્ધ્યાન, દુર્ભાવ અને દુર્ગતિની પરંપરામાં ડૂબતો જાઉં છું. અનંતકાળથી ડૂબતો આવ્યો છું અને વર્તમાનમાં પણ ડૂબતો જાઉં છું અને એક વસ્તુનો ખ્યાલ હશે જ કે ડૂબનારો વ્યક્તિ સાથે રહેલી તમામ સામગ્રી તો ગુમાવે છે, પરંતુ સાથે સાથે પોતાનું જીવન-અસ્તિત્વ જ ગુમાવી બેસતો હોય છે. તેમ આ સંસારમાં ડૂબતો જાઉં છું ત્યારે મારું પુણ્ય, શક્તિ, ઐશ્વર્ય આદિ તો ગુમાવું જ છું પરંતુ મારું પોતાનું અસ્તિત્વ જ જોખમમાં મૂકાઇ જાય છે. મારા સ્વભાવ પર પ્રશ્નાર્થ ચિહ્ન લાગી જતું હોય છે. મારું આત્મત્વ જ દાવ પર લાગી જતું હોય છે.

જીવ અજીવથી જુદો પડે છે જ્ઞાનથી, સંવેદનાથી...જ્યારે સંસારસાગર મને નિગોદાદિ દુર્ગતિઓમાં ડુબાડી દે છે ત્યારે મારામાં રહેલું અનંતજ્ઞાન ઢંકાઇ જતું હોય છે. માત્ર અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાન જ તે સમયે ખુલ્લુ રહેતું હોય છે. કેટલી મારી ઘોર અવહેલના !!

જ્યારે મને નરકાદિ ગતિઓમાં મોકલવામાં આવે છે ત્યારે મારા અનંત આનંદ ગુણનો તો ખાત્મો જ બોલાવી દેવામાં આવે છે, સુખનો અંશ પણ ન મળી જાય તેવી કાળજી લેવામાં આવે છે, જ્યારે અતિસૂક્ષ્મ જીવો-જેનું આયુષ્ય એટલું અલ્પ હોય છે કે એક સેકંડમાં ૨૨ વખત જન્મમરણ કરી લેતો હોય છે. આવા ભવમાં મને ધકેલવામાં આવે છે ત્યારે મારું અજર-અમરપણું એક ખૂણામાં રડતું હોય છે, જ્યારે અવિવેકી એવા પશુના ભવમાં, અનાર્ય મનુષ્યના ભવમાં કે અતિ પાપીષ્ઠ એવા અસુરકુમારાદિ દેવોના ભવમાં મને નચાવવામાં આવે છે ત્યારે મારી વીતરાગતાનું તો દેવાળું જ ફૂંકાઇ જતું હોય છે. દેવાધિદેવ !! મુજ રાંકના રાખણહાર !! વધુ તો શું કહું, પણ મારા ચોપડે અનંતા સદ્‌ગુણો બોલે છે પણ રોકડે એકાદનાય ઠેકાણા નથી હોતા...સિદ્ધાંતમાં અનંત શક્તિનું સ્વામિત્વ બોલે છે પણ વાસ્તવિકતામાં અનંત અશક્તિ, ગુલામી અને પરાધીનતાનો ભોગ બની

ચૂક્યો છું અને આ તમામનું મુખ્ય કારણ છે **'સંસારમહામ્બુરાશિ'** સંસાર રુપી મહાસાગર...સમુદ્ર ભલભલા તરવૈયાઓને અને ગંજાવર વહાણોને પણ પોતાની અંદર ગરકાવ કરી દેવા સમર્થ છે તેમ સંસારસમુદ્ર પણ અચ્છા અચ્છા જ્ઞાની, તપસ્વી, સંયમી અને યોગીઓને પોતાનામાં ડૂબાડી દેવા સમર્થ છે.

પાણીનું કામ-જિવાડવાનું, વિકસાવવાનું અને શાતા આપવાનું છે પરંતુ પ્રમાણથી વધારે થઇ જાય તો તે સડાવવાનું, ડૂબાડવાનું અને ખતમ કરવાનું કામ પણ કરે છે તેવું જ સંસારનું પણ છે. સંસારથી અળગા રહી શકાય તો, સંસાર સામે લડી શકાય તો સંસાર દ્વારા જ મોક્ષ મેળવી શકાય છે. સમુદ્રની છાતી પર રહીને પણ તેનાથી અલિપ્ત રહેતા વહાણની જેમ....આમ સાગરને તરવાનો એક માત્ર ઉપાય વહાણ છે તેમ સંસારસાગરને તરવાનો ઉપાય માત્ર, માત્ર અને માત્ર તમે જ છો.

તરવા માટે ત્રણ પ્રકારના સાધનો હોય છે. પાટિયું, તરાપો અને વહાણ...દરિયામાં ડૂબતા જીવને પાટિયું મળી જાય એટલે બચવાની એક સંભાવના ઉભી થાય. પરંતુ પાટિયાને પોતાની ઘણી બધી મર્યાદાઓ નડતી હોય છે. એને વળગીને જ રહેવું પડે, દિશા અને ગતિ પર આપણું કોઇ નિયંત્રણ નહીં, ભોજન આદિની કોઇ વ્યવસ્થા નહીં, આરામની કોઇ સંભાવના નહીં, થાક-ત્રાસ-વેદનાનો પાર નહીં...

તરાપો-દિશા અને ગતિ આપી શકાય પરંતુ તોફાનો સામે ટકવાની સંભાવના નહીં, આરામની શક્યતા નહીં, ત્રાસ-વેદના-પીડા પાર વિનાના તો ખરા જ...

ડૂબનારને જો વહાણ મળી જાય તો તો તમામ દુ:ખ ખતમ થયા સમજો...ખોરાક-પાણી મળે, ઉંઘ અને આરામ મળે, ભય-ચિંતા-પરિશ્રમજન્ય કોઇ ઉચાટ, અજંપો કે થાક નહીં, કેપ્ટનના ભરોસે સફર ચાલ્યા કરે અને તે પણ એવો કુશળ હોય કે ઇષ્ટ સ્થાને પહોંચાડી જ દે. ક્ષેમકુશલ હેમખેમ પહોંચાડી દે.

સંસારના કષ્ટોથી બચવા અને સુખના કિનારાને મેળવવા મોટે ભાગે જગતના જીવો પાસે ત્રણ જ વિકલ્પ હોય છે-પદાર્થ, પ્રજ્ઞા, પરમાત્મા. તેમાં પહેલો વિકલ્પ પાટિયા જેવો છે...શુભ પદાર્થો, શુભ સામગ્રીઓ મળી તો તેના આધારે થોડો ઘણો સમય ટકી જવાય તે બને, પરંતુ તેમાં પણ મનને શુભ દિશા કે ધારી ગતિ ન આપી શકાય, સતત ચિંતા-ભય આદિનો પાર નહીં, સુખનું નામનિશાન

નહીં...કદાચ એ સામગ્રીઓના બળે દેવ-ગુરુ-ધર્મની પ્રાપ્તિ કે આરાધના શક્ય બની જાય પરંતુ તે પણ પદાર્થની મહત્તા ઊભી રાખીને કરાતી હોય તો વિશેષ ફળદાયી બની ન શકે.

બીજો વિકલ્પ પ્રજ્ઞા ! બુદ્ધિથી ઘણા બધા ભૌતિક પ્રશ્નો સુલઝાવી શકાય પરંતુ અધ્યાત્મના ક્ષેત્રમાં એ પણ વિશેષ ઉપકારક બની શકતી નથી...જીવનને કદાચ યોગ્ય દિશા અને ગતિ એ આપી શકે તો પણ મોહનીય આદિ કર્મોના ઝંઝાવાતો સામે બચાવવાની તો શક્તિ તેય ધરાવતી નથી. વળી બુદ્ધિને વધારે પડતું અપાતું પ્રાધાન્ય ક્યારેક કુતર્કોની જાળમાં ખેંચી જઇને ઉંધા રવાડે પણ ચડાવી દે...

મુખ્ય વાત એ, સંસારસાગરથી તરવા માટે ઉપયોગી બની શકતા ક્રિયાયોગ, તપયોગ, જ્ઞાનયોગ, સેવાયોગ આદિ તમામે તમામની પોતાની અમુક મર્યાદા છે, ભયસ્થાનો છે જ્યારે વિમુક્તિરામાઘટનાભિરામ દેવાધિદેવ !! જો કોઇ પણ રીતે તમારો પાલવ પકડી લેવામાં આવે તો કોઇ ઝંઝટ જ ના રહે. તમે જ મારું વહાણ, તમે જ એન્જિન, તમે જ કેપ્ટન, તમે જ હોકાયંત્ર, તમે જ ખોરાક, પાણી અને મોજમજા...અરે, મજાની વાત તો એ છે કે તમે જ સુરક્ષિત સામો કિનારો છો...તમને પકડીને તમારા દ્વારા તમારા સુધી જ પહોંચવાનું છે...હવે આમાં અમારે ક્યાં કોઇ ચિંતા કે તકલીફ ઊભી રહી ?

અનંતકાળે હવે આ ડોબાને આટલી સદ્‌બુદ્ધિ આવી છે કે અનંત સુખથી ભરેલા એવા તમે જ મારા સર્વ સુખોનું મુખ્ય કારણ છો. તમે જ મારા ભાગ્યવિધાતા, તમે જ મારા આત્મત્રાતા, તમે જ મારા સુખના દાતા...બીજી એક બહુ જ મહત્વની વાત મારે તમારા કાને નાખવી છે કે હવેથી મેં સુખની વ્યાખ્યા જ બદલાવી નાખી છે. મને ગમતું, મને ફાવતું કે મને આકર્ષતું તે સુખ નહીં, તમારી પાસે જે છે તે જ સુખ...હજી મારી બુદ્ધિ એટલી ચાલતી નથી કે તમારી પાસે જે છે તેને હું સંપૂર્ણપણે જાણી શકું, ઓળખી શકું. પણ એટલી ખબર પડે છે કે તમારી પાસે જે છે તેનાથી જ તમે આટલા પ્રસન્ન છો, નિર્મળ છો, ઉત્તમ છો, ઉત્કૃષ્ટ છો, તમારી ઊંચાઇની સામે તો આખી દુનિયા સાવ વામણી લાગે છે અને તેથી જ હવે તમારી પાસે રહેલા સુખ સિવાય બીજા કોઇને ચારો નાંખવો જ નથી ને ! ભાવ પૂછવો જ નથી ને ! ઊંચે લોગ, ઊંચી પસંદ...એમ તો અમે પણ કાંઇ કમ નથી...ઊંચું જોયા પછી નબળામાં મોઢું નાખીએ એવા સાવ ડફોળ પણ નથી...તેથી હે દેવાધિદેવ ! મુજ ભાગ્યવિધાતા !! મુજ રાંકના રાખણહાર !!! મારા જીવનને હવે તમે ટેકો કરો. સંસારના આ અફાટ મહાસાગરમાં ડૂબતો, અટવાતો, માંડ માંડ કો'ક પાટિયાના

સહારે ટકતો તમારી સામે આશાની મીટ માંડીને બેઠો છું. તમારું વહાણ મને દેખાય છે પરંતુ ત્યાં સુધી પહોંચવાની ય મારી તાકાત નથી. કૃપાનું એક દોરડું મારા હાથમાં પકડાવી મને ખેંચી લઇને તમારે જ તમારી પાસે મને ખેંચવાનો છે, લઇ લેવાનો છે અને બચાવવાનો છે, મારા પેટમાં ગયેલા વિષય-કષાયના ઝેરીલા પાણીને તમારે બહાર કાઢવાનું છે, શરીરમાં પેસી ગયેલી પ્રમાદની ઠંડીને તમારે જ સાધનાના ગરમાવાથી બહાર કાઢવાની છે, અનંતકાળથી ગુણભૂખ્યા આત્માને ગુણનો સ્વાદુ આહાર તમારે જ ચખાડવાનો છે, મિથ્યાત્વના ઝેરી વેલાઓના કારણે ખોવાઇ ગયેલી મારી સાચી ઓળખને તમારે જ મેળવી આપવાની છે...

**યાદ આવે છે દિલીપ રાવળની પંક્તિઓ...**
**શ્વાસ તૂટતા જાય પ્રભુજી આવો એને સીવો,**
**ભવસાગરમાં ડૂબકા ખાતો હું પાગલ મરજીવો,**
**મોતી મળશે અઢળક માની અમે ડૂબકી મારી,**
**હાથ કશું ના આવ્યું વહાલા બની જિંદગી ખારી,**
**અંધારા આંખે આવ્યા છે તમે ધરો ને દીવો,**
**શ્વાસ તૂટતા જાય પ્રભુજી આવો એને સીવો...**
**સાગર પાર ઉતરવા માટે તમને માન્યા તરણું,**
**અમે તો જાણે ભડભડ વનમાં ખોવાયેલું હરણું,**
**સતત જાતને કહીએ વહાલા મન મૂકીને જીવો,**
**શ્વાસ તૂટતા જાય પ્રભુજી આવો એને સીવો...**

હવે તો તમારો સહારો એ જ જીવન, તમારો જાકારો એ જ મરણ, અને મને સંપૂર્ણ ખાત્રી છે કે તમે જાકારો નહીં જ આપો...અજૈન રામાયણની પેલી શબરી જેમ પોતાના એંઠા બોર લઇ રામની રાહ જોતી બેઠી હતી તેમ હું પણ મારું એઠવાડ જેવું જીવન તારા ચરણોમાં ધરવાની રાહ જોઇને બેઠો છું.

**મારા પગમાં નથી ગતિ,**
**મારી પાસે નથી તારી નજીક આવવાની મતિ, કે**
**નથી કરવો તારા વિના હવે મારે બીજો કોઇ પતિ...**
**તું જ એક માત્ર મારું શરણ, મારું જીવન, મારું સર્વસ્વ...**
**તેથી વિનવું છું વહાલા...**
**મંદિર પધારો સ્વામિ સલુણા...તારા વિના નાથ ક્યાંયે ગમે ના...**

# ૨૧

चिन्तामणिस्तस्य जिनेश ! पाणौ, कल्पद्रुमस्तस्य गृहाङ्गणस्थः।
नमस्कृतो येन सदापि भक्त्या, स्तोत्रैः स्तुतो दामभिरर्चितोऽसि ॥

જે ભવ્ય જીવો આપને ભાવે નમે સ્તોત્રે સ્તવે,
ને પુષ્પની માળા લઇને પ્રેમથી કંઠે ઠવે;
તે ધન્ય છે કૃતપુણ્ય છે, ચિંતામણિ તેને કરે,
વાવ્યો પ્રભુ નિજકૃત્યથી સુરવૃક્ષને એણે ગૃહે...૨૯

કલિકાલસર્વજ્ઞ, ગુજરાત મહારાજ્યના સંસ્કારપિતા, ગુજરાતી વ્યાકરણના આદ્ય પ્રણેતા, જિનશાસનના જ્યોતિર્ધર પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના બાલ્યકાળની એક સુંદર ઘટના છે...ચાંગો નામનો બાળ લલાટના લેખના પ્રતાપથી, માતા પાહિનીના સત્ત્વશીલ સમર્પણથી, મંત્રી ઉદયનની શાસનપ્રેમથી રસાયેલ કુનેહથી તાજેતરમાં જ પ.પૂ. આચાર્યદેવ શ્રી દેવચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના ચરણોમાં સમર્પિત બની બાલમુનિ સોમચંદ્ર બનેલ. સાધુજીવનના ઘડતર માટે તમામ યોગોમાંથી પસાર થઇ રહેલા બાલમુનિ એક સ્થવિર મહાત્માની આંગળી પકડીને ગોચરીએ નીકળ્યા છે. વારાફરતી આવતા ઉંચ-નીચ, ધનવાન, નિર્ધન આદિ ઘરોમાંથી ભિક્ષા વહોરતા એક મોટી હવેલી જેવા મકાનમાં જઇ ચડ્યા. ધર્મલાભની બૂમ મારી એટલે અંદરથી 'પધારો'નું આમંત્રણ આવ્યું. પ્રવેશતા ઓશરીમાં જ મોટો કોલસાનો ઢગલો જોયો એટલે સોમચંદ્ર મુનિએ સહવર્તી મુનિને પૂછ્યું 'આટલું બધું સોનું કેમ બહાર ઢગલો કરીને મૂકી રાખ્યું છે ? શું આ લોકો એટલા બધા ધનવાન છે કે તેમને સોનાની કાંઇ પડી જ નથી ?' વયોવૃદ્ધ ગીતાર્થ મુનિવરે આંખના ઇશારાથી આગળ બોલવાની ના પાડી પરંતુ ઇશારાના સિગ્નલને સમજે અને સ્વીકારે તો બાળક શાના ? તેમણે તો પોતાની જિજ્ઞાસાને પ્રકાશવાનું આગળ ચાલુ જ રાખ્યું, મહાત્માએ જોરથી હાથ દબાવ્યો એટલે બાલમુનિ એકદમ જ ચમકીને થોભી ગયા પરંતુ ત્યાં સુધીમાં એ શબ્દોના તીર અનિચ્છિત જગ્યાએ પહોંચી ગયા હતા. ઘરના

માલિક શેઠ તરત જ દોડતા બહાર આવ્યા, બાલમુનિને ઉંચક્યા અને કાંઇ સમજે તે પહેલા તે કોલસાના દેખાતા ઢગલા પર બેસાડી દીધા. આખોય કાળોધબ દેખાતો ઢગલો પોતાના તેજથી અનેકને આંજનારો બની રહ્યો.

મૂળભૂત ઘટના એવી બનેલ કે તે હવેલીના માલિક શ્રેષ્ઠિવર્ય મૂળે અતિ શ્રીમંત કુળપરંપરાના નબીરા હતા. ક્રોડોનું ધન તેમના ભંડારમાં રમતું હતું. લક્ષ્મી જાણે તેમને ત્યાં ક્રીડા કરતી હતી એમ કહી શકીએ...પરંતુ કર્મસત્તાની નજર કરડી થતાં ઠેકઠેકાણેથી નુકશાનીના સમાચારો આવવા માંડ્યા...ગોદામો સળગી ગયા, વહાણો ડૂબી ગયા, સાર્થ લૂંટાઇ ગયા, ઉઘરાણીઓ સલવાઇ ગઇ, બજારમાં ભાવ નીચા થઇ ગયા અને વર્ષોથી જમીનમાં દાટેલું સુવર્ણ કોયલારુપે દેખાવા માંડ્યું...ગઇકાલનો કુબેર આજે કંગાળ બની ગયો...હતાશ થઇને શેઠે એ બધું દટાયેલું ધન બહાર ઓસરીમાં કચરારુપે ઠાલવવા ઢગલો કરી રાખેલું, તે આ બાલમુનિની નજરે ચડી ગયું અને ઇતિહાસની એક અમર ઘટનાનો જન્મ થયો...જંગલમાં એક સરખા દેખાતા ઝાડીઝાંખરામાંથી અનુભવી વૈદ્ય જેમ કોઇ ઔષધિ શોધી લે છે તેમ કાબરચીતરા ઢગલામાં બાલમુનિને સોનું દેખાઇ ગયું અને ભવિષ્યનું સોનાથી અનેકગણું કિંમતી નજરાણું એ બાલમુનિરુપે દુનિયાએ ઓળખી લીધું...તેથી જ તેમનું નામ સોમચંદ્રમાંથી 'હેમચંદ્ર' પડ્યું...

મારા ચિત્તના ચકોર જિનેશ્વર ભગવંત !!! તમારું સ્વરુપ પણ અનાદિકાળથી આવું જ છે ને...જે તમારી નજીક આવે તે અધમ પણ ઉત્તમ બની જાય, પાપી પણ પાવન થઇ જાય, પથ્થર પણ પારસ બની જાય, કથિર પણ કાંચન બની જાય, નર પણ નરોત્તમ થઇ જાય, જીવ શિવ બની જાય, જન જિન બની જાય...જો કે એક વાત છે, જે જીવોને તમારા સ્વરુપનો આંશિક પણ ખ્યાલ છે, તમારી આ શક્તિ પર શ્રદ્ધા છે અને એના માટે જ તમારા ચરણે મસ્તક ટેકવે છે તેને જ આ અસર થાય છે. બજારમાંથી પસાર થનારો દરેક કાંઇ કમાણી કરીને નથી જતો તેમ તમારી આસપાસ ભમનારા બધા પારસ નથી બની જતા...સુખને ઓળખનારો, સુખથી નબળું કશું નહીં સ્વીકારનારો અને સુખ મળે તો પકડવા પૂરી તાકાત લગાવી દેનારો જ સુખી બની શકે છે એમ તારી કૃપાના ફળને ઓળખનારો, એનાથી નબળું કશું જ નહીં સ્વીકારનારો અને તારી કૃપા મેળવવા જાનને હોડમાં લગાવી દેનારો જ તારી કૃપાનો ભાગી બની શકે છે.

દુનિયામાં વેપારીજનો (વાણિયાઓ) આજ સુધી મહાજન કહેવાતા હતા.

મહાજન એટલે ઓછા વેપારે ઓછા નુકશાને બહોળો નફો કરે. જેના વ્યવહારમાં એટલી વ્યવસ્થિતતા, નિયમિતતા અને પારદર્શિતા હોય કે ઝઘડો-ટંટો-ફિસાદ નહીં, બદનામીની વાત નહીં, શાખ ઊંચી રહે અને ધંધો સુંદર રીતે ચાલ્યા કરે. હે દેવાધિદેવ ! મારે પણ વાણિયા મરીને મહાજન બનવું છે, મારામાં હવે એટલી તો ડહાપણની દાઢ ઉગી છે કે નફા-નુકશાનની સાથે વ્યાજ-વળતરના ગણિત પણ માંડી શકું.

સંસાર એટલે એવો ધંધો, જેમાં સર્વસ્વ હોડમાં મૂકવું પડે. સતત ત્રાસ, ભય અને અજંપાનો પાર નહીં, પરિશ્રમની કોઇ ગણના નહીં અને છતાં હાથમાં કશું આવે જ નહીં. 'વ્યાજ તો ના છૂટે, ઉપરથી મૂડી પણ સતત ઘસાયા કરે એનું નામ સંસાર...'

ધર્મ એટલે એવો વેપાર-જેમાં મૂડી થોડી રોકવાની, કષ્ટ થોડુંક જ અને લાભ વિરાટ કક્ષાનો...'જોખમનું નામ નહીં, લાભનો પાર નહીં અને લાભની પરંપરા ચાલતી જ રહે તેનું નામ ધર્મ...'

મોક્ષ એટલે એવી વ્યવસ્થા-જેમાં રોકાણ કશું નહીં, કષ્ટનું નામ નહીં અને મૂડી જ આખેઆખી નફા રુપે સતત મળ્યા કરે...દુનિયાની બધી વ્યવસ્થાઓના અરમાન ઉતારી દે તેવી વ્યવસ્થા મોક્ષની...

પરમ તારક પરમ કરુણાવંત વીતરાગ ભગવંત !! તારી કૃપા મને આવા મોક્ષ સુધી પહોંચાડી શકે છે, મારા આત્માના ભીડાયેલા દ્વારને ખોલી શકે છે, અનંતના ખજાનાનો સ્વામિ બનાવી શકે છે, અનંતકાલીન ગુલામીને કાયમ માટે દેશવટો આપી શકે છે આવું જાણ્યા પછી હું સાવ એવો તો મૂર્ખ નથી કે તારી ભક્તિ, તારી ઉપાસના છોડીને બીજામાં મારો સમય વેડફું...દુનિયાના ૧૦૦-૧૫૦ કે ૨૦૦ % નફો આપનારા ધંધા પાછળ માણસ જાન રેડી દે છે તો ઉકરડાને ઉદ્યાનમાં પલટી નાખનાર, અનંતગણા ફાયદાને કરાવી આપનાર તારી પાછળ હું મારું સર્વસ્વ કેમ ન લગાવી દઉં ? વળી દુનિયાનો એક નિયમ છે, શક્તિનું જ્ઞાન પ્રેમ પેદા કરવાની તાકાત ધરાવે છે તો તારી અનંત અને અક્ષય એવી શક્તિઓનું ભાન થયા પછી મારામાં તારા પ્રત્યે પ્રેમ ન જાગે ? ભક્તિનો ઉછાળો ન આવે ? બધું છોડીને તારી આગળ પાછળ જ લાગી રહેવાની ઇચ્છા ન પેદા કરાવે ? દુનિયા આખી શક્તિપૂજક છે તો હું શક્તિપૂજક જ છું. સર્વોત્કૃષ્ટ શક્તિના સ્વામિ તને ઓળખ્યા પછી બીજા કોઇ પર પ્રેમ કરે તે માત્ર અજ્ઞાન નહીં, મૂર્ખ જ છે...મારે એવા મૂર્ખરાજ નથી બનવું, માટે જ આપના ચરણને વળગી રહેવાનો મેં સંકલ્પ

કર્યો છે.

વારંવાર તારા ગુણોને, તારા ઉપકારને, તારી વિશિષ્ટતાને, તારી સાધનાને, સાધનામાં આવતા ઉપસર્ગો અને પરિષહોને સહવાની તારી અદ્ભૂત ક્ષમતાને, અપકારીને પણ ઉપકારથી નવડાવી નાખતી તારી કરુણાને, સમગ્ર વિશ્વના સુખમાં મૂળભૂત તારા દ્વારા ઉપદેશાયેલા સદાચારોની મહત્તાને...તારા જ્ઞાનને તારા કર્મક્ષયજન્ય ઐશ્વર્યને...કેટકેટલું યાદ કરું, યાદી તો ઘણી લાંબી છે, મારી બુદ્ધિ ટૂંકી છે તેથી આ બધાને રોજ યાદ કરી અશ્રુભીની આંખોથી, ગદ્ગદ હૃદયથી, કૃતજ્ઞપણાના ભાવથી વારંવાર નમસ્કાર કરું છું, વારંવાર મસ્તક ઝૂકાવું છું અને હૃદય અપૂર્વ આનંદથી ભરાઇ જાય છે.

**નમન કરું છું બાલ્યઅવસ્થામાં પણ પ્રૌઢવય ઉચિત ઔચિત્યને,**
**નમન કરું છું તરુણ અવસ્થામાં પણ નિર્ભયતાજન્ય પરાક્રમને,**
**નમન કરું છું કિશોર અવસ્થામાં પણ વ્યવહારશુદ્ધિજન્ય વિનયને,**
**નમન કરું છું યુવા અવસ્થામાં પણ કર્મસાપેક્ષ અનાસક્તભાવને,**
**નમન કરું છું રાજ્ય અવસ્થામાં પણ કરુણાસાપેક્ષ રાજ્યસંચાલનને,**
**નમન કરું છું વર્ષીદાન અવસ્થામાં પણ ઉદારતાજન્ય સંવિભાગને,**
**નમન કરું છું પ્રવ્રજ્યા અવસ્થામાં પણ વૈરાગ્યજન્ય દેહનિરપેક્ષતાને,**
**નમન કરું છું સાધના કાળમાં સતત આત્મલીનતા, આત્મરમણતાને,**
**નમન કરું છું પરાર્થ કાળમાં વીતરાગતા સહચરિત કરુણાને...**
**નમન કરું છું શૈલેશી અવસ્થામાં નિષ્પ્રકંપતા સહચરિત નિઃસંગતાને...**

આ તો માત્ર સામાન્ય દિગ્દર્શન થયું...પરમાત્માના જીવનના પ્રત્યેક પ્રસંગ, પ્રત્યેક ઘટના, પ્રત્યેક અવસ્થા, અરે, પ્રત્યેક ક્ષણ અનંત વિશિષ્ટતાઓથી રસાયેલી હોય છે જેને જાણ્યા પછી હૃદય રોમાંચથી નાચી ન ઉઠે તો જ નવાઇ...હૈયું ઝૂકી ન જાય તો જ નવાઇ...આવા નમસ્કારની, નમસ્કારના સામર્થ્યની અનુભૂતિ કર્યા પછી જ ડંકાની ચોટ પર જાહેર કરું છું કે જે પુણ્યાત્મા તમને સદા કાળ માટે ભક્તિથી નમસ્કાર કરે છે, હૃદયની ભક્તિથી ઉગેલા સ્તોત્રો વડે, સ્તુતિઓ, સ્તવનો, કાવ્યો, ગીતો, પ્રાર્થનાઓ વડે આપની સ્તવના કરે છે, તારી ભક્તિના સંવેદનોમાં સતત ઝીલ્યા કરે છે, ભોગની ઉત્કૃષ્ટ સામગ્રીઓનું તારા ચરણે સમર્પણ કરે છે, વિશ્વના સર્વોત્કૃષ્ટ કાવ્યરુપ પુષ્પો અને તેની માળાઓથી તારી પૂજા કરે છે તેઓ ધન્યાતિધન્ય બની જાય છે, અનંતસુખની ચાવી તેઓ કબજે કરે છે, સાક્ષાત્ ચિંતામણી રત્ન

તેમના હાથમાં આવી જાય છે અને કલ્પવૃક્ષની તેમના ઘરના આંગણામાં પાવન પધરામણી થાય છે. વિશ્વના તમામ ભોગ પદાર્થો અને સુખની સામગ્રીઓ તેમના કબજામાં આવી જાય છે, અરે દેવો અને દેવેન્દ્રો પણ તેમના દાસ બની જાય છે, કુદરત પણ તેમની સેવા કરવા લાગે છે કારણ કે જે તારો દાસ બને છે તેનું આખું વિશ્વ દાસ બની જાય છે. તારી ભક્તિ, તારી પૂજા, તારી ઉપાસના એ મુક્તિની અને મુક્તિ પૂર્વેના તમામ સુખોની દૂતી છે.

કલ્પવૃક્ષ કે ચિંતામણિ રત્ન જેના હાથમાં આવે તેની મનઃસ્થિતિ નિઃસ્પૃહ અને નિશ્ચિંત બની જાય છે. નવું કશું મેળવવાની ઇચ્છા નહીં, અને જૂનું મળેલું સાચવવાની ચિંતા નહીં, તેમ કૃતકૃત્ય હે ભગવંત !! તમારી ભક્તિની મસ્તી માણ્યા પછી જગતનું કશું મેળવવાની ઇચ્છા કે મળેલું કશું સાચવવાની ચિંતા ઊભી રહેતી જ નથી. તારી ભક્તિમાં જ અપૂર્વ મસ્તી, નિજાનંદ, તમામ ભય અને વળગણો છૂટી જતાં આવી જતી તાજગી, અનોખા કેફનો અનુભવ થાય છે...આનંદ આડેના તમામ આવરણો છૂટી જતાં ઉત્કૃષ્ટતમ આનંદની અનુભૂતિ થાય છે...કદાચ તેથી જ મહાપુરુષોએ ગાયું હશે...

**'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી**
**જેહશું સબલ પ્રતિબંધ લાગો...'**
**તો અર્વાચીન ગીતમાં પણ ગવાયું છે ને...**
**'મુક્તિ મળે કે ના મળે, મારે ભક્તિ તમારે કરવી છે...'**
**પ્રભુ આવી ભક્તિનું વરદાન મને પણ આપો ને...**
**મુક્તિ ન આપો ત્યાં સુધી ભક્તિ તો આપી શકો ને...!**

# ૩૦

निमील्य नेत्रे मनसः स्थिरत्वं विधाय यावज्जिन ! चिन्तयामि ।
त्वमेव तावन्न परोऽस्ति देवो निःशेषकर्मक्षयहेतुरत्र ॥

**હે નાથ ! નેત્રો મીંચીને ચલચિત્તની સ્થિરતા કરી,**
**એકાંતમાં બેસી કરીને ધ્યાનમુદ્રાને ધરી,**
**મુજ સર્વકર્મવિનાશકારણ ચિંતવું જે જે સમે,**
**તે તે સમે તુજ મૂર્તિ મનહર, માહરે ચિત્તે રમે...૩૦**

એક ભક્ત એક પરમ નિઃસ્પૃહ, પરમ જ્ઞાની અને પરમ ભક્ત એવા સંતની સેવામાં રોજ આવતો...રોજ સેવા કરે, બે ઘડી ધર્મની ચર્ચા કરે, ક્યારેક મનની મૂંઝવણ હોય તો એનો ઉભરો ઠાલવી હૃદય હળવું કરે કે માર્ગદર્શન લઇ જાય, છેવટે હાથ જોડી રવાના થઇ જાય...ઘણા સમય સુધી આ ક્રમ ચાલ્યો. એકવાર ભક્તના કાને એવી વાત આવી કે સંત પાસે તો પારસમણિ છે અને એને લાગ્યું કે એની તમામ મુસીબતોનો અંત એમાં જ છે. જો આ પારસમણિ મળી જાય, તેનાથી ઢગલાબંધ સોનું બનાવી દેવામાં આવે તો બધી મુશ્કેલીઓ દૂર થઇ જાય અને પોતે વિશ્વનો સૌથી સુખી માનવી બની જાય...

સંત પાસે આવવાનો એનો રોજનો ક્રમ ચાલુ રહ્યો પણ હવે અભિગમ બદલાઇ ગયો. અત્યાર સુધી માત્ર સેવા માટે, બે ઘડીની મનની શાંતિ માટે આવતો હતો અને એ શાંતિ મળતી પણ હતી, પરંતુ હવે સ્વાર્થ માટે આવવાનું થયું. તેથી બમ્બૈયા ભાષામાં કહીએ તો 'મસ્કાપાલીશ' ચાલુ થયા. સંતને મન તો કાંઇ ફરક નહોતો પડ્યો તેથી તેમનો તો રોજિંદો ક્રમ ચાલુ જ હતો, પરંતુ ભક્તની બેચેની વધવા માંડી, આટલી પ્રશંસા કરવા છતાં સંત રીઝ્યા હોય એવું દેખાતું નહોતું, બીજી બાજુ, મનગમતી વાત કરવાનું એકાંત પણ મળતું નહોતું, સતત લોકોની આવન જાવન પૂર્વવત્ ચાલુ હતી, રોજ આવે ને અકળામણ વધારીને જાય...છેવટે એક દિવસ યેન કેન પ્રકારેણ થોડું એકાંત મેળવી લીધું અને હિંમત કરીને સંતને

કહી દીધું, 'બાપજી ! થોડું કામ હતું ! સંતે તો ખૂબ સરળતાથી કહ્યું-'બોલ ને ભાઇ !! શું કામ છે !!' અને ભક્તે ખચકાતાં, પણ તક છૂટી ન જાય તે ગણતરીથી ઝડપથી કહી દીધું 'બાપજી ! સાંભળ્યું છે કે આપની પાસે પારસમણિ છે ! જો હોય તો... !' અને સંત તે વાત સાંભળીને મુક્તમને ખડખડાટ હસી પડ્યા...'અરે ભઇલા ! આટલી જ વાત હતી ! જો પારસમણિ જોઇએ છેને ! જા, સામેના ઝાડની બખોલમાં એક ડબ્બી હશે. તેમાં પડ્યો હશે, લઇ લેને મારા ભાઇ ! આમ પણ મારે તો એ કશા કામનો નથી...તને કામ આવતો હોય તો તારું કલ્યાણ થાઓ...' જ્યાં સંતે આ શબ્દો પૂરા કર્યા કે ભક્તે ઉભા થઇને રીતસરની દોટ જ મૂકી. ક્યાંક સંતનો વિચાર બદલાય તે પૂર્વે જ પોતાનું કામ કરી લેવાની ગણતરીએ ગણતરીબાજ બની તે વૃક્ષની બખોલ પાસે પહોંચી ગયો. હાથ અંદર નાખતા જ ડબ્બી હાથમાં આવી. અંદરથી ચિંથરે વીંટાળેલ મણિ બહાર કાઢી, 'હાથ ચડ્યું તે શસ્ત્ર'ના ન્યાય મુજબ તે ડબ્બીને જ મણિ અડાડ્યો. ડબ્બી સોનાની બની જતાં તે હરખઘેલો બની ગયો. સુખના ગંજાવર સ્વપ્નાઓ જોતો જોતો તે ઘર તરફ ચાલ્યો. અચાનક રસ્તામાં ઠેસ વાગી હોય તેમ વિચારની, વિવેકની ઠેસ વાગતા ઉભો રહ્યો 'ભરતને મારવા દોડતા બાહુબલી ઊભા રહ્યા હતા તેમ', અને વિચારે છે 'પારસમણિ જેવી અતિ પ્રભાવશાળી અને કિંમતી ચીજ જે સહજતાથી સંતે મને આપી દીધી, આપ્યા પછી પણ એમની પ્રસન્નતા જે રીતે અકબંધ જ હતી તે જોતાં આ પારસમણિ કરતાં પણ કંઇક ગણી ચડિયાતી ચીજ એમની પાસે હોવી જોઇએ. તો તો પછી હું છેતરાયો. મારે નબળું શા માટે સ્વીકારવું ? સંત પાસે જે અદ્‌ભૂત પ્રસન્નતા છે તેવી પ્રસન્નતા જેના કારણે મળતી હોય તે જ ચીજ મારે કેમ ન મેળવવી ? જોઇએ છે તો સંત જેવી જ પ્રસન્નતા... મેળવીશ તો એ જ, બીજું કશું નહીં !' અને ભક્તે U-Turn લીધો.

ફરી દોટ મૂકી પરંતુ આ વખતની દોટમાં સાચી સમજણનો, સાચા માર્ગ તરફ પાછા કરવાનો ઉત્સાહ છલકતો હતો...શ્વાસથી ઉછળતી છાતીએ સંતના પગમાં પડી હાંફભર્યા અવાજે તે બોલ્યો 'ગુરુદેવ ! માફ કરો. આટલા લાંબા સમય સુધી તમારા પડખા સેવ્યા પછી જે બુદ્ધિ વહેલી આવવી જોઇએ તે થોડી મોડી આવી, થોડુંક છેતરાયા પછી આવી. પરંતુ તમારા સંગના રંગે મને બચાવી લીધો. લઇ લો આ પારસમણિ. જેને તમે છોડ્યો તેને મારે કેમ પકડવો ! જેને ત્યાગીને જ તમે આવી અદ્‌ભૂત પ્રસન્નતા મેળવી શક્યા છો એને પકડીને મારે ક્યાં નવા ખોટા ચક્કર ઊભા કરવા ! મારે તો તમારી પાસે એનાથી વધુ કિંમતી જે છે તે જ જોઇએ...'

વાત સાંભળી સંત ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા-'આ તો પારસમણિ છે,

મારી પાસે અખંડ રસમણિ છે અને તે છે પરમાત્મભક્તિ...આ અખંડ રસમણિ એવો છે કે તેમાંથી આનંદનો, પ્રસન્નતાનો રસ ઝર્યા જ કરે...તારે જોઇએ તો તે આપું...' અને તે ભક્ત પ્રભુભક્તિની શિક્ષા લઇ જીવન અખંડ આનંદમય બનાવી તરી ગયો...

મારા જીવનનું પણ આનંદનું ઉદ્‌ગમસ્થાન, કલ્યાણની કેડી, મુક્તિનું મૂળ અને સિદ્ધિનો સ્રોત વિચારું છું...તે માટે આંખો મીંચી મનને સ્થિર કરી એકાંત સ્થાનમાં બેસીને ખોજ કરું છું ત્યારે હે સિદ્ધિ પ્રદાતા !! તમે જ નજર સામે આવો છો.

એક આડવાત લઇ લઉં, ઉનાળાની બળબળતી બપોરે ઉઘરાણી માટે કોઇ માણસ નીકળ્યો હોય, નીકળતા કાળચોઘડિયું હોય અથવા તો નસીબમાં કાળ બેઠેલો હોય-તેના કારણે બધેથી જાકારો, ઠાલા વચનો અને બહાનાબાજી સિવાય કાંઇ ન મળે, ત્યારે ઝાડવાની શીતળ છાયા અને પવાલાભર પાણી જ એના પેટને ઠારે છે, એના અસ્તિત્વને શાતા આપે છે, રઝળપાટ છોડી ઝાડની છાયામાં જ રહી પડવાનું મન થાય છે કારણ કે કાળઝાળ તાપના સંતાપ વચ્ચે સુખનો આલાપ એ જ છેડી શકે છે, તેમ સંસારની સુખની રઝળપાટમાં ઘણું બળ્યાઝળ્યા પછી, અનેક દેવો, દેવીઓ, મહાદેવો અને બળદેવોની દુનિયામાંથી ય 'નામ બડે ઔર દર્શન ખોટે' નો અનુભવ કર્યા પછી જીવને શાતાનો અનુભવ તમારા સાંનિધ્યમાં જ થાય છે. તમારી પ્રકૃતિ જ એવી છે કે બધેથી હતાશ નિરાશ થઇને આવેલાને પણ પરમ સંતોષની અનુભૂતિ તમારા અસ્તિત્વના સંપર્કમાત્રથી જ થાય છે.

અનંતકાળથી અજ્ઞાનના અને મોહના ઘેરા અંધારામાં અથડાતા જીવોને તમે સાચી સમજણનો, સત્ય તત્ત્વનો **પ્રકાશ** આપ્યો, મિથ્યાત્વના અવળા રવાડે ચડેલા જીવોને પ્રકાશ મળવા છતાં પણ તેનો સત્કાર કરતાં નહોતું આવડતું ત્યારે આત્મકલ્યાણનો સાચો **પંથ** તમે જ આપ્યો. એટલું જ નહીં, વિષયાસક્તિની ઘેરી નિદ્રામાં પોઢેલા જીવોને એ પંથ પર ચાલવાની **પ્રેરણા** તમે જ આપી, આત્મકલ્યાણના પંથ પર આગળ વધવા માટે જોઇતું **પુણ્ય**, વચ્ચે મળી જતા ભોમિયાઓને ઓળખવાની અને વળગી રહેવાની **પાત્રતા,** ક્યારેક સાથ છૂટે અને હામ ખૂટે ત્યારે ય માર્ગ પર ટકી રહેવાનું સદ્‌બુદ્ધિનું **પાથેય** (ભાથું) તમે જ આપ્યું, પ્રમાદથી પડ્યા રહેવાની ટેવવાળા જીવને આગળ વધવાનો **પુરુષાર્થ** કરવાનું બળ, વચ્ચે આવતા વિઘ્નો સામે લડવા માટે **પરાક્રમ,** બધા જ શસ્ત્રો ખૂટી પડે ત્યારે **પ્રસાદ** (કૃપા)નું પીઠબળ તમે જ આપ્યું, સદ્‌નિમિત્તોની **પરંપરા** આપી તો સદ્‌ગુણોને **પોષણ** આપનારી સાધના પણ આપી...આત્મકલ્યાણનું A to Z તમારી પાસેથી મળ્યું, એ પણ કોઇ

પણ જાતના કમિશન, કટકીની અપેક્ષા રાખ્યા વગર...હવે તમે જ કહો-મારા કલ્યાણની કેડી તરીકે કોણ નજર સામે આવે ?

**'ઇતની ભૂમિ પ્રભુ તું હી આણ્યો, પરિ પરિ બહુત ચઢાવત મામ'** આજે હું જે કાંઇ પણ છું તે તારી જ કૃપાનું પરિણામ છે, હતો નિગોદના ઘોરાંધકાર કારાવાસમાં, ત્યાંથી ચડાવી ચડાવી કર્મસત્તાની મીઠી નજર મેળવી આપી, મોહચોરટાની નજર ચૂકવી છેક અહીં સુધી, ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય ભવ, આર્યદેશ, ઉત્તમ કુળ, જિનશાસનની પ્રાપ્તિ સુધી પહોંચાડ્યો-અનેકવારના અપરાધ પછી પણ મારા પરની કૃપા અવિરત અખંડ રાખી સુખી કરવાના પ્રયાસો ચાલુ રાખ્યા તે ખરેખર મને અકલ્પનીય અને આશ્ચર્યકારી લાગે છે. ક્યા સંબંધથી, ક્યા સ્વાર્થથી, કઇ શક્તિની સાપેક્ષતાથી આ બધું કરાયું ? શું સંપૂર્ણપણે નિરપેક્ષ આટલો બધો પરોપકાર કોઇ કરી શકે ! જ્યારે આ બધું વિચારું છું ત્યારે મારા સમગ્ર અસ્તિત્વનો કબજો તમારી મૂર્તિ લઇ લે છે, તમારી પ્રતિમા લઇ લે છે અને એથી જ રોમ રોમમાંથી એક જ નાદ ઉઠે છે-

**ભવોભવ તમારા ચરણોની સેવા, હું તો માંગું છું દેવાધિદેવા...**

તમારું દર્શન, તમારું સ્પર્શન, તમારું સ્મરણ એ જ મારું જીવન...ભક્ત કવિ સુરદાસે એટલે જ એક જગ્યાએ માંગ્યું છે...**'લોચન રોમ રોમ પ્રતિ માંગો'** બે નહીં, સાડા ત્રણ કરોડ આંખ મળે અને એ પણ અનિમિષ, પલકારો ન મારે તેવી...જેથી હું તારા રુપને ઘુંટ ઘુંટ કરીને પીધા જ કરું, પીધા જ કરું...**'સમય સમય સો વાર સંભારું, તુજશું લગની જોર રે...'** પ્રત્યેક ક્ષણે મારું મન સતત તમને સ્મર્યા જ કરે છે અને પરમ સુખની અનુભૂતિ કર્યા કરે છે...

**અનાથ કૌન હૈ યહાં, ત્રિલોકનાથ સાથ હૈ,**
**દયાલુ દિનબંધુ કે, બડે વિશાલ હાથ હૈ,...'**

હા, નિશ્ચિંતતા અને નિર્ભયતાની આ અનુભૂતિ રક્તના કણ કણમાં છવાઇ જાય છે. સનાથતા અને સભરતાનો આનંદ જીવનને જીવી જાણવાનું બળ બક્ષે છે, આત્મામાં એક ઊંડી શ્રદ્ધા પેદા થાય છે કે

**'જિતને તારે ગગનમેં, ઇતને શત્રુ જો હોય,**
**કૃપા ભઇ રઘુવીર કી, બાલ ન બાંકો હોય...'**

દેવાધિદેવ !! આ આનંદ અનંતકાળ જીવંત રહે, એજ કૃપા તારે કરવાની છે...અને **કલ્પવૃક્ષ-ચિંતામણિ તો માંગેલુ આપ્યા વિના ન જ રહે ને !!!**

# ૩૧

भक्त्या स्तुता अपि परे परया परेभ्यो,
मुक्तिं जिनेन्द्र ददते न कथञ्चनापि ।
सिक्ताः सुधारसघटैरपि निम्बवृक्षा,
विश्राणयन्ति नहि चूतफलं कदाचित् ॥

**ઉત્કૃષ્ટ ભક્તિથી પ્રભો ! મેં અન્ય દેવોને સ્તવ્યા,**
**પણ કોઇ રીતે મુક્તિસુખને આપનારા નવ થયા,**
**અમૃત ભરેલા કુંભથી છો ને સદાયે સિંચીયે,**
**આંબા તણા મીઠા ફળો પણ લિંબડા ક્યાંથી દિયે...૩૧**

બાલવાર્તાઓમાં એક સરસ મજાની વાર્તા આવતી હતી...એક માણસ જન્મ દુઃખિયારો, જીવનમાં કદાપિ સુખનો અંશ પણ પામેલો નહીં, અભાવ, અભાવ ને અભાવમય જિંદગી જ ચાલ્યા કરે. ત્રણ સાંધે ત્યાં તેર તૂટે તેવી હાલત. એકવાર આવી પરિસ્થિતિથી ગળે આવી જઇ જંગલ તરફ પ્રયાણ કર્યું. કોઇક યોગી બાવા મળી જાય તો કામ થઇ જાય એ ગણતરીએ જંગલમાં આવી ઠેર ઠેર ભટકવાનું શરુ થયું. નસીબ કાંઇક સારું તે દિવસોની રઝળપાટ પછી અને કેટલાય ધુતારાઓના પનારે પડ્યા પછી છેવટે એક સિદ્ધયોગીનો ભેટો થયો. તે દુઃખીની રામકહાણી સાંભળી કરુણાથી દ્રવિત થઇ તે યોગીએ એક શંખ આપ્યો, સાધનાની વિધિ બતાવી અને કહ્યું 'જેટલું જોઇએ તેટલું ધન અમુક વિધિ કરીને શંખ પાસેથી માંગજે, મળી જશે.' દુઃખિયારો તો આનંદના આવેશમાં નાચવા જ માંડ્યો અને કૃતજ્ઞતાના આંસુથી યોગીના પગ પખાળી દીધા.

ખૂબ જ કાળજીપૂર્વક શંખને સાચવીને તે નગર ભણી ચાલ્યો. પોતાના ભૂખડી બારસ ઘરમાં જવાની તો ઇચ્છા જ ન થઇ, હવે સંપત્તિનો પ્રશ્ન ન હતો તેથી એક ગણિકાના ઘરે આનંદ પ્રમોદની ગણતરીથી રોકાયો...મોં માંગ્યું ધન આપીને

સુખના લહાવા લૂંટે છે પરંતુ કોઇપણ પ્રકારના વેપાર-વણજ વગર કે કોઇ પણ ધનના સંચય વિના તેને ધન લૂંટાવતો જોઇ ગણિકાને શંકા પડી, ચૂપકીદીથી તેની દિનચર્યા જોઇ અને બધી લીલાલહેર શંખના પ્રભાવે છે તે ખબર પડતાં જ એકવાર કપટથી શંખ પડાવી લઇ તેને ઘર બહાર કાઢી મૂક્યો. દુઃખી દુઃખી થઇને તે જંગલ ભણી ચાલ્યો. ફરીથી એ યોગીને શોધી કાઢ્યા અને પોતાની વ્યથાકથા કહી સંભળાવી. યોગીએ કહ્યું-'ચિંતા ન કર, પણ હોંશિયારીથી કામ લેજે. દુનિયાના ભોગના ચાળા જ એવા હોય છે કે પદાર્થથી અને પુણ્યથી તમને ખાલી જ કરી દે. હવેથી આવી ધંધાદારી સ્ત્રીઓના પનારે ના પડતો. નારી નરકની દીવડી અમસ્તું નથી કહ્યું. લે આ બીજો શંખ લઇ જા. તેની વિધિવત્ આરાધના કરીને જે માંગીશ તેનાથી બે ગણું આપવાની વાત કરશે. પેલી સ્ત્રી એનાથી ભોળવાઇને જૂનો શંખ મૂકી આ લઇ જશે. મૂળ શંખ હાથમાં આવે કે તરત પોબારા ગણી જજે.' પેલો દુઃખિયારો તો આ યોજના સાંભળી તથા તેનું મુખ્ય હથિયાર આ શંખ મેળવીને રાજીનો રેડ થઇ ગયો.

ફરી પેલી ગણિકાને ઘેર ઉધાર ૧,૦૦૦ સોનામહોર લાવી રહ્યો. એકી ધડાકે ૫૦૦ સોનામહોર આપતા 'સોનાની મુરઘી ફરી હાથમાં આવી' કે ફરી 'બોકડો હલાલ થવા આવ્યો છે' એમ માની ગણિકાએ હાવભાવ અને નયનબાણોના કટાક્ષ ફેંકતા આવકાર આપ્યો. ૨ દિવસ રહી તેણે સાધના માટે એકાંત માંગ્યું કે તરત જ પૂર્વવત્ ગણિકાએ ચોરી છૂપી બધું જોઇ, પૂર્વધારણા મુજબ શંખ બદલી નાખ્યો. શંખ બદલાતા જ બહાનું કાઢી ચાલતી પકડી અને ગણિકા પણ લોભની મારી તરત જ ખૂણામાં બેસી સાધના કરી શંખ પાસે માંગણી મૂકે છે 'એક લાખ સોનામહોર આપો.' તરત જ અંદરથી જવાબ આવ્યો 'એક શા માટે, બે લાખ લઇ જાને..' ગણિકાને તો જાણે સ્વર્ગ નીચે ઉતરતું હોય તેમ લાગ્યું. તરત બોલી, 'સારું, તો લાવો બે લાખ' 'અરે, બે લાખ શા માટે, ચાર લાખ લઇ જાજે' આમ વાત આગળ વધતાં વધતાં કરોડ સુધી પહોંચી. છેવટે ગણિકા અકળાઇને બોલી, 'ક્યારના વાતો કરો છો, આપતા તો નથી...' ત્યારે શંખમાંથી જવાબ આવ્યો. 'અહં લપોડશંખો અસ્મિ, વદામિ કિન્તુ ન દદામિ. હું લપોડશંખ છું. માત્ર બોલવામાં શૂરો, કામકાજે નગુરો. હું આપતો નથી. માત્ર બોલું છું.' અને વેશ્યાનું હૃદય એક ધબકારો ચૂકી ગયું.

હે વિશ્વોત્કૃષ્ટ દેવાધિદેવ !! અનંતકાલીન સંસારની રઝળપાટમાં તમે તો બહુ મોડા મળ્યા, પરંતુ તે પૂર્વે તો અનેક દેવ-દેવીઓના સંપર્કમાં આવવાનું થયેલું. નામ મોટા, ભપકો મોટો, અનુયાયી વર્ગની ઘેલછા મોટી અને સિદ્ધિઓની વાતો ય મોટી, હું ય કુલપરંપરાથી કે મિત્રોના ખેંચાણથી કે આડંબરથી આકર્ષાઇને ત્યાં

પહોંચેલો. વાતાવરણ તો એવું હોય કે ભલભલા ઝૂકી જ જાય...વળી ધંધાદારી મહંતો, પૂજારીઓ, ભુવાઓ અને બાવાઓની ફોજ ખડી જ હોય, બકરો દેખાય કે સીધો ખેંચી જ લેવો. બડી બડી સિદ્ધિઓ અને સ્વર્ગના સુખોની લાલચ આપી આંખે વિષયરાગના પાટા પહેરાવી દેવામાં આવ્યા અને જીવનમાં ચાલ્યો મહામિથ્યાત્વનો મોટો ખેલ. એ દેવી-દેવતાઓને રિઝવવા મેં કેટલા ય દાનો આપ્યા, કથા કરાવી, યજ્ઞો કરાવ્યા, બલિદાનો આપ્યા, બાધા-આખડીઓ રાખી, માનતા માની, તપ-જપ કર્યા, બ્રાહ્મણ-જતિ આદિને જમાડ્યા...અરે પથ્થર એટલા દેવ પૂજ્યા, દિવસરાત એ દેવોનું સ્મરણ કર્યું. કોઇક ભવમાં ખુદ સંસાર છોડીને સાધુ-બાવા બની ઘર-ઘર ભિક્ષા માટે ભટક્યો. લોકોના તિરસ્કાર-અપમાન-ઉપેક્ષા સહન કર્યા. લાંબી લાંબી પદયાત્રાઓ ખુલ્લા પગે કરી. પથ્થર વાગ્યા, કાંટા વાગ્યા, ચામડીઓ ચિરાઇ ગઇ છતાં પણ દેવભક્તિમાં બધું હસતા મોઢે સહન કર્યું. કોઇક ભવમાં પંચાગ્નિ આદિ તપો કરી ઘોર આતાપનાઓ લીધી. કોઇક ભવમાં કાંટા પર શય્યા કરી તો ખડેશ્વરી બાબા બની વર્ષો સુધી એક પગ, એક અંગુઠા પર ઊભા રહી માત્ર તેમનું ધ્યાન ધર્યું. ક્યારેક જટાધારી બની લાંબી લાંબી જટાઓના ભાર અને તેમાં થતી જૂ-લીખના ત્રાસ સહન કર્યા, ક્યારેક લાંબી-અંધારી-જીવાતભરપૂર ગુફાઓમાં મહિનાઓ સુધી ભૂખ્યા તરસ્યા ધ્યાન ધરીને સમાધિમાં જીવન પસાર કર્યા, ક્યારેક હઠયોગની ઘોર-અઘોર ક્રિયાઓ દિવસો સુધી કરે રાખી...વધુ તો શું લખું ? તે દેવી-દેવતાની પ્રસન્નતા મેળવવા નારકીના પરમાધામી જેવા અત્યાચારો મેં મારા જ હાથે મારી જાત પર વરસાવે રાખ્યા.

નિઃસ્પૃહશિરોમણિ હે દેવાધિદેવ !! તમારી ભક્તિમાં મને કંટાળો આવે છે જ્યારે ભૂતકાળમાં તે દેવી-દેવતાની ભક્તિમાં મારું તન-મન-ધન-જીવન સોંપવામાં કશું બાકી રાખ્યું નહોતું. વહેલી સવારથી ઉઠી ઠાકોરજી-લલ્લાજી આદિને જગાડવા, આરતી કરવી, નવડાવવા, શણગાર કરવો, ભોગ ધરાવવો, પ્રસાદ તૈયાર કરવો, વહેંચવો, બપોરના ભોગની તૈયારી, ભોગ ધરવો, આરતી કરવી, પોઢાડવા, જગાડવા...સવારથી સાંજ સુધી આ ક્રમ ચાલ્યા જ કરે, પ્રત્યેક આરતી, સ્તુતિ, ગીતો, હાલરડાઓ મોઢે કરવા, ગાવા, નવા નવા બનાવવા...મારી તમામ શક્તિ, કળા અને રસ મેં તેમાં નિચોવી નાખેલા. ક્યારેક નવા મંદિરો બંધાવવામાં, તેની સંભાળ માટે જમીન જાયદાદ આપવામાં, બંધાયેલા મંદિરોની મૂર્તિના સાચા સોના-ચાંદી-હીરા-મોતીના અલંકારો બનાવવામાં મેં મારું બધું ફનાફાતિયા કરી નાંખ્યું તો ક્યારેક તે દેવી-દેવતાના પખાલ માટે છેક ગંગા અને અન્ય પવિત્ર નદીઓના

પાણી મંગાવવામાં, ક્યારેક કાવડિયો બની ઉંચકવામાં તમામ શક્તિ અને જિંદગી ખર્ચી નાખી...ક્યારેક તે મંદિરો પર આવેલ આક્રમણોનો સામનો કરવામાં મારું જીવન, મારા પ્રાણ મેં ધરી દીધા...આમ તો આ રામકહાણીનો અંત આવે તેમ નથી, તેટલા પ્રકારે મેં તે દેવી-દેવતાની ભક્તિ કરી છે. તે ય તેમની અવસ્થા-રુપ-દોષ વગેરે કશું ય જોયા વગર. આંખો મીંચીને એમનામાં સર્વગુણસંપન્નતા સ્વીકારીને અંધશ્રદ્ધા રાખીને મારી વાત મેં સોંપી દીધી, પરંતુ છેવટે હાથમાં શું આવ્યું ! મિથ્યાત્વના સંસ્કાર, કર્મોના ગંજાવર ખડકલા, અનંતકાળ ભવભ્રમણ, જે તેમના ચરણે ધર્યું તે શક્તિ-સંપત્તિ-સામગ્રી-સમજણ-શ્રદ્ધાનો અનંતકાળ માટે વિયોગ અને નિગોદ-નરક જેવી ભયંકર દુર્ગતિઓ...

**મેં ધર્યું અમૃત, મને બદલામાં મળ્યું હળાહળ ઝેર,**
**મેં ધર્યો પ્રકાશ, મને બદલામાં મળ્યો અનંતકાલીન અંધકાર,**
**મેં ધર્યું જીવન, મને બદલામાં મળી ભાવપ્રાણોની ઘોર કતલ...**

મારા પ્રાણાધાર, જીવનાધાર, આત્માધાર !! કમનસીબી તો એ થઇ કે અનંતીવાર માર ખાધો ત્યાં સુધી તો બુદ્ધિ ઠેકાણે જ ન આવી પરંતુ હવે તો મારી સાન ઠેકાણે આવી છે. હવે એટલો ખ્યાલ આવી ગયો છે કે અમૃતના કુંડના કુંડ ઠાલવીએ તો પણ લીંબડાના વૃક્ષ પરથી આંબાના ફળો મળવાની સંભાવના નથી તેમ મારી શ્રદ્ધા અને ભાવનાના પ્રવાહમાં ગમે તેટલી ભરતી આણું તો પણ મારા આત્માની મુક્તિ કરાવવાની તાકાત તેમનામાં નથી જ નથી કારણ કે સ્વયં મલિનતાની ગર્તામાં ડૂબેલા મારા આત્માને નિર્મળ કેમ બનાવી શકે ?

હે દેવાધિદેવ ! બીજી મુશ્કેલી એ થઇ છે કે બાવળિયા પર ભક્તિ ભાવનારુપી અમૃતના કુંડ ઠાલવી દીધા પછી કલ્પવૃક્ષ માટે કશું જાણે બાકી રહ્યું જ નથી. કલ્પવૃક્ષ અને ચિંતામણિથી અધિક તમે મળ્યા પછી પણ મારું મન તમારામાં હજી જોઇએ એવું ઠરતું નથી, જામતું નથી, અને એકલીન બનતું નથી...પ્રભુ ! ભક્તિની એ શ્રેષ્ઠતમ અનુભૂતિ મારા જીવનનો ભાગ બને એ દાન મને આપો ને...અમૃતના ઝરામાં નહાવાથી અમર થઇ જવાય તેમ પ્રભુ તમારી ભક્તિમાં મસ્ત બનવાથી હું સ્વયં પણ પરમાત્મપદને પામી જ જઉં....

**અમૃતના ઝરા છો,**
**કરુણાના સાગર છો,**
**ઉદારતાના ભંડાર છો તો**
**મારી આટલી નાનકડી ઇચ્છા પૂરી કરશો ને !**

# ૩૨

भवजलनदिमध्यान्नाथ निस्तार्य कार्यः,
शिवनगरकुटुम्बी निर्गुणोऽपि त्वयाऽहम् ।
नहि गुणमगुणं वा संश्रितानां महान्तो,
निरुपमकरुणार्द्राः सर्वथा चिन्तयन्ति ॥३२॥

**ભવજલધિમાંથી હે પ્રભો ! કરુણા કરીને તારજો,**
**ને નિર્ગુણીને શિવનગરના શુભસદનમાં ધારજો,**
**આ ગુણી ને આ નિર્ગુણી, એમ ભેદ મોટા નવ કરે,**
**શશી સૂર્ય મેઘ પરે દયાલુ, સર્વના દુઃખો હરે...૩૨**

બાપ-દીકરો સાથે જમવા બેઠા. તહેવાર હોવાથી આજે ભોજનમાં લાડુનું જમણ હતું. ક્ષમતા પ્રમાણે બાપના ભાણામાં આખો લાડવો મૂકાયો અને દીકરાની થાળીમાં અડધો...આ જોઇને દીકરાની કમાન છટકી, જીદ માંડી, 'મને આખો લાડવો આપો' બાજુમાં બેઠેલા પપ્પા સમજાવે છે 'બેટા ! તું નાનો છે. આખો ન ખવાય. આટલો ખાઇ લે, પછી ભૂખ હશે તો બીજો આપશું. આપવાની ક્યાં ના છે ?' પરંતુ T.V. કલ્ચરમાં જન્મેલો પપ્પુ પપ્પાનું એમ થોડી માની લે ? 'જીદ કરવી એ અમારો જન્મસિદ્ધ હક છે' એવું માની બેઠેલી આ પેઢી 'અમે તો ઘરને માથે લઇને જ રહેશું' ના નાદ ગજાવવા માંડી. પહેલા દલીલ, પછી રકઝક અને છેલ્લે અમોઘ શસ્ત્ર આપ્યું ભેંકડો. જોરજોરથી રડવાનું શરું થયું એટલે રસોડામાંથી મમ્મી બહાર આવી. 'બોલ બેટા ! શું થયું ?' પ્રેમથી પાલવથી આંસુ લૂંછાયા એટલે વગર આંસુએ હિબકે ચડેલો પપ્પુ બોલ્યો 'મને આખો લાડવો જોઇએ છે...' 'અરે ! બેટા ! આખો જોઇએ છે ને ! લે' કહીને મમ્મીએ એ જ લાડવો હાથમાં લીધો. પપ્પા કતરાતી આંખે જુએ છે પણ 'સબજ્યુડિશિયલ' મેટરમાં શું બોલાય ? એ જ અડધા લાડવાને ભાંગી, વાળી, આખી લાડુડી બનાવી મમ્મીએ ભાણામાં ધરી દીધો

'લે બેટા ! આખો લાડવો, તું નાનો છે એટલે નાનો લાડવો, પપ્પા મોટા છે એટલે મોટો લાડવો, બરાબર ને !!' અને પપ્પુ માથુ હકારમાં ધુણાવતો હોંશે હોંશે લાડવો ખાવા માંડ્યો...

જોયું ને વિશ્વજનેતા દેવાધિદેવ !! નાનો બાળકે'ય પંક્તિભેદ નથી ચલાવતો અને સમાન હકના નારા ગજાવવા માંડે છે તે અમે તો મોટા (!) માણસ ! અમે તો કેમ પંક્તિભેદ ચલાવીએ ? આજ સુધીમાં તમે કેટલાને મુક્તિ આપી ? અનંતાને...અને બધા કેવા ? મોટા માણસો.

૧) કોઇ પુણ્યથી મોટું હોય એટલે જ ચોથો આરો, પ્રથમ સંઘયણ, કેવળજ્ઞાની અને વિશિષ્ટ જ્ઞાનીઓનો સંગાથ આદિ મળ્યું હોય.

૨) કોઇ સાધનાથી મોટું હોય. માસક્ષમણના પારણે માસક્ષમણ, છઠ્ઠના પારણે છઠ્ઠ, ઉગ્ર સ્વાધ્યાય, ઘોર તપ, ભીષ્મ અભિગ્રહો, ઉત્કૃષ્ટ સંયમ આદિ વિશિષ્ટ સાધનાઓ દ્વારા કર્મ ખપાવ્યા હોય.

૩) કોઇ ગુણથી મોટું હોય. નમ્રતા (મૃગાવતી), સહનશીલતા (ચંડરુદ્રાચાર્યના શિષ્ય), ક્ષમાશીલતા (ખંધક ઋષિ), ગંભીરતા (મેતાર્યઋષિ) ગુણાનુરાગ (કુરગડુ મુનિ) ભાવના (ભરત ચક્રી) આદિ ગુણોની વિશિષ્ટ ઉંચાઇએ પહોંચ્યા હોય.

૪) કોઇ સમર્પણથી મોટું હોય. ચાહે તમારી ભક્તિ હોય કે ગુરુની ભક્તિ, તેની વિશિષ્ટ પાત્રતા ધરાવનારને (નાગકેતુ, ઇલાચીકુમાર, શ્રેણિક મહારાજા, સુલસા આદિની જેમ તમે મુક્તિમાં પહોંચાડ્યા છે.

આમ તમે તો મોટાને મોટો લાડવો આપ્યો, પણ અમે નાના બાળબુદ્ધી જીવો. અમારું શું ? જેમ બાળકને હિતાહિતનો વિવેક ન હોય, વિષ્ટા કાદવ-ચૂંથવા વધારે ગમે અને ઉપકારીઓનો અનાદર કરતા વાર ન લાગે તેમ અમને બાળબુદ્ધિ જીવોને કલ્યાણ-અકલ્યાણની ભેદરેખાનો ખ્યાલ ન આવવાથી અકલ્યાણની પ્રવૃત્તિઓમાં અને વૃત્તિઓમાં સતત ખૂંચતા રહીએ છીએ...ભોગની વિષ્ટા ચૂંથવી અમને વધારે ગમે છે માટે જ ભૂંડની જેમ સતત પાંચે ઇન્દ્રિયના વિષયોમાં જ આળોટ્યા કરીએ છીએ અને પરમાત્મન્ ! તમારો અનાદર કરીએ છીએ...અદ્દલ બાલપણાના લક્ષણો ધરાવતા અમને મોક્ષમાં આવવાનો અધિકાર જ નહીં ? મુક્તિના સુખ માણવાની સંભાવના જ નહીં ? વિભાવથી મુક્ત થવાની તક જ નહીં ?

જો આમ જ થાય તો અમારું શું ? ગુણ છે નહીં, ગુણ લાવવાનો પુરુષાર્થ કરવાની ક્ષમતા નથી, ગુણીજનો સાથે સંબંધ કેળવ્યો નથી, હવે અધૂરામાં પૂરું પરમગુણવાન એવા તમારી કૃપા પણ અમારા પર ન ઉતરે, તો ગુણવાન બનવાની

સંભાવના પર તો કાયમી ખંભાતી તાળું જ વાગી જાય ને !! તો પછી અમારો મોક્ષ જ ન થાય ને ! ના, પ્રભુ ના, આવો તો વિચાર પણ સહન થાય એમ નથી. 'સંસારમાં જ રહેવું પડે' એ વિચારથી તો પસીનો છૂટી જાય છે, કમકમા આવી જાય છે, ધ્રૂજી જવાય છે. સંસારમાં જ રહેવું એટલે સદાકાળ માટે સુખના નામે વિષયોની ભીખ માટે ભટક્યા કરવું, દુઃખી થવું અને છેવટે થોડા ઘણા વિષયોની ભીખ મળતા ગાંડાઘેલા બની જવું, કર્મસત્તાની તાબેદારી કરવી, આત્મત્વનું ઘોર અપમાન સહન કરવું, અને સૌથી ગંભીર વાત તો એ કે અનંતકાળ રહેવું એટલે મોટા ભાગે નિગોદ અને એકેન્દ્રિયની ગતિમાં જ રહેવું. જીવ છતાં જડતાની ભૂમિકાએ આવીને ઊભા રહેવું...ના દેવાધિદેવ ના, આ બધું તો કેમ સહન કરાય ?

બીજી બાજુ મુક્તિની એવી પાત્રતા હજી કેળવાઇ નથી અને કેમ કેળવવી તેની સૂઝ પડતી નથી. સામાન્ય પણ આકર્ષક તત્ત્વ મળે, આસક્તિ જાગી જ જાય છે. સહેજ પ્રશંસા થઇ, અહંકાર ઉત્પન્ન થઇ જ જાય છે. કંઇક પ્રતિકૂળતા આવી, આવેશમાં આવી જ જવાય છે. અહિતકર બાબતોનો પણ આગ્રહ છૂટતો જ નથી...નથી સાધનાના ઠેકાણા, નથી ભાવનાની વિશિષ્ટ ભૂમિકા. નથી પ્રમાદ છૂટતો, નથી પરિણતિનો વિકાસ થતો. નથી કષાયો મંદ થતા, નથી વિષયોની લાલસા મોળી પડતી...એકપણ ભૂમિકાએ મારું અસ્તિત્વ આશાસ્પદ નથી...પરંતુ એક વાતનો ખ્યાલ તો હશે જ, તરતા ન આવડતું હોય અને કોઇક રીતે દરિયામાં પડેલો હોય એ જીવ એમાંથી બહાર નીકળવાની જ તીવ્ર તમન્ના ધરાવતો હોય છે. ધંધો કરતા આવડતું ન હોય, નોકરી કરવા જેવી ક્ષમતા ન હોય એવો આત્મા પણ શ્રીમંત બનવાને જ ઇચ્છતો હોય છે, ગરીબીથી છૂટવાની જ તાલાવેલી ધરાવતો હોય છે તેમ ભલે બધી જ રીતે અધમ, અપાત્ર, અજ્ઞાન, અપુણ્ય, અપૂર્ણ હું હોઉં, છતાં ય મારી પાસે એક તાકાત છે. મારે આ સંસારથી તો છૂટવું જ છે, મારે મુક્તિનગરના નિવાસી તો બનવું જ છે અને આ તીવ્ર તમન્નાના સહારે જ તમારી નજીક આવ્યો છું.

મને યાદ આવે છે એક ઘટના. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એકવાર બ્રિટીશ સૈનિકનું વિમાન તૂટી પડતાં દુશ્મન દેશ જર્મનીમાં ઉતર્યો, જર્મન સૈનિકોના હાથે પકડાયો અને યુદ્ધકેદી તરીકે જેલમાં પૂરાયો. રોજે રોજ જર્મનોની આગેકૂચ અને બ્રિટીશરોની પીછેહટના સમાચાર તેને આપવામાં આવતા, બ્રિટીશરોના સૈન્ય, શસ્ત્ર આદિ ખુવારીના સમાચાર પણ તેને વધારી ચઢાવીને આપવામાં આવતા, છતાં તેના મોઢેથી એક જ વાત નીકળતી 'અંતિમ જીત તો અમારી જ છે.' તેને

પૂછાયું 'પણ શેના આધારે તું આ ભવિષ્ય ભાખે છે' ? અને તેણે ખુમારીથી કહ્યું 'તમે ભલે અમારા બધા શસ્ત્ર પડાવી લો, બધી મિલકત પડાવી લો, બધી જગ્યા પડાવી લો, છતાં ય અમારા સહુના દિલોદિમાગમાં તો એક શસ્ત્ર-કાતિલ શસ્ત્ર જીવતું જ રહેવાનું છે જે છે, તમારા પ્રત્યેનો તીવ્ર ધિક્કારભાવ. અમારા બચ્ચા-બચ્ચાના હૃદયમાં તમારા સહુ પ્રત્યે એવી નફરત પેદા થયેલી છે જેના કારણે તે બધા તમારું વેર વાળવા તૈયાર જ છે અને આ જ ભૂમિકા તમારી સામે લડવાનું ઝનુન આપશે, આ ઝનુન જ અમને વિજય અપાવશે.' દુશ્મન ઓફિસર મોં વકાસીને જોતો જ રહ્યો.

હે નિરુપમકરુણાર્દ્ર પરમાત્મન્ ! મારી પાસે પણ અત્યારે આ તાકાત આંશિકપણે આવી ગઇ છે. મારે પણ સંસારમાં નથી જ રહેવું. હવે આ સંસાર મને નથી જ ગમતો. તીવ્ર નફરતભાવ મારા હૃદયમાં પેદા થઇ ગયો છે અને માટે જ તમારા ગળે પડ્યો છું અને પગ પકડ્યા છે કે મને હવે તારો, ઉગારો...ભલે હું નિર્ગુણી હોઉં તો શું થઇ ગયું ! સ્ટીમરનો કેપ્ટન એ નથી જોતો કે ડૂબનાર શ્રીમંત છે કે દરિદ્ર છે, એ બચાવી જ લે છે, ડોકટર એ નથી જોતો કે દર્દી ભણેલો છે કે અભણ, એ ઉપચાર શરુ કરી જ દે છે. નદી-વૃક્ષ-સૂર્ય આદિ પરોપકારી તત્ત્વો એ નથી જોતાં કે ઉપકાર્ય તત્વ ગુંડો છે કે સજ્જન...બધા પોતપોતાની ફરજ બજાવે જ જાય છે તો તમારું તો કામ જ જગતને તારવાનું છે. તમારી ભાવના અને સાધના એના માટે જ હોય છે તો પછી મારા માટે કેમ ભેદભાવ ! મારા માટે કેમ પાછા પડો છો ! તમારો તો સ્વભાવ જ તારવાનો છે પછી મારામાં શું ખામી છે ? શું નબળાઇ છે ? તે શા માટે જુઓ છો ! પ્રભુ ! મારા સ્વભાવમાં ભલે હું ન રહેતો હોઉં, તમારા સ્વભાવને સંપૂર્ણ ખોલો તો પણ મારું કામ થઇ જાય તેમ છે...સાંભળ્યું છે કે,— **'દયાળુ છે તમે માંગો ન માંગો તો ય દેવાનો,**
**વગર માંગે પ્રભુએ આપવાની ટેવ રાખી છે...'**

જ્યારે હું તો મારી ઝોળી પસારીને બેઠો છું. આરઝુ અને પ્રાર્થનાના શબ્દો ખોલીને બેઠો છું. વધુ કાંઇ નથી કહેવું.

**મારું કામ છે માંગવાનું, તારું કામ છે આપવાનું...**
**મે મારું કામ કર્યું, હવે તમારું કામ તમારે કરવાનું છે...**
**મેં ભલે અનંતકાળે માંગ્યું, તમારે તો તાત્કાલિક આપવાનું છે.**

**આપશો ને...**

## ૩૩

**प्राप्तस्त्वं बहुभिः शुभैस्त्रिजगतश्चूडामणिर्देवता,**
**निर्वाणप्रतिभूरसावपि गुरुः श्रीहेमचन्द्रप्रभु : ।**
**तन्नातः परमस्ति वस्तु किमपि स्वामिन् यदभ्यर्थये,**
**किन्तु त्वद्वचनादरः प्रतिभवम्, स्ताद्वर्द्धमानो मम ॥**

**પામ્યો હું બહુ પુણ્યથી પ્રભુ ! તને, ત્રૈલોક્યના નાથને,**
**હેમાચાર્ય સમાન સાક્ષી શિવના, નેતા મળ્યા છે મને,**
**એથી ઉત્તમ વસ્તુ કોઇ ન ગણું, જેની કરું માંગણી,**
**માંગું આદરવૃદ્ધિ તો ય તુજમાં, એ હાર્દની લાગણી...૩૩**

ભક્તસમ્રાટ્ કવિવર શ્રી કુમારપાળ મહારાજાએ અંતિમ પ્રાર્થનામાં ભક્તિને આકાશની ઉંચાઇ અપાવી દીધી છે. ભક્તના હૃદયમાં પરમાત્માનું સ્થાન શું હોય અને ભક્તિના ભાવો ઉછળે ત્યારે વિશ્વના તમામ તત્ત્વોનું સ્થાન શું હોય એ બધું-મહાગ્રન્થમાં પણ ન સમાય તે આ નાનકડી સ્તુતિમાં સમાવી દીધું છે. ઘરની નાનકડી બારી પણ આખા અંબર સાથે આપણો સંપર્ક કરાવી શકે છે, તેમ ભક્તિના ભાવોની ખુલેલી બારીએ પરમાત્મતત્ત્વ સાથે સીધો સંપર્ક કરાવી આપ્યો છે.

**'ન આંસુ સાર તું પરમાત્માના દીદારને માટે,**
**નજરને બંધ કર, અંદર ઉતર, સાથે ઉભેલો છે'**-'આનંદ'

સાક્ષાત્ પરમાત્મતત્ત્વને પામ્યાનો આનંદ અને હવે કશું જ પામવું બાકી ન રહ્યાની ખુમારી આ પ્રાર્થનામાં ઝળકે છે. તળેટીથી ચડવાનું શરુ કરનારો શિખર સુધી પહોંચે ત્યાં સુધી મંજિલ મેળવવાની લગની, પુરુષાર્થ, આશા ઉભા રહે છે

પણ જ્યાં શિખર જ મળી ગયું ત્યાં શું માંગવાનું ? સુખનો, પુણ્યનો, ગુણનો, રુપનો, ઐશ્વર્યનો, પરાક્રમનો, ધર્મનો અંતિમ પડાવ પરમાત્મા છે. દરેક શુભનું અંતિમબિંદુ પરમાત્મા જ છે અને અનંત અનંત પુણ્યોદયે પરમાત્માને હું પામી ચૂક્યો છું. પ્રભુમિલનની અનુભૂતિનો અહેસાસ આજે પણ મારા રોમાંચ ખડા કરી દે છે, મારા રોમરોમને આનંદથી ભરી દે છે, અનંતકાલીન શૂન્યાવકાશની હસ્તિ જ તેણે મિટાવી દીધી છે એ પરમાત્માને પામ્યા પછી આ જગતમાં માંગવા જેવું શું બાકી રહે છે ?

ત્રણ જગતના શિરોમણિ દેવાધિદેવ ! અવળચંડું મારું મન આજ સુધી એકે વાતમાં ધરાયું નથી કારણ કે એના અનંતા રસ છે, અનંતી માંગણીઓ છે, અનંતી અપેક્ષાઓ છે. કોઇપણ એક વિષયની કે પંદર પચીસ પચાસ વિષયની પણ તેની અપેક્ષાઓ પૂરી કરો તો પણ બાકીની બાબતનો અસંતોષ કે અધૂરપ આગળ કરીને આનંદના કુંડામાં અજંપાનું ઝેર રેડવાનું જ કામ કરે છે. અનંતી Negative ભૂમિકાઓ એવી ઊભી રાખેલી છે કે ચક્રવર્તીપણાના સુખ પણ ક્યારેય તેને સંતોષ ન આપી શકે. આથી જ આવા મનને અત્યાર સુધી કોઇ જીતી શક્યું નહોતું. પરંતુ વિશ્વવિજેતા હે પરમેશ્વર !! આજ તો તમે મારા એ અવળચંડા મનને પણ મહાત કરી નાંખ્યું. સર્વરસેશ્વર એવા તમારા મિલને મનની એ અવળચંડાઇને તો એવી કારમી પછડાટ આપી છે કે હવે અસંતોષ અને અજંપાના મહારોગો તો સ્વપ્નમાં ય દેખાય એમ નથી. પરમતૃપ્તિનું અમૃત એવું તો પીવડાવ્યું છે કે એમાંથી આનંદના ઓડકાર આવ્યા જ કરવાના છે માટે જ મારે કહેવું છે, નગારે ઘાવ આપીને દુનિયાના ચોકમાં જાહેર કરવું છે કે તમે વિશ્વત્રયવિજેતા છો, મહાભારત વિજેતા છો, મનના મહાભારતનો તમે અંત આણીને મારા આત્મઘરમાં કાયમની શાંતિ પાથરી દીધી છે. એટલું જ નહીં અનંતકાળની મારી ભૂખને શમાવી દીધી છે. મને તો યાદ આવે છે પેલો ઉપમિતિનો દ્રમક-સર્વથા નિષ્પુણ્યક, અભાગીશેખર, દુર્ગતશિરોમણિ. એને પણ તમારી વિમલાંજન, તત્ત્વ પ્રીતિકર પાણી અને સર્વકલ્યાણકર પરમાન્નની ત્રિપુટીએ કેવો પરમતૃપ્ત કરેલો, બસ, મારી પણ આજે એવી જ સ્થિતિ છે. માટે જ મારા રોમરોમમાંથી તારી ભક્તિનું મધુરું ગાન નીકળ્યા જ કરે છે.

સોનામાં સુગંધ ભળે તેમ, મુક્તિપુરીના સાર્થવાહ, શિવસુખની પ્રાપ્તિના સાક્ષી કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા મને જીવનના

સુકાની તરીકે મળી ગયા...ખાણની અંદર ધૂળમાં રગદોળાતા હીરાને ઝવેરી જેમ કોઇના માથા સુધી પહોંચાડી દે છે તેમ પૂ. ગુરુદેવશ્રીએ પણ દુર્વૃત્તિ અને દુષ્કૃત્યોની ધૂળમાં રગદોળાતા મને સાધનાના માર્ગમાં સ્થિર કરી દીધો. મારા સંસારને સીમિત કરી દીધો અને મને સિદ્ધિનું દર્શન કરાવી દીધું...આ એ ગુરુ મને મળ્યા કે જેણે,—

- સિદ્ધરાજ જયસિંહની કાળમુખી સેનાથી બચાવીને મને દ્રવ્યપ્રાણનું દાન કર્યું.
- સોમનાથ મહાદેવની પ્રતિષ્ઠાના બહાને મદ્ય-માંસથી બચાવીને મને સદ્ગતિનું દાન કર્યું.
- અનેક પ્રકારના પ્રયોગો અને પુરુષાર્થ દ્વારા મિથ્યાત્વનું વારણ કરીને મને સમ્યક્ત્વનું દાન કર્યું.
- સંસ્કૃતનો અભ્યાસ કરાવી, વાચનાઓ આપી શાસ્ત્રજ્ઞાનનું દાન કર્યું.
- જીવનના અનેક પ્રસંગોએ સાધનાને હોડમાં મૂકી મારી પ્રતિજ્ઞાઓ પૂર્ણ કરાવી મારા ઉલ્લાસને જીવંત રાખ્યો...
- જરુરી પ્રસંગોએ ટકોર કરીને પણ મારામાં ખૂટતી સાધનાઓ પૂરી કરાવવા દ્વારા પરિણતિનું દાન કર્યું.
- જીવનના અંત સુધી મારા આત્માની કાળજી કરીને ક્યાંય મને નબળો, નીચો કે નરાધમ બનવા દીધો નહીં..

સાક્ષાત્ પરમાત્માની પ્રતિકૃતિ સમા ગુરુદેવ મળી ગયા. પછી હવે બીજું શું જોઇએ ? કૃતકૃત્યતાની અવધિએ આવી પહોંચેલા મને કોઇ જ ઇચ્છા, અરમાન કે અભિલાષા નથી...સામગ્રી, સમજ અને સાધનાના અવધિ સુધી તો મને પહોંચાડી દીધો...હવે મારે પહોંચવું છે સદ્ભાવની ટોચે...એટલે હવે છેલ્લે એટલું જ માંગવાનું મન થાય છે. 'કિન્તુ ત્વદ્વચનાદરઃ પ્રતિભવં, સ્તાદ્વર્ધમાનો મમ'...

જ્યાં સુધી સંસારમાં રહું ત્યાં સુધી તમારા તારક વચનો પર મારો આદરભાવ સતત વધતો રહે...

જિનવર પ્રત્યે અહોભાવ કેળવવો સહેલો છે કારણ કે હૃદયને ઢળવા માટે ત્યાં પૂરતું આલંબન મળી રહે છે. ઝગમગાટ છે, તરવરાટ છે, ખળભળાટ છે...પરંતુ જિનવચનમાં છૂપાયેલા કલ્યાણકરપણાને ઓળખવું અઘરું હોવાથી હૃદય ત્યાં જલ્દી ઢળવા તૈયાર થતું નથી. જિનેશ્વર દેવમાં રહેલા કેવળજ્ઞાનીને ઓળખી શકાય છે,

સ્વીકારી શકાય છે, પરંતુ જિનવચન પાછળ રહેલા કેવળજ્ઞાનને ઓળખવું, સ્વીકારવું અને સમજવું ખૂબ અઘરું પડે છે. પરંતુ સાથે સાથે એ પણ એક સત્ય છે કે જિનવચનને અહોભાવનો વિષય બનાવ્યા વિના કોઇનો ય મોક્ષ થવાનો નથી. મહારાજા કુમારપાળ પરમાર્હત્ હોવાના નાતે આ વાસ્તવિકતાને સમજી ગયા હોવાથી અંતિમ પંક્તિમાં ખૂબ જ માર્મિક ભૂમિકા મૂકી દીધી છે. દેવ-ગુરુ મળ્યા પછી, તેમના કૃપાપાત્ર બન્યા પછી, હૃદયમાં કૃતકૃત્યતાની સંવેદના સુધી પહોંચ્યા પછી પણ આ માંગણી કરીને જિનશાસનનો સાર સમજાવી દીધો...

**'शास्त्रे पुरस्कृते तम्साद्वीतरागः पुरस्कृतः ।**
**पुरस्कृते पुनस्तस्मिन्नियमात् सर्वसिद्धियः ।।'**

**શાસ્ત્રનો આદર, બહુમાન અને સમર્પણભાવ એ હકીકતમાં**
**વીતરાગના જ આદર, બહુમાન અને સમર્પણભાવ છે અને તેનાથી**
**જ સર્વકર્મક્ષયરુપ અક્ષય-અનંત-અવ્યાબાધ સિદ્ધિગતિ મળે છે.**

આ શાસ્ત્રવચનનો પડઘો જ જાણે રાજર્ષિની પ્રાર્થનામાં પડે છે.

આંસુના દરિયાસમી ભક્તકવિ કુમારપાળ મહારાજાની પ્રાર્થનાઓની સંવેદનાને ચાર પડાવો દ્વારા આપણે ઝીલી. વંદના, ઝંખના, વેદના અને પ્રાર્થના...આ ચાર મુકામ દ્વારા સંવેદનાને ભક્તિના સ્તર પર, પ્રભુ સાથેની નિકટતાના સ્તર પર, પ્રભુની જીવંત અનુભૂતિના સ્તર પર ઉંચકવાનો પ્રયત્ન કર્યો. મહારાજા કુમારપાળની હૃદયસિતારના તાર પરથી ભક્તિનું સંગીત કેવું નીકળતું હશે તે સાંભળવાનું સદ્ભાગ્ય તો આપણને નથી મળ્યું, પરમાત્માની સમક્ષ તેઓ બેસતા હશે ત્યારે કઇ આત્મિક ઉંચાઇએ પહોંચતા હશે એ આપણી કલ્પનાથી પણ પર છે, ૧૮૦૦ કોટ્યાધિપતિઓ સાથેની પૂજા, સેંકડો જિનાલયોની પ્રતિષ્ઠા કે પુનઃ પ્રતિષ્ઠા, અતિપ્રસિદ્ધ એ અભિગ્રહપૂર્વકની આરતી આદિના મંગલ પ્રસંગો વખતની તેમની મનોધારાને માણવી એ તો આપણા માટે દૂરનો વિષય બની ગયો છે પરંતુ આપણું સદ્ભાગ્ય એટલું જીવંત છે કે તેમના સ્વહસ્તે રચાયેલા શબ્દો આપણને મળ્યા...અને એ શબ્દોમાં જે ભક્તિની ઉત્કટતા, દોષોથી મુક્ત થવાની તડપન, થઇ ગયેલા પાપો અને જામી પડેલા કુસંસ્કારો પ્રત્યેની તીવ્ર નફરત, આ તમામના સરવાળારુપે જાગેલું રુદન, પરમાત્મા પ્રત્યેનો શ્રદ્ધાભાવ-સમર્પણભાવ આદિનું ઊંડાણ અને ઊંચાઇ જોવા મળે છે એનાથી ભાવિ ગણધરના આત્માનો ચિતાર

આપણને મળે છે. પ્રભુવીર અને ગૌતમ પ્રભુ વચ્ચેના સંબંધની ઝાંખી કુમારપાળ મહારાજાની સ્તવનામાંથી મળે છે. શ્રી ગૌતમપ્રભુમાં પણ શ્રદ્ધાની તીવ્રતા, મુક્તિની તડપન, બિનશરતી શરણાગતિ આદિ જે જોવા મળતા હતા તે શ્રી કુમારપાળ મહારાજાની આત્મનિંદા દ્વાત્રિંશિકાના શબ્દોમાં જોવા મળે છે.

માત્ર ૯૦૦ વર્ષે પૂર્વે ગુજરાતની ધરતી પર જીવી ગયેલા, દયાળુતા, ધાર્મિકતા, વાત્સલ્યભરપૂરતા આદિ ગુણોની વાવણી કરી ગયેલા, ઇતિહાસના પાના પર પોતાની અમિટ છાપ અંકિત કરી ગયેલા એ મહાપુરુષને ભાવભરી વંદના સાથે એમના ગુણોનું અવતરણ આપણામાં થાય એવી પ્રાર્થના કરીએ...

હિંદુ માન્યતા પ્રમાણે ભગીરથે ગંગાને સ્વર્ગથી પૃથ્વી પર ઉતારેલી તેમ આ સ્તુતિ મહારાજા કુમારપાળના અંતરમાં સદા જીવંત ભક્તિની ભાગીરથીનો આપણામાં અવતાર કરાવનારી અને આપણા માટે મુક્તિના દ્વાર ખોલી આપનારી બની રહો.

**શુભં ભૂયાત્ શ્રી સંઘસ્ય...**


પ્રીત પ્યાસ અને અશ્રુપ્રવાહ